Dollar Vahu (Gujarati)

Sudha Murty

VISIT…

LANZAROTE

Caliente.COM



ડૉલર વહુ

ગુજરાતી બેસ્ટસેલર ૧૦,૦૦૦
ઉપરાંત નકલો વેચાઈ ચૂકી છે.

સુધા મૂર્તિ

અનુવાદ
સુધા મહેતા







આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

દુનિયાના અન્ય દેશોની જેમ ભારતના પણ હજારો લોકો માટે અમેરિકા પૃથ્વી પરનું સ્વર્ગ જ છે - એક એવું સ્થળ જ્યાં ભરપૂર સમૃદ્ધિ અને પરમ સુખની અપાર તકો છે.

એક વાર અમેરિકા પહોંચ્યા પછી આ ‘ડૉલર-ઘેલા’ લોકોને સમજાય છે કે આ ‘સ્વર્ગભૂમિ’ તેમની કલ્પનાથી તદ્દન જુદી જ છે! સમૃદ્ધિયાત્રાનો માર્ગ એકલતા અને વિમુખતાનાં ઊંડાં દુઃખોની ઈંટોથી બન્યો છે.

અમેરિકાની યાત્રા માટે લાગણીની મોટી કિંમત ચૂકવવી પડે છે. પ્રિયજનોનો વિરહ સહેવાનો છે; મિત્રો અજાણ્યા બની જાય છે. પાછળ રહી ગયેલા મધ્યમવર્ગીય કુટુંબીજનોના સંબંધોમાં પણ નાની-મોટી તિરાડો પાડવાની તાકાત આ ડૉલર-મોહમાં છે. જે કૌટુમ્બિક સંબંધો વર્ષોથી ભાવભીના અને ઘનિષ્ઠ રહ્યા હોય, વ્યક્તિગત આર્થિક સ્થિતિની પરવા વિના જ સહુ એકમેકના ટેકારૂપ બનતાં હોય તેવા સંબંધો પણ હવે એક નવા પડકારનો સામનો કરે છે.

ભારતમાં સાસુ-વહુના કડવા સંબંધો અંગે નવાઈ નથી. ઘણી વખત પુત્રવધૂ આવા અનુભવોથી માનસિક હતાશાનો ભોગ બનતી પણ હોય છે. આવા સંબંધોમાંથી પણ અમેરિકામાં મુક્તિ મળી જાય છે અને આપણી સ્ત્રીઅ□ોને તે વિચાર જ ત્યાં વસી પડવા માટે પ્રેરે છે, એ વાત પણ વિચારવા જેવી છે.

ડૉલર વહુ

સુધા મૂર્તિ

અનુવાદ
સુધા નિખિલ મહેતા



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬ ૫૭૩

Visit us at: www.rrsheth.com
Email: sales@rrsheth.com

Dollar Vahu, Novel
Translation of ‘Dollar Bahu’ by Sudha Murty
Translatated by Sudha Mehta
R. R. Sheth & Co., Mumbai * Ahmedabad

EISBN: 978-93-80868-02-8

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧
Web: www.rrsheth.com
E-mail: sales@rrsheth.com

અર્પણ

દેશ છોડે પચીસ વર્ષનાં વહાણાં વાઈ ગયાં હોવા છતાં દેશની માટીની મહેક દરેક શ્વાસમાં ટકાવીને 'ડૉલર વહુ' બની નથી, તેવી મારી વહાલી બહેન **જયશ્રી દેશપાંડેને** ...

—સુધા મૂર્તિ

આમુખ

મારી કન્નડ ભાષાની નવલકથા 'ડૉલર વહુ' તેના ગુજરાતી સંસ્કરણમાં આજે રજૂ કરતાં મને અનેરો આનંદ થાય છે.

આ રચનાનો અનુવાદ હિન્દી, અંગ્રેજી, મરાઠી, મલયાલમ, તામિલ તથા તેલુગુમાં થઈ ચૂક્યો છે.

તદુપરાંત, 'ઝી' ટી.વી. ઉપર પણ 'ડૉલર વહુ' નામે જ એક શૃંખલા પણ પ્રસારિત થયેલ છે. આજે તો માયસોર યુનિવર્સિટીમાં બી.એ., બી.એસસી. તથા બી.કોમ.ના અભ્યાસક્રમોમાં તેને પાઠ્યપુસ્તકનું સ્થાન પ્રાપ્ત થયેલ છે. અત્યાર સુધીમાં તેની આઠ જેટલી આવૃત્તિઓ પણ થઈ ચૂકી છે. આ કથાનું વિષયવસ્તુ સમકાલીન હોવાને કારણે તે ખૂબ લોકચાહના પામી શકી છે.

આ નવલકથાનું ગુજરાતીમાં પ્રકાશન કરવા માટે હું શ્રી ચિંતન શેઠની ઋણી છું. ગુજરાતીમાં તેનો અનુવાદ કરનાર શ્રીમતી સુધા મહેતાની પણ હું આભારી છું, જેમણે મારી રચનાના મૂળ તત્ત્વને ગુજરાતી રંગોમાં ઢાળી છે.

વાચકમિત્રો! છેવટે તો તમે જ મારા કામના ન્યાયકર્તા છો. સાથે સાથે, તમે જ મારા પ્રેરણાસ્રોત પણ છો. તમારા વિના મારું લેખક તરીકે કશું અસ્તિત્વ ન હોઈ શકે.

—સુધા મૂર્તિ

બેંગ્લોર

ઑક્ટોબર ૨૦૦૪

અનુવાદકની અનુભૂતિ

શ્રીમતી સુધા મૂર્તિનું નામ જ પહેલાં સાંભળ્યું હતું અને થોડાં છૂટાંછવાયાં લખાણો વાંચ્યાં હતાં 'ડૉલર વહુ'નો અનુવાદ કરવાની આ તક મળી ત્યારે જ જાણ્યું કે તેઓ આપણામાંના એક હોવા છતાં કેટલાં વિશિષ્ટ છે! આ મૂળ કન્નડ ભાષામાં લખાયેલ નવલકથામાંના અનુભવોને વાંચીને ગુજરાતના લોકો પણ આ રીતે જ જોશે - 'હા, હોં! આ તો જાણે અમારા જ પેલા એક ભાઈ કે બહેનને થયેલો અનુભવ છે!' આમ, 'યુનિવર્સલ' કહી શકાય તેવા એક ભાવતત્ત્વની ઝાંખી અહીં આપણે કરી શકીએ છીએ. પોતાના અનુભવોને સામાજિક સ્તરથી જોવા, નિરીક્ષણ, પરીક્ષણ અને વિશ્લેષણની વિધિઓમાંથી પસાર કરવા અને પછી તે બધાંને માનવતાપૂર્ણ રીતે સાંકળીને તેનું સુંદર, રસપ્રદ નિરૂપણ કરવું તે ખૂબ જ 'ક્રિયેટિવિટી' માગી લે તેવું કાર્ય છે. સુધાબહેને એવી સરસ રીતે તે પાર પાડ્યું છે કે 'ડૉલર વહુ'ની વાતો અને અનુભવો વગેરે સુંદર જ નથી, પણ જાણવા અને સમજવા લાયક છે, તેમાંથી શીખ લેવા જેવી છે.

સરળ ભાષા, સમકાલીન પરિસ્થિતિનું યોગ્ય નિરૂપણ તથા માનવતાપૂર્ણ અભિગમ - 'ડૉલર વહુ'નાં આ મુખ્ય લક્ષણો છે.

આર. આર. શેઠની કંપનીના શ્રી ચિંતનભાઈએ અનુવાદની આ તક મને આપી તેથી તેઓની અત્યંત આભારી છું. વાચકો પણ 'ડૉલર વહુ'ને આવકારશે તેવી અપેક્ષા છે.

સુધા નિખિલ મહેતા

અનુક્રમણિકા

१९

२०

२१

२२

२३

२४

૧

પ્લૅટફૉર્મ પર ઊભો ઊભો શ્યામ ખૂબ અધીરો થઈ ગયો.

અમદાવાદથી મુંબઈ જતા ગુજરાત મેઈલનું ક્યાંય નામોનિશાન ન હતું અને તેનો ભાઈ ગિરીશ પણ ક્યાંય દેખાતો ન હતો!

“હું તમારે માટે કોઈ મેગેઝિન લઈ આવું, એક જ મિનિટ!” કહીને ગિરીશ ક્યાંક અલોપ થઈ ગયો હતો. અને એ વાતનેય અડધો કલાક તો થઈ ગયો હતો!

ખૂબ જ અકળાઈને એણે પોતાની કાંડા-ઘડિયાળ તરફ જોયું.

હાશ, છેવટે પ્લૅટફૉર્મ પર ટ્રેને ધીમે ધીમે પ્રવેશ તો કર્યો.

તેના મનને જરા રાહત થઈ. જોકે ચિંતાઓ તો કંઈ ટળી ન ગઈ. વલસાડ વિશે તેણે સાંભળ્યું તો હતું, પણ કદી ત્યાં ગયો નહોતો. કેવું હશે વલસાડ? શી ખબર?

આમ તો આ પ્રવાસ માટે તેને ઉત્સાહ નહોતો તેમ નહિ; પણ તે સાથે સાથે થોડો ભયભીત હતો. જાણે પોતાનાં માતા-પિતાનું ઘર છોડીને કોઈ નવોઢા પતિ સાથે પહેલી વાર ઘર માંડવા જતી હોય તેમ શ્યામનું મન આળું થઈ ગયું હતું. અમદાવાદની બહાર એણે કદી પગ મૂક્યો નહોતો, સિવાય કે નાના નાના પ્રવાસોમાં તેણે કપડવંજ, મહેસાણા અને ગાંધીનગર જોયા હતા અને આજે! પોતે છેક વલસાડ ખાતે નોકરીએ ચડી જવા માટે અહીં ઊભો છે!

તે પહેલી જ નોકરી, હોં કે! કેવી રીતે તેને ના પાડી શકાય? જ્યારે આવી સારી નોકરી મળે, રાષ્ટ્રિયકૃત બૅંકમાં ટેકનિકલ ઑફિસરની; જેવી તેવી નહિ. તો તે પકડી જ લેવી જોઈને! પછી ભલે ને અજાણ્યા વલસાડ જેવા સ્થળે તેને માટે રહેવું પડે.

ક્યાંકથી ગિરીશ આવી ચડ્યો અને શ્યામના વિચારો વેરવિખેર થઈ ગયા.

“અરે, મોટાભાઈ! જુઓ, ટ્રેન તો આવી ગઈ ને શું? આમ તમે કયા વિચારોમાં ખોવાઈ ગયા, હેં? લાવો, હું તમારો સામાન ઊંચકી લઉં.”

આ ગિરીશ પણ ખરેખર! આખો વખત આઘો અને પાછો. અહીંતહીં ફર્યા જ કરે! જાણે પોતે મધમાખી ન હોય! ક્યાંય સ્થિર રહે જ નહિ ને!

પોતાની જગ્યા મળી જતાં શ્યામ વ્યવસ્થિત ગોઠવાઈ ગયો. થોડી વારમાં ટ્રેને ગતિ પકડી અને ગિરીશ ઘણો પાછળ રહી ગયો.

બધા મુસાફરો ગોઠવાઈ ગયા અને સામાન્ય રીતે ટ્રેનોમાં બને છે તેમ તેવી વાતોચીતો પણ શરૂ થઈ.

“ભગવાન જાણે આ વર્ષે કેવો વરસાદ આવશે! ગયે વર્ષે તો એટલો ભારે વરસાદ હતો કે ઉકાઈ ડેમનું તળાવ ભરાઈ ગયું, એટલું જ નહિ, ઊભરાઈયે ગયું હતું, યાદ છે?” એક સજ્જન બોલ્યા.

“અરે કાકા, ગયા વર્ષની વાત ક્યાં કરો છો? તેનાયે આગલે વર્ષે તો ગયા વર્ષથીય વધુ વરસાદ નહોતો આવ્યો? એય ને શું મૂશળધાર વરસાદ; એય ને કાંડાધાર હતી! વાત જ મૂકી દ્યો. ખરેખર એ જોવા જેવી હતી. ને અમારે ત્યાંની ઝાંઝરીના ધોધનાં પાણી તો જે ખાંગાં થ્યાં! ને, વળી તેની તાકાત તમે જોઈ હોય! ઘોડાપૂર જ જોઈ લ્યો જાણે! આહ, શું અદ્‌ભુત દૃશ્ય હતું! સાચે જ અતિ સુંદર!” બીજા સજ્જન તો જાણે કવિતામાં

જ ખોવાઈ ગયા.

કાળી ટોપીવાળા ભાઈ હાથમાં તંબાકુ આરામથી ઘસતા બેઠા હતા. પાસેના ભાઈએ પાઘડી પહેરેલી. તેની સામે જોતાં કહેવા લાગ્યા, “તમે જે કહો તે, પણ હું તો માનું છું કે પંડિત જસરાજ જેવા કોઈ ગાયક નહિ, હોં! ખરેખર એક મહાન ગાયક છે.”

“હં, પણ મને તો સિતારવાળા વિલાયત ખાં બહુ ગમે. એના જેવું કોઈ નહિ.”

શ્યામ તો શાંતિથી આસપાસનો આ વાર્તાલાપનો પ્રવાહ સાંભળી રહ્યો હતો. ત્યાં પેલા પાઘડીવાળા ભાઈએ લાગલું જ તેને પૂછ્યું:

“ક્યાં જાવું, બેટા?”

“વલસાડ” .

“અચ્છા, ત્યાં કોને ત્યાં રહેવું?”

શ્યામ ડઘાઈ ગયો. આ ડોસાના બોલવા પરથી તો એમ જ લાગે કે ત્યાંના દરેક જણને તે ઓળખતા હતા.

“અં, સાચું પૂછો તો હું વલસાડ કોઈને મળવા નથી જતો.”

“તો તો પછી નોકરી અંગે જાતા હશો, નહિ?”

“હા”, શ્યામે નિશ્વાસ સાથે કહ્યું અને કૃષ્ણચંદ્ર વિશે વિચારવા લાગ્યો, જેને તે ટૂંકા ‘કિશન’ નામે બોલાવતો હતો. એ તેનો દૂરનો સગો થતો હતો અને વલસાડ જ રહેતો હતો.

બહુ વર્ષો પહેલાં કિશનના પિતા વલસાડમાં વસવાટ કરવા ગયા હતા અને ત્યાં એક બંગલો પણ તેમણે બાંધ્યો. હવે તો કિશનને પણ ત્યાં જ નોકરી મળી ગઈ હતી. આજે તેને લેવા કિશન જ સ્ટેશને આવવાનો હતો. અલબત્ત, શ્યામ કંઈ કિશનને ઘેર લાંબો વખત રહી તો ન જ શકે. બહુ બહુ તો એક અઠવાડિયું રહેવાય. તેણે કિશનને પહેલેથી જ કહી રાખ્યું હતું કે તેને માટે ઘરની કે રહેવાની કંઈ ગોઠવણ કરી રાખે.

આણંદ આવ્યું ત્યારે પેલા કાળી ટોપીવાળા ભાઈએ શ્યામને પૂછ્યું, “તમે મારા ભાથામાંથી કંઈ લેશો?”

“ના, ના,” શ્યામે ખૂબ લાગણીભર્યા આ સવાલનો નરમાશથી ઉત્તર આપ્યો. જુઓને, તદ્દન અજાણ્યા માણસ સાથે આવો માનવતાભર્યો વ્યવહાર રાખી શકે તેવા લોકો આજે ક્યાં છે? વિસ્મયથી માથું ધુણાવતાં તેણે બારી બહાર પોતાની નજર ફેરવી. ત્યાં તો ડબ્બના પાછળના ભાગમાંથી અત્યંત સૂરીલા અવાજથી કોઈનું ગાન સંભળાયું.

લીલા તે વનમાં મસ્તીભરી કોયલ ટહુકે,
રાજાના તાજ પણ તેની આગળ ઝૂકે રે.

કેવું સરસ હતું આ ગીત! એક નાની છોકરી જે આ ગીત ગાતી હતી. તેનો અવાજ જ જાણે પેલી કોયલના જેવો મીઠો હતો.

સંગીતના જાદુએ આખાય ડબાના મુસાફરો પર અસર કરી. વાતો કરનારા બૂઢાઓ સહિત બધા જ લોકો બોલતા બંધ થઈ ગયા અને પોતાનું ભાથું ચૂપચાપ ખાવા લાગ્યા.

થોડી ક્ષણો માટે શ્યામ પણ સ્થગિત થઈ ગયો. જ્યારે ગીત પૂરું થયું ત્યારે તેને ભાન પાછું આવ્યું. પેલી બધી છોકરીઓના હસવાના અવાજો હવે સંભળાયા.

“ફરી એક વાર, મીનૂ, એક વાર ફરીથી ગા ને!” તે છોકરીઓ આગ્રહ કરતી હતી.

“હં, તો આ લતા મંગેશકરનું નામ હતું ‘મીનૂ’. એનું આખું નામ શું હશે? મનાલિ કે મંદાકિની, કે શું? તેને અચાનક ખૂબ ઇચ્છા થઈ આવી કે જોઉં તો ખરો કે આ છોકરી કેવી દેખાતી હશે, જેની પાસે આટલો સુંદર સોનેરી અવાજ છે.

"ના, ના. બહુ થયું ગાવાનું. ખબર છે કંઈ, રાતના ૧૦.૩૦ થઈ ગયા છે! જો આપણે અત્યારે નહિ સૂઈ જઈએ, તો આપણે છેક મુંબઈ પહોંચી જઈશું, નહિ કે વલસાડ, હાં."

અચ્છા, તો એ પણ વલસાડ ઊતરવાની હતી.

છોકરીઓની ચટરપટર ચાલુ રહી. "મીનૂ, પેલી ગીત-સ્પર્ધામાં ખરેખર પહેલું ઇનામ તને જ મળે એવું હતું. અમે તો જાણતાં જ હતાં કે એ ઇનામ તને જ મળશે."

હંઅ... તો આ ટોળું કોઈ ગીત સ્પર્ધામાં ભાગ લેવા ગયું હતું અને તેમાં મીનૂને પ્રથમ ઇનામ પણ મળ્યું હતું. કંઈ નવાઈ લાગે તેવું તો નથી; તેના સ્વરોમાં જે અદ્ભુત મીઠાશ હતી તે સાંભળી જ હતી ને!

"ગઈ કાલે જ્યારે તેં પેલું ગીત ગાયું ને, 'મારે ટોડલે બેઠો મોર, મોર ક્યાં બોલે?" ત્યારે તો જજ પોતે પણ ઝૂમતા હતા, હોં!"

"ભલે ભાઈ ભલે. હવે બસ કરો." મીનૂએ નિર્ણાયક સ્વરે કહ્યું, "હવે આગળ કશું ગાવાબાવાનું નથી કરવું. કાલે બપોરે જ્યારે આપણે લેડિઝરૂમમાં ભેગાં થઈશું ત્યારે હું ગાઈશ. બસ."

આનો અર્થ એમ થયો કે મીનૂ કોઈ કૉલેજમાં ભણતી હતી.

"એઈ શ્રીમાન, તમે મારી સીટ પરથી ઊઠશો જરા?"

એની આંખો એકદમ ઊંચી થઈ.

આ તો મીનૂનો અવાજ! એની સાથે તે જ વાત કરી રહી હતી!

ખૂબ જ વિશાળ અને સુંદર આંખો, સીધી અને ધારદાર નાકની દાંડી. લાંબા, ઘટ્ટ કાળા વાળ. એક નાગણ જેવા. સાદા ચોટલામાં ગૂંથાયા હતા. જરા સંકોચશીલ અને જરા ગભરાયેલ પણ જણાઈ, કદાચ એક અજાણ્યા યુવક સાથે વાત કરી રહી હતી તે કારણે પણ હોય. તેના એક હાથમાં ચાદર અને તકિયો હતાં અને બીજા હાથમાં ટ્રેનની ટિકિટ હતી.

શ્યામ તાકતો રહ્યો. એક સરસ મઝાની પૂણેરી સાડી તેણે પહેરી હતી. તેના શણગારમાં ફક્ત હાથની લાલ કાચની બંગડીઓ જ હતી. સોનેરી અવાજવાળી છોકરી તો ખરેખર રૂપનો કટકો પણ નીકળી!

"કૃપા કરીને હવે સીટ પરથી ઊઠશો? આ મારી સીટ છે." સહેજ અધીરા અવાજે તેણે ફરીથી કહ્યું.

શ્યામ પાછો જમીન પર આવ્યો. "ઓહ! ના, ના, તમારી કંઈ ભૂલ થાય છે." તેણે કહ્યું, "આ મારી સીટ છે, જી-૨૮."

"પણ હું કહું છું ને કે આ મારી સીટ છે! લ્યો, જુઓ આ રહી ટિકિટ, જી-૨૮." મીનૂએ સામે કહ્યું.

શ્યામે ટિકિટ જોઈ! લ્યો! બંને જણને ભૂલથી એક જ સીટ અપાઈ હતી! જે ક્લાર્કે આ ભૂલ કરી હતી, તે તો નિરાંતે અમદાવાદમાં ઘોરી રહ્યો હશે, અને અહીં કેવી રીતે સૂવું તેના પ્રશ્નનો ઉકેલ કાઢવાનું કામ અમારે માથે પડ્યું!

શ્યામ ઊઠીને ટિકિટચેકર પાસે ગયો તો તેણે તો કહી દીધું, "ભાઈ, ગોઠવી લ્યોને આપસમાં. ભલે, હું આવતા સ્ટેશને કંઈક કરું છું." એવું વચન આપીને તેણે તો ચાલતી પકડી.

શ્યામે નિશ્વાસ નાખ્યો; તેને ખબર હતી કે "ગોઠવી લ્યો ને આપસમાં"નો સાચો અર્થ શું કરવો.

"તમે આ સીટ લ્યો. હું મારો બિસ્તરો જમીન પર નાખીશ અને સૂઈશ" તેણે મીનૂને કહ્યું.

"મેં તમને ઘણા હેરાન કર્યા." મીનૂએ નરમાશથી કહ્યું.

"ચાલશે, વાંધો નહિ."

મીનૂએ આગળ કશી વાત ન કરી.

થોડા જ વખતમાં તે તો સૂઈ ગઈ.

શ્યામે પણ જમીન પર સૂવાનો પ્રયત્ન કર્યો.

ટ્રેનના નિયમિત હલનચલન અને આ સોનેરી કંઠ ધરાવતી સુંદર છોકરીના વિચારો કરતો કરતો છેવટે તે પણ સૂઈ ગયો.

૨

ટ્રેનમાંથી તે ઉતાવળે ઉતાવળે ઊતરી પડ્યો, અને હજી તેણે લુંગી જ પહેરી હતો, કેમ કે કપડાં બદલવાનો સમય જ રહ્યો નહોતો.

હે ભગવાન! લુંગીમાં જ!!

તેણે વલસાડના પ્રથમ દર્શન માટે આસપાસ નજર કરી, તો તેને લાગ્યું કે જાણે સ્ટેશન પરના બધા લોકો તેના તરફ ખંધાઈથી હસી રહ્યા હતા.

એક નાનું જ સ્ટેશન હતું. વલસાડ, ગાંધીનગર જેવું. સ્વચ્છ પણ ખરું, અને પ્લૅટફૉર્મ પર બહુ લોકો આંટાફેરા નહોતા કરતા. હવે ટ્રેન આગળ ચાલી ગઈ હતી, અને ત્યાં ફેલાયેલી શાંતિથી તે થોડો બેચેન થઈ ઊઠ્યો. શ્યામે ફરીથી આસપાસ નજર કરી, કદાચ સાથે ચડનારા મુસાફરો જોવામાં આવે. જોકે વધુ પ્રામાણિકતાથી કહીએ તો તેની નજર પેલી છોકરીને શોધી રહી હતી, પણ તે તો ત્યાં હતી નહિ. પહેલાં જ જતી રહી હશે. એણે નિશ્વાસ નાખ્યો.

પોતાનો સામાન તેણે નીચે મૂક્યો અને ફરીથી નજર આસપાસ ફેરવી. આ વખતે મીનૂને શોધવા માટે નહિ, પણ કિશનને શોધવા માટે.

“અરે, આ શું?” કિશને તેની મશ્કરી કરતાં કહ્યું, “તું આ ટ્રેનમાં આવ્યો કે આખો રસ્તો ચાલીને?”

પાછળથી આવીને શ્યામને ધબ્બો મારતાં કિશન બોલ્યો - અને ધબ્બો પણ કેવો? તેનો આખો બરહો દુ:ખી આવ્યો, કરોડરજ્જુ પણ!

“ઓહ, સૉરી, કિશન! હું જરા વધુ ઘેરી ઊંઘમાં સૂઈ ગયો હતો. એ તો ટી.સી.એ વલસાડ સ્ટેશને જગાડ્યો!”

“હંઅ... તો જો ટી.સી.એ તને જગાડ્યો ન હોત તો તું તો છેક મુંબઈ જ પહોંચી જાત!” કિશને જોરથી હસીને કહ્યું અને શ્યામની બૅગ ઊંચકી લીધી.

“અરે, ઊભો રહે, ભાઈ! હું આવી રીતે લુંગીમાં તારી સાથે ન આવી શકું. જો, પાંચ જ મિનિટ મને આપ, પ્લીઝ.” શ્યામ સ્ટેશનના વેઇટિંગ રૂમ તરફ વળ્યો.

જ્યારે સ્ટેશનની બહાર તે નીકળ્યો ત્યારે શહેરની છેલ્લી બસ નીકળી ચૂકી હતી, અને કિશન રિક્ષાવાળાઓ સાથે ભાવતાલ કરી રહ્યો હતો.

શ્યામે સૂચવ્યું, “હેં કિશન! આપણે ટાંગો લઈએ તો કેવું?”

અને થોડી જ વારમાં તેઓ એક ટાંગામાં સવાર પણ થઈ ગયા. આસપાસના ઉંઘરેટા વલસાડ ગામ તરફ શ્યામ વિસ્મયથી જોવા લાગ્યો.

જ્યારે ટાંગો કિશનને ઘેર પહોંચ્યો ત્યારે તરત જ શાંતાકાકી શ્યામને મળવા દોડી આવ્યાં.

“આવ, આવ, શ્યામ! કેવી રહી મુસાફરી?”

“કાકી, મુસાફરી તો ઘણી સારી રહી.”

પછી જ્યારે બન્ને જણા ચા, ફાફડા અને ગાંઠિયાના નાસ્તાની જ્યાફત ઉડાવી રહ્યા હતા, ત્યારે કિશને કહ્યું કે તેણે આજના દિવસને માટે રજા લીધી હતી.

“હું તને આજે વલસાડની સૈર કરાવીશ.” તેણે કહ્યું.

“ના, ના, કિશન! એના કરતાં મારે માટે રહેવાનું કંઈ શોધીએ, ચાલ.” શ્યામે કહ્યું.

“એટલે તું શું કહેવા માગે છે? તું શું અમારે ઘેર ન રહી શકે?”

“આમ જો, આ કંઈ થોડા દિવસોનો પ્રશ્ન નથી. જ્યાં સુધી હું અહીં નોકરી કરીશ ત્યાં સુધી મારે અહીં રહેવું પડશે, ખરું? જોકે હું કંઈ વલસાડ કાયમ માટે નથી રહેવાનો...” શ્યામનો અવાજ ધીરો પડી ગયો.

“હજી હમણાં તો આવ્યો, ને ત્યાં તો પાછા જતા રહેવાની વાત કરે છે?”

“ના, ના, એમ નહિ. પણ આ શહેર કંઈ મારું પોતાનું તો નથી ને! મારાં કોઈ બહુ સગાંઓ પણ અહીં નથી. હું વલસાડ એટલા માટે જ આવ્યો કે મને પહેલીવારની જે નોકરી મળી તે મારે નકારવી નહોતી. આમ તો અમદાવાદમાં બેત્રણ ઠેકાણે હું ઇન્ટરવ્યૂઓ આપી જ આવ્યો છું. જે કંઈ હોય તે, છેવટે તો હું પાછો અમદાવાદ જ જઈશ.”

“સારું, સારું. હું બેત્રણ જણને વાત કરી રાખું છું. અહીં ઘર મેળવવું અઘરું નથી, ખાસ કરીને તારા જેવા કુંવારા છોકરા માટે એક નાનું ઘર કે પછી એક ઓરડો હોય તોપણ થઈ રહે ને!”

એ આખો દિવસ તેમણે આસપાસનાં સ્થળો જોવામાં વિતાવ્યો. ત્યાં ‘અતુલ’નો વિસ્તાર જોયો, કૉલેજ જોઈ અને મંદિરનું સંકુલ પણ જોયું.

“શ્યામ, વલસાડ સાથે મારે તો એક ગાઢ સંબંધ બંધાઈ ગયો છે.” કિશન વિચાર કરતો હોય તેમ બોલ્યો. “હું અહીં જ ભણ્યો અને મારા મિત્રો પણ સહુ અહીં જ છે. જો હું બીજા કોઈ સ્થળે જઉં તો જાણે ગૂંગળાઈ જ મરું!”

“હું સમજી શકું છું.” શ્યામે પણ સ્વીકાર કરતાં કહ્યું. વલસાડ તો જાણે વર્ષાની ઋતુના બગીચા જેવું રમ્ય હતું. અનેક રંગનાં ફૂલો અહીં ઠેર ઠેર દેખાતાં હતાં. લાલ રંગની માટી પણ જાણે તેના પર ચાલનારા પગ અને પગરખાં સાથે અતૂટ બંધન જ બાંધી લેતી હતી.

પરંતુ, ગમે તેટલું જાદુઈ અસરનું આ ગામ કેમ ન હોય! તે કદી અમદાવાદના જેવું સ્થાન તેના હૃદયમાં નહિ લે. વલસાડ એક મીઠી અને મોહક છોકરી જેવું હતું. જ્યારે અમદાવાદ તો જાણે વિષ્ણુના મોહિની સ્વરૂપની માદકતા ધરાવતી સ્ત્રી!!

ત્રીજે દિવસે શાંતાકાકીએ કિશનને કહ્યું, “તારો મિત્ર વિજય આવ્યો હતો. તેણે મને કહ્યું કે ભીમા દેસાઈનું ઘર ખાલી છે. તું ત્યાં જઈને એક વાર જોઈ તો આવ!”

શ્યામ અને કિશન હવે ત્યાં ઘર જોવા નીકળ્યા. થોડાક ઊંચાણવાળા ભાગમાં આ ભીમા દેસાઈનું ઘર હતું.

એક મોટા પ્લૉટ પર અને વંડીથી ઘેરાયેલા મેદાનની વચ્ચે જ લાલ તળિયાવાળો જૂનો બંગલો હતો. તેની આસપાસ મોટો અને લીલોછમ બગીચો હતો. જેમાં કેરી, કેળાં અને ચીકુ જેવાં વૃક્ષો પણ હતાં. દરેક જાતનાં રંગરંગીન ફૂલો પણ ત્યાં દેખાયાં - પીળો ચંપો, સફેદ ચંપો, ડડેલિયા પારિજાત અને દુર્લભ એવું બકુલનું વૃક્ષ પણ હતું. એક સ્વર્ગ જ જોઈ લ્યો!

આટલું બધું સુંદર ઘર તેના જીવનમાં શ્યામે કદી જોયેલું નહિ. તેને તો ૩૦ × ૪૦ ફૂટના દિવાસળીના ખોખા જેવા એક પર એક ચડાવેલા ડબ્બાઓ જેવાં ઘરોની જ ટેવ હતી. ત્યાં ‘બગીચો’ તો નાનકડાં કૂંડાંઓમાં જ સમાઈ જતો.

આ ઘરના ઉપરના માળે, અગાશી પાસે એક રૂમ હતો જે કદાચ ભાડે મળી જાય.

દરવાજો ખટખટાવીને બન્ને જણ ઊભા રહ્યા.

કોઈએ દરવાજો ખોલ્યો.

જોયું તો મીનૂ!

શ્યામ ઉપર ધ્યાન આપ્યા વિના કિશને લાગલું જ પૂછ્યું, "આ જ ભીમા દેસાઈનું ઘર છે ને?"

પોતોને સ્વસ્થ કરીને મીનૂએ તરત કહ્યું, "હા, હા, એમનું જ ઘર છે. તેઓ અંદર છે. અહીં બેસોને. હું તેમને બોલાવી લાવું."

સોફા તૂટેલો હતો. ખુરશીઓ અવાજ કરતી હતી અને તેનાથી કુટુંબની આર્થિક સ્થિતિનો ખ્યાલ તરત આવી ગયો.

શ્યામે ઠરાવ્યું કે તે અહીં જ ઓરડો ભાડે લઈ લેશે.

ભીમા દેસાઈએ મૂકેલી બધી જ શરતોને માન્ય રાખીને જ્યારે તેમણે ઘર બહાર પગ મૂક્યો ત્યારે શ્યામ પ્રફુલ્લચિત્ત હતો. પણ કિશને કહ્યું, "તને નથી લાગતું કે ભાડું ઘણું વધારે છે?"

સ્વાભાવિક છે કે શ્યામે તે વાતનો અસ્વીકાર જ કર્યો.

3

બીજે દિવસે થયેલા સૂર્યોદયમાં કશું નવું તો નહોતું છતાં જ્યારે એક ડોલ અને સાવરણી લઈને મીનૂ ઘરની બહાર આવી ત્યારે તેને આજે સૂર્યોદય એક ખૂબ જ દર્શનીય અને સુંદર દૃશ્ય લાગ્યું. આકાશ સૂર્યનાં કિરણોથી પ્રજ્વલિત થઈ ઊઠ્યું હતું પક્ષીઓના શોરથી વાયુંમડળ ચલિત હતું. પારિજાત અને બકુલનાં ફૂલોની સુગંધથી તો તેનું માથું ભમી જ ગયું.

તે આહ્લાદક પ્રભાતનું પ્રતિબિંબ તેના મુખ ઉપરના સ્મિત અને હૃદયમાંના આનંદમાં પડતું હતું.

ખૂબ જ ઉત્સાહથી બગીચાની સાફસફાઈ કરતી કરતી મીનૂ બકુલ પાસે આવી. તેના સોનેરી રંગોની આભા અને મૃદુ સુગંધથી તે ખૂબ જ આકર્ષાઈ. તેણે હાથમાંનું કામ છોડી દીધું અને તેનાં ફૂલોની મહક સુગંધ માણતાં માણતાં જાણે ભાન જ ભૂલી ગઈ.

બહુ જ શાંતિથી પોતાના ઓરડાની બારીમાંથી શ્યામ તેને એકીટશે જોઈ રહ્યો.

દૂધવાળો આવ્યો ત્યારે મીનૂનું બેધ્યાનપણું તૂટ્યું. પોતાને કરવાનાં કામો તેને યાદ આવી ગયાં. ઝડપથી તે ઘરમાં જતી રહી.

ભીમાકાકા ખૂબ વાતોડિયા હતા. ભોળા, વિશાળ હૃદયના અને મૈત્રીપૂર્ણ સ્વભાવના. શ્યામ રહેવા આવ્યો તે પ્રથમ દિવસે જ તે યુવાનને તેમણે ખૂબ જ સરળ હૃદયે કહી દીધું, “તારે જે કંઈ જોઈએ, તો તરત જ માંગી લેજે. શરમ રાખતો નહિ, હોં! આ તારું ઘર જ છે એમ માનજે.”

આ ઘરમાં કેટલાં સભ્યો હશે? તેમનો આપસી સંબંધ કયો હશે? આવી વિગતો જાણવા શ્યામ ઉત્સુક હતો. એક વાતનો તો તેને અણસાર આવી જ ગયો હતો - મીનૂ જ મોટા ભાગનું ઘરકામ કરતી હતી.

સવારે દસ વાગે ઑફિસે જઈ સાંજે છ વાગે તે પાછો ફરતો. સવારે તે ઊઠે ત્યારથી ઑફિસ માટે રવાના થાય ત્યાં સુધી તેના કાને મીનૂનું નામ અથડાયા કરતું.

“મીનૂ, ખાવાનું આપી દીધું?”

“મીનૂ, ઘંટીએ જઈ આવી?”

“મીનૂ, તેં કપડાં ધોવાનું પૂરું કર્યું?”

“મીનૂ, ફૂલહાર બનાવી કાઢ્યા?”

“મીનૂ, દાળમાં મીઠું નાખવાની જરૂર છે.”

તો મીનૂ અહીં શું હતી? શું તે શું એક અનાથ બાળા હતી? કે પછી ઘરની કામવાળી?

તે કૉલેજ તો જતી હતી. તો એ નોકરડી તો ન જ હોય. અને ભીમા દેસાઈને તે “કાકા” કહીને સંબોધતી હતી. તો પછી એ અનાથ પણ નહોતી, કદાચ.

એક શનિવારે શ્યામ ઑફિસેથી સહેજ વહેલો પાછો ફર્યો અને થોડા જ સમયમાં ઊંઘી ગયો. મીનૂના સુંદર ગાયનથી તે જાગ્યો, અને જોયું તો તે છોડોને પાણી પાતી હતી. ત્યાં તો તેના મીઠા સૂરોને કચડતો એક કર્કશ અવાજ આવ્યો.

“આ ચોવીસે કલાક શું રાગડા તાણ્યા કરે છે? તારે કશું કામ નથી? જો તું આખો

દિવસ બગીચામાં બેઠી બેઠી ગાયા કરીશ તો ઘરનું કામ કોણ પૂરું કરશે? તને ખબર પણ છે કે કેટલું કામ બાકી છે? જો કેટલો વાસણનો ઢગલો પડ્યો છે સાફ કરવા માટે? તને યાદ કરાવી કરાવીને હું તો થાકી. ભગવાન જાણે તને આ સંગીતનું ઘેલું લાગ્યું છે તે ક્યારે છૂટશે!"

આ કર્કશ અવાજે મીનૂના સ્વરોને ટૂંકાવી દીધા અને તે ઘરમાં દોડી ગઈ.

કેટલા લોકોને આવો સુંદર કંઠ પ્રાપ્ત થયો હોય છે, અને તે માટે વળી આટલી સમર્પિતતાની ભાવના પણ કેટલામાં હોય છે?! તેણે તો પોતાની બહેન સુરભિને કેટલીય વખત કહ્યું હતું કે પૈસાની ચિંતા કર્યા વિના સંગીત શીખજે. પણ સુરભિને તો સહેજે રસ હતો નહિ. વળી એનો અવાજ પણ મીનૂ જેટલો ક્યાં સુરીલો હતો!

અને જુઓ આ મીનૂ. તેનું નામ મીનાક્ષી હતું તે તો એ હવે જાણતો હતો. તેને આવી રીતે કોઈ ઠપકો આપે તેનો કશો વાંધો નહોતો. તેને તે ગણકારતી નહોતી. થોડી જ વારમાં આંબાના ઝાડ તળે, વાસણ ધોતાં ધોતાં તે મીનાક્ષીને ફરીથી મીઠું ગીત ગાતી અને ગણગણતી સાંભળશે જ.

થોડા દિવસો વીત્યા પછી શ્યામને આ કુટુંબની વધુ માહિતી મળવા પામી. મીનાક્ષી ખરેખર તો અનાથ જ હતી. તેની સાવકી મા હતી રમાકાકી, જે હવે વિધવા હતી, અને તેને પોતાનો એક દીકરો પણ હતો. પછી મીનાક્ષીની દાદી પણ હતાં સીતાબા. ભીમાકાકા અને તેમની પત્ની તુલસીકાકી અને તેમનાં ચાર સંતાનો હતાં. વળી રોજિંદા મહેમાનો તો ખરાં જ!

આ ઘર મીનાક્ષીની માતાનું હતું. બે વર્ષ પહેલાં જ તેના પિતાજીનું અવસાન થયું હતું. ભીમાકાકા પાસે ખેડવાની કેટલીક જમીન હતી. બહુ નહિ, પણ જરૂરિયાતો પૂરી થાય તેટલી. આમ આર્થિક દૃષ્ટિએ તો આ કુટુંબ મધ્યમવર્ગનો ઉત્કૃષ્ટ નમૂનો હતું.

ઘરનાં લગભગ બધાં જ લોકો મીનાક્ષી ઉપર હુકમ ચલાવતાં અને તેને આખો વખત કંઈ ને કંઈ કામ ચીંધ્યાં કરતાં. વળી રમાકાકી તો ખૂબ જ ચીડિયાં અને સતત બડબડાટ કરનાર વ્યક્તિ હતાં.

છતાં, ભીમાકાકાને મીનાક્ષી વહાલી તો હતી. રાત્રે એક વાંસનો ખાટલો ઢાળીને આંબાના ઝાડ નીચે તે ગોઠવાતા. પછી તે મીનાક્ષીને હાક મારતા, "મીનૂ, અહીં આવ, ને મારી પાસે બેસ, બેટા! કોઈ વાર તો બીજાંને થોડું કામ કરવા દે. તું જો, મારે માટે પેલું હરિદાસનું ભજન ગાઈશ?" પહેલે માળે જ રહેતો શ્યામ દરરોજ સવારે પણ ભીમાકાકા માટે દૈવીસૂરે મીનાક્ષી ગાતી તે ભજનોને સાંભળીને ઊઠી જતો.

ભીમાકાકા એક વાચાળ ડોસા હતા, તેથી શ્યામ માટે આ બધી માહિતી તેમની પાસેથી મેળવી લેવી બહુ સરળ હતી. આમ તો તેણે શ્યામ સાથે કદી સીધી વાત કરી નહોતી. પણ તેની પાસે સમય જ ક્યાં હતો? વળી, તે કોઈ અજાણ્યા યુવાન આદમી સાથે વાત પણ કઈ રીતે કરી શકે?

વલસાડ કૉલેજમાં મીનાક્ષી બી.એ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. તેણે હિંદુસ્તાની સંગીતનો વિષય મુખ્ય રાખ્યો હતો. પોતાની કૉલેજનું તેણે ઘણી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કર્યું હતું અને ઘણાં ઇનામો પણ મેળવ્યાં હતાં. તેનો લગ્ન માટે કોઈ વિચાર નહોતો. મુખ્ય કારણ એ હતું કે કુટુંબમાં તે માટે પૂરતા ધનનો અભાવ હતો. કદાચ એ બી.એ. પૂરું કરી લે, અને જો તેને નોકરી મળી જાય તો તે કદાચ લગ્નનો વિચાર કરે. પણ એ વાત માટે ઓછામાં ઓછાં બે વર્ષ તો નીકળી જાય.

મીનાક્ષીને કરવામાં ઘણાં બધાં કામોમાં એક હતું આમલીને અગાશામાં તડકે

સૂકવવાનું. એક મોટી ટોપલીમાં તે આમલી ભરીને અગાશીમાં જે ભાગમાં તડકો આવતો હતો ત્યાં આવી. આ ભાગ શ્યામના ઓરડાની પાસે જ હતો.

જમીન પર ચટાઈ પાથરીને તેણે શ્યામને પૂછ્યું, “હું આમલી અહીં સૂકવવા મૂકું તો તમને કંઈ વાંધો નથી ને?”

આ પહેલી વાર તેણે એની સાથે વાત કરી!

ઑક્ટોબરની ગરમીવાળી બપોરનો સમય હતો. આકાશ સ્વચ્છ અને નિર્મળ હતું. વસંતના સમયમાં હતાં તેટલા મોટા પ્રમાણમાં ફૂલો દેખાતાં ન હતાં, છતાંય બકુલના વૃક્ષ પર ખાસ્સાં પ્રમાણમાં ફૂલો હજી હતાં.

શ્યામે મોટેથી હસીને કહ્યું:

“હા, તમે તેમ જરૂર કરો. છેવટે તો આમલી પણ તમારી છે અને આ અગાશી પણ!”

પહેલી વખતની આ મૂલ્યવાન વાતચીતનો દોર વધુ લંબાવવા માટે હવે શું બોલવું તે માટે તેણે ખૂબ વિચાર કર્યો. થોડું અચકાઈને તેણે કહ્યું, “તમે ખૂબ સરસ ગાવ છો.”

“આભાર.” મીનૂએ શરમાઈને કહ્યું.

“રેડિયો પર નથી ગાતાં?”

“ઓહ, હવે તો હું ઘણા સમયથી રેડિયો ઉપર પણ ગાઉં છું! શું તમે મારો અવાજ એમાં નથી સાંભળ્યો?”

શ્યામને પોતાની ઘણી બેવકૂફી સમજાઈ. “ઓહ, સૉરી!” ધીમેથી તે બોલ્યો, “મને તો આ વાતની કશી ખબર જ નહિ.”

“હવે પછી જ્યારે મારો કાર્યક્રમ રેડિયો વલસાડ પર આવવાનો હશે, હું તમને ચોક્કસ જણાવીશ. તો હવે તમે સહેજ પેલી બાજુ ખસશો? હું હવે જઈ શકું?”

શ્યામે બીજી તરફ છલાંગ જ મારી, અને મીનાક્ષીને દાદરો ઊતરતાં તાકી રહ્યો.

અઠવાડિયાંઓ વહી ગયાં. શ્યામને હવે વલસાડનો અને દેસાઈ કુટુંબનો વધુ સારી રીતે પરિચય થઈ ગયો. કેટલીક વાર તેઓ તેને જમવાનું આમંત્રણ પણ આપતાં. આવે પ્રસંગે પણ મીનાક્ષી ખાસ કશું બોલતી નહિ, પણ તેનું મૈત્રીપૂર્ણ અને મીઠું સ્મિત એક દીવાદાંડીના પ્રકાશની જેમ તેના ચહેરા પર રમ્યા કરતું.

એક વખત પોતાની બૅંક માટે ક્રિકેટ મેચ રમતી વખતે શ્યામને થોડી ઈજા થઈ. એક ઝડપી દડાએ લાગલો જ એની કોણી ઉપર પ્રહાર કર્યો અને તેને સાંધામાંથી ખેડવી નાખી. ડૉક્ટરે તેનો હાથ પ્લાસ્ટરમાં બાંધ્યો અને ઓછામાં ઓછા એક અઠવાડિયા માટે તદ્દન આરામ કરવાની સલાહ આપી.

શ્યામે વિચાર્યું; શું એક અઠવાડિયા માટે હું અમદાવાદ જઈ આવું? કે પછી અહીં કિશનને ત્યાં રહેવા જતો રહું?

તે મીનાક્ષીને પોતાની આ મૂંઝવણ વિશે કહેવાની લાલચ ટાળી ન શક્યો. જ્યારે ભીમાકાકાએ આ અંગે સાંભળ્યું ત્યારે તરત તેમણે શ્યામનો ઊધડો લીધો, “થોડા અમથા આરામ માટે તારે શા માટે અમદાવાદ ઘરે ભાગી જવું છે, ભઈ? અહીં તારી કાળજી લે તેવાં ઘણાં માણસો છે! જમવા ખાવાની ચિંતા તો કરતો જ નહિ. એ બધું હું સંભાળી લઈશ.”

ભીમાકાકા કેવળ શિષ્ટાચારની રુએ વાત નહોતા કરતા; તેમણે એ કામ કરી બતાવ્યું. મોટે અવાજે તેમણે કહ્યું, “મીનાક્ષી, હવે તારા માથે શ્યામની જવાબદારી છે, શું સમજી? એને રોટલીઓ ન ખવડાવતી. તેને ફક્ત દાળ અને ભાત આપજે. ભલે તેને તું

કૉફી પાય, પણ ચા તો પીવડાવીશ જ નહિ, હા!"

મીનાક્ષી માટે આ એક વધારાની જ જવાબદારી હતી. પરંતુ શ્યામે તેને કદી દુ:ખી, રોતી કે ગુસ્સે થયેલી જોઈ નહોતી. શક્ય છે કે તે બકુલ અને પારિજાતનાં વૃક્ષોને પાણી પાતાં પાતાં આંસુ સારી લેતી હોય, કોણ જાણે ઘરનાં તો કોઈને તેના કોઈ દુ:ખ વિશે જાણ જ ન હતી. જ્યારે આ છોકરી લગ્ન કરીને ઘરથી દૂર જતી રહેશે ત્યારે જ આ બધાંને તેની સેવાઓની સાચી કિંમત સમજાશે, શ્યામે દુ:ખી મને વિચાર કર્યો.

તે જ વખતે મીનાક્ષી તેને માટે કૉફીનો કપ લઈને હાજર થઈ.

તે જે કંઈ વિચારતો હતો, તે બધું એ તો ક્ષણભરમાં ભૂલી ગયો.

એક બપોરે શ્યામને છોકરીઓના ખિલખિલાટ હસવાના અવાજો સંભળાયા. આંબાના ઝાડ નીચે ચટાઈ પાથરીને મીનાક્ષી અને એની સખીઓ વાતચીત કરી રહી હતી. અને વિષય હતો, "દિવાળીમાં કઈ સાડી ખરીદીશું?"

"મને ફાલસા રંગની સાડી ખૂબ ગમે છે. મેં મારા કાકાને કહ્યું છે કે આ વખતે મને તે જ રંગની સાડી ખરીદી આપે." મીનાક્ષીએ બધાંને કહ્યું.

શ્યામને રંગો વિશે બહુ જાણકારી નહોતી. તે રાત્રે તેણે ભીમાકાકાને પોતે ઘરની સ્ત્રીઓ માટે લાવેલી સાડીઓ વિશે વાત કરતા પણ સાંભળ્યા.

"મીનૂ, તારે માટે ફાલસા રંગની સાડી મને મળી જ નહિ. તારે માટે ભૂરા રંગની સાડી લેશું, હોં ને?"

"ચિંતા ન કરો, કાકા! મને ભૂરો રંગ પણ ગમે જ છે." મીનૂએ શાંતિથી કહ્યું.

શ્યામ આ જવાબ સાંભળીને છક્ક થઈ ગયો. તેની પોતાની બહેન સુરભિ પણ તેના જેવડી જ હશે. છેલ્લે જ્યારે તે અમદાવાદ હતો ત્યારે તે સુરભિની પાછળ પાછળ આખું બજાર ઘસડાયો હતો, કેમ કે તેને ગુલાબી બૉર્ડરવાળી ભૂરા રંગની જ સાડી જોઈતો હતી. એક ઘેરા ભૂરા રંગની સાડી, જેને ગુલાબી કોર હોય. જ્યારે તેને આવી સાડી છેવટે જડી નહિ જ, તો શું તેણે તેના પછીની પસંદગી સ્વીકારી ખરી? કોઈ સવાલ જ નહોતો. તેણે તો શ્યામને બીજે દિવસે પણ બજારમાં ફેરવ્યો, અને છેવટે એવી પસંદની સાડી બમણા ભાવે પણ લીધે છૂટકો કર્યો! શ્યામે તેને કહેવું હતું કે "આ રંગ તો સાવ ખરાબ છે, તારી ઘેરી ત્વચા સાથે સહેજે મેળ બેસે તેવો આ રંગ નથી!" પણ તે કંઈ બોલ્યો નહિ. તે હજી પોતાની લાગણી કે વિચારને છુપાવીને ખોટું બોલીને પણ શિષ્ટાચાર પાળવાનો પાઠ મેળવ્યો નહોતો. જેમ આ વલસાડનાં લોકો સાહજિક જ કરતાં હતાં!

લગભગ બધાં. મીનૂ નહિ. તે નાસીપાસ થઈ પણ પોતાના સંયોગો જોઈ- સમજીને તેણે નિરાશા છુપાવી દીધી હતી.

સુરભિને તો એક પ્રેમાળ ભાઈ સાથે હતો, જે તેના ઉપર ઘણા પૈસા ખર્ચવા રાજી હતો. તેનાં માતાપિતા પણ તેને વહાલ કરતાં હતાં. મીનાક્ષી પાસે એવું કોઈ નહોતું. આ વાત તે સારી પેઠે સમજતી હતી. એથી જ એણે પોતાના કોડને સ્મિત વડે ઢાંકી દીધા.

કેવળ શ્યામને જ એ વાતનો જાણે અહેસાસ થયો હતો કે તેના સ્મિતની પાછળ સંતોષ નહિ બલકે દુ:ખ હતું.

બીજે દિવસે તેણે પૂછી જ લીધું, "મીનાક્ષી, ફાલસાનો રંગ એટલે શું? શું તે લીલો કે તેની ઝાંય ધરાવતો હોય છે કે પછી ભૂરો?"

"અં... જુઓને, સહેજ જાંબુના રંગનો, તે ફાલસાનો રંગ, પણ તમે કેમ પૂછો છો?"

"ઓહ, એ તો અમસ્તું જ." શ્યામે ખભા હલાવ્યા.

જેણે પોતાનો હાથ ભાંગ્યો ત્યારે આટલી કાળજી કરી હતી તેને માટે જો શ્યામ એક ફાલસાના રંગની સાડી લાવે તો કંઈ વધુ પડતું કર્યું એમ ન ગણાય. સાધારણ બાબત કે ક્રિયાને પણ સમાજ તો શંકાકુશંકાની નજરે જોવાને જ ટેવાયેલો છે. એથી એણે કશું ન કરવું તે જ સૌથી યોગ્ય છે, એમ તેણે વિચાર્યું.

કેટલીક વાર કિશન તેને મળવા આવતો ત્યારે તેને ચીડવી લેતો, "કેમ રે, શ્યામ! તને તો વલસાડ ગમી ગયું છે ને શું? કોઈ ખીચડી તો નથી પકવી રહ્યો ને ભઈ?"

"સહેજે નહિ." શ્યામે ચિડાઈને કહ્યું. "પણ તારી જેમ મને આ ગામ હવે જરા ગમવા તો માંડ્યું છે ખરું!"

"એટલું જ! દેસાઈના ઘરમાં કંઈ વિશેષ ગમે તેવું નથી! તેં મીનાક્ષીને ગાતાં સાંભળી કે નહિ, ભઈલા?"

"તને તેની શી ખબર?"

"લો, કર લો બાત! આખું વલસાડ ગામ જાણે છે. તે તો રેડિયો કલાકાર છે, ભઈ!"

થોડા સમય પછી કિશને તેને ફરી પૂછ્યું, "તને ખાતરી છે કે બીજું કંઈ નથી, શ્યામ?"

"ના ભઈ ના. પણ તને આટલો બધો રસ કેમ છે?"

"કંઈ ખાસ કારણ તો નથી. એ તો એમ છે કે મારી માએ મારું સગપણ એક અમદાવાદની છોકરી સાથે કરી નાખ્યું છે. એટલે હું તો તારો વિચાર કરતો હતો."

૪

અને એક દિવસ એક ટેલિગ્રામ આવી પહોંચ્યો. શ્યામે જાણ્યું કે હવે તેને ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન - એટલે કે ઈસરોમાં નોકરી મળી છે. તાર હાથમાં રાખીને તે આનંદથી ગોળ ગોળ ફર્યો. હવે તે અમદાવાદમાં જ નિમાશે અને તેની ક્યાંય બદલીઓ નહિ થાય. બીજું, એ તક કદાચ ઊભી થાય કે તેને અમેરિકા જવા પણ મળે.

અને આ જ તો તેની મોટામાં મોટી ઇચ્છા હતી - અમદાવાદમાં રહેવાની નહિ - હજાસે માઈલ દૂરના, પૈસાના 'મક્કા' જેવા અમેરિકા પહોંચવાની.

તેના કુટુંબ પાસે તેને અમેરિકા મોકલવાની શક્તિ હતી નહિ. તેથી જ શ્યામને એક એવી સંસ્થા સાથે જોડાવું હતું જે તેને એ દેશમાં મોકલાવાના સાધનરૂપ બની જાય. જ્યારે તેણે 'ઈસરો' માટે ઇન્ટરવ્યૂ આપ્યો ત્યારે તેને કહેવામાં આવ્યું હતું, "જો તમારી પસંદગી આ નોકરી માટે થાય, તો સંભવ છે કે તમને અમેરિકા મોકલવામાં આવે. તો પ્લીઝ, તમારો પાસપોર્ટ તૈયાર રાખજો."

વલસાડની એક બૅંકના ટેકનિકલ ઑફિસર તરીકેની તેની અત્યારની નોકરી કદી આ સ્વપ્ન પૂરું કરી શકી ન હોત. આ નોકરી તેણે એટલે જ સ્વીકારી હતી કે ત્યાં સુધી તો બીજો કોઈ વિકલ્પ તેની પાસે નહોતો.

તે ઉતાવળે ઉતાવળે પોતાનો સામાન બાંધવા લાગ્યો.

ભીમાકાકા ઉપર આવ્યા. "મેં સાંભળ્યું કે તને વધુ સારી નોકરી મળી છે, અને તું પાછો તારે શહેર જવાનો છે!"

શ્યામે તેમની તરફ વળીને કહ્યું, "હા."

"બહુ સારી વાત. પણ અમને તારી યાદ આવ્યા કરશે. તું અહીં રહ્યો અને અમે ખુશી થયાં. જ્યારે પણ તું આ ગામે આવે, તો અમને યાદ કરીને અમારી સાથે જ રહેવા આવી જજે. કોઈ હોટેલમાં કે મિત્રને ત્યાં રહેવા ન ચાલી જતો, હોં!"

"અને કાકા, તમે જો કદી અમદાવાદ આવો તો અમને મળવા તો આવશોને?"

"હું કદાચ આવીશ પણ ખરો. મારી બહેન ત્યાં વાડજમાં રહે છે અને મને એને ત્યાં ઘણા વખતથી બોલાવ બોલાવ પણ કરે છે. હવે હું આવીશ તો તમારા બન્નેની મુલાકાત ચોક્કસ લઈશ."

રાત્રે જ્યારે શ્યામ અમદાવાદની ગાડી પકડવા સ્ટેશને પહોંચ્યો, ત્યારે તેને મીનાક્ષી યાદ આવી. તેને તે શું ભેટમાં આપી શકે? તેને તે શું કહે? છેવટે તેણે એક વિખ્યાત લેખકના કવિતાસંગ્રહનું પુસ્તક તેને ભેટ આપતાં કહ્યું હતું, "મારા તરફથી આ નાનકડી ભેટ સ્વીકારો. અહીં તમારાં ગીતો રેડિયો પર નથી સાંભળી શક્યો, અને હવે નહિ જ સાંભળી શકું કેમ કે અહીંનો રેડિયો અમદાવાદમાં સંભળાતો નથી."

મીનાક્ષીએ દુ:ખભર્યું સ્મિત વેર્યું અને નજર ફેરવી લીધી.

આ છેલ્લી મુલાકાત હતી. હવે તે ફરી શા માટે વલસાડ આવે? તે પોતે પણ શા માટે અમદાવાદ જાય? અને, જો જાય તોપણ તેને મળવા માટે તે કયું બહાનું બતાવે?

આ એક માણસની ગેરહાજરી તેણીને ઘણી સાલવાની હતી, જેણે તેનું ગાન ખૂબ પ્રેમથી, ભીમાકાકા કરતાં પણ વધુ આદરથી સાંભળ્યું. એની ગેરહાજરી ચોક્કસ ઘણી

સાલશે.

૫

શ્યામ, ગિરીશ અને સુરભિ એ ત્રણે સંસ્કૃતના શિક્ષક મનહરલાલનાં સંતાનો હતાં. ઘણાં વર્ષો અગાઉ મનહરલાલે એક નાનકડું મકાન શાસ્ત્રીનગર નામના અમદાવાદના એક વિભાગમાં બંધાવ્યું હતું. તેમને આથી મોટું ઘર બાંધવાની ઇચ્છા તો હતી પણ તે માટે સમય લાગે તેમ હતો... જ્યારે બાળકો તેમનું શિક્ષણ પૂરું કરી લે, સારી નોકરીમાં જોડાય અને કંઈ બચત થાય તો નાણાકીય સ્થિતિ આરામદાયક બને તેમ હતું.

પણ આ પરિસ્થિતિ હજી સુધી તો તેમને માટે આવી નહોતી. નિશ્ચિત પગાર, વધારાની કશી આવક નહિ અને વધતા જતા ફુગાવાને લીધે વધુ મોટું ઘર બાંધવાનું તો ઠીક, કુટુંબનું સારું ભરણપોષણ કરવામાંય કેટલી મુશ્કેલીઓ આવતી!

તેમ છતાં મનહરલાલ એક શાંત અને વ્યવહારુ વ્યક્તિ બની રહ્યા. તેમની પ્રતિષ્ઠા પણ સારી હતી. પૈસેટકે બહુ સારી સ્થિતિના ન ગણાય તોપણ ચરિત્રના ઉચ્ચ ગુણોને લીધે તેઓ સમૃદ્ધ ગણાતા.

નીલાબહેન, જેને સૌ નીલાબા કહેતા તેઓ પણ બહુ વ્યાવહારિક બાઈ હતાં. સીમિત આવકમાંથી પણ ઘરબાર કઈ રીતે સારું ચલાવવું તે તેઓ સમજતાં હતાં. તેમણે કદી પૈસા ઉધાર લીધા નહિ. ઘરનું બધું જ કામ જાતે જ કરતાં. હવે જ્યારે તેમનાં સંતાનો મોટાં થવા લાગ્યાં હતાં, ત્યારે જાણે તેમની મુખ્ય જવાબદારીઓનો અંત આવ્યો એમ કહી શકાય. મનહરલાલ તો જાણે દુન્યવી બાબતોમાં કશો રસ જ નહોતા રાખતા, પરંતુ નીલાબાને ઘણી બધી આશાઓ અને તમન્નાઓ હતી. તેમના પોતાના પતિ તો તેમાંની કોઈ પૂરી કરી શક્યા નહોતા. જ્યારે નીલાબા અન્ય સંપત્તિવાન સ્ત્રીઓને કોઈ લગ્નપ્રસંગે અથવા અન્ય સામાજિક પ્રસંગોએ મોંઘીદાટ રેશમી સાડીઓ પહેરેલી, કે તેમના કાનમાં ઝગમગતા હીરાની બુટ્ટીઓ જોતાં તો તેમને બેચેની વર્તાતી. કદીક તેમની ચકચકિત મોટરોને જોઈને પણ તેઓ પરેશાન થતાં. તેઓ વિચારવા લાગતાં.

“આ સ્ત્રીઓ કેટલી બધી ભાગ્યશાળી છે?”

તેમને ખાસ્સી ખબર હતી કે જો તેમના છોકરા સાદીસીધી નોકરીમાં લાગશે તો આ મગજનું દહીં કરતી ગરીબી કદી કેડો મૂકશે નહિ; એ લોકો ઊંચાં પદો અને મસમોટા પગારવાળી નોકરીઓ મેળવે તે જ ઇચ્છનીય હતું. જોકે તેને પણ સમય તો લાગે જ. અમેરિકા - પૈસાને માટે ‘મક્કા’નું સ્થાન - વધુ નજીક આવ્યું હતું. એક વાર તમે ત્યાં પહોંચી જાવ, તો ડૉલર એટલી સરળતા કરી આપે તેવો હતો કે તમે જોતજોતામાં ધનવાન બની જાવ! એવી કંઈ કેટલીય વાતો તેમણે સાંભળી હતી.

આ રહસ્યમય, ચમત્કારિક ભૂમિ, જે બહુ જ દૂર સુદૂર આવેલી હતી. તે જ હવે તેમનાં સંતાનો માટેની ભૂમિ બને એવી તેમની ઇચ્છા થઈ ચૂકી હતી.

શ્યામ તેઓનો વહાલો પુત્ર હતો. પોતાના સારા અભ્યાસથી, મેરિટથી તેણે એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી હતી. તે માટે તેણે જ્ઞાતિ કે અન્ય કોઈ અનામત સવલતોનો ઉપયોગ પણ નહોતો કર્યો. એનો અર્થ એ જ ને, કે એ ખરેખર બહુ હોશિયાર હતો. વળી તે તેના બાપ જેવો (ભીનેવાન) નહોતો, બલ્કે પોતાના જેવો, ખૂલતા રંગનો હતો. તેનું કદ ટૂંકું તો ન કહેવાય, પણ તેના ભાઈ ગિરીશ કરતાં તેની ઊંચાઈ થોડી ઓછી હતી ખરી.

બન્ને ભાઈઓમાં બીજા પણ મહત્ત્વના તફાવતો હતા. શ્યામ ખાસ્સો મહત્ત્વાકાંક્ષી હતો.

ગિરીશ તેનાથી તદ્દન જુદી જ ખોપરીનો હતો. તે બહુ ખોલકો નહોતો છતાં આખો વખત વ્યસ્ત રહેતો. તેના પિતાની જેમ તે પણ થીડાથી જ સંતોષ મેળવી લઈ શકતો. પોતાના મોટાભાઈ જેટલો તે હોશિયાર પણ નહોતો. તેનો અર્થ એવો નહોતો કે તે મૂર્ખ હતો કે ડફોળ હતો. પોતે બી.કોમ.ની ડિગ્રી મેળવી લીધા પછી હવે એક બૅન્કમાં નોકરી પણ કરતો હતો અને તેટલાથી તે જ ખુશ પણ હતો. ઑફિસના કલાકો પછી પણ તે ઘણી બધી પ્રવૃત્તિઓ કરતો રહેતો. રામજી મંદિરમાં પૂજાની વાત આવે ત્યારે તે જ નેતાગીરી પૂરી પાડતો. ક્યાંય મૃત્યુ થયાના સમાચાર આવે તો તે વ્યક્તિના ઘેર જઈને બધી બનતી મદદ કરવા તે અચૂક પહોંચી જતો. જો તેના કોઈ મિત્રની બહેનનાં લગ્ન હોય, તો તે પણ લગ્નની તૈયારીઓમાં ઉત્સાહપૂર્વક જોડાઈ જતો અને બધી વ્યવસ્થામાં મદદ કરતો. આવો માણસ શું કોઈ દિવસ ઘણું બધું ધન એકઠું કરી શકે?

આમ તો નીલાબાએ તેને જીવનનાં સત્યો સમજાવવાની કોશિશ કરી જ હતી, પણ તેની કશી અસર પડેલી નહિ. તેમના ભાષણને સાંભળી લીધા પછી ગિરીશ ખભા ઉલાળતો અને હસતાં હસતાં કહેતો, “માફ કરજે મા, પણ પિતાજીએ તો મને એ જ શીખવ્યું છે કે આપણું અસ્તિત્વ બીજાઓની મદદમાં ખરચી નાખવું.”

તેથી વળી નીલાબા પોતાના પતિ પર ગુસ્સો ઠાલવતાં. “આવી ખોટી ખોટી શિખામણો આપીને તમે જ તેના જીવનને ખરાબે ચડાવ્યું છે. આમ ને આમ ક્યારેય એ સફળ નહીં બને!”

તેમને શાંત પાડતાં મનહરલાલ કહેતા, “એની વાત છોડો. શ્યામ તો સફળ માણસ બનવાનો જ છે ને? આ વળી મારા જેવો બનશે. એને પણ કદાચ સારી વહુ મળી જાય જેમ તમે મને મળી ગઈ! અને તે ઘરને સાચવી લે, એમ પણ બને.”

નીલાબાનો ગુસ્સો આપોઆપ ઓગળી જતો.

૬

શ્યામને પોતાની નવી નોકરી ખૂબ જ ગમી ગઈ. તેણે દિલ દઈને કામ કરવા માંડ્યું. બહુ જલદીથી તે તેના ઉપરીઓમાં એક માનીતો વૈજ્ઞાનિક બની પણ ગયો.

તેનાં લગ્ન માટે માગાં આવવાં શરૂ થઈ ગયાં, પણ શ્યામ કે તેની માતા આ તબક્કે તેનાં લગ્ન માટે તૈયાર નહોતાં. તેમની યોજના એ હતી કે કમ સે કમ એક વર્ષ સુધી શ્યામે એટલા પૈસાની બચત કરવી કે જેથી ઘરમાં એક માળ ઉમેરી શકાય; ત્યાર પછી જ લગ્નનો વિચાર કરાય, તે અગાઉ નહિ.

વળી એક બીજો વધુ સારો વિકલ્પ તો હતો જ - અમેરિકા. હવે તો તે જ સૌથી ઊંચી મહત્ત્વાકાંક્ષા તેને માટે બની ગઈ; જીવનનું સૌથી મહત્ત્વનું ધ્યેય. શ્યામે બહુ જ શિષ્ટતાથી આવતાં બધાં માગાંઓ નકારી દેવા માંડ્યાં.

મનહરલાલને નિવૃત્ત થવામાં હજી બીજાં બે વર્ષ બાકી હતાં. તેમના બે દીકરાઓ આ બે વર્ષમાં જે કંઈ બચત કરી શકે તે તેમની બહેન સુરભિનાં લગ્ન માટે વાપરી શકાય. આવી યોજના કુટુંબે ઠરાવી હતી.

જોકે, ગિરીશ પાસેથી કંઈ બહુ આશા રાખી શકાય તેમ નહોતી. તેની આવક તો એટલી જ હતી કે તેમાંથી તેની પોતાની જરૂરિયાતો પૂરી થઈ શકે. આથી, ઝળુંબી રહેલા મોટા બે ખર્ચાઓમાં મૂળ ટેકો કરનાર તો શ્યામ જ રહેવાનો. આ નાણાકીય કટોકટીમાં નીલાબા કેવળ પોતાના પહેલા દીકરા પર જ વિશ્વાસ મૂકી શકે તેમ હતું.

અને ત્યાં તો ખૂબ જ અદ્‌ભુત સમાચાર આવ્યા - ‘ઈસરો’ તરફથી શ્યામને અમેરિકા જવાનું નક્કી થયું. ખાસ તો સંશોધન માટે હવે તેણે ‘ફ્લોરિડા’ જવાનું હતું!

નીલાબા તો સાચ્ચે જ ખુશીથી ઊછળી પડ્યાં. એક નાનકડી બાળાની જેમ તેમની ચટરપટર શરૂ થઈ ગઈ. “મેં તો સાંભળ્યું છે કે ત્યાં સોનું બહુ સસ્તું છે. વળી કેસર અને ઈલાયચી તો કેવાં ઊંચી જાતનાં ત્યાં મળે!! આવું બધું લાવવાનું ભૂલતો નહિ (જ્યારે પાછો આવે ત્યારે). હા, કહી દઉં છું!”

સુરભિએ પણ ઉમેર્યું, “મોટાભાઈ, તમે પાછા આવો ત્યારે ઓછામાં ઓછી છ સાડીઓ ફક્ત મારે માટે લાવજો.” કેવળ મનહરલાલ અને ગિરીશે કોઈ જાતની માગણી શ્યામ પાસે રજૂ ન કરી.

૭

ઘણા લાંબા સમયથી સેવેલું સ્વપ્ન હવે સાકાર થયું હતું.

શ્યામ એ 'તકોની ભૂમિ, અદ્‌ભુત સમૃદ્ધિની ભૂમિ'માં આવી પહોંચ્યો.

એ ભૂમિ એણે ધારી હતી તેનાથી જુદી નીકળી.

આ એવો દેશ હતો જે હરપળ દોડતો જ હતો.

અહીં પાણીની કોઈ અછત નહોતી. વીજળી પણ બહુ મોટા પ્રમાણમાં મળી શકતી. મકાનો પણ સરળતાથી મળી જતાં. પોતાના બધા નાગરિકોની મૂળભૂત માનવીય જરૂરિયાતો ક્ષમતાથી, કદાચ તેથી પણ વધુ પૂરવા માટે આ દેશ સક્ષમ હતો. આથી જ પૂરા વિશ્વમાં તેને સૌથી વધુ સમૃદ્ધ દેશ કહેવામાં આવ્યો, અને વળી સૌથી વધુ શક્તિશાળી પણ.

"ભારત એક ૫૦૦૦ વર્ષ પુરાણો દેશ છે, જ્યાં મહાન સમ્રાટોએ, ચાલુક્ય અને રાષ્ટ્રકૂટોએ શાસન કર્યું." - આ ભૂમિ જે એક સમયે ખૂબ પ્રસંશાપ્રાપ્ત હતી, તે ભૂમિમાં હવે અછતો અને વહેમોએ ઘર ઘાલ્યું હતું. લાંબી અને દુ:ખદાયક બીમારીથી પીડાતા કોઈ શરીરની જેમ તેનું ચૈતન્ય ઝાંખું પડ્યું હતું ઊડી ગયું હતું. એ દેશ જેને અનેક રોગો લાગુ પડ્યા હોય, તેની સરખામણી અમેરિકા સાથે થઈ જ કેવી રીતે શકે?

અમેરિકા એક જીવંત, સમૃદ્ધ અને તંદુરસ્ત દેશ. એક યુવાન જેના રોમેરોમમાં જીવન ઊભરાઈ રહ્યું છે. તેવો દેશ એ બેની સરખામણી કેવી રીતે થાય? એક પૃથ્વી છે, બીજો આકાશ. એક અંધારામાં છે, બીજો પ્રકાશથી ઝળાંહળાં.

આખાયે અમેરિકામાં તે કુશળ વહીવટ જોઈ શક્યો. કોઈનું પણ ઘર શોધવામાં તેને થોડી મિનિટો જ થતી, અને તેમાં પણ કોઈની મદદ લેવી પડતી નહોતી. દુનિયાના કોઈ પણ ખૂણે તે કોઈ પણ વ્યક્તિનો સંપર્ક કરી શકતો - અડધી જ મિનિટમાં ગાડી, ઘર, ટેલિફોન, વગેરે બધું જ એ ખરીદી શક્યો. ભારતમાં તો આ બધું કોઈ ધનવાન હોય તો જ કરી શકે.

બહુ જલદી જ શ્યામને તો અમેરિકાની જીવનશૈલીનાં આરામદાયક સગવડો અને એન્ય આકર્ષણો ગમવા લાગ્યાં. આ દેશ કેટલો આશ્ચર્યજનક અને અદ્‌ભુત છે, તે પોતાની જાતને કહેતો, હજાર વાર કહેતો, અને અહીં રહેનારા લોકો પણ કેટલા બધા સુખી છે!

તેની નોકરી પણ ઘણી સંતોષજનક હતી. ભારતમાં તે જે કામ કરતો તેનાથી આ ઘણુંબધું વધુ મહત્ત્વનું પણ હતું. ભારતમાં મળતા પગાર કરતાં પણ અહીં ઘણો મોટો પગાર મળતો.

પરિશ્રમ કરવાની ટેવ ધરાવતો, અને વળી ક્ષમતાવાળો હોવાથી શ્યામ ઝડપથી જ સફળતાની નવી ઊંચાઈઓ સર કરવા લાગ્યો.

પોતાના કામ અને પગારથી ખૂબ જ રાજી થતો શ્યામ પોતાની આ નવી જિંદગીમાં નવા જોશથી જોડાઈ ગયો.

જ્યારે તે સાંજે કામથી ઘેર પાછો ફરતો ત્યારે સ્વાભાવિક રીતે તેને પોતાનું કુટુંબ યાદ આવતું. તેણે માતાને કાગળોમાં અમેરિકાની જીવનશૈલી વિશે લખ્યું, ત્યાં મળતાં વિવિધ જાતનાં શાકભાજી અને ફળો વિશે લખ્યું. તેણે જાતજાતનાં ફળોના રસો વિશે

લખ્યું, જેની બોટલોના આકાર પણ જુદા જુદા રહેતા. વળી દુકાનોમાં કેટકેટલી જાતના આઈસક્રીમો મળે છે તે બધું પણ લખ્યું. પૈસા બદલાવી આપતાં મશીનો અને કચરાના ડબ્બા ભેગા કરતી ટ્રકો (વેનો) વિશે પણ લખ્યું.

ફળનો રસ પીધા પછી તેનું મન ન થયું કે તેની બોટલ ફેંકી દે, ત્યારે તેણે માને લખ્યું, "જો તું અહીં હોત તો આવી બધી સરસ બોટલોમાં વળી જાતજાતનાં અથાણાંય ભરી દીધાં હોત."

અને અમેરિકામાં ખોરાક પણ કેટલો સસ્તો હતો! વળી, લોકો પણ કેટલા વિશ્વાસપાત્ર અને પ્રામાણિક! તેઓ કોઈ ફેરિયો ઊભો ન હોય તેવા રસ્તા પરના સ્ટોલોમાંથી સમાચારપત્રો ખરીદતા, તો પણ તેના યોગ્ય પૈસાની ચૂકવણી તે માટેના ડબામાં અચૂક કરતા! બસોમાં પણ કંડક્ટરની કશી જરૂર નહોતી - અમેરિકનો ટિકિટના પૈસા કોઈ જાતના કપટ વિના ચૂકવી જ દેતા. આ બધા કાગળો તેણે પોતાની માતાને લખ્યા હતા.

અને પછી તેણે 'ડૉલર' વિશે લખ્યું. તેની જાદુઈ તાકાત. તેની મહાન ખરીદશક્તિ અને એ હકીકત કે એક 'ડૉલર' માટે પિસ્તાલીસ રૂપિયા આપવા પડે. અને આશ્ચર્યજનક બાબત તો એ હતી કે જો તમારા ખીસામાં 'ડૉલર' હોય તો તમે આખી દુનિયામાં કોઈ પણ ચિંતા વિના ખૂણે ખૂણે પ્રવાસ કરી શકો. આ વૈશ્વિક સ્વીકાર પામેલ શક્તિશાળી ચલણી નાણું આજના આધુનિક સમયનું એક સાધન હતું. તેણે આ ડૉલરની મોહિનીની બધી વાત માને લખી હતી.

જ્યારે જ્યારે નીલાબાની રસોઈ થોડી બગડી જતી, ત્યારે કુટુંબનાં બાકીના સભ્યોનું અનુમાન સાચું ઠરતું કે એ દિવસે શ્યામનો પત્ર આવ્યો જ હશે! પોતાના દીકરા તરફથી આવેલો પત્ર તરત જ તેની રાંધણકળા પર પ્રભાવ પાડતો. કોઈ વાર ભાત ચોંટી જતા, શાક કાચું રહેતું, કે પછી દાળમાં વધુ પડતું મીઠું પડી જતું અને ચામાં ખાંડ વધી જતી.

એ દિવસો એવા હતા જ્યારે નીલાબા ભારતમાં કેવળ શારીરિક રીતે હાજર રહેતાં. તેમનું હૃદય અને મન તો અમેરિકાના એક છેડેથી બીજે છેડે ઊડ્યા કરતું હતું.

હવે તરતમાં જ પાછા જવાનો સમય આવશે. તેનું પ્રશિક્ષણ (ટ્રેઈનિંગ) ત્રણથી ચાર અઠવાડિયાંમાં (સંપન્ન) પૂરું થતું હતું. તેણે પાછા ભારત આવવાનું થશે અને 'ઈસરો'ના કોઈ નવા વૈજ્ઞાનિકોને તેને પ્રશિક્ષણ આપવાની ફરજ પડશે.

આ વિચારમાત્ર તેને નાખુશ કરી દેતો હતો.

તેણે 'ઈસરો'ના જ બીજા કેટલાક કર્મચારીઓ અંગે વિચારવા માંડ્યું, જેઓ પ્રશિક્ષણ માટે અમેરિકા આવ્યા તો હતા, પણ પછી પાછા કદી ભારત ગયા જ નહોતા. તેમણે 'ગુમ' થઈ જવાનો માર્ગ લીધો હતો. પછી તેઓ કોઈ અમેરિકન કંપનીમાં કામે જોડાઈ જતા. જે લોકોએ તેમને કામે રાખ્યા હતા તેમણે કહ્યું હતું, "ચિંતા ન કરશો, અમે તમને 'ગ્રીન કાર્ડ' અમારા વકીલોની મારફતે અપાવી દઈશું." આ 'ગુમ' નામ લોકોએ ખરી રીતે તો અમેરિકા આવ્યા પહેલાં એમની સંસ્થામાં પોતાના પ્રશિક્ષણ પછી પાછા ભારત આવીને ઓછામાં ઓછાં પાંચ વર્ષ માટે સંસ્થા માટે કામ કરવાની બાંહેધરી લેતા શરતી બૉન્ડ ઉપર સહીઓ પણ કરી હતી. જો આ શરતોનું તેઓ પાલન ન કરે તો તેઓ સજાપાત્ર ઠરે તેમ હતું. પરંતુ આ બધી નાની નાની વાતો પ્રત્યે 'ગુમ' થઈ જનારાઓ તદ્દન બેપરવાઈ દાખવતા હતા. સામાન્ય રીતે તેઓ માનતા હતા કે, "પહેલાં તેમને સજા ફરમાવવા તો દો. પછી જોઈ લેવાશે શું કરવું તે." 'પડશે એવા દેવાશે.' જે દિવસથી શ્યામે અમેરિકાની ભૂમિ પર પગ મૂક્યો હતો તે જ દિવસથી તેણે આવા 'ગુમ' થનારાઓની

કથાઓ માટે કાન ખુલ્લા રાખ્યા હતા. આ તો હવે એક સામાન્ય પ્રયુક્તિ જ જાણે બની ગઈ હતી. તેના પોતાના સાથીદારો, રાજીવ અને શ્રીકાંત પણ આવું શરતી બોન્ડ સ્વીકાર્યા પછી અમેરિકા આવ્યા હતા. પણ પછીથી અમેરિકામાં ભૂગર્ભમાં ચાલી ગયા. તેઓ અહીં પ્રછન્ન અને ખાનગી રીતે રહેવા લાગ્યા હતા. 'ઈસરો'ના ઉચ્ચ અધિકારીઓએ વાસ્તવમાં તો શ્યામને પત્ર પણ લખ્યો કે આ બન્ને 'ગુમ' થનારા સાથીદારોની શોધ કરીને તેમનાં સરનામાં મોકલવાનું કહ્યું હતું. શ્યામને ખબર હતી કે રાજીવ અને શ્રીકાંત હવે સંતાતા સંતાતા કયે ઠેકાણે રહેવા લાગ્યા હતા. પણ તેણે એ બાબતે મૌન જ સેવ્યું.

ગ્રીન કાર્ડ મળી ગયા બાદ આ 'ગુમશુદા' લોકો હિંમતભેર પોતાના અડ્ડામાંથી બહાર આવી જતા, પાછા ભારત પણ ફરતા, જ્યાં તેઓ ધનવાન અને પ્રતિષ્ઠિત કુટુંબની સુંદર છોકરીઓ સાથે લગ્ન કરી લેતા અને ખૂબ રોફથી પાછા અમેરિકામાં આવી જતા, જ્યાં તેઓ 'સુખી અને સ્થિર' જીવન ગાળતા. હવે તો તેઓ ડૉલર-દેશના નાગરિકો હતા ને!

ગ્રીન કાર્ડ મેળવતાં એકથી બે વર્ષ અચૂક લાગે તેમ હતું. જો કોઈ 'ગુમ' વ્યક્તિ તે દરમિયાન ગ્રીન કાર્ડ મેળવ્યા વિના પાછો ભારત જતો, તો તે ફરીથી અમેરિકામાં પ્રવેશ જ ન કરી શકે તેવો કાયદો હતો. આથી, 'ગુમ' થનારાઓએ અમેરિકામાં જ શેકાઈ રહેવું પડતું અને વહેલામોડા પેલું સોનેરી 'ગ્રીન કાર્ડ' મેળવવું પડતું.

આ બધા વિશે શ્યામ વારંવાર વિચાર કર્યા કરતો. જેમ જેમ એ વધુ વિચાર કરતો ગયો, તેમ તેમ તેને લાગ્યું કે તેને માટે પણ 'ગુમ' થવું એ જ સાચો રસ્તો હતો. આ અદ્ભુત દેશમાં, જ્યાં ધન અને તકો બેશુમાર મળે છે, ત્યાં જ રહેવું તેને હવે પસંદ પડતું હતું.

પોતાની માતાને તેણે આ બધું સમજાવતાં લખ્યું અને એ પણ જણાવ્યું કે જો તે એક વાર ભારત પાછો ફરશે તો ફરીથી અમેરિકા આવી જ શકશે નહિ. એટલે, તે હવે ત્યારે પાછો આવશે જ્યારે તેની પાસે પણ 'ગ્રીન કાર્ડ' હશે. આ દરમિયાન કુટુંબના કોઈ પણ સભ્યે તેના વિશેની કોઈ માહિતી કોઈને પણ આપવી નહિ. આ પત્ર નીલાબાને મળ્યો ત્યારે તો તેઓ ખૂબ જ ઉત્તેજિત થયાં. “હવે તો મારો દીકરો અમેરિકા રહેશે અને મને રૂપિયાની જેમ ડૉલરો મોકલશે. વળી એક ડૉલર એટલે ૪૫ રૂપિયા! હું મારાં બધાં સગાંઓને કહી શકીશ કે મારો દીકરો પણ અમેરિકામાં સ્થાયી થયો છે!”

તેણે નેબ્રાસ્કા, ઓમાહામાં સ્થિત એક કંપનીની જાહેરખબર વાંચી. આ ઓમાકા રાજ્યમાં વસ્તીનું પ્રમાણ ખૂબ નીચું હતું અને મોટા ભાગની જમીન સુંદર ગોચરોથી છવાયેલી હતી. આ કંપનીએ સફળ ઉમેદવારને ગ્રીન કાર્ડ અપાવવાની પણ તૈયારી બતાવી હતી.

આમ તો નેબ્રાસ્કા એવી કોઈ જગ્યા નહોતી જે બહુ લોકપ્રિય હોય કે બધાં ત્યાં જવા માગતાં હોય. ત્યાં શિયાળામાં હાડ થિજાવી દે તેવું માંઇનસ ૫૦^0 સે.નું તાપમાન થતું, જે ઘણાંને ત્યાંથી દૂર જ રાખતું હતું. ત્યાંની નોકરીમાં ઘણો વધુ સારો પગાર મળી શકતો છતાં લોકો ત્યાં જવા રાજી નહોતા થતા.

આ દૃષ્ટિએ આ નોકરી પણ યોગ્ય હતી અને 'ગુમ' થનાર માટે સંતાવાને માટે તે સ્થળ યોગ્ય હતું. તેણે કંપનીનો સંપર્ક સાધ્યો અને ઇન્ટરવ્યૂ આપવા પહોંચી ગયો.

તેને આ નોકરી મળી ગઈ.

કોઈને પણ એક શબ્દ કહ્યા વિના શ્યામે પોતાનો સામાન બાંધ્યો અને ગાડી વેચી નાખી. એ ઘરની બત્તીઓ તેણે ચાલુ રાખી જે તેને રહેવા માટે આપવામાં આવ્યું હતું, પછી

તે સીધો ‘અલોપ’ થઈ ગયો. જ્યારે એકાદ અઠવાડિયા બાદ ફ્લોરિડાના તેના ઉપરીએ તપાસ કરી, તો તેને શ્યામ પણ ‘ગુમ’ થઈ ગયો છે તે સમજાયું.

૮

જ્યારે બાપુનગરથી શાસ્ત્રીનગર જતી બસ આવી ત્યારે તેમાં ઘણી ભીડ થઈ ચૂકી હતી. મીનાક્ષી જરા ગભરાઈ ગઈ. જો આ બસમાં તે ચડી નહિ શકે, તો તે કદાચ શાળાએ એક કલાક મોડી જ પહોંચશે! અને પછી તેના નામ નીચે એક લાલ લીટો ખેંચવામાં આવશે જે તેના કામના અહેવાલમાં ઉમેરાશે.

આમ તો આ નોકરી કાયમી પણ નહોતી. અને જો આવું વખતોવખત થયા કરે તો તે પણ જતી રહે!

ખૂબ કોણીઓ મારીને, લોકોને આગળ પાછળ ખસેડીને છેવટે મીનાક્ષી બસમાં ચડી ગઈ. એક વિજેતાના અભિમાન સાથે તેણીએ પાસેના સ્ટીલના હાથા પર હાથ ગોઠવ્યો.

બસના કન્ડક્ટરે તેને પૂછ્યું, 'ક્યાં જવું છે?"

'શાસ્ત્રીનગર.'

તેણે પોતાની પર્સ ખોલી અને તેમાં તેને એક સોની નોટ મળી, જે તેને ગઈ કાલે જ ટ્યુશન ફી તરીકે મળી હતી. ફરીથી તેણે પર્સની અંદર હાથ નાખીને ફંફોસી જોયું, પણ કોઈ જાતનું પરચૂરણ તેને ન મળ્યું. કંડક્ટરે કહ્યું, "મારી પાસે તો પાંચ રૂપિયાનું પણ પરચૂરણ નથી, સોની તો વાત જ ન કરશો. ભલે, જવા દો, તમારા પતિ તમારી ટિકિટના પૈસા આપશે."

બૂઢા કંડક્ટરે તેનાં લગ્ન એક પૈસાનાય ખર્ચ વિના કરી આપ્યાં! મીનાક્ષી ઝડપથી પાછળ ફરી અને જોયું તો એક ઊંચો જુવાન ત્યાં ઊભો હતો. તેણે સ્મિત આપ્યું અને કંડક્ટરને પરચૂરણ પકડાવતાં કહ્યું, "શાસ્ત્રીનગર, બે ટિકિટ આપો."

"જોયું ને," કંડક્ટરે હસતાં હસતાં કહ્યું, "તેના વર પાસે તો છૂટા પૈસા હતા, છતાં મને એક સો રૂપિયાની નોટ બતાવીને તે મને તંગ કરતાં હતાં!"

આ વળી 'વર' કોણ હતો? એણે શા માટે તેના ટિકિટના પૈસા આપવા જોઈએ? તેણે ગુસ્સાથી કહ્યું, "એય મિસ્ટર, સાંભળો! જેવાં આપણે શાસ્ત્રીનગર પહોંચીશું, હું તમને તમારા પૈસા આપી દઈશ."

"કંઈ વાંધો નહિ." પેલો યુવાન બોલ્યો, "ચાલશે."

'તમારે માટે કોઈ વાંધો નહિ હોય, પણ મારે કોઈ પાસેથી મફતિયા મુસાફરી કરવાનો સહેજે ઇરાદો નથી, સમજ્યા!" તેણીએ કરડાકીથી કહ્યું. બસ શાસ્ત્રીનગર આવી પહોંચી.

તે બસમાંથી ઊતરી અને અહીંથી જ્યાં તે કામ કરતી હતી એ શાળાએ તો ચાલીને પહોંચાય તેવું હતું. દરરોજ આવી રીતે બાપુનગરમાં પોતાની માસીને ત્યાંથી અહીંની મુસાફરી કરતી હતી.

વલસાડના તે સુંદર દિવસો ક્યાંય જતા રહ્યા હતા, કેવળ તેની યાદ એક જાદુઈ દીવાની જેમ ઝળહળ્યા કરતી હતી. ભીમાકાકાનું હૃદયરોગના હુમલાથી અચાનક અવસાન થઈ ગયું. પરિવાર વેરવિખેર થઈ ગયો. વલસાડના ઘરમાં સીતાબા અને મીનાક્ષી બે જ રહ્યાં. પછી એવું નક્કી થયું કે સીતાબાએ હવે પોતાનાં સંતાનો સાથે રહેવું. કોઈ પણ સગું મીનાક્ષીના નિર્વાહ માટે તૈયાર થયું નહિ. આમ તો તેની ઉંમર હવે લગ્ન માટેની થઈ ચૂકી

હતી, પરંતુ લગ્ન માટે જોઈતું ધન એકઠું થઈ શક્યું નહોતું, તેથી કોઈ સગુંવહાલું આ વધારાનો બોજ ઉઠાવવા રાજી ન થયું. અચાનક જ મીનાક્ષી ફરી એક વાર અણગમતી અને અનાથ થઈ ગઈ - તેને ખબર ન પડી કે ક્યાં જવું, અને કોઈ તેની કાળજી કરે તેવું ન રહ્યું.

સદ્ભાગ્યે ઇન્દુમાસી અને તેમના પતિ રમણલાલે ઉદારદિલે તેમનો ટેકો જાહેર કર્યો. ઇન્દુમાસીએ સૂચન કર્યું, "અમદાવાદ મોટું શહેર છે. થોડા જ સમયમાં તને કોઈ નોકરી પણ જરૂર મળી જશે. એક વાર નોકરી મળી જાય, પછી તારું લગ્ન નક્કી કરવામાં પણ સરળતા પડશે. તારું વલસાડનું ઘર વેચી નાખીશું તો લગ્નનો ખર્ચ પણ નીકળી જશે. હમણાં તો તું ઘર બંધ કરી રાખ. જો તું ઉપરનો માળ ભાડે આપીશ તો ત્યાંના બગીચાના માળીનો પગાર પણ આવતો રહેશે."

મીનાક્ષી અતિ દુ:ખી થઈ ગઈ. તેણે કહ્યું, "માસી, ઘર વેચવાની તો વાત જ ન કરશો. પ્લીઝ મારી માને નાનાજી તરફથી આ ઘર ભેટ મળ્યું હતું, તમે જાણો છો. અને મને આ બગીચો અતિશય પ્રિય છે."

"મીનૂ બેટા, આ એક લાગણીશીલતા છે, ભાવુકતા જ છે." માસી આશ્વાસન આપતાં બોલ્યાં. "તને કોઈ એવો જો રાજકુમાર ન મળે જે કોઈ જાતના દહેજ વિના તને પરણવા તૈયાર થાય, તો ઘર વેચ્યા વિના છૂટકો છે?"

મીનાક્ષી બગીચાના ખૂણે ખૂણાથી પરિચિત હતી. દરેક સુગંધ અને લતાકુંજથી માહિતગાર હતી. તે સઘળાં તેનાં સ્વજનો જ હતાં જાણે!

પણ માસી સાચું જ કહેતાં હતાં.

બધાં છોડવા અને વૃક્ષોને પંપાળીને, રડતી આંખે મીનાક્ષીએ તેમની વિદાય લીધી. ભારે હૈયે તેણે અમદાવાદની ટ્રેન પકડી.

હવે તેની પાસે બી.એડ.ની પણ ડિગ્રી હતી, છતાં નોકરી કંઈ એકાએક તો ન જ મળે. તેથી તેણે ઘેર જ ટ્યુશનો લેવાનું શરૂ કર્યું. પછી તેને છેક દૂરના શાસ્ત્રીનગરમાં આવેલી એક શાળામાં નોકરી મળી.

યુવાન પણ તેની પાછળ જ બસમાંથી ઊતર્યો. તે તેની તરફ ફરી. "ઓહ, શ્રીમાન બે મિનિટ થોભો. હું થોડું પરચૂરણ લઈ આવું."

"મારું નામ ગિરીશ છે." તે બોલ્યો, "હું પેલે ઠેકાણે કેનેરા બૅન્કમાં કામ કરું છું. ક્લાર્ક છું."

"હા, પણ તમે સહેજ ઊભા રહો. હું સોના છૂટા લઈ આવું!"

ગિરીશને ખાતરી હતી કે સો રૂપિયાની નોટનું પરચૂરણ આ સમયે તેને નહિ મળે. પણ તેને જોવું હતું કે આ સ્વમાની છોકરી હવે શું કરે છે.

તે સાચો પડ્યો. થોડા જ વખતમાં મીનાક્ષી પાછી ફરી. "તમે કહ્યું તમે બૅન્કમાં કામ કરો છો, ખરું? તો આ નોટ તમે રાખો. હું પછી આવીને તમારી પાસેથી બાકીના પૈસા લઈ જઈશ."

ગિરીશ અચંબામાં પડ્યો. "તમારું નામ શું છે?"

"મારું નામ મીનાક્ષી દેસાઈ. પેલી ત્યાંની શાળામાં હું શિક્ષક છું. હવે મારે જવું જોઈએ. આમ પણ હું બહુ મોડી થઈ છું."

તેણે ગિરીશને નોટ પકડાવી, શિષ્ટાચારથી બે હાથ જોડીને નમસ્કાર કર્યા અને ઝડપથી ચાલી ગઈ. એને જતાં જોઈ રહેલો ગિરીશ હસી પડ્યો.

શાળાએ પહોંચી પછી મીનાક્ષીને વિચાર આવ્યો; જો આ પોતાને 'ગિરીશ' કહેતો

આદમી તેને છેતરી જશે તો? એક આખા મહિનાની મહેનતે તેણે મેળવેલી કમાણી તરીકેની એ સો રૂપિયાની નોટ હતી! પોતે કઈ રીતે આટલી આવેશમાં આવી ગઈ! પણ હવે તો શું થઈ શકે!

કંઈ નહિ. ભૂલ તો થઈ જ ગઈ. હવે તો તેનું પરિણામ જ ભોગવવું રહ્યું, બીજું શું?

સાંજે તે જરા ઉદ્વિગ્નચિતે બૅન્ક તરફ જવા લાગી. તેને પેલા માણસના નામની પણ ખાતરી નહોતી. ગિરીશ કહ્યું હતું કે રમેશ?

પણ ગિરીશ સામે જ હતો - બૅન્કની બહાર તેની વાટ જોતો ઊભો હતો. બહુ નરમાશથી તેણે કહ્યું, "જો તમે ન આવ્યાં હોત તો હું જ શાળાએ આવવાનો હતો અને તમને પૈસા પાછા આપી જાત."

તેને ખૂબ રાહતની લાગણી થઈ. "શું તમે શાળામાં કોઈને ઓળખો છો?"

તેણે સ્મિત કરતાં કહ્યું, "તમે ત્યાંના સંસ્કૃત શિક્ષક મનહરલાલને જાણો છો? હું તેમને બહુ સારી રીતે જાણું છું."

"ખરેખર? ક્યારથી વળી?"

"અરે, વર્ષોથી. જો હું આવી ન શક્યો હોત તો તેમની સાથે પણ મેં આ પૈસા તમને પાછા મોકલાવ્યા હોત. આ લ્યો, બાકીનું પરચૂરણ આ કવરમાં મૂક્યું છે."

"ઘણો આભાર", મીનાક્ષીએ કહ્યું અને કવર લઈ લીધું.

બસમાં બેસીને તેણે કવર ખોલ્યું તો જોયું કે ગિરીશે પૂરેપૂરા સો રૂપિયાનું પરચૂરણ મૂક્યું હતું - પેલી ટિકિટના પૈસા બાદ કર્યા નહોતા, જે તેણે બસમાં આપ્યા હતા.

એક રાત્રે શાકભાજી કાપતાં કાપતાં ઇન્દુમાસી બોલ્યાં, "આ રવિવારે મીનાક્ષી, ટ્યુશનમાં રજા રાખજે."

"કેમ માસી?"

"છોકરાના કુટુંબે કહેણ મોકલ્યું છે કે તેઓ આવીને આ રવિવારે તને જોવા ઇચ્છે છે. એ લોકો વલસાડના નથી. તેઓ અહીં અમદાવાદ જ રહે છે. તને શું લાગે છે આ બાબતમાં?"

તેમના પતિ રમણલાલે ટૂંકામાં જ મુદ્દો કહ્યો, "મહત્ત્વનું એ છે કે છોકરો સારો હોવો જોઈએ. પછી તે વલસાડમાં હોય કે અમદવાદમાં, શો ફેર પડે છે? વરની પસંદગીમાં વળી એટલું બધું ચિબાવલા બનવાનું કે ડોળ કરવાનું શું હોય ભલા?"

મીનાક્ષી જાણતી હતી કે તેઓ એમ જ ઇચ્છતા હતા કે તેનો વિવાહ જેટલો જલદી થાય તેટલું સારું. તરત જ તેણે કહ્યું, "માસા, તમારી વાત તો સાચી જ છે."

ઇન્દુમાસીએ વાત ચાલુ રાખતાં કહ્યું, "છોકરો એક બૅન્કમાં ક્લાર્ક છે. એ લોકો કંઈ બહુ ધનવાન નથી. મેં સાંભળ્યું છે કે તેમનો મોટો દીકસે અમેરિકા છે, પણ તે હજી બે વર્ષ પછી જ પાછો ફરી શકે તેમ છે. તેથી તેઓ હવે બીજા દીકરાનાં લગ્ન લેવા તૈયાર થયાં છે. તેમને એક દીકરી પણ છે. એ પરણી જાય પછી તેમને માથે કશો બોજ નહિ રહે. મને આશા છે કે તું કોઈ એન્જિનિયર કે મોટા ઑફિસરને પરણવા માટે જીદ નહિ કરે!"

"ના, માસી! મારી એવી કોઈ માગણીઓ નથી. આ કુટુંબ ધનવાન નથી, તો તેની પણ મને કોઈ ચિંતા નથી. જો જરૂર હશે તો હું મારી નોકરી ચાલુ રાખીશ. મને તો કેવળ સંતોષ જ જોઈએ છે." મીનાક્ષીની જે પોતાની આંતરિક ભાવના હતી તે જ તે વ્યક્ત કરી રહી હતી. એ ભાવના જેમાં તે પ્રામાણિકતાથી શ્રદ્ધા રાખતી હતી.

મીનાક્ષીને બસમાં જોયા પછી અને એ વાત જાણ્યા પછી કે તે પણ એ જ શાળામાં કામ કરી રહી હતી જ્યાં તેના પિતા હતા. ગિરીશને એકદમ જ પરણવાના કોડ

ઊપડ્યા હતા.

આમ તો નીલાબાએ કંઈ ગિરીશનાં લગ્ન માટે કદી વિચાર કર્યો જ નહોતો. પણ શ્યામનો પેલો પત્ર આવ્યો પછી પોતાનો વિચાર બદલવાની તેમને ફરજ પડી હતી. તેણે ચોખ્ખું લખ્યું હતું, “મને તો ગ્રીન કાર્ડ મળતાં બે વર્ષ લાગશે. તો એટલા સમયમાં તમે લોકો ગિરીશને કેમ ન પરણાવી દો?” આથી જ હવે નીલાબાએ ગિરીશ માટે માગાં સ્વીકારવા માંડ્યાં હતાં.

જોકે ગિરીશે આ વિચારને ગંભીરતાથી લીધેલો નહિ. પણ હવે મીનાક્ષીની મુલાકાત થઈ, ત્યારે તેણે પોતાના પિતાને લાગલું જ પૂછ્યું, “બાપુ, શું તમારી શાળામાં એક મીનાક્ષી નામની છોકરી કામ કરે છે?”

“હા, બહુ દેખાવડી છે. જાણે એક દેવી જ જોઈ લ્યો. બહુ સારી પણ છે, ખરેખર. આપણા જ ગોળની છે, પણ છે વલસાડની.”

મનહરલાલે કહ્યું નહિ પણ જાણી-સમજી તો ગયા કે કંઈક રંધાઈ રહ્યું હતું. થોડો વખત તેમણે પોતાની આંખો ને કાન ખુલ્લાં રાખ્યાં, અને થોડા દિવસો પછી જ્યારે ગિરીશ ઘેર નહોતો ત્યારે પત્નીને કહ્યું:

“નીલા, આજે મેં બન્ને જણાંને બસમાં વાતો કરતાં જોયાં. મીનાક્ષી ખરેખર સરસ છોકરી છે. હું તેને સારી રીતે ઓળખું છું. તેનાં માતાપિતા હવે આ દુનિયામાં નથી. પોતાનાં કોઈ સગાં સાથે તે અમદાવાદમાં રહે છે. આપણે વાત ચલાવીએ?”

“જો આપણે લગ્નનું કહેણ મોકલીએ, તો તેઓ એમ વિચારશે કે આપણામાં કોઈ ખામી છે.” લગ્ન લાયક કુંવારા છોકરાની અભિમાની માએ ઉત્તર આપ્યો, “તેમને જ માગું નાખવા દો ને! પછી આપણે જોઈશું શું થાય છે તે.”

પણ આમ તો તે ઋજુ હૃદયની જ સ્ત્રી હતી તેથી નીલાબાને વિચાર આવ્યો; તેના તરફથી માગું નાખશે કોણ?

પોતાની પત્નીને સારી પેઠે ઓળખતા મનહરલાલે તેના આ વિરોધને અવગણ્યો અને ઇન્દુમાસીને કહેણ મોકલી આપ્યું.

આ રીતે ‘છોકરી જોવા’નો કાર્યક્રમ ગોઠવાયો.

ગિરીશની ઇચ્છા ‘છોકરી જોવાની’ નહોતી. જતાં પહેલાં સુરભિએ તેને ચીડવ્યો, “ભાયા, હજી હમણાં સુધી તો આપણા ઘરમાં એક જ શિક્ષક હતા. હવે આપણે ત્યાં બબ્બે શિક્ષકો થશે!”

“છોકરી જોયા વિના હું તારી વાતે કેવી રીતે સંમત થાઉં?”

“મેં સાંભળ્યું છે કે તે છોકરી બાપુની શાળામાં જ કામ કરે છે.”

“ખરેખર! એનું નામ શું?”

“મીનાક્ષી દેસાઈ!”

ગિરીશ તો ખૂબ જ ખુશ થઈ ગયો. પહેલી જ મુલાકાતથી આ ખૂબસૂરત, સ્વમાની છોકરી માટે એક વિશેષ લાગણી તેને થઈ આવી હતી. પણ તેને ફરીથી કે વારંવાર મળવું સરળ તો નહોતું અને આમ તો હજી તેની સાથે અછડતી જ ઓળખાણ હતી ને!

“અરે, મીનાક્ષી, અહીં આવ તો! અને થોડો નાસ્તો લેતી આવજે.” આવી રીતે બોલાવાયેલી મીનાશ્રી નીચું માથું રાખતી બહાર આવી. “બેટા, અમારે માટે એક ભજન ગાઈશ?” મનહરલાલે મીઠા સ્વરે કહ્યું.

તેણે મોં ઊંચું કરીને ગિરીશ સામે જોયું. એક શરમાળ સ્મિત આવ્યું અને પછી એક ભક્તિભાવપૂર્ણ ભજન ગાવા લાગી.

નીલાબા અને સુરભિ બન્નેને મીનાક્ષી ખૂબ ગમી. રમણલાલે તો ખૂબ સ્પષ્ટતાથી મનહરલાલને કહ્યું, “સર, મીનાક્ષી પાસે વલસાડમાં એક ઘર છે, જે તેનાં લગ્ન માટે બાજુ પર મૂકી રખાયું છે. જો તમારો નિર્ણય અમને તુરંત જ જણાવશો, તો તેના વેચાણ માટે અમે કંઈક વ્યવસ્થા કરી શકીશું.”

ઇન્દુમાસીએ ઉમેર્યું, “મને નથી લાગતું કે મારે તમને જણાવવું પડશે કે મીનાક્ષી કેવી સારી છોકરી છે. તમે તો શાળામાં તેને દરરોજ જુઓ જ છો. તો બને તેટલું વહેલું તમે જણાવો તો તમારો ઘણો આભાર માનીશું.”

એક લગ્નલાયક કુંવારા છોકરાની માતાના અભિમાનમાં ઝબોળાઈને નીલાબાએ કહ્યું, “અમે તમને આ બાબત કાલે જ જણાવી દઈશું.”

૯

શ્યામ નેબ્રાસ્કા ઓમાહામાં વ્યવસ્થિત ગોઠવાઈ ગયો. તેણે ગ્રીન કાર્ડ માટે હવે અરજી પણ કરી દીધી. વકીલે તેને કહ્યું, "એ કહેવું તો મુશ્કેલ છે કે આ વિધિ પૂરી કરતાં કેટલો સમય લાગશે. કદાચ તરત પણ મળે, નહિ તો વર્ષો પણ લાગે!"

હવે તો લગભગ અઢી વર્ષ વીતી ગયાં, છતાં શ્યામ હજી ગ્રીન કાર્ડ મળવાની રાહ જ જોતો હતો. તેને પોતાનું કુટુંબ અને ભારત ખૂબ જ યાદ આવ્યા કરતાં.

તે એવા પણ કેટલાક લોકોને સારી રીતે જાણતો હતો જેમને ગ્રીન કાર્ડ મળી ગયાં હતાં. આ ગ્રીન કાર્ડ મળતાંની સાથે જ તેઓ પાછા ભારત ગયા. ત્યાં ત્રીસ દિવસમાં ત્રીસ કન્યાઓ જોઈ લીધી અને આ બધા સર્કસ પછી એક અઠવાડિયાની અંદર તેમાંની કોઈ એક કન્યા સાથે ઘડિયાં લગ્ન પણ કરી લીધાં. એટલું તો ખરું કે તેમણે આ કન્યાઓને રૂબરૂ મળવા જેટલો પ્રયત્ન તો કર્યો હતો. બાકી અહીં તો એવા પણ કોઈ કોઈ હતા જેમણે માત્ર કન્યાનો ફોટો કે વિડિયો જોઈને પણ લગ્ન કર્યાં હતાં!

અત્યાર સુધીમાં શ્યામનો અમેરિકાની જીવનશૈલી પ્રત્યેનો મોહ ઓસરવા લાગ્યો હતો. પહેલાં તેને જે કોઈ સગવડો ખૂબ જ અભિભૂત કરી દેતી હતી તે બધીને તે સામાન્ય ગણવા લાગ્યો હતો. હવે તેને એકલતા વધુ ને વધુ સતાવતી હતી. પરણવાની તેને હવે તાલાવેલી જાગી હતી. પહેલાં તો અમેરિકામાં કામ કરવાની બાબતે, ડૉલરમાં કમાવાની બાબતે અને ગ્રીન કાર્ડ મેળવવાની બાબતે જ તે ગૂંથાઈ ગયો હતો. બીજા કોઈ વિચારો માટે તેના મગજમાં કોઈ સ્થાન નહોતું. પણ હવે જ્યારે તેના આ દેશમાંના જીવનનો ક્રમ વ્યવસ્થિત થવા લાગ્યો, એક ધોરણ તેને મળી ગયું, તો હવે લગ્નનો વિચાર તેના મનમાં જો તાલાવેલી ઊભી કરે તો તેમાં કશી નવાઈ નહોતી.

તેને મીનાક્ષી યાદ આવી. તે તેને ખરેખર ગમી પણ હતી. જ્યારે તેની લગ્નની કોઈ યોજના નહોતી, ત્યારે મીનાક્ષીને તે ખરેખર તદ્દન ભૂલી જ ગયો હતો. આમ તો વલસાડમાં પણ તેણે પોતાના મનની વાત રજુ તો કરી જ નહોતી. તેને એમ પણ લાગ્યું હતું કે તેની લાગણીનો કદાચ પ્રતિભાવ ન મળે.

હવે તે મીનાક્ષીનો વિચાર કરવા લાગ્યો. તે અત્યારે શું કરતી હશે? શું તેનાં લગ્ન થઈ ગયાં હશે? કદાચ ન પણ થયાં હોય. તેના કુટુંબની આર્થિક સ્થિતિ જોતાં એ સભંવ તો જણાતું નહોતું. તો શું તે ક્યાંક નોકરી કરતી હશે?

એક રાત્રે તેને વિચાર આવ્યો કે તેણે પોતાની તેના પ્રત્યેની ભાવનાને એક પત્ર વડે રજુ કરવી જોઈએ. પણ પછી તેને પાછી ચિંતા થઈ. તે મારે માટે શું વિચારશે?

પણ પત્ર લખવામાં વળી શું નુકસાન થશે? છેવટે તેના આવેશનો તકેદારી ઉપર વિજય થયો અને તેણે લખ્યું:

પ્રિય મીનાક્ષી, મારો પત્ર જોઈને તને આશ્ચર્ય થશે, હું જાણું છું. પ્લીઝ મારી વાતને ખોટી રીતે લેતી નહિ. હું જે તને કહેવા ઇચ્છું છું તેના ઉપર વિચાર કરજે. છેલ્લાં અઢી વર્ષથી હું અમેરિકામાં છું. મને તું ખરેખર ખૂબ ગમે છે અને હું તારી સાથે લગ્ન કરવા ઉત્સુક છું. જો તું પણ મને પસંદ કરતી હોય અને મારી સાથે લગ્ન કરવામાં તને કશો વાંધો ન હોય, તો શું તું હજી થોડો વખત મારે ખાતર રાહ જોશે? હું તત્કાલ તો ભારત પાછો

ફરી શકું તેમ નથી કારણ કે હજી મને ગ્રીન કાર્ડ મળ્યું નથી, અને તેને માટે હજી થોડી સમય લાગી શકે છે. જો તું રાહ જોવા અને મારી સાથે લગ્ન કરવા રાજી હોય તો તરત જ મને ઉપરના સરનામે પત્ર લખીને જણાવજે. જો તું મારા પ્રસ્તાવને નકારી પણ દઈશ, તોપણ હું તને ખાતરી આપું છું કે સહેજે ગુસ્સો કરીશ નહિ. તને પસંદગી કરવાની સ્વતંત્રતા જ છે. તારે ત્યાંના બધાં વડીલોને મારા પ્રણામ કહેજે. એ જ, શ્યામ."

ઘણા બધા દિવસો વીતી ગયા પણ મીનાક્ષીનો કશો પ્રત્યુત્તર આવ્યો નહિ. શું કોઈ બીજાના હાથમાં તે પત્ર પડ્યો હશે જેણે તે વાંચી લીધો હશે? જો એમ થયું હોય, તો તો તેની પ્રતિષ્ઠાને જ ધક્કો વાગ્યો હોય! આ બધી બાબતોમાં પોતે અમેરિકા રહ્યા પછી જુદી દૃષ્ટિ રાખતો ભલે થયો હોય, પણ વલસાડમાં તો લોકોનો અભિગમ જુદો જ હોય ને! પોતાની મૂર્ખાઈ માટે તેને પોતાને જ શરમ આવી. નકામી કોઈ નિર્દોષ સ્ત્રીને માથે વગોવણી આવશે!

છેવટે એક દિવસ એક કાગળ આવ્યો ખરો. પણ એ તો એ જ કાગળ હતો જે તેણે મોકલ્યો હતો! તેના ઉપર ટપાલખાતાએ નોંધ લખી હતી કે "જે વ્યક્તિને માટે આ પત્ર હતો તે આ સરનામે રહેતી નથી."

પત્ર ફાડી નાખીને શ્યામે પોતાના દિલના સ્વપ્નને પણ ફાડી નાખ્યું.

નીલાબાએ મનહરલાલને ચોખ્ખું કહી દીધું, "જો ઘર અમદાવાદમાં હોત, તો જુદી વાત હતી. વલસાડમાં ઘર હોય તેનો આપણને શો ફાયદો? તેમાં આપણને શો લાભ? આપણા ઘરમાં આ પહેલું લગ્ન છે. ઘણા મિત્રો અને સગાંઓ આવશે. બધાં પૂછશે, છોકરીના પરિવારે દહેજમાં શું આપ્યું? આપણને મીનાક્ષી પાસેથી દહેજ નથી જોઈતું, પણ કંઈ નહિ તો નવવધૂ જેવાં ઘરેણાંથી તો તે શણગાયેલી જોઈએ ને. વળી, તેના પરિવારે પણ યોગ્ય રીતે લગ્નવિધિના સ્થળ તરીકે મોટો હૉલ પણ લેવો જોઈએ. બધાં મહેમાનોની પણ સારી સરભરા થવી જોઈએ અને રિસેપ્શન તો ભપકાદાર જોઈએ."

મનહરલાલે ઉત્તર આપતાં કહ્યું, "નીલુ, આ બધી બાબતોમાં આપણે કશી દખલ કરવી નથી. તે બધું તો ગિરીશ અને મીનાક્ષી જ નક્કી કરી લેશે. એક ભપકાદાર રીસેપ્શન અને લગ્નવિધિને માટે ઘર વેચવું પડે તે કેવું? સગાંઓ ખૂબ વખાણ કરે એટલા ખાતર? એમાં વળી શો લાભ છે, કહો તો! મને તો લાગે છે કે વધુ પડતા ખર્ચની કશી જ જરૂર નથી. અલબત્ત, આ તો મારો જ અભિપ્રાય છે."

ગિરીશે આ મુદ્દે મીનાક્ષી સાથે વાત કરવાનું ઠરાવ્યું.

"મીનાક્ષી, મારે તારી સાથે એક વાત કરવી છે. શું તું આજે શાળામાંથી રજા લઈ શકીશ?"

મીનાક્ષીએ હા પાડી.

પછી બન્ને પરિમલ ગાર્ડન પહોંચ્યાં.

સવારે તો તમને આવા જાહેર બગીચામાં છુપાઈને મળતાં પ્રેમપંખીડાં જોવામાં આવે, અથવા પછી કોઈ તદ્દન આળસુ માણસો ઝાડ નીચે એદી બનીને સૂતા નજરે ચડે!

ચંપાના ઝાડ નીચેની એક બેંચ ઉપર બેસીને બન્ને વાતે વળગ્યાં. મીનાક્ષીએ પૂછ્યું, "તમે મને શા માટે અહીં બોલાવી?"

"જો, આ તારું વલસાડનું ઘર છે ને! એક ભપકાદાર લગ્નને ખાતર તેને વેચવાના વિચારને હું સહેજે ટેકો આપતો નથી. મારે તને આ કહેવું હતું તેથી તને અહીં ખેંચી લાવ્યો. તને શું લાગે છે?"

મીનાક્ષી તો ખૂબ જ રાજી થઈ ગઈ. ગિરીશે આગળ ચલાવ્યું, "અને હા, મને

ખબર છે કે આજકાલ ઘર બાંધવું કેટલું અઘરું છે. અમારા ઘરમાંય કેટલી સંકડાશ છે? અગાશીમાં બે ઓરડા લેવા માટે છેલ્લાં પચીસ વર્ષથી મારાં માતા-પિતા વિચાર કરતાં હતાં, પણ હજી બાંધી શક્યાં નથી. હવે અમે એ કામ કરી શકીશું કારણ કે મારા મોટાભાઈ શ્યામ અમેરિકામાં છે અને અમને ડૉલરો મોકલે છે. છેવટે પહેલો માળ બંધાઈ રહ્યો છે, અને અત્યાર સુધીમાં બે લાખનો ખર્ચ તો થઈ પણ ગયો છે!!"

મીનાક્ષી સાંભળતી રહી.

ગિરીશ બોલ્યો, "જો મહેમાનો કહેશે કે લગ્નમાં લાડુ ખૂબ સારા હતા, દાળ બહુ ચટાકેદાર હતી અને પુલાવ પણ મસ્ત હતો, તો તેમાં આપણે શું? એક વાર ઘર વેચીએ તો તે કંઈ પાછું મળવાનું નથી, ખરું ને?"

ધીમેથી તેણે કહ્યું, 'હું પણ એમ જ વિચારતી હતી. મેં તમને કહ્યું નહિ, કારણ કે મને ભય હતો કે કદાચ તમને ખોટું લાગશે."

"મીનાક્ષી, આપણે આર્યસમાજ મંદિરમાં સાદાઈથી લગ્ન કરીશું. હું તારે માટે એક સાડી અને મંગળસૂત્ર લઈ આવીશ. લગ્નવિધિ બાદના ભોજનની પણ હું વ્યવસ્થા કરીશ. જો સગાંવહાલાંઓને આવવું હોય અને આશીર્વાદ આપવા હોય તો આ ભોજનમાં જોડાવા માટે તેમનું સ્વાગત છે."

તેણે કહ્યું, "મારી પાસે ઘરના ભાડાના અને મારા પગારની બચતના પણ એમ તો થોડા પૈસા છે. મારી પાસે કુલ્લે ૩૫૦૦ રૂપિયા છે. બે સોનાની બંગડીઓ મારી માએ મને આપી હતી તે પણ છે. મારો ખજાનો આટલો જ છે."

"એય, તારી પાસે તો વધુ સારો એક ખજાનો છે!"

"હેં?"

"આ તારો જે વર થવાનો છે તે સ્તો!"

શરમાઈને મીનાક્ષી બોલી, "મારા જેવું દુનિયામાં બીજું કોઈ ભાગ્યશાળી નહિ હોય."

થોડા દિવસ બાદ શ્યામને એક પત્ર મળ્યો.

"ગિરીશની સગાઈ થઈ છે. કન્યા જ્યાં તારા બાપુ કામ કરે છે એ જ શાળામાં ભણાવે છે. મારી ઇચ્છા છે કે આ લગ્નમાં તું હાજર રહે. તને અહીં આવવું ક્યારે ફાવશે તે જણાવે તો અમે એ રીતે લગ્નની તારીખ ગોઠવીએ. આમ તો, મોટા ભાઈ તરીકે ગિરીશથી પહેલાં તારાં લગ્ન થવાં જોઈએ, પણ તેં જ ઇચ્છા દર્શાવી એટલે એનાં લગ્ન પહેલાં લીધાં છે. આમ તો લગ્ન માટે આ મહિનો શુભ નથી, છતાં જેવો તારો જવાબ મળશે કે તરત બીજે મહિને લગ્ન લઈશું. તેં મોકલેલા પૈસાથી તારા બાપુ ઘરને માથે એક માળ ચણાવી રહ્યા છે. જો તેં આ મુજબની મદદ ન કરી હોત તો શું થાત, એ વિચારે જ ધ્રૂજું છું!"

પોતાની માનો પત્ર વાંચીને શ્યામ બહુ ખુશ થયો, જોકે કન્યા વિશે તેમણે વધુ વિગતો જણાવી નહોતી. ગિરીશ અને બાપુને તો કોઈ દિવસ પત્રો લખવાની ટેવ જ નહોતી. એક શાળામાં ભણાવતી કન્યા? કદાચ તો બાપુએ જ ગિરીશ માટે તેને પસંદ કરી હોય એમ હશે.

પણ તેને આ પત્રે વિચાર કરતો તો કરી મૂક્યો ખરો. જો એ પોતાના નાના ભાઈનાં લગ્નમાં હાજર રહેવા જાય, તો છેલ્લાં ત્રણ વર્ષમાં તેણે જે મહેનત કરી હતી તે સઘળી એળે જાય! જો તે એક વાર ભારત જાય, તો તેણે પછી ત્યાં જ રહેવું પડે. પેલા નાના મકાનમાં જીવવું પડે અને બાકીના પરિવારજનો સાથે બધું વહેંચવું પડે. વળી નોકરી પણ શોધવી પડે અને પગારો તો ઊંચા ન જ હોય. તેને બદલે, જો એ એકસો ડૉલર જ મોકલી

આપે, જે ૪૦૦૦ રૂપિયા જેટલા થાય, તો એ લોકો પણ પોતાની પસંદગીની ચીજ ખરીદી શકે.

૧૦

પોતાના નવા ઘરમાં મીનાક્ષી ઘણી સુખી હતી. તેના સસરા તેની જે કાળજી લેતા હતા તે જાણે કોઈ પિતા પોતાની દીકરીને લે તેવી જ હતી. અને ગિરીશ! તે તો તેને પોતાના વહાલમાં ભીંજવી દેતો હતો!

તેની સાસુએ પણ તેની સાથે કોઈ એવો વ્યવહાર ન કર્યો કે જેથી તેની કોઈ લાગણી દુભાય. પણ તેમના વર્તનમાં ઉષ્માનો અભાવ હતો ખરો. ઉપરાંત, સાસુજીના અભિગમમાં ફરજ અને શિસ્તનો આગ્રહ થોડો વધારે હોય તેમ જણાતું હતું.

સુરભિ તો હજી નાદાન જ હતી અને તોફાની પણ હતી. તે જીવનને ગંભીરતાથી લેતી જ નહોતી ને! તેને તો બસ ઘરેણાં, સાડીઓ, સિનેમા, સરસ ખાવાપીવાનું, આવી ચીજો જ જાણે તેની "સરસ જીવન"ની પરિભાષામાં સમાઈ જતી હતી. કૉલેજનું ભણતર તેણે પૂરું કર્યું હતું અને હવે ઘરે જ રહેતી હતી. ઘરકામમાં પણ તેની કશી રુચિ નહોતી. નીલાબાને મન પોતાની દીકરી એક રાજકુમારીથી ઓછી નહોતી, અને તેઓ સુરભિ એ રીતે જ જીવે તેવી તેમની કામના હતી. આનો અર્થ એ થતો કે નાનામાં નાનું કામ પણ તેને ચીંધવાનું નહિ. જો ગિરીશ કે મનહરલાલ આ નિયમનો સહેજે પણ વિરોધ કરતા, તો તરત જ નીલાબા તેનો બચાવ કરતાં: "એ આપણી સાથે કેટલા દિવસ હવે રહેવાની છે? જ્યાં સુધી અહીં છે, ત્યાં સુધી તો તેને સુખે રહેવા દો."

મીનાક્ષી સવારે પાંચ વાગ્યે ઊઠી જતી, પણ સુરભિનો સૂર્યોદય નવ વાગ્યા પછી જ થતો! બાકીના દિવસે પણ સુરભિ કાં તો ટી.વી.ની સામે બેઠેલી જોવા મળતી કાં તો અરીસાની સામે જોતી રહેતી.

ઘરમાં કંઈ વિપુલ ધનની નિશાનીઓ તો હતી નહિ, છતાં પણ મીનાક્ષીનું હૃદય સુખથી છલોછલ હતું. ખરેખર જ, જે સ્ત્રી પોતાના પતિનો વિશ્વાસ અને પ્રેમ મેળવી લે છે, અને તેના જીવનમાં સાચે જ ભાગીદાર બની શકે છે તે સ્ત્રી વિશ્વભરમાં સૌથી વધુ સુખી રહે છે. આ પરમ સુખની સ્થિતિ સામે ધન, દાગીના કે સત્તાની કશી વિસાત નથી હોતી.

તેને એક જ વાત થોડી ખટકતી. ગિરીશને સંગીતમાં સહેજે રસ નહોતો. પણ એક સારા પતિના બીજા બધા જ ગુણો તેનામાં હતા, તેથી મીનાક્ષીને કોઈ જાતની ફરિયાદ નહોતી. દરરોજ મનહરલાલ તેનું ગાન સાંભળતા અને કહેતા કે તેણે કોઈ સારા ગુરુ પાસે સંગીત શીખવા જવું જોઈએ. મીનાક્ષીને જાણ હતી કે હિન્દુસ્તાની સંગીતમાં સારા ગુરુ મળવા મુશ્કેલ હતા. છતાંય, તેને પોતાના આનંદ માટે ગાવાનું પણ ખૂબ જ ગમતું.

"લીલા તે વનમાં મસ્તીભરી કોયલ ટહુકે,
રાજાનો તાજ પણ તેની આગળ ઝૂકે રે"

તે પોતે જ જાણે પેલી કોયલ હતી, જંગલના છાના ખૂણે ગાઈને ખુશ હતી. અલબત્ત જંગલનો છાંયો તેના પતિનું ઘર જ હતું.

હવે શાળામાં તેની નિમણૂકને સરકારી સ્વીકૃતિ મળી ગઈ હતી, તેથી તેના પગારમાં વધારો થયો. તે લોકો સંપત્તિવાન નહોતાં, પણ તેમનું જીવન શાંતિ, આનંદ અને સંતોષથી

ભરપૂર હતું. મીનાક્ષીને એક સુંદર કવિતા યાદ આવતી:

"તું યે ગરીબ, ને હું યે ગરીબ ભલે;
જો પ્રેમ હોય આપણો જીવનરસ, વ્હાલા."

શાળામાં મીનાક્ષીની નજીકની સખી હતી શશીકલા. તે બન્નેને સાથે જ અહીં નોકરી મળી હતી, જોકે શશીની નિમણૂકને સરકારી સ્વીકૃતિ મળવાની હજી બાકી હતી. બન્ને જણીઓ પોતાનાં સુખદુ:ખની વાતો કરતાં રહેતાં.

તે દિવસે જ્યારે શશીકલા શાળાએ આવી ત્યારે તેનો ચહેરો ખીલી ઊઠેલો જણાયો. મીનાક્ષીએ પૂછી લીધું, "કેમ રે, શશી! શું વાત છે?"

"મીનૂ, હમણાં હું તને કહી શકું તેમ નથી. આપણે લંચટાઇમે સામેના 'પવિત્રા' રેસ્ટોરાંમાં જઈશું."

બપોરે બન્ને જણાં 'પવિત્રા'માં પહેલા માળે ચડી ગયાં અને મીનાક્ષીએ તરત જ કહ્યું, "શશી! અભિનંદન!"

"અરે, તને કેવી રીતે ખબર પડી!"

"તે તારા મોં ઉપરથી જ સ્તો. વળી કોણ છે છોકરો?"

આમ પણ શશી ઘણી રૂપાળી હતી અને આ સાંભળીને તો શરમની માર્યા તેના ગાલ પણ લાલ લાલ થઈ ગયા. તેનો ચહેરો એકદમ ગુલાબી અને સુંદર લાગવા માંડ્યો. તેણે કહ્યું, "એ તો મારા પિતાના મિત્રનો છોકરો છે. એનું નામ છે શંકર."

"તો હવે લગ્ન ક્યારે કરો છો?"

"કદાચ બે-ત્રણ મહિના પછી. આજે જ 'એ'ના પિતા અમને મળવા આવવાના છે, પણ તાત્કાલિક તો કોઈ શુભ મુહૂર્તો છે નહિ."

"કે પછી લગ્નની વાડી મળતી નથી, હેં?" મીનાક્ષી એને હેરાન કરવા કહેવા લાગી.

"મીનૂ, મારે આ નોકરી કદાચ છોડી દેવી પણ પડે."

"કેમ ભઈ? શંકર ક્યાં રહે છે? તે શું કામ કરે છે?"

શશીનો ચહેરો ફિક્કો પડી ગયો. ધીમેથી તે બોલી, "આજકાલ શંકર વડોદરા છે. એમ.એસસી.માં તેને ચોથી રેન્ક આવી હતી, પણ કોણ જાણે કોઈ સારી નોકરી મળતી નથી. હમણાં તો તે કોઈ કોચિંગ ક્લાસમાં ભણાવે છે."

"પણ તો પછી કાયમી નોકરી મળ્યા વિના તે લગ્ન માટે કેમ રાજી થયો?"

"આ લગ્નનો પ્રસ્તાવ ઘણા વખતથી આવ્યો હતો અને બહુ ચર્ચા પણ થઈ છે. મારી માએ તો એ લોકોને કહ્યું કે જો નોકરીની વાતે જ કંઈ પ્રશ્ન હોય તો તેમણે ચિંતા ન કરવી. છેવટે, મીનૂ, હું પણ તો લગ્ન પછી નોકરી કરી શકું અને તેને મદદ પણ કરી શકું એમ છું જ ને! નહિ તો પછી અમે અમારા પોતાના કોચિંગ ક્લાસીસ શરૂ કરીશું."

"તારી મા સાચું જ કહે છે." મીનાક્ષીએ કહ્યું. "આજે નહિ તો કાલે તેને પણ સારી નોકરી મળી જશે. લગ્નને શું કામ પાછું ઠેલવું જોઈએ? હં, તો હવે સગાઈનું ક્યારે નક્કી કરવાનું ઠર્યું છે?"

"પેલા લોકોના કુટુંબમાં તો સગાઈનો રિવાજ જ નથી. અમારે બસ સીધાં જ લગ્ન કરી નાખવાનાં! મીનૂ, મને ઘણી વાર બીક લાગે છે. હોં! લગ્ન પછી શું થશે? શું તને લાગે છે બધું સમુંસૂતરું રહેશે?"

"મને ખાતરી છે કે બધું સારું જ થશે. મારા પોતાના અનુભવથી કહું છું. તમારે ફક્ત ખૂબ મહેનત કરવાની તૈયારી રાખવી પડશે અને શ્રદ્ધા પણ રાખવી પડશે."

બન્ને ઊભાં થયાં ત્યારે શશીએ કહ્યું, “મારે બે મહિનાની નોટિસ પણ તો આપવી પડશે! હું મારું રાજીનામું આજે જ આપી દેવાની છું.”

શશીએ શાળા છોડી દીધી. આ અચાનક આવી પડેલી એકલતા સાથે મીનાક્ષી બાથ ભીડવા લાગી. છતાં, જો શશી સુખી થતી હોય તો બીજી કશી વાતનું મહત્ત્વ તેને મન વધુ નહોતું.

પોતાની વહાલી સખી માટે લગ્નની ભેટ શું આપવી તે વિશે મીનાક્ષી એક દિવસ વિચારી રહી હતી, ત્યાં શાળાનાં હેડ મિસ્ટ્રેસ તેની પાસે આવ્યાં.

“શું તું જાણે છે કે શશીનું લગ્ન કૅન્સલ થયું છે?” સુશીલાએ લાગલું જ પૂછ્યું.

“હેં? ના ભઈ, મને તો એની કશી જાણ જ નથી!” સ્તબ્ધ બનીને મીનાક્ષીએ કહ્યું.

“તમે બન્ને તો નજીકની સખીઓ છો, છતાં તને ખબર નથી! તે બહુ દુ:ખી થઈ ગઈ છે.”

મીનાક્ષીનું તો મગજ બહેર મારી ગયું. જે કંઈ વાત હવે સુશીલા કરી રહી હતી તે કશી તેના સાંભળવામાં આવી નહિ. તેના વિચારો વમળે ચડ્યા હતા: શું થયું હશે? શું કોઈ અકસ્માત? શું તેને કોઈ બીજો છોકરો પસંદ હશે? પણ આ તો એક લવ મેરેજ હતાં, ગોઠવેલાં નહિ! તો આમ તે તૂટી પડવાનું કારણ શું હોઈ શકે?

શાળા પૂરી થયા બાદ મીનાક્ષી સીધી જ શશીને ઘેર જઈ પહોંચી. દરવાજો શશીએ પોતે જ ઉઘાડ્યો અને તરત જ રડવા લાગી.

મીનાક્ષીએ ઘરમાં આસપાસ નજર નાખી. સ્પષ્ટ હતું કે લગ્નની તૈયારી પૂર જોશમાં થઈ રહી હતી. ઘરમાં રંગરોગાન ચાલતાં હતાં, સજાવટ થઈ રહી હતી. એક બાજુ અનાજના કોથળા મુકાઈ ગયા હતા.

શશીની માએ મીનાક્ષીને કહ્યું, “બેટા, આ છોકરીને જરા સમજાવજે કે આ વાતથી આટલી બધી દુ:ખી ન થાય. પેલા કુટુંબમાં જવાનું તેના નસીબમાં જ નહિ હોય, કોણ જાણે. અમારું પણ ભાગ્ય નહિ હોય કે આ લગ્ન કરાવી શકીએ. પણ આ વાતને હવે તેણે સ્વીકારી લેવી જોઈએ. આટલો બધો શોક શા માટે? બે દિવસથી તેણે ખાધું પણ નથી જાણે છે?”

“અહીં નહીં, ઉપર ચાલ.” શશીએ પોતાની સખીનો હાથ ખેંચતાં કહ્યું અને પોતાના ઓરડા ભણી દોરી ગઈ.

અહીં બારીમાંથી સરસ પવન આવી રહ્યો હતો અને શહેરનો દેખાવ પણ સુંદર જણાતો હતો. એક જાજમ પર બેસતાં મીનાક્ષીએ ધીમેથી પૂછ્યું, “શશી, શું શંકરને કંઈ થયું છે?”

એક જ ક્ષણમાં શશીના ચહેરા પરથી દુ:ખ અલોપ થઈ ગયું અને તેને બદલે ખૂબ જ ગુસ્સો દેખાયો.

“એને વળી શું થાય? એ દાનવ તો પત્થર જેવો મજબૂત છે. અમારા બધાનું તેણે અપમાન કર્યું; મારા કુટુંબનું અને મારું પણ. હું તને સાચું કહું છું. મીનાક્ષી, હું તો જિંદગીથી ખરેખર તંગ આવી ગઈ છું! મેં એવી વ્યક્તિને વળી પ્રેમ કર્યો જે વિશ્વાસ કરવાને પણ લાયક નથી!”

“આમ જો! તું આમ ગોળ ગોળ ના બોલ, અને મને કહે કે થયું છે શું? તારાં લગ્નને કેમ કૅન્સલ કર્યું?”

“તેણે પોતાની જાતને વેચી નાખી”, ખૂબ જ ક્રોધમાં આવીને શશી બોલી. “ઘણા ઇન્ડિયન લોકો અમેરિકામાં હવે વસવા લાગ્યા છે, જાણે છે ને! આવો એક માણસ ભારત

આવ્યો, પોતાની વીસ વર્ષની દીકરી માટે વરની શોધમાં. સાથે વળી દીકરીને પણ લઈ આવ્યો. તેણે પેપરોમાં જાહેરખબરો પણ છપાવી કે જે કોઈ વ્યક્તિ તેની દીકરી સાથે લગ્ન કરશે તેને તે સાથે અમેરિકા લઈ જશે."

"હં, એટલે શંકર તે છોકરીને જોવા ગયો?"

"એ એકલો નહિ! ઘણા બીજા છોકરાઓ પણ ગયા. જેમાં ડૉક્ટરો, ઇજનેરો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો પણ હતા. આમ તો શંકર કહે છે કે તેણે મસ્તીમાં જ એ જાહેરખબરનો જવાબ આપ્યો હતો, પણ છેવટે પેલી છોકરીએ એના ઉપર જ કળશ ઢોળ્યો!"

પણ આ તો જાણે નોકરી માટે ઇન્ટરવ્યૂ આપવા જેવું થયું!

"સાંભળ તો ખરી હજી ઘણું બાકી છે. શંકરે મને માફી. માગતો એક કાગળ લખ્યો છે. પોતાની આ દગાખોરી માટે તે શું તર્ક કરે છે, જાણે છે? તે લખે છે, 'મારી આખી જિંદગી જો હું પ્રયત્નો કરું તોપણ હું કદી અમેરિકા જવા પામીશ નહિ. મારા જેવા સામાન્ય માણસ માટે આ એક સોનેરી તક ગણાય. મને પ્લીઝ માફ કરી દઈશ ને?" એ માણસની હિંમત તો જુઓ!"

"તારે તો એને કોલરેથી પકડવો જોઈએ!"

"મેં જ્યારે આ કાગળ વાંચ્યો ત્યારે મને એટલી તો નફરત થઈ આવી! આટલાં બધાં વર્ષોની મિત્રતા એણે એક ઝાટકે વાઢી નાખી! એ પણ ગ્રીન કાર્ડ અને ડૉલર મળે એટલા માટે? છટ્!"

"તેનાં માતાપિતાએ વિરોધ ન કર્યો?"

"મારા બાપ જ તેમને ત્યાં ગયા અને સીધું જ પૂછ્યું કે શું આમ કરવું મારે અને મારા કુટુંબને માટે અન્યાય નથી? તો તેમણે કહ્યું, "શંકરને અમેરિકામાં ઊજળું ભાવિ મળશે. તો અમે કેવી રીતે વિરોધ કરીએ? જો તે અહીં રહેશે તો અમારી જેમ જ ગરીબાઈમાં જીવવું પડશે. આખી જિંદગી મજૂરી કરી છે તોપણ અમે અમારું પોતાનું ઘર બનાવી શક્યાં નથી. અમારી દીકરીનાં લગ્ન માટે લીધેલી લોન પણ હજી ચૂકવી શક્યા નથી. અમે જ તેથી તેને આ લગ્નનો પ્રસ્તાવ સ્વીકારવા કહ્યું છે!"

"તેં તો લગ્ન માટે તારી નોકરી પણ છોડી દીધી! હવે?"

"હા, અને તેનો રસ્તો પેલા શ્રીમાન તકવાદી શું બતાવે છે, ખબર છે? મારાં લગ્નની તૈયારીના ખર્ચનો અડધો ભાગ તે આપવા તૈયાર છે! અમેરિકા ગયા પછી તે આ ભાગ 'ડૉલર'ના રૂપમાં મોકલશે! જો તો ખરો!"

શશીને ખૂબ જ દુ:ખ થતું હતું. મીનાક્ષી પણ લાચારી અનુભવી રહી હતી.

૧૧

છેવટે પોતાનું સ્વપ્નું સાકાર થતું શ્યામને જણાયું. સ્વર્ગનાં દેદીપ્યમાન દ્વાર તેને માટે હવે ઊઘડતાં લાગ્યાં - તેને ગ્રીન કાર્ડ મળ્યું! હવે તેની જિંદગી બની ગઈ! એક શાળાના ગરીબ માસ્તરનો છોકરો, જેણે કદી પણ સમૃદ્ધિનાં સ્વપ્નો પણ નહોતાં જોયાં, તે એક મોટો હોદ્દેદાર બન્યો એટલું જ નહિ, અમેરિકાનો સત્તાવાર રહેવાસી પણ બન્યો હતો!

ઘેર પહોંચ્યો ત્યારે એક મોટું કવર તેણે પડેલું જોયું. તેમાં ખૂબ માહિતી હશે અને સુરભિએ કરેલી લાંબી માગણીની યાદી પણ હશે એવું તેણે ધાર્યું. એક કપ કૉફી બનાવીને તેણે નિરાંતે વાંચવા માટે કવર ખોલ્યું.

ગિરીશના પત્રની સાથે ઘણા ફોટોગ્રાફ પણ બીડેલા હતા. ગિરીશ લખતો હતો:

"પ્રિય મોટા ભાઈ, અમારાં લગ્નમાં તમે હાજર રહી શક્યા હોત તો ખૂબ જ આનંદ થાત. અમે ખૂબ સાદાઈથી જ લગ્ન કર્યાં છે, કારણ કે અમને બન્નેને આછકલાઈ કે ભપકો ગમતાં નથી. લગ્નના ફોટા આ પત્ર સાથે બીડું છું. મીનાક્ષી કહે છે કે તે તમને સારી રીતે ઓળખે છે. તેણે તમને પ્રણામ લખાવ્યા છે. એ જ તમારો ગિરીશ."

શ્યામે ફોટા જોયા. અરે! પેલી સોનેરી કંઠવાળી છોકરી! તે જ તેના નાના ભાઈની પત્ની બની હતી!

સ્વપ્નેય ન વિચારી હોય તેવી પરિસ્થિતિ નક્કર વાસ્તવિકતા બનીને તેની સામે ઊભી હતી!! વલસાડની મીનાક્ષી અને શાસ્ત્રીનગરની શાળાની શિક્ષિકા તે એક જ હતાં! એમ કેવી રીતે બન્યું?"

ગ્રીન કાર્ડનો જે આનંદ અને ઉત્સાહ વ્યાપ્યો હતો, તે બધો ઓગળી ગયો.

એક મિનિટ માટે તેણે વિચાર્યું, "જો ગ્રીન કાર્ડ માટે હું આટલો ઉતાવળો ન થયો હોત, તો પહેલાં જ પાછો ભારત પહોંચી ગયો હોત અને મીનાક્ષી સાથે લગ્ન પણ કરી શક્યો હોત.

આમ તો તેણે સાદાં જ વસ્ત્રો પહેર્યાં હતાં, છતાં તે ખૂબ સુંદર લાગતી હતી. તેના મોં પરનું સ્મિત પણ ખુશખુશાલ હતું. એક શાંતિપૂર્ણ સુખનું તેજ તેના મોં પર ચમકતું હતું.

મીનાક્ષી એવી સ્ત્રી હતી જેની કામના દરેક પુરુષ કરતો હોય. તેનો સરળ સ્વભાવ, વહાલભર્યું વર્તન, મીઠો કંઠ અને આત્માનું સૌંદર્ય તેને એક સંપૂર્ણ રીતે યોગ્ય પત્ની બનાવતાં હતાં. પોતાની ઉષ્માથી તે કોઈ પણ સાક્ષીનું પણ હૃદય જીતી લે તેવી હતી.

ખેર, હવે તેણે પોતાનાં માતાપિતાની ચિંતા નહિ કરવી પડે. દીકરી કરતાં પણ વધારે સારી રીતે મીનાક્ષી તેમની છેવટ સુધી કાળજી કરશે, પણ સાથે જ તેને ખૂબ જ ઈર્ષા થઈ આવી.

ગિરીશ તેના જેટલો દેખાવડો પુરુષ તો નહોતો. વળી તેની પાસે કોઈ સારી નોકરી પણ નહોતી. વ્યક્તિ તરીકે પણ તે કોઈ રસપ્રદ ગુણ કે બુદ્ધિ-ચાતુર્ય ધરાવતો નહોતો. છતાં, તેને કેટલી બધી સુંદર અને અદ્ભુત પત્ની મળી ગઈ? ગિરીશ તેનો ભાઈ હતો, તો શું થયું? પોતાના મનનું થોડુંઘણું સંતુલન પાછું મેળવતાં અને પોતાના વ્યક્તિત્વને ફરીથી પહેલાં જેવું બનાવતાં શ્યામને ચારેક દિવસ તો લાગી ગયા.

લગ્ન પહેલાં જ મીનાક્ષી તો જાણી ગયેલી કે ગિરીશના મોટા ભાઈ અમેરિકામાં છે.

પણ તે જે યુવાનને વલસાડમાં જાણતી હતી તેની સાથે તેનું નામ તે જોડી શકી નહોતી. લગ્ન પછી જ્યારે તેણે પોતાના ઘરમાં બધે જોયું, અને શ્યામનો ફોટો જોયો ત્યારે તે ખૂબ નવાઈ પામી.

જ્યારે શ્યામ તેના ઘરમાં ભાડે રહેતો હતો ત્યારે જ તે એક શિષ્ટ પરિવારમાંથી આવતો સારો છોકરો હતો એમ તે જાણતી તો હતી જ. તેનું ગાન પણ તે પસંદ કરતો હતો તે સ્પષ્ટ હતું, જોકે તે છૂટથી તેની પ્રસંશા કરતાં અચકાતો પણ હતો. છતાં, જ્યારે જ્યારે તે ગાતી હોય ત્યારે તે સાંભળવાનું પણ ચૂકતો નહી.

અને હવે તે જ છોકરો તેનો જેઠ બન્યો હતો, જેને તેણે ખૂબ માન અને આદર આપવાનાં હોય.

પણ આ વિના શ્યામ માટે તેને બીજા કોઈ પ્રકારની લાગણી તો નહોતી જ.

૧૨

ઘરમાં ઉત્તેજના હતી, ગણગણાટ ચાલુ થઈ ગયો હતો. શ્યામ હવે થોડા જ સમયમાં ભારત આવવાનો હતો. લગભગ સાડા ત્રણ વર્ષ પછી.

ઍરપૉર્ટ જવા ગિરીશ, સુરભિ અને નીલાબા તૈયાર થઈ ગયાં. મનહરલાલે ઘેર રહીને જ દીકરાની રાહ જોવું વધારે મુનાસિબ માન્યું. "છેક અમેરિકાથી લાંબી મજલ કાપીને એ આવ્યો છે." હસીને તેમણે દલીલ કરી, "તો ઘેર પણ આવશે જ ને વળી, શું કહો છો?"

નીલાબાનો ઉત્સાહ જોઈને મીનાક્ષીએ તેમને કહ્યું, "બા, તમે બધાં જ ઍરપૉર્ટ જાઓને? મને એટલું કહી દો કે એમને શું ખાવાનું ભાવે છે. તમે લોકો ઘેર આવશો ત્યાં સુધીમાં હું બધું તૈયાર કરી દઈશ."

નીલાબાએ કહ્યું, "શ્યામને કાળી દાળ, રીંગણાનું શાક, દહીંવડાં અને પુલાવ બહુ ભાવે છે."

પછી તેમણે તો વાળ ઓળ્યા, અંબોડો લીધો, મજાની સાડી પહેરી અને ઍરપૉર્ટ ઊપડી ગયાં. તેમના મનમાં વિચાર તો આવ્યો, "જો શ્યામને પણ મીનાક્ષી જેવી પત્ની મળી જાય તો બહુ સારું."

અલબત્ત, ઍરપૉર્ટ પર તેઓ અને તેમના પરિવારનાં સભ્યો જ નહોતાં આવ્યાં. આખી જગ્યા માતાઓ, પિતાઓ, ભાઈઓ, બહેનો, પત્નીઓ અને મિત્રોથી ખીચોખીચ ભરી હતી. પોતાને વતન પાછા ફરતા તેમના પ્રિય પાત્રનું સ્વાગત કરવા આ સહુ આવ્યાં હતાં.

જે ક્ષણે નીલાબાની નજરે તેમનો પ્રિય દીકરો દેખાયો, તે બીજું બધું જ ભૂલી ગયાં - ગરમી, પરસેવો, સમગ્ર દુનિયા. તેમના હ્રદયમાં ખૂબ આનંદ ઘૂઘવી રહ્યો, લાગણીવશ તેમની આંખો પણ ભરાઈ આવી.

શ્યામને નજીકથી જોતાં નીલાબાને લાગ્યું કે તેનું શરીર ભરાવદાર થયું છે, તેની ચામડીનો રંગ સહેજ ઊઘડ્યો છે અને તે ઘણો વધારે દેખાવડો બની ગયો છે.

ઘેર પહોંચતાં જ શ્યામ તેના બાપુનાં ચરણસ્પર્શ માટે દોડ્યો. જ્યારે બારણા પાસે ઊભેલી મીનાક્ષી ઉપર તેની નજર પડી ત્યારે તેણે ધીમેથી પૂછ્યું, "તમે કેમ છો? તમને હું યાદ છું, ખરું ને?"

"હું ખૂબ મજામાં છું. અને તમે? તમારો પ્રવાસ કેવો રહ્યો?"

"તમારી ભાષા અને જીવનશૈલી તદ્દન બદલાઈ ગયાં લાગે છે!" તેણે ખૂબ આશ્ચર્યથી કહ્યું.

"તમે એમ જ કહેવા માગો છો ને, કે હું હવે તમારા પરિવારની જ એક સભ્ય છું? અમદાવાદની બોલી, જો તમને યાદ હોય તો તમારી જ પાસેથી વલસાડમાં શીખી હતી, ખરું?"

"શું થઈ શક્યું હોત." અંગે શ્યામ બેચાર ક્ષણ માટે વિચારવા લાગ્યો. પણ તેણે પોતાના મન પર કાબૂ તરત જ મેળવી લીધો. પહેલાં કરતાં પણ મીનાક્ષી હવે વધુ સુંદર લાગતી હતી. વલસાડમાં જોઈ હતી તે મસ્તી અને મુગ્ધતા હવે તો તેની આંખમાં ન હતી,

પણ તેનું સ્થાન એક પૂર્ણ ખીલેલા ગુલાબ જેવી નજાકત અને પરિપક્વતાએ લીધું હતું. જ્યારે તેનો પરિચય થયો હતો, ત્યારે શાંતિ અને સુખની લાગણીઓ તેના આત્મામાં જણાતી ન હતી. અહીં તેની પાસે બધું જ હતું, અને તે વાત તેના તેજસ્વી ચહેરામાં પ્રતિબિંબિત થતી હતી.

એવું કશું બાકી ન હતું જે શ્યામ અમેરિકાથી લાવ્યો ન હોય. શેમ્પૂ સાબુઓ, રસોડાની ચીજો, ડીનર સેટો, કેસર, કાજુ બ્લેક કરંટ, અખરોટ, કૅમેરા, વી.સી.આર., સાડીઓ.

નીલાબાના આનંદની જેમ આ વસ્તુઓની યાદી પણ અનંત હતી. ગરીબાઈના કઠિન દિવસો જે સ્ત્રીએ પસાર કર્યા હોય, તે હવે એક વિપુલ સમૃદ્ધિના દરિયામાં તરતી હતી.

"બા, આ સાડી તમારે માટે, આ સુરભિ માટે અને આ મીનાક્ષી માટે. બાકીની ચીજો તમને જેમ ઠીક લાગે તેમ વહેંચી દેજો. મને તો એટલી બધી ઊંઘ આવે છે. હું સૂવા ચાલ્યો." આમ કહીને શ્યામ ઊઠ્યો અને તેની માતાને ખૂબ બધી વસ્તુઓની વચ્ચે ગોઠવીને પોતાના ઓરડામાં જતો રહ્યો. અલબત્ત, માતાને સહેજે મન નહોતું કે આ ચીજો તે બધાંને 'વહેંચે', ભલે ને શ્યામે એવું સૂચન કર્યું હોય.

તેમના સ્વભાવમાં જ એ નહોતું કે ચીજો વહેંચવી. તેમના વિચારમાં જેટલી ચીજો વધુ એટલું સારું, અને હવે તો એમ જ થવાનું.

શ્યામના આગમન પછી નીલાબાએ એકવાર પણ રસોડામાં પગ ન મૂક્યો. મીનાક્ષીને આ વાતનો કશો વાંધો નહોતો. તે જાણતી હતી કે આટલાં બધાં વર્ષો પછી દીકરાને મળવાથી મા કેટલી ઘેલી થઈ જાય. તેણે વિચાર્યું કે હવે તો શ્યામની સાથે જ નીલાબા શક્ય તેટલી કીમતી ક્ષણો માટે રહેવા ઇચ્છે તે સાવ સ્વાભાવિક જ તો છે. તેથી મીનાક્ષીએ રસોડાની સઘળી જવાબદારી પોતાને માથે લઈ લીધી અને દરેક ટંકના ભોજનની વ્યવસ્થા કરવા લાગી. વળી સંખ્યાબંધ મહેમાનો શ્યામને મળવા આવતાં. તેમને ચા-કૉફી અને નાસ્તા આપવાનું કામ પણ તે જ કરતી. હકીકતમાં, એણે શાળામાંથી એક અઠવાડિયાની રજા લીધી હતી, જેથી આ ધમાલમાં પણ ઘરનું કામકાજ સરળતાથી ચલાવી શકાય.

પણ સુરભિ! પોતાના હાથનો ઉપયોગ કરીને તે કદી કશું કામ કરતી જ નહિ. કાં તો તે અરીસાની સામે બેસીને કલાકો સુધી નવાં અમેરિકન પફ-પાવડરને ભાવવિભોર બની જોયા કરતી, અથવા તો જ્યારે શ્યામ બહાર જાય તો તેની સાથે થઈ જતી.

આમ તો શ્યામ કેવળ ત્રણ અઠવાડિયાં માટે જ આવ્યો હતો. અને એટલામાં જ તેને કેટલાં બધાં આમંત્રણો મળી ગયાં હતાં! આમાંના મોટા ભાગનાં આમંત્રણો અલબત્ત એવા પિતાઓ તરફથી હતાં, જેમની દીકરી લગ્નલાયક વયની હતી. અને આ પણ સમજી શકાય તેવી વાત હતી. અમેરિકાનો રહેવાસી હોય તેવો કુંવારો છોકરો પોતાની કુંવારી દીકરી માટે તેઓ જો તેને એક 'પ્રાઇઝ કેચ', ખૂબ સારો મુરતિયો ગણે તો તેમાં શી નવાઈ?

આમ આ સમયમાં શ્યામ ખૂબ જ વ્યવહારમાં ગૂંથાયેલો રહ્યો. તેની કૉલેજના મિત્રો, ક્રિકેટ ક્લબના મિત્રો, 'ઈસરો'માંના તેના સાથીઓ વગેરેને તે મળવા પણ ગયો, સિવાય કે 'ઈસરો'ના તેના ઉપરી અધિકારીને તેમને મળવા જવા જેટલી નૈતિક હિંમત તે કેમે કરીને એકઠી ન કરી શક્યો. તો દલીલ કરી શક્યો હોત કે તેણે જે કર્યું તે યોગ્ય હતું, પણ તેમ છતાં આ મુદ્દો તેના પોતાના મનમાં એક કાંટાની જેમ ખૂંચતો તો હતો જ. એક

આખા વર્ષના પ્રશિક્ષણની બધી ગોઠવણ 'ઈસરો'એ તેને કરી આપી હતી. તેણે એનો લાભ લીધો અને પછી છટકી ગયો. શું આ કોઈ નીચ વિશ્વાસઘાત નહોતો? અને છતાં તે એક ગરીબ દેશમાંથી આવતો હતો, ત્યારે એની પાસે શું અન્ય કોઈ વિકલ્પ હતો ખરો? પોતાના વર્તનને તેણે એ દલીલથી સમર્થન આપ્યું કે 'અલોપ' થઈ જનારામાં તે સર્વપ્રથમ નહોતો, તેની પહેલાં પણ સેંકડો લોકો છૂટા થઈ ચૂક્યા હતા.

આ દરમિયાન, નીલાબાએ બધી છોકરીઓની યાદીમાંથી ચારની પસંદગી કરી હતી જેમાંથી તેમના દીકરાએ પોતાની પસંદગી કરી લેવાની હતી. આ સમય આવે ત્યાં સુંધીમાં શ્યામ શારીરિક અને માનસિક રીતે પણ એટલો તો થાકી ગયો હતો કે વાત નહિ. ત્રણ વરસ ભારતથી બહાર રહ્યા બાદ હવે તો ઘરની બહારનો ખોરાક અને પાણી સુધ્ધાં, તેનું પેટ બગાડી મૂક્તાં હતાં. પરિણામે તેને શરીરના એ અંગમાં પણ દુ:ખાવો રહ્યા કરતો.

આવા સંયોગોમાં વળી તેણે પવિત્ર લગ્નસંબંધ માટે સાચી કન્યા પસંદ કરવાની હતી. સારા સમયે પણ આ એક કામ એવું હતું જેમાં ઘણાં જોખમો પાયેલાં રહેતાં. અને આ તો કંઈ સારા સંયોગોનો પણ સમય ન હતો.

તેનો કૉલેજનો મિત્ર રવિચંદ્ર ડૉક્ટર બન્યો હતો અને શાસ્ત્રીનગરમાં જ તેનું દવાખાનું પણ હતું. પેટના દર્દ માટે તેની પાસે જઈ આવવું અને એ બહાને જુના મિત્રને મળવાનું પણ થશે એ વિચારે શ્યામ ત્યાં પહોંચ્યો. રવિ પણ તેને જોઈને ખુશ થયો.

તેના પેટની તપાસ કરતાં કરતાં રવિએ પૂછ્યું, "કેમ ભાઈ! કેવું લાગ્યું અમેરિકા?"

"અમેરિકા સારું તો છે, પણ મારા પેટને માટે એમ ન કહી શકાય. શું તું તેને ઠેકાણે પાડી દેશે?"

"છોકરીઓ જોવાને બહાને ટનબંધ મીઠાઈઓ ઉડાવી છે કે શું?" રવિ હસ્યો, "બહારનું પાણી હવે પીતો નહિ. માત્ર મિનરલ વૉટર જ પીજે. અને હા, લે, આ ગોળીઓ લઈ લેજે."

"તારી ફી કેટલી છે?"

"જવા દેને, યાર! તારા જેવા 'ડૉલર ડ્યુડ' પાસેથી શું હું 'રૂપિયા' લઈશ?"

"ના, તારે ફી તો લેવી જ પડશે. મને આ પસંદ નથી. અમેરિકામાં હું એક વાત શીખ્યો છું - કોઈની પાસેથી મફ્તમાં કોઈ સેવા લેવી નહિ."

એક મિનિટ ચૂપ રહીને રવિએ ખભા ઉલાળતાં કહ્યું, "ઓ.કે. તું કહે જ છે તો મારી ફી એક સો રૂપિયા."

શ્યામે એક સોની નોટ તેના હાથમાં મૂકી. "ભલે ત્યારે. હવે હું નીકળું. પાછા હવે ક્યારે મળીશું?"

"તારા લગ્નપ્રસંગે", રવિએ તરત જ કહ્યું. "અને જો તે રવિવારે હોય તો જ. સાચું કહું છું, મને નવાઈ લાગે છે કે શા માટે મારે આટલી મહેનત કરવી પડે છે. હું ઈજનેર બન્યો હોત તો વધારે સારું થાત. અમેરિકા વસવાટ તો કરી શક્ત. કેટલા આરામમાં ત્યાં હોત. અહીંના આ સર્કસથી તો હવે વાજ આવી ગયો છું."

શ્યામ બહાર આવતાં મલકાતો હતો. તેની નોકરી અને અમેરિકાનો વસવાટ - આ બન્ને બાબતો એવી હતી જે ભલભલાને ઈર્ષા જગાડતી હતી.

કૃષ્ણકાન્ત એક સરાફ હતા અને ધનવાન પણ હતા. એક કે બે નહિ, તેમની પાસે ત્રણ તો મોટરો હતી. એક દીકરો હતો અને એક દીકરી હતી. એ દીકરી માટે યોગ્ય મુરતિયો શોધી રહ્યા હતા. શ્યામ ભારત આવ્યો તે અગાઉ જ તેમણે નીલાબાને પોતાને ઘેર આવવાનું આમંત્રણ આપ્યું પણ હતું.

નીલાબાએ સાંભળ્યું હતું કે કૃષ્ણકાન્ત ખૂબ જ ધનવાન હતા, પણ કેટલા ધનવાન હતા તે તો જ્યારે તેમના ઘરની મુલાકાત તેમણે લીધી ત્યારે જ તેમને ખબર પડી શકી. શું વિશ્વભરમાં કૃષ્ણકાન્તથી વધારે ધનવાન કોઈ હશે? તેમણે ખૂબ આદરપૂર્વક અને નિષ્ઠાથી વિચાર્યું.

ઘરમાં તેમની પાસે ચાંદીનાં વાસણો વપરાતાં હતાં. નાનકડું ઘરમંદિર, જેમાં ઘરના દેવો બિરાજમાન હતા, તે પણ ચાંદીનું બનેલું હતું અને તેની કિનારીઓ પર સોનેરી પટ્ટીઓ ચોડી હતી. દેવી લક્ષ્મીના જેના પર ચાર હાથ હતા તેવા આ ઘરની એકની એક દીકરી હતી અનિતા.

સાદા શબ્દોમાં કહીએ તો તે ખાસ દેખાવડી નહોતી, પણ તેનું વર્તન કૂણું અને શિષ્ટ તો જણાયું.

વધુ મહત્ત્વની વાત એ હતી કે તેનું શરીર અનેક પ્રકારના અને જાતજાતની કિંમતના દાગીનાઓથી લચી પડ્યું હતું. તેના હાથમાં સોળ-સોળ તો સોનાની બંગડીઓ હતી. એટલું ઓછું હોય તેમ તેમાં વચ્ચે વચ્ચે હીરાની પણ બંગડીઓ હતી! ઘણી બધી ચેઈનના ભારથી તેનું ગળું નમી પડ્યું હતું. ખૂબ જ મોંઘી કાંજીવરમ્‌ની રેશમી સાડી અને ઝળહળતી મોટીબધી સોનેરી કોરથી ચિત્ર સંપૂર્ણ થતું હતું.

ખૂબ જ યોગ્ય રીતે અંજાઈ ગયેલાં નીલાબા અને સુરભિએ વિચાર્યું, 'જો શ્યામ આ કન્યા પસંદ કરે તો બહુ સારું.'

કૃષ્ણકાન્ત નવસારીમાં ચીકુ વગેરેની મોટી વાડી ધરાવતા હતા. નીલાબા, મનહરલાલ અને સુરભિને પણ તેણે તે વાડીએ પધારવા આમંત્રણ આપ્યું.

મનહરલાલે તો સીધી ના જ પાડી દીધી, "નીલા, કશું ગોઠવાય નહિ તે પહેલાં મારે નથી જવું. વળી, મારા મનમાં કોઈ આશા કે નિશ્ચિત કામ કરી લેવાની ભાવના સાથે મને આમ ક્યાંય જવું ગમતું નથી. તમારે બન્નેને જે કરવું હોય તે કરો, પણ હું તો ત્યાં ચોક્કસ નથી આવવાનો."

"કેટલા જૂના વિચારના છો તમે!" નીલાબા બડબડ્યાં. "તેમણે આપણને આમંત્રણ આપ્યું છે, અને જો જઈશું નહિ તો આપણને તેઓ કેટલા બધા અભિમાની ગણશે? હું મારી સાથે સુરભિને લઈ જઈશ."

આમ તે બન્ને નવસારી ગયાં, બે દિવસ રહ્યાં અને તેમને મળેલી આગતાસ્વાગતાથી સંપૂર્ણ રીતે ખુશ થતાં રહ્યાં. પાછા ફરતાં વળી તેમને બન્નેને એક-એક સુંદર રેશમી સાડીની ભેટ પણ મળી.

પાછાં ફરીને નીલાબાએ જાહેર કર્યું, "આ બે જ દિવસમાં સુરભિ અને અનિતા તો જાણે બહેનો જ બની ગઈ છે!"

પણ આ બધું ઇતિહાસ બની ચૂક્યું હતું. વાસ્તવિક પરિણામ એ હતું કે શ્યામની પસંદગી માટે તૈયાર કરેલી ચાર કન્યાની યાદીમાં અનિતાનું નામ મોખરે મુકાયું. નીલાબાને તો તે જ કન્યા પસંદ પડી ચૂકી હતી. તેમણે શ્યામને કહ્યું, "તું સુરભિની સાથે ત્યાં જા અને કન્યા જોઈ લે. અમે તો તેમનું ઘર, વર્તણૂક અને રીતરસમ બધું જાણી લીધું છે. મને લાગે છે કે દરેક દૃષ્ટિએ આ પ્રસ્તાવ બહુ સારો છે. તે લોકો નરમ અને સારાં માણસો છે, અને આટલા બધા ધનના માલિક હોવા છતાં તેનું જરા સરખુંયે અભિમાન નથી."

"બા, મને રિક્ષા માટે સો રૂપિયાનું પરચૂરણ જોઈશે." શ્યામે કહ્યું.

ઓરડામાં ગિરીશ હાજર હતો. તેણે હસીને કહ્યું, "મોટાભાઈ, અમદાવાદ હજી એટલું ખરાબ નથી. કૃષ્ણકાન્તનું ઘર વિજયનગર જ છે; ત્યાં પહોંચવામાં એટલા બધા

રૂપિયાની જરૂર નહિ પડે."

"હા, હું પણ એ સમજું છું." શ્યામે કહ્યું, "પણ આજે હું મારા મિત્ર ડૉક્ટર રવિચંદ્ર પાસે ગયો હતો. તેણે મને પેટને માટે કેટલીક ગોળીઓ આપી. અને ખબર છે, સો રૂપિયા ફી. લીધી!"

"ખરેખર? ગઈ કાલે જ હું પણ તેમની પાસે ગયો હતો. મારું માથું બહુ દુ:ખતું હતું, પણ મારી પાસે તેમણે ફીના ચાલીસ રૂપિયા જ લીધા!"

શ્યામ સ્તબ્ધ બની ગયો. રવિએ તેની પાસે આટલા બધા રૂપિયાની ફી કેમ વસૂલી? સામાન્ય કરતાં બમણાથીય વધારે? એટલા માટે જ ને કે હું હવે અમેરિકા રહું છું? રવિને લાગ્યું હશે કે હવે તો શ્યામ ડૉલરમાં કમાય છે, તો દાક્તરી તપાસના બદલામાં દીઢ-બે ડૉલર જેટલી જ ફી લેવામાં શું વાંધો? અમેરિકાનાં ધોરણોની તુલનામાં એ તો કંઈ જ ન કહેવાય!

શ્યામને આ બનાવે ઊંડી વિચાર કરતો કરી મૂક્યો.

શ્યામને લેવા કૃષ્ણકાન્તે પોતાની કાર મોકલી.

ઝળહળતી ટ્યુબલાઈટ સાથે અનિતાના હીરાના કાપ જાણે હરીફાઈ કરી રહ્યા હતા. પણ મીનાક્ષીના આંતરિક ઝળહળાટ પાસે આ ઝળહળાટની કોઈ વિસાત નહોતી.

કૃષ્ણકાન્ત અને પાર્વતીબહેન તેની સામે બેઠાં હતાં અને પોતાની દીકરી વિશેના તેના નિર્ણય અંગે રાહ જોઈ રહ્યાં હતાં.

એ તો ચોક્કસ લાગતું હતું કે અનિતા કોઈ સામાન્ય છોકરી નહોતી. તેણે બી.એસસી.ની ડિગ્રી લીધી હતી અને સિતાર પણ શીખી હતી. તેને ભરતકામ, ઈકેબાના, બાટીક અને એવી વિવિધ હસ્તકલાઓ પણ આવડતી હતી. ઈન્ટિરિયર ડેકોરેશન વિશે પણ તે જાણતી હતી. આમ એક પછી એક વિધાનો થતાં ગયાં. પણ થોડા જ સમયમાં શ્યામ કંટાળ્યો અને કૃષ્ણકાન્તને તેણે સીધું જ પૂછ્યું, "જુઓ મારે તમારી દીકરી સાથે એકાન્તમાં વાત કરવી છે. શું તેમાં તમને કોઈ વાંધો છે?"

તરત જ કૃષ્ણકાન્તે આ વાત સ્વીકારી લીધી, અને જલદી જ અનિતા અને શ્યામને એકલાં મૂકી દેવામાં આવ્યાં.

તેણે કહ્યું, "હું જાણતો નથી કે મારા પરિવાર વિશે તમે કશું જાણો છો કે નહિ. પણ હું તમને મહત્ત્વની વાતોથી વાકેફ કરવા માગું છું. પહેલું, મારી બહેનનાં લગ્નની જવાબદારી મારા ઉપર છે. બીજું, અમે ધનવાન નથી. આ બાબતોમાં સ્પષ્ટ રહેવું સારું, એમ હું માનું છું."

તેણે પૂછ્યું, "તમે અમેરિકા રહેવા માગો છો, કે પછી તમે પાછા આવવાનું ગોઠવવા ઇચ્છો છો?"

"વેલ, મારે અમેરિકા રહેવું છે. પણ તમારે એ જાણી લેવું જોઈએ કે અમેરિકામાં જીવન એકલવાયું હોય છે. અમદાવાદની જેમ તમે ધારો ત્યારે મિત્રોને મળી શકો તેમ નથી થઈ શકતું."

"મિત્રો બનાવવાનું આવડતું હોય તો તમે ગમે ત્યાં મિત્રો બનાવી શકો." અનિતાએ જવાબ આપ્યો.

"બીજી એક વાત. તમે અહીં એક જ દીકરી છો. માતા-પિતાને મળવા દર વર્ષે તમારે જો ભારત આવવું હોય તો તે વાત મને પોષાય તેમ નથી."

"મને નથી લાગતું કે મારે દર વર્ષે અમદાવાદ આવવું જરૂરી છે. દૂર દૂર જેનાં લગ્ન થયાં હોય - દિલ્હી કે કલકત્તામાં પણ - તે બધી છોકરીઓ પણ બે-ત્રણ વર્ષે કદાચ

આવતી હોતી નથી. ખેર, જો મારાં માતાપિતા મને વધુ વખત કે વારંવાર મળવા ઇચ્છે તો તેઓ પોતે જ ખર્ચ કરીને અમેરિકા આવી શકે છે."

એમ લાગ્યું કે અનિતા શ્યામ સાથે ગોઠવાવા બધી રીતે તૈયાર હતી. નીલાબાએ તો તેને વિશે લીલી ઝંડી ક્યારની ફરકાવી દીધી હતી. થોડા વિચાર પછી શ્યામે નિર્ણય લઈ લીધો - અનિતા તેની પત્ની બનશે.

૧૩

બીજે જ અઠવાડિયે લગ્ન લેવાનું નક્કી થયું.

નવા ઉત્સાહથી ઘર ગુંજવા લાગ્યું. લગ્ન સુધી તૈયારીઓ વગેરેની દોડધામ કરવામાં વધુ સરળતા રહે તે માટે શ્યામે એક ખાનગી ટેક્સી જ રાખી લીધી. લગ્નના ખર્ચ માટે તેણે માતાને એક લાખ રૂપિયા આપ્યા. પોતાના અઠ્ઠાવન વર્ષની જિંદગીમાં આટલા બધા રૂપિયા એક સાથે જેણે કદી નહોતા જોયા તેવાં નીલાબા તો ખુશખુશાલ થઈ ઊઠ્યાં.

દીકરાને તેમણે કહ્યું, "બેટા શ્યામ, આ કન્યા પૈસાવાળાની દીકરી છે. આપણે તેને ઓછામાં ઓછી પાંચ ભારે સાડી અને બે સોનાની બંગડીઓ આપવી જોઈએ."

"બા, અમેરિકામાં કોઈ સાડી પહેરતું નથી. બસ, બે સાડી બહુ થઈ ગઈ. પણ હા, સુરભિ, મીનાક્ષી અને તમારે માટે જરૂરથી સારી સાડીઓ લેજો, કેમ કે લગ્નના જુદા પ્રસંગે તે બધીની જરૂર પડશે ને!"

નીલાબાએ ખર્ચનો હિસાબ માંડ્યો તો જણાયું કે અનિતા માટે બે સોનાની બંગડીઓ લેવાના પૂરતા પૈસા બચતા નહોતા. જ્યારે આ વાત તેમણે શ્યામને કહી, તો તેણે વધુ પૈસા આપવાની ના પાડી દીધી. "સોનાના દાગીના ખરીદવાની વાત જ જવા દો. બા, અમેરિકામાં અહીંથી પણ વધુ સારી જ્વેલરી મળે છે."

પણ નીલાબાને આ વાત ન ગમી. આટલા ધનવાન કુટુંબની છોકરીને તે બે બંગડીઓ પણ ન આપી શકે? તેથી તેમણે પોતાની જ બે જૂની બંગડીઓ તોડાવીને નવી ભાતની બે બંગડીઓ બનાવડાવી જે અનિતા માટે હતી. કોઈએ આ વાત ન જાણી સિવાય મીનાક્ષીએ.

જે બધું ચાલી રહ્યું હતું તે મનહરલાલને સહેજે પસંદ નહોતું આવતું. તેમનો અભિપ્રાય હતો કે કોઈ ધનિક સરાફના પરિવારની કન્યાને મન પૈસાની કશી કિંમત નહિ હોય. એટલું જ નહિ, વ્યાજે નાણાં ધીરવાની આખી વાત જ તેમને એક નૈતિક ગુના જેવી પ્રવૃત્તિ લાગતી હતી. તે એ સ્વીકારવામાં તકલીફ અનુભવતા હતા કે અનિતા કદી એક ગરીબ શિક્ષકના ઘર સાથે તાલમેળ બેસાડી શકે. હવે જ્યારે શ્યામ પણ લગ્ન માટે તૈયાર થઈ જ ગયો છે તો તેમાં વચ્ચે ન પડવું હિતાવહ રહેશે એમ તેમણે ધાર્યું.

આમ તો એ ચૂપ જ રહેતા હતા. પણ નીલાબા, એક જે રીતે ગરીબ શિક્ષકની પત્ની હોવા છતાં લગ્નને માટે ખર્ચો કરી રહ્યાં હતાં તે જોઈને તેઓ વિહ્વળ થઈ ઊઠતા હતા. તેમને છેવટે જણાયું કે આ મોટા પરિવર્તનની કરામત કેવળ 'ડૉલર'ને કારણે શક્ય બની હતી - કોઈનીય પાસે અદ્ભુત કામકાજ કરાવી શકે તેવો આ 'ડૉલર' સમર્થ હતો!

શ્યામ પણ 'ડૉલર'નો જાદુ સારી પેઠે જાણતો હતો. અમેરિકામાં પોતે બચાવેલા ત્રણ હજાર ડૉલરના પ્રકાશમાં આનંદથી પોતાની માતાને જોઈને તે પણ ખુશ હતો. હવે નીલાબા પોતાના બધાં સગાંઓને શરમિંદા બનાવી શકશે, ઈર્ષાથી સળગી જતાં જોઈ શકશે. તેમની માનહાનિ કરીને, તેમના મનની શાંતિ હરી લઈને, આજ સુધીમાં તે લોકોએ કરેલાં એક એક અપમાનનો બદલો લઈને નીલાબા અત્યંત ખુશીનો અનુભવ કરશે. આવાં આકર્ષક દૃશ્યો અને લાંબા સમયથી સેવેલાં સ્વપ્નો હવે સંપૂર્ણ રીતે સાકાર થશે - કેવળ 'ડૉલર'ની કૃપાદૃષ્ટિ અને શક્તિના વરદાનથી!

તેમનો દીકરો અમેરિકા રહેતો હતો. તેમના દીકરાની પત્ની એક ધનાઢ્ય માણસની એકની એક દીકરી હતી. સ્પષ્ટ હતું કે લગ્ન આ ધનના પ્રદર્શન જેવું ભવ્ય રીતે કરવામાં આવશે. આ વાત ધ્યાનમાં લઈને ત્રણ દિવસના મોટા મોટા કાર્યક્રમો લગ્નવિધિ માટે ઊજવવાના હેતુથી ખૂબ જ શણગારાયેલો કાશીરામ હૉલ પણ પસંદ થઈ ચૂક્યો.

ઓહ, શું સરસ હતી એ ફૂલોની સઘળી સજાવટ!

અને સુમધુર સંગીતનો જાદુ તો ખરેખર અદ્‌ભુત જ હતો!

રિસેપ્શન તો એટલું ભવ્ય હતું કે તેના વર્ણન માટે શબ્દો જ નહોતા.

મોટાભાગના મહેમાન પણ ઈર્ષાના અગ્નિમાં બળી રહ્યા હોવા છતાં, ખૂબ જ પ્રભાવિત થઈ ગયા હતા.

આવાં લગ્નને માટે ખૂબ વિગતવાર આયોજન કરવાની જરૂર પડે છે અને ખૂબ કામ કરવું પડે છે. બહારનું બધું કામ ગિરીશે સંભાળ્યું જ્યારે મીનાક્ષી ઉપર ઘરકામનો બધો બોજો મુકાયો હતો. આ વર-વહુની જોડી બહુ નજરે ચડતી નહોતી. તેઓ પશ્ચાદ્‌ભૂમાં રહીને સખત મહેનત કરતાં રહ્યાં જેથી આખોય પ્રસંગ સરળતાથી પાર પડે.

પણ નીલાબા અને સુરભિની નજરે આ ન ચડ્યું. તેમની નજર તો અનિતા પર જઈને જ અટકી ગઈ હતી.

લગ્ન માટે કપડાંની ખરીદી થતી હતી ત્યારે શ્યામે કહ્યું:

“બા, ગિરીશની પત્ની માટે પણ એક સુંદર સાડી ખરીદજો, હોં!”

“કેમ ભઈ! તેની પાસે તેના લગ્ન વખતની સાડી છે તો ખરી! અને તું પણ એક સાડી અમેરિકાથી એને માટે લાવ્યો જ છે ને!”

“એ બધું તો ઠીક છે. એક બીજી પણ સારી રેશમી સાડી એને માટે લઈ લેજો.”

આ વાત નીલાબાને સહેજે પસંદ પડી નહિ, પણ પૈસા તે જ આપતો હોવાથી ખાસ વિરોધ કરી શક્યાં નહિ.

દુકાને પહોંચ્યા પછી શ્યામે મીનાક્ષી માટે એક ખૂબ જ સુંદર ફાલસા રંગની સાડી પસંદ કરી, ત્યારે નીલાબાને ખૂબ ગુસ્સો ચડ્યો. એ સાડીની કિંમત છ હજાર રૂપિયા હતી!

શ્યામે સમજાવતાં કહ્યું, “બા, હું જ્યારે વલસાડમાં તેને ઘેર પેઇંગ ગેસ્ટ તરીકે રહેતો હતો, ત્યારે તેણે મારી ખૂબ કાળજી કરી હતી.”

બીજી બાજુ, અનિતાને મન કોઈ વસ્તુની કિંમત જોવા જેવી બાબત તદ્દન નકામી હતી. પોતાના ભાવિ પતિના પૈસે તેણે તો પચાસ હજાર રૂપિયાની કિંમતની સાડીઓ ખરીદી અને પોતાના પિતાના આપેલા ભેટના પૈસાથી બીજા એક લાખની કિંમતની ભારે ભારે સાડીઓ ખરીદી.

સુરભિએ પણ ઊંચી કિંમતની છએક સાડી તો ખરીદી જ.

શ્યામે પોતે લાવેલી સાડી મીનાક્ષીને બતાવી, “મીનાક્ષી, વર્ષો પહેલાં હું તારે માટે ફાલસા રંગની સાડી ખરીદી શક્યો નહોતો. આજે હવે હું તારો જેઠ બન્યો છું ત્યારે એ શક્ય બન્યું છે.”

આટલી ભારે સાડી મીનાક્ષી કદી લઈ શકી ન હોત. તેના મુખડા પર આભારની લાગણી છવાઈ ગઈ.

શ્યામનું લગ્ન ખરેખર એક ધામધૂમથી થયેલ પ્રસંગ નીવડ્યો, વૈભવનું ખૂબ જ પ્રદર્શન થયું. એમ લાગ્યું જાણે આખું શહેર આમંત્રિત કરવામાં આવેલું - રાજકારણીઓ, સમૃદ્ધ નાગરિકો, મોટા મોટા અધિકારીઓ વગેરે વગેરે પણ આવ્યા. અનિતાની માએ નીલાબાને એક નાટકીય વિનંતિ કરી, “મારી અનિતાને તમારી સુરભિ જેવી જ ગણજો.

જો અમારી કોઈ ભૂલચૂક થઈ હોય તો ક્ષમા કરશો. લગ્નવિધિમાં અમારા તરફથી કોઈ ક્ષતિ રહી ગઈ હોય, તો ખરેખર અમે માફી માગીએ છીએ."

એક શાણી કહેવત છે, "જે કંઈ ચળકે તે બધું સોનું ન હોય." પણ નીલાબા આવી મીઠી મીઠી વાતોથી એમને મળેલી ખૂબ જ કીમતી રેશમી સાડીની ભેટ વગેરેથી ખૂબ અંજાઈ ગયાં હતાં.

અમેરિકા પાછા ફરવાનો સમય ધીરે ધીરે નજીક આવતો ગયો અને હવે તો ફક્ત લગભગ દસેક દિવસ જ બાકી રહ્યા. નવપરિણીત યુગલ પોતાની મધુરજની માણવા માટે ઉટી ગયાં. તેઓ મુંબઈ પણ એક આંટો 'વિઝા' માટે જઈ આવ્યાં.

અને છેવટે તે દિવસ આવી પહોંચ્યો. નીલાબાનો અતિ પ્યારો દીકરો, જેણે તેમની બધી મહત્ત્વાકાંક્ષાઓ પૂરી કરી હતી, તેમને ખૂબ ગૌરવ બક્ષ્યું હતું, તે પાછો અમેરિકા જતો હતો. શ્યામે તેમને કહ્યું, "બા, સુરભિનાં લગ્ન વખતે હું ફરી પાછો આવીશ, હોં! અનિતાને 'વિઝા' માટે હજી થોડો સમય લાગી શકે તેમ છે. ત્યાં સુધી તે આપણે ઘેર રહેશે, હું તેને કહીશ."

"હાસ્તો વળી! તે આપણે જ ઘેર રહેને!" નીલાબા બોલ્યાં. "શું તે મારી મોટી વહુ નથી? આપણા ઘરના રીત-રિવાજો પણ એણે જાણવા જોઈશે અને ઘરનાં બીજાં સભ્યો સાથે અનુકૂળ થઈને રહેવાનું શીખવું પડશે. એ તો એમ જ હોય ને!"

પણ આ બધું તો ફક્ત વિચારમાં જ રહ્યું. જે દિવસે શ્યામનું પ્લેન રવાના થયું, તે જ દિવસે અનિતા ઍરપૉર્ટથી જ પોતાના બાપને ત્યાં ઊપડી ગઈ. નીલાબાને તેણે કહ્યું, "અમારા ઘરમાં ફોન છે. અમેરિકા પહોંચીને એ મને ફોન કરશે. એટલે મને લાગે છે કે ત્યાં જયું વધુ સારું રહેશે. પછી હું થોડા દિવસ ત્યાં જ રહીશ. બીજું, જે મારાં સગાંઓ લગ્ન માટે આવ્યાં છે તે બધાંને હું સારી રીતે મળી પણ શકી નથી."

"હા, એમ જ કર." નીલાબાએ કહ્યું. "બેત્રણ દિવસ પછી આપણે ત્યાં આવી જજે. છેવટે તો આ જ તારું ઘર છે ને?"

પણ અનિતા તેમના જીવનમાંથી લાંબો સમય દૂર રહી. જ્યારે તે મુલાકાતે આવી ત્યારે તેણે એટલું જ જણાવ્યું, 'હું આજે અમેરિકા જવાની છું."

આટલા બધા દિવસો તેને એવું કયું કામ રોકી રાખે તેવું હતું આખરે એ કરતી શું હતી? ઓહ, એ તો વડોદરામાં માસીને, દિલ્હીમાં કાકાને અને મુંબઈવાળા કાકાને ત્યાં મળવા રહેવા જઈ આવી હતી. આ બધું ફરવાનું લગભગ એ જ વખતે પૂરું થયું જ્યારે તેને અમેરિકા જવાનો 'વિઝા' મળી શક્યા.

એક નિશ્વાસ સાથે અનિતાએ સાસુને કહ્યું, "હું એટલી તો દિલગીર છું, બા! શ્યામે મને કહ્યું હતું કે આ 'વિઝા' મળતાં ઘણો લાંબો સમય લાગી શકે છે. તેથી જ તો હું પહેલાં આ બધાં મારાં સગાંઓને ત્યાં જઈ આવી. જો 'વિઝા' આટલો જલદી મળશે એવી મને ખબર હોત તો હું જાત જ નહિ, સાચું કહું છું."

દુ:ખથી માથું ધુણાવતાં તેણે ઉમેર્યું, "મારે ખરેખર તમારી અને સુરભિની સાથે થોડા દિવસો ગાળવા હતા. આ બધું આ રીતે થયું તેનો મને ખરેખર અફસોસ છે."

આ બધા નાટકને મનહરલાલ તો તુરંત પામી ગયા, કે અનિતા તો કેવળ શિષ્ટાચાર માટે જ આ બધું કહે છે. પણ નીલાબાને સહેજે વહેમ ન આવ્યો. તેમણે પ્રેમથી અનિતાને કહ્યું, "ભલે, ભલે. હશે, જે થવાનું હતું તે થયું. તારું હૃદય સોનાનું છે તે હું જાણું ને! જ્યારે સુરભિનાં લગ્ન ઠરાવીશું, ત્યારે તું બે મહિના અગાઉથી જ આવી પહોંચજે. આ ઘરની તો તું મહાલક્ષ્મીદેવી છે. લગ્નને માટે પછી તારે જ મહેનત કરવી પડશે ને! વળી જો

તું લગ્ન પછી પણ બેએક મહિના અહીં રહી શકે તો મને ખૂબ ગમશે. ચાલ, હવે મારા તને આશીર્વાદ છે અને તું સુખેથી અમેરિકા રવાના થઈ જા."

અનિતાએ મીનાક્ષી સાથે વાત કરવા જેટલી પણ ચિંતા કરી નહિ. પહેલાં પણ જ્યારે તે મીનાક્ષીને મળી હતી, ત્યારે તેની તદ્દન અવગણના જ કરતી રહી હતી.

અનિતા અમેરિકા ઊપડી ગઈ. ઍરપૉર્ટ પર તેને વળાવ્યા પછી એક નિશ્વાસ સાથે નીલાબા બોલ્યાં, "આટલી સારી વહુ મેળવવા માટે આપણે કેટલાં સદ્ભાગી છીએ!"

મનહરલાલે દુ:ખથી મોં ફેરવી લીધું. શ્યામનાં લગ્ન પછી ઘરનું વાતાવરણ બદલાઈ ચૂક્યું હતું. અજાણી અને ગેરહાજર રહેતી અનિતા માટે વખાણોના પુષ્પહાર સતત ગૂંથાતા હતા. જ્યારે ને ત્યારે મીનાક્ષી સાથે તેની તુલના કરવામાં આવતી. અત્યાર સુધી તો મીનાક્ષી 'ઘરની સુંદર વહુ' હતી, તેનો અભિપ્રાય પણ પૂછવામાં આવતો. નીલાબા ઘણી વખત તેનાં વખાણ પણ કરતાં, "મીનાક્ષીએ મને ખૂબ આરામ આપ્યો છે. તેને કારણે જ જાણે હું તો નિવૃત્ત થઈ ગઈ છું."

પણ હવે આવાં વખાણ ભાગ્યે જ થતાં.

ખરું જ કહ્યું છે કે, "તમારી પાસે જો પૈસો હશે તો તમે સૂર્યની જેમ ઝળહળશો. જો તમારી પાસે પૈસો નહિ હોય તો તમે કૂતરાની જેમ ટળવળશો."

દિવસે દિવસે અનિતા એ સૂર્યની જેમ વધુ ને વધુ ઝળહળવા લાગી, જ્યારે મીનાક્ષીની જિંદગી ઉત્તરોત્તર એક કૂતરા જેવી થવા લાગી.

ઘેર જ્યારે કોઈ સગાં કે મહેમાનો મુલાકાતે આવે, ત્યારે અનિતાની પ્રસંશા આકાશને આંબી જતી. વૈભવી લગ્નનું વિગતવાર વર્ણન થતું. લગ્નના ફોટાઓનું આલ્બમ ગૌરવભેર દેખાડવામાં આવતું અને વિડિયો પણ બતાવવામાં આવતો. અનિતાના કુટુંબે આપેલી પહેરામણીની લાંબી યાદી પણ વિગતવાર કહેવાતી. 'સરળ સ્વભાવ, અને તેવા બીજા ગુણોથી આરોપિત અનિતાની છબી ઊભી થતી. પણ હકીકત એ હતી કે લગ્નની બધી ભેટો અનિતાના પિતાના ઘરમાં રાખી દેવામાં આવી હતી. તે માટે કહેવાયું હતું કે, "આપણું ઘર તો કેટલું નાનું છે! આવડાં મોટાં ચાંદીનાં વાસણો મૂકવાની પણ જગ્યા ક્યાં છે?"

આવી વાતોચીતોથી વાજ આવી ગયેલા મનહરલાલ તો ઓરડો છોડીને ચાલી જ જતા પણ મીનાક્ષી તેનું રસોડું છોડી જઈ શક્તી નહિ. તે ક્યાં ભાગી જાય?

૧૪

અનિતાએ લખેલા પત્રો અને સાથે બીડેલા ફોટોગ્રાફોને લીધે પરિસ્થિતિ વણસતી ગઈ. પોતાની અમેરિકન જીવનશૈલીની વિગતવાર માહિતી અનિતાના પત્રોમાં રહેતી - તે શું કપડાં પહેરતી હતી, ક્યાં ક્યાં ફરવા ગઈ હતી, ઘરની સજાવટ કેવી હતી, કઈ ગાડીમાં તેઓ બધે ફરવા જતાં હતાં, કઈ કઈ જગ્યાઓ તેણે જોઈ હતી, વગેરે વગેરે. આવો પત્ર જે દિવસે આવ્યો હોય, નીલાબાના મનને જાણે પાંખો આવી જતી. ગિરીશ અને મનહરલાલ તટસ્થ રહેતા, પણ સુરભિ તો મોહિત અને ચક્તિ જ થઈ જતી. બીજી બાજુ મીનાક્ષી ઉદ્વિગ્ન થતી, કારણ કે તેને ખ્યાલ આવી જતો હવે તેના ભાગ્યમાં પલટો આવી રહ્યો છે.

એક દિવસ શાળામાં અડધા દિવસનું કામકાજ હતું. સ્ટાફ રૂમમાં શાળાના વિદ્યાર્થીઓ કરતાં પણ વધુ ઘોંઘાટ થઈ રહ્યો હતો. હેડમિસ્ટ્રેસ સુશીલાને મીનાક્ષી પ્રત્યે ભાવ હતો. તેઓ મીનાક્ષીની નજીક આવ્યાં અને પૂછવા લાગ્યાં, "મીનૂ, આપણે 'મુગલ-એ-આઝમ' જોવા જઈશું? મેં સાંભળ્યું છે કે એનાં ગીતો બહુ જ સરસ છે!"

"હા, મેડમ! હું કૉલેજમાં ભણતી હતી ત્યારે મેં તે ફિલ્મ જોઈ હતી."

થોડી ક્ષણો માટે મીનાક્ષી ભૂતકાળની સ્મૃતિઓમાં જાણે ખોવાઈ ગઈ. વલસાડના રીગલ થિયેટરમાં 'મુગલ-એ-આઝમ' ફિલ્મ ચડી હતી. તેની બધી બહેનપણીઓનું ટોળું કૉલેજના ક્લાસ છોડીને આ ફિલ્મ જોવા ઊપડ્યું હતું. બીજે દિવસે તે બધીઓએ ભેગી થઈને તેને એનું એક ગીત ગાવા ફરજ પાડી - મુહોબ્બત કી જૂઠી કહાની પે રોયે. એક મસ્તીખોર છોકરીએ ઠરાવ્યું કે તેને 'વન્સ મોર' મળવું જોઈએ. કંટાળો આપતા ઇકોનોમિક્સના લેક્ચર અગાઉ તેણે બ્લેકબોર્ડ પર મોટા અક્ષરોમાં લખી કાઢ્યું, "આજે અમારે ઈકોનોમિક્સ શીખવું નથી. અમારે મધુબાલા જેવી દેખાતી અને લતા મંગેશકરની જેમ ગાતી છોકરી પાસે ગીત સાંભળવું છે. અમારી માગણી છે કે મીનાક્ષી આ ગીત ગાય - મુહોબ્બત કી જુઠી કહાની પે રોયે."

આજે એ બધી બહેનપણીઓ ક્યાં? એ જાદુઈ દિવસો ક્યાં ગયા?

વિચારે ચડેલી મીનાક્ષીને સુશીલાના અવાજે પાછી વર્તમાનમાં લાવી દીધી, "તો પછી તું આ મૂવી જોવા આવે છે કે નહિ?"

"સૉરી, મેં મારાં સાસુને કહ્યું નથી એટલે આજે તો હું નહિ આવી શકું. કદાચ કોઈ બીજી વખત વાત."

"હવે ચાલ ને! હું તારાં સાસુને કહી દઈશ, બસ!"

સ્ટાફ રૂમમાંથી વસ્તી ઓછી થઈ પછી સુશીલા મીનાક્ષીની પાસે બેઠી. "મીનાક્ષી, મારે તને કંઈક વાત કરવી છે. મને આશા છે કે તું ગેરસમજ નહિ કરે. આ વાત પણ હું તને એટલા ખાતર જ કહી રહી છું કારણ કે હું જાણું છું કે મનહરલાલભાઈ કેટલા બધા સારા અને સ્વમાની વ્યક્તિ છે."

"વાત શું છે?"

"પરમ દિવસે હું એક મેટિની શો જોવા ગઈ હતી. ત્યારે મેં આગળની હરોળમાં એક છોકરા સાથે સુરભિને બેઠેલી જોઈ. એ મને તો બહુ ઓળખતી નથી, પણ હું તેને

ઓળખું છું. અંધારામાં તેઓ ખૂબ અડોઅડ બેઠાં હતાં. પોતાની જ દુનિયામાં ખોવાયેલાં હતાં."

મીનાક્ષીને માથે તો જાણે કોઈએ હથોડો જ ન માર્યો હોય!

"શું તે છોકરાને તમે જાણો છો?"

"હા, હું એને તો સારી રીતે જાણું છું. અમારા ઘરના રસ્તાના નાકા પરના ખૂણાના ઘરમાં જ તે રહે છે. એનું નામ ગોપીનાથ છે. દેખાવડો છોકરો છે, બી.એસસી. થયેલો પણ છે. કદાચ સુરભિના વર્ગમાં જ ભણતો હશે. પણ હજી નોકરી મળી નથી. કદાચ પાર્ટ-ટાઇમ કામ કરે છે. એટલું સારું છે કે એને કોઈ જાતનાં વ્યસન નથી. તારે કદાચ વધુ માહિતી મેળવવી હોય તો જોજે."

મીનાક્ષીને જાણે પોતાની આખી દુનિયા ડૂબતી હોય એવું લાગ્યું. નીલાબા સુરભિ માટે કોઈ એવું ઘર શોધતાં હતાં જેમાં સાસુ ન હોય, તેથી તેનાં લગ્ન ઠેલાતાં જતાં હતા. આ શરત ન હોત તો સુરભિનાં લગ્ન ક્યારનાંય થઈ ગયાં હોત. એક બાજુ ગિરીશ અને મનહરલાલ સુરભિ માટે યોગ્ય છોકરાની તપાસ કરી રહ્યા હતા અને બીજી બાજુ સુરભિ કોઈ અયોગ્ય યુવાન સાથે સંબંધ જોડી રહી હતી.

ભારે હૃદયે મીનાક્ષી ઘેર પહોંચી. ફિલ્મ માટેનો તેનો ઉત્સાહ તો ક્યારનોય ઓગળી ગયો હતો. તેને પોતાને કોઈ બહેન નહોતી અને તે સુરભિને જ બહેન તરીકે પ્રેમ કરવા લાગી હતી. રોજ તે પ્રાર્થના કરતી કે પોતાની જેમ સુરભિને પણ સારો પતિ મળી જાય.

બે એક દિવસ અગાઉ જ કોઈકે તેને વાત કરી કે જો તે અંબાજી માતાની માનતા રાખશે તો તે અવશ્ય પૂરી થશે અને સુરભિને સારો પતિ પણ મળી જશે. સંપૂર્ણ શ્રદ્ધા સાથે તેણે શહેરમાંના અંબામાતાના મંદિરે જઈને માનતા લીધી હતી. માતાનાં આશીર્વાદની પ્રસાદી તરીકે લાલ બંગડીઓ પણ સુરભિ માટે લઈ આવી હતી.

ત્યાં તો વળી આ નવી જ ગૂંચ ઊભી થઈ! સુરભિ ગોપીનાથ સાથે પ્રેમમાં પડી હતી શું?

તે સુરભિને આ વિશે પૂછવા માગતી હતી. પણ પછી તેણે વિચાર્યું: ચોર તો કોઈ દિવસ ગુનો કબૂલ કરે ખરો? વળી, કદાચ સુશીલાનું અનુમાન ખોટું પણ હોય કે તેણે જે છોકરી થિયેટરમાં જોઈ હતી તે સુરભિ જ હતી.

મીનાક્ષી ગૂંચવાઈ ગઈ - હવે તેણે શું કરવું? ગિરીશને પણ તે આ બધું કહી શકે નહિ, કારણ કે આ કંઈ સાદીસીધી વાત નહોતી; એ એક ઘણી ગંભીર બાબત હતી. એ વાત તો ચોક્કસ હતી કે સુશીલા તેને જૂઠું તો ન જ કહે, અને આવા જૂઠાણાનો તેને કશો જ લાભ તો નહોતો. તો હવે તેણે સત્ય હકીકત શોધવા શું કરવું?

શાણા માણસોએ કહ્યું જ છે કે તમારી સગી આંખે જોયેલી વાતને તમે સીધેસીધું સત્ય ન સમજી લેશો - તે માટે તમારે પૂરતો પુરાવો મેળવવો જ પડે.

પણ આ બધાના પુરાવા માટે મીનાક્ષીએ બહુ લાંબી રાહ જોવી ન પડી.

તેની સાથે કામ કરતી છોકરી રજનીની સગાઈ થઈ અને તે નોકરી છોડીને દિલ્હી જવાની હતી. તેથી શાળામાંથી તેને 'ફેરવેલ' પાર્ટી અપાઈ રહી હતી, તેમાં મીનાક્ષી મુખ્ય આયોજકોમાંની એક હતી. આ કારણે જ તે બધાં કરતાં અડધો કલાક અગાઉ 'ચાણક્ય હોટેલ'માં અપાનાર પાર્ટી માટે ત્યાં આવી પહોંચી હતી.

બધી વ્યવસ્થા પૂરી થઈ નહોતી તેથી એક ટેબલ પર બેસીને તેણે રાહ જોતાં જોતાં એક ગ્લાસ જ્યૂસ મંગાવ્યો અને બારી બહાર જોવા લાગી. ત્યાંનું દૃશ્ય જોઈ તરત જ ભયથી તે સફાળી સીધી ટટ્ટાર બેસી ગઈ. સામી બાજુએ જ સુરભિ પાન ચાવી રહી

હતી અને સાથે એક દેખાવડો યુવક પણ હતો (એનું નામ ગોપી હતું, નહિ?) અને બન્ને જણાં રિક્ષાની રાહ જોઈ રહ્યાં હોય તેમ લાગ્યું. સ્પષ્ટ હતું કે સુરભિ એ જોઈ શકતી નહોતી કે તેમના ઉપર મીનાક્ષીની નજર પડી રહી છે.

એક રિક્ષા તેમની પાસે થોભી અને બન્ને પ્રેમીપંખીડાં ઊપડી ગયાં. હવે મીનાક્ષીને ખાતરી થઈ ગઈ કે સુશીલા તેને જે કહેતી હતી તે નકરું સત્ય જ હતું.

તેણે નક્કી કર્યું કે ઘરનાં વડીલોને આ ચિંતાજનક બનાવો વિશે વાત કરવામાં જ ડહાપણ છે.

રવિવારે ઘરમાં બધાં હાજર હતાં. મીનાક્ષીએ બધી જ વાત ગિરીશને કહી. તેણે તરત જ કહ્યું, "બાપુને આ વાત તુરંત જણાવવી જોઈએ." તેની સાથે સંમત થતી હોવા છતાં મીનાક્ષીને આ વાત પોતાની સાસુને કહેવામાં સહેજ સંકોચ થતો હતો.

થોડા ક્ષોભ સાથે મનહરલાલ પાસે આવીને તેણે કહ્યું, "બાપુ, મારે તમને કંઈક વાત કરવી છે. સુરભિ તો મારી બહેન જેવી છે."

મનહરલાલ બારી ઝાપટી રહ્યા હતા. પાછળ ફરીને તેમણે પ્રેમથી કહ્યું, "બેટા મીનાક્ષી, તું આમ કેમ કહે છે? તને નથી ખબર કે હું તને સારી રીતે ઓળખું છું? હું શું તારો સ્વભાવ નથી જાણતો? આ તો વળી તારું જ ઘર છે."

"મેં સાંભળ્યું છે કે સુરભિ આજકાલ એક ગોપીનાથ નામના યુવાન સાથે ઘણું હરેફરે છે."

"ઓહો, એમ વાત છે. શું આ કેવળ અફવા જેવું સંભળાય છે, કે પછી એમાં કંઈ વધુ ઊંડી વાત છે? તને આ વાત કોણે કહી?"

"પહેલાં તો સુશીલા મેડમે મને કહ્યું, પણ મેં તે સાચું માન્યું નહિ. ગઈ કાલે મેં મારી આંખે જોયું."

મીનાક્ષીને એ ખ્યાલ નહોતો કે નીલાબા તેની પાછળ આવીને ઊભાં હતાં અને બધું સાંભળતાં હતાં.

ઊંચા સાદે તેમણે કહ્યું, "આ ગોપીનાથ કોણ છે? એણે શું કર્યું છે?"

મીનાક્ષી ડરથી સ્તબ્ધ બની ગઈ. આવા તીણા અવાજે સાસુના એવા ગુસ્સાની જાણ કરી દીધી હતી જે પોતાનાં બચોળિયાંને સંભાળતી બિલાડીને આવતો હોય છે.

"મને ખાસ કંઈ જાણકારી નથી", મીનાક્ષી થોડી થોથવાઈને બોલી. "મને ખ્યાલ છે કે તેણે કદાચ બી.એસસી. પૂરું કર્યું છે, અને હમણાં તો કોઈ પાર્ટ-ટાઇમ નોકરી કરે છે."

"હં, તો તારું એમ કહેવું છે કે સુરભિ આ છોકરાને છાનીછપની મળતી રહે છે? મારી સુરભિ એવી છોકરી છે જ નહિ!"

ઓરડાના તાપમાનને નીચું લાવતાં મનહરલાલે જાહેર કરી દીધું, "ચાલો, આપણે સુરભિને જ બોલાવીશું અને એને પૂછી લઈશું. આમ કોઈએ ઉપરતળે થવાની કે અકળાવાની કશી જરૂર નથી."

અને એ શાણા પુરુષે વાતનો હમણાં તો અહીં જ અંત આણી દીધો.

નીલાબા ખૂબ જ દુ:ખી હતાં. તેમના દુ:ખનું એક કારણ એ પણ હતું કે પોતાની દીકરીના રહસ્યને પોતાની વહુએ ખોળી કાઢ્યું હતું. બીજું કારણ એ પણ હતું કે સુરભિએ પોતાની પસંદગી તદ્દન અયોગ્ય છોકરા પર ઉતારી હતી.

શ્યામ અને અનિતાના વૈભવી લગ્નપ્રસંગના ફોટાઓ વારંવાર જોયા પછી નીલાબાએ ઠરાવ્યું હતું કે પોતે સુરભિનું લગ્ન એવા છોકરા વેરે કરશે જે અમેરિકાનો રહેવાસી હોય. એક વાર આવું રત્ન જડી આવે, પછી આવું જ વૈભવી લગ્ન ગોઠવી

શકાય, અને તો જ તેમની દીકરી એક સમૃદ્ધ અને સંતોષજનક જીવન જીવી શકે.

પણ આ બાબતમાં મનહરલાલના વિચારો ઘણા જુદા હતા. જો ગોપી એક સારા કુટુંબનો નબીરો હોય, ખંતીલો હોય અને મહત્ત્વાકાંક્ષી હોય. અને જો સુરભિ પણ તેને સાચો પ્રેમ કરતી હોય, તો એકાદ બે વર્ષ પછી તેમનાં લગ્ન કરાવી આપવામાં શું નુકસાન થવાનું હતું? છેવટે તો સુરભિ પણ તેમની એક જ દીકરી હતી. લગ્ન પછી પણ જો તે તેઓની પાસે જ રહી શકે તેમ હોય અને જીવનમાં તેમનો બધાંનો સથવારો રાખી શકે તેમ હોય તો તે સારું જ હતું.

મંદિરે જઈને સુરભિ પાછી ઘેર ફરી ત્યારે તરત જ તેને લાગ્યું કે ઘરનું વાતાવરણ કંઈક વિચિત્ર છે. એક ગુસ્સાના ભાવ ધરાવતી માતા, એક ગભરાતી ભાભી, એક શાંતચિત્ત પિતા - આખુંયે દૃશ્ય તેને એ શંકા અવશ્ય ઉપજાવી ગયું કે કદાચ આ લોકોને ગોપી અંગેની માહિતી મળી ચૂકી હતી? એને એ વાતનો પણ તરત જ ખ્યાલ આવ્યો કે આ રહસ્યસ્ફોટ કરનાર મીનાક્ષી જ હતી.

તેની વય જ એવી હતી કે તે સ્વાભાવિક રીતે જ પ્રેમમાં પડે અને જ્યારે તમે પ્રેમમાં પડ્યાં હો, સમગ્ર દુનિયા જ એક પાગલ ચિત્રકારના એવા રંગોથી ભરેલી જણાય, જે ખૂબ જ ચમકદાર અને ભભકદાર હોય. કોઈ ગંભીર કે વાસ્તવિક બાબતો માટે તેના પ્રેમના આવા જગતમાં સહેજે સ્થાન હોય નહિ. વળી ગોપી તો ખરેખર ખૂબ આકર્ષ યુવાન હતો, જોકે નોકરી અંગે તેણે હજી કદી ગંભીર વિચાર કર્યો નહોતો. અભ્યાસમાં તે કંઈ 'આઇન્સ્ટાઇન' જેવો તો નહોતો, પણ તેની પાસે પોતાની જ એક ખુમારી તો હતી જ. કૉલેજના દિવસોમાં જ સુરભિ તો એના પર વારી ગઈ હતી, પણ આજ સુધી આ બાબતે તેણે કુટુંબમાં કોઈને કશું કહેવાની હિંમત કરેલી નહિ. આથી જ આ પ્રેમી યુગલ આજ સુધી બને ત્યારે છાનીછપની રીતે મળતું રહ્યું હતું.

હમણાં તો ગોપી એક કંપ્યૂટરની કંપનીમાં પાર્ટ-ટાઇમ ઑપરેટરની નોકરી કરતો હતો અને લગ્ન વિશે કશો વિચાર પણ તેણે કર્યો નહોતો.

જ્યારે પોતાની માતાને સુરભિએ ગોપી વિશે આ બધી વાત કરી, ત્યારે ઊંડા દુ:ખથી નીલાબા બોલ્યાં, "સુરભિ, તું તો તદ્દન નાના બાળક જેવી છો. તને આ સંસારની શું ખબર પડે? ગોપી સાથે લગ્ન કરીને તને શું સુખ મળશે? આ દેશમાં એક એક પૈસો કાળજીપૂર્વક વાપરવો પડે છે, બને તેટલી બચત કરતા રહેવું પડે છે. અને કેટલી મહેનત કરવી પડે છે, ખબર છે? આજે મીનાક્ષીને જ જોઈ લે - તેને કેટલી સખત મહેનત કરવાની હોય છે, અને છતાં, એક મહિને તેને ચાર હજાર રૂપિયા પણ નથી મળતા! અમેરિકાની તુલનામાં તો તેને એકસો ડૉલર પણ નથી મળતા! અને બીજી બાજુ જોઈ લે અનિતાને. જ્યારે પણ તે અહીં આવે છે, તે લાખો રૂપિયા મન ફાવે તેમ વાપરે છે. તેં ફોટાઓ શું નથી જોયા? તેની પાસે કેટલી બધી સરસ ગાડી છે? કેટલું સુંદર ઘર છે? તારે સુખી જીવન જોઈતું હોય તો આ નકામા પ્રેમ-બેમની વાતો વહેતી મૂકી દેજે!"

નીલાબાએ અમેરિકા અને ત્યાંની ચીજોની પ્રસંશાધારા ખૂબ વહેવડાવી.

રસોડામાં બેઠી બેઠી મીનાક્ષીએ આ આખી વાત સાંભળી, અને તે તો તદ્દન આભી જ બની ગઈ. શું લગ્નને માટેની વાત પ્રેમના આધારે કરવાની હોય, કે પછી 'ડૉલર'ના પ્રેમને આધારે?

એ સાંજે ગિરીશે તેની માતાને જણાવ્યું, "બા, ત્રણચાર ઠેકાણે મેં તપાસ કરી છે. ગોપી સારો છોકરો છે. તેને કોઈ માતા નથી, તેના બાપ બહુ સજ્જન વ્યક્તિ છે, જે હવે ક્લાર્કની નોકરીમાંથી નિવૃત્ત થઈ ચૂક્યા છે. છોકરાને પણ કશું વ્યસન કે ખરાબ આદતો

નથી. હમણાં તે કમ્પ્યૂટરનું શિક્ષણ પણ લઈ રહ્યો છે, અને તેને થોડા જ વખતમાં સારી નોકરી પણ મળી જાય તેમ છે.”

“તેને વળી શું નોકરી મળે? તેને પગાર કેવોક મળે?”

“જુઓને, તેને ઑપરેટરની નોકરી તો મળી જ જાય. પછી જો એ વધુ મહેનત કરે તો વધુ સારી નોકરી પણ મેળવી જ શકે. કમ્પ્યૂટર માર્કેટિંગ જેવું કામ પણ કરી શકે. તેને આરામદાયક જીવન જીવવામાં કશી બાધા ન આવે. મને લાગે છે કે આ પ્રસ્તાવ ઉપર આપણે ગંભીરતાપૂર્વક વિચાર કરવા જેવો છે.”

“તને પોતાને જો દીકરી હોત તો શું તેં તેને આવા છોકરા સાથે પરણાવી હોત?”

“બા, જે છોકરી હજી જન્મી પણ નથી, તેને માટે તમે આવા પ્રશ્નો કરો તો હું શો જવાબ આપું? પણ હા, જો મારી દીકરી ગોપી જેવા યુવાનના પ્રેમમાં પડી હોય, તો તેના હૃદયને તોડ્યા વિના હું તેના લગ્ન માટે જરૂર આશીર્વાદ આપું ખરો.”

“પણ હું તેમ કરવાની નથી. મારે એવો જમાઈ જોઈએ છે જે અમેરિકામાં સ્થાયી થઈ ચૂક્યો હોય.”

માતાના સ્વભાવને સારી રીતે પિછાણતો ગિરીશ આગળ કશું બોલ્યો નહિ.

માતાની દલીલોથી જોકે સુરભિ ગૂંચવાઈ ગઈ ખરી, અને છેવટે પ્રેમ જેવી બાબતને ભૂલવા પણ રાજી થઈ ગઈ.

મીનાક્ષીને એ વાતથી ખૂબ દુ:ખ થયું કે તેનાં સાસુ ‘ડૉલર’ના ઝળહળાટથી આટલી બધી હદે અંજાઈ ગયાં હતાં.

ગોપીના બનાવથી સચેત થઈને નીલાબા તુરંત જ મેરેજ બ્યુરોમાં પહોંચ્યાં. તેમણે સ્પષ્ટ જણાવ્યું, “અમને ભારતમાં રહેતા યુવાનનો ખપ જ નથી. જો તમે કોઈ અમેરિકાવાસી યુવાનને જાણતા હો તો જ અમને જણાવજો. પૈસાની ચિંતા ન કરતા. અમે બધું ગોઠવી કાઢીશું.”

દરેક માતા પોતાની દીકરીનું સુખ ઇચ્છે તે સ્વાભાવિક છે (અને જે પોતાની વહુનું સુખ ઇચ્છે તે જ અસ્વાભાવિક માતા છે). પણ પોતાની દીકરી સુખમાં આળોટે તે હેતુ બર લાવવામાં તમે તમારા દીકરાઓને લોનો અને દેવાના દરિયામાં ડુબાડો તે કેટલું વાજબી છે, ભલા?

મનની શાંતિ અને સંતોષને તમે કદી પૈસાના જોરે ખરીદી ન શકો. મનહરલાલ એ સમજી શકતા નહોતા કે નીલા આ સાદીસીધી વાતને પણ કેમ સમજતી નહોતી.

પણ નીલાબાએ કોઈનું ન જ સાંભળ્યું. અમેરિકાનું સોનું પોતાની દીકરી માટે શોધી લેવાનો તેમનો નિશ્ચય અડગ રહ્યો.

તેમનાં સગાંઓએ તેમને નરમાશથી કહ્યું ખરું કે જો કોઈ આવો મુરતિયો તેમના ધ્યાનમાં આવશે તો તેઓ જરૂર તેમને જણાવશે. પણ તેમની ચીઠ પાછળ તેઓ તેમની મશ્કરી કરી લેતા હતા. “તે પાગલ જ થઈ ગયાં છે.” તેમની પાસે સુતરાઉ સાડીઓ અને કાચની બંગડીઓ જ હતી; પણ હવે તેમનો દીકરો અમેરિકા રહે છે એટલે કેટલાં બદલાઈ ગયાં છે? શું અમેરિકા જ જગતભરમાં રહેવાલાયક દેશ છે? શું ત્યાંના રહેવાસીઓ જ માણસ કહેવાને લાયક છે? અને બીજા બધા શું ભિખારાઓ છે?”

આ બધાની પરવા કર્યા વિના નીલાબાએ પોતાની ક્ષિતિજો વિસ્તારી મૂકી હતી.

સુરભિ અને નીલાબા હવે મીનાક્ષી સાથે વધુ વાત કરતાં નહોતાં. તેમને લાગ્યું કે ગોપી સાથે લગ્ન કરવાની ગિરીશની તૈયારી હતી તેની પાછળ મીનાક્ષી હતી.

લક્ષ્મણભાઈ એક દિવસ તેઓને ઘેર આવ્યા અને કહ્યું, “મનહરલાલ, મારા મિત્ર

રાજારામનો પુત્ર અમેરિકા રહે છે. શું તમારી દીકરી માટે લગ્નની વાતચીત કરવાની તમારી તૈયારી છે?"

સ્ટવ પર દૂધ ઉભરાવાની તૈયારીમાં હતું તેને મૂકીને અને પગમાં સાડી અટવાઈ જવાની શંકા પણ ઊભી થતી હતી છતાં આ વાતચીત કાને પડતાં જ નીલાબા બેઠકના ઓરડામાં ધસી આવ્યાં, "સુરભિના જન્માક્ષર તેઓને આથી જ દેજો."

"એક મિનિટ, લક્ષ્મણભાઈ," મનહરલાલ બોલ્યા, "તેઓની શું માગણીઓ છે તે તો પહેલાં જાણી લઈએ."

"બધી માગણીઓ પૂરી કરીશું." નીલાબાએ કહ્યું.

"તેમની માગણીઓ બહુ વધારે તો નથી." લક્ષ્મણભાઈ બોલ્યા, "હીરાના કાપ, અમેરિકાની વિમાનની ટિકિટ, બે કિલો ચાંદી અને પચાસ તોલા સોનું. આની સાથે ત્રણ દિવસનું ધામધૂમથી લગ્ન તો ખરાં જ અને બધાંને યોગ્ય પહેરામણી. બસ આટલું જ. હું તમને કહું છું, આ લોકોએ દહેજ માગ્યું જ નથી."

"પણ આ તો ઘણો મોટો ખર્ચ થઈ જાય!" બેથી ત્રણ લાખ રૂપિયા જોઈશે!" મનહરલાલે વિરોધ કર્યો.

પણ આ વિરોધ પ્રત્યે તદ્દન દુર્લક્ષ્ય કરીને નીલાબા બોલ્યાં, "એ આપણી એક જ તો દીકરી છે. આપણે તેઓની બધી માગણી પૂરી કરીશું. શું આપણા બેઉ દીકરાઓને આપણે સારી રીતે ભણાવ્યા નથી? પોતાની બહેનનાં લગ્ન માટે તેઓ ભલે લોન લઈ લે. જરૂર પડશે તો આપણે ઘર પણ વેચી નાખીશું, મને કોઈ પરવા નથી."

"નીલા, શું આ ઉંમરે આપણે ઘર વેચીને અમેરિકા રહેવા જવું? કે પછી કોઈ ભાડાના ઘરમાં તને રહેવું પસંદ છે? આપણી જે શક્તિ હોય તે જ મુજબ ખર્ચ કરવું જોઈએ. આ ખર્ચાળ વાટાઘાટમાં પડવા જેવું મને તો લાગતું નથી."

"મને ભાડાના ઘરમાં રહેવામાં સહેજે વાંધો નથી." નીલાબા તાડૂક્યાં, "પણ મારી દીકરી અમેરિકામાં આરામથી રહે તેટલી જ મારી ઇચ્છા છે."

લક્ષ્મણભાઈએ થોડું દબાણ કર્યું એટલે એમ નક્કી થયું કે મુરતિયો શેખર બીજે દિવસે સુરભિને 'જોવા' આવી જાય. નીલાબાને મન તો આ લગ્ન હવે નિશ્ચિત જ હતું. આમ તો સુરભિ સામાન્ય દેખાવની જ છોકરી હતી, પણ તેની માતાની વહાલભરી આંખોમાં તેનું રૂપ એક સોળે કળાએ ખીલેલા ચંદ્રમા સમું હતું. સુરભિ વાંચન માટે પણ સાધારણ કક્ષાની નવલકથાઓ જ પસંદ કરતી હતી. છતાં તેની માતાને મન તે ખૂબ મોટી વાંચક અને હોશિયાર છોકરી હતી. સુરભિ ઘણી છોકરીઓની જેમ આળસુ પણ હતી, અને સવારે નવ વાગ્યા સુધી પથારીમાં આળોટ્યા કરવાનું પણ તેને ગમતું. પણ તેની માતાને મન તે ખૂબ જ શાણી અને વિવેકવંત હતી. વળી સુરભિ માટે ફિલ્મોનાં ગીતો સાંભળવાં તે વખત પસાર કરવાનો કીમિયો હતો, અને તેની માતાને મન તેની પાસે સંગીતની કળા પણ હતી.

નીલાબાએ એક વાર નહિ, બે બે વાર ઘર ધોવડાવ્યું. આવનારા મહેમાનોના સ્વાગત માટે. પછી તેમણે મીનાક્ષીને કહ્યું કે ઉપમા અને દહીં-વડાં તૈયાર રાખે.

મીનાક્ષી આ સમયે ગર્ભવતી હતી. શાળામાં તેણે આજે ઘણું કામ કર્યું હતું એથી થાકી હતી. તેમ છતાં આ બધાં કામમાં તે સ્વાભાવિકતાથી જોડાઈ ગઈ, જેથી પોતાની નણંદને 'જોવા' આવનાર મહેમાનો આ ઘરને પસંદ કરી લે.

પણ નિયત સમય વીતી ગયો, છતાં મહેમાનો દેખાયા નહિ!

"કદાચ તેને એક દિવસમાં જ ત્રણ-ચાર છોકરીઓ જોવાની હશે. એથી જ કદાચ

તેઓ મોડાં છે.” ગિરીશે જરા વ્યંગમાં કહ્યું.

છેવટે બે કલાક પછી શેખર, તેના પિતા, બહેન અને કેટલાક મિત્રો સાથે પધાર્યાં. મોડા આવવા માટે તેમણે દિલગીરી દર્શાવવાની શિષ્ટતા પણ આચરી નહિ.

તેના પિતા રાજારામે ઘરને ઝીણવટથી ધારી ધારીને જોયું. આ લોકો ધનવાન તો જણાતાં નથી. તેમણે સાવ તિરસ્કારથી વિચાર્યું. મારા છોકરાને તેઓ શું આપી શકવાના છે? આ પ્રસ્તાવ લાવવા માટે લક્ષ્મણભાઈને મનમાં ગાળો ચોપડાવવા લાગ્યા કે આ તો તેમનો સમય વેડફાઈ જ રહ્યો છે, અને આસપાસમાં થતી વાતોમાં હવે તેમને કશો રસ રહ્યો નહિ.

સુરભિ નાસ્તા-પાણીની ચીજો લઈને બેઠકરૂમમાં આવી. તેણે આખા શરીરે સફેદ ટાલ્કમ પાવડર છાંટ્યો હતો, જે તેના સહેજ ઘેરા રંગની ત્વચા સાથે મેળ ખાતો નહોતો. તેણે એક લીલી બનારસી સાડી પહેરી હતી (પોતાની આ જૂની સાડી અનિતાએ તેને ભેટ આપી હતી), તેનાથી પણ તેના દેખાવમાં કોઈ પ્રકારે આકર્ષણ જાગતું નહોતું.

રસ ન પડ્યો તેથી શેખર તેનાથી પીઠ ફેરવી ગયો અને ત્યાં તેણે મીનાક્ષીને ઊભેલી જોઈ. તે ગર્ભવતી હતી તે સ્પષ્ટ હતું, છતાં તેનું રૂપ અછતું રહેતું નહોતું.

લક્ષ્મણભાઈ સાદી વાતો કરતા હતા. ત્યાં ગિરીશે વચમાં જ કહ્યું, “મારો મોટો ભાઈ શ્યામ નેબ્રાસ્કામાં નોકરી કરે છે. તમે ક્યાં કામ કરો છો?”

ખાસ વિદેશી ઉચ્ચારો સાથે શેખર બોલ્યો, ‘હું શિકાગો છું.”

“તમે કેટલા સમયથી અમેરિકા રહો છો?” ગિરીશે પૂછ્યું.

“દસ વર્ષથી.”

“કઈ કંપનીમાં કામ કરો છો?”

“વેસ્ટિંગ હાઉસ. તમારે બીજું કશું પૂછવું છે?”

“ના, ના.”

અપમાનિત થયેલો ગિરીશ હવે ચૂપ રહ્યો.

પછી તરત જ આખું ટોળું પાછું જવા માટે ઊભું થયું.

નીલાબાએ કહ્યું, “તમારો નિર્ણય જો અમને જલદી જણાવશો તો મહેરબાની થશે. અમારે અમેરિકામાં રહેતી અમારી અનિતાવહુને પણ કહેવું પડશે. આનાં લગ્નમાં તે પણ આવવાની છે.”

આ રીતે અનિતાના નામનો મમરો તેમણે વાતચીતમાં મૂકી પણ દીધો. શેખર અને તેના પરિવારે ડોકું ધુણાવ્યું અને પછી બધાં જતાં રહ્યાં.

એ લોકો નીકળી ગયા પછી તરત જ નીલાબાએ ગિરીશનો ઊધડો લેવા માંડ્યો, “આટલા બધા પ્રશ્નો કરવાની તારે શી જરૂર હતી ભલા? જો એટલા માટે જ તેઓને ક્રોધ આવે અને આ પ્રસ્તાવ ઠુકરાવી દેશે તો શું થશે?”

“બા, જો આટલા દૂરના દેશમાં તમારી દીકરીને તમે મોકલવા વિચારો છો, તો આવા પ્રશ્નો તો પૂછવા પડે. આપણે દીકરી આપીએ છીએ, કોઈ પ્રાણી નહિ! તેની નોકરી વગેરે માટે પૂછ્યું તેમાં શું ખોટું છે? આપણને કોઈ બનાવી ન જાય તેથી જ મેં આ બધું પૂછ્યું છે.”

“ગિરીશ સાચું જ કહે છે.” મનહરલાલે પણ સમર્થન કર્યું.

સ્વપ્નમાં હોય તેમ જ નીલાબા બોલવા માંડ્યાં, “મને તો લાગે છે કે તેઓ હા જ પાડશે. સુરભિ, તને આ છોકરો કેવો લાગ્યો?”

“એ થોડો મોટી ઉંમરનો ન લાગ્યો.” સુરભિએ મોં મચકોડીને કહ્યું.

"સહેજ પણ નહિ. તમારા બન્ને વચ્ચે આઠ જ વર્ષનો તફાવત છે, જે કંઈ બહુ ન કહેવાય. બાકી બધું તો સારું જ છે. જો એ લોકો હા પાડે, તો વળી તું ના ન પાડતી હો! અને હા, મારે હવે અનિતાને લખીને બધું કહેવું પડશે ને!"

મીનાક્ષી મૌન હતી. આ આખીય વાતમાં કોઈએ તેનો મત પૂછ્યો જ નહિ. જો કોઈ કુટુંબમાં એકાદ સભ્યના મત માટે માન ન હોય, તેણે કડવાશથી વિચાર્યું, તો એ કુટુંબની નજરોમાં તે સભ્ય બહારની વ્યક્તિ બની જાય છે.

ત્યાં તો ગિરીશે તેને બોલાવી, "મીનૂ, આપણે ફરી આવીએ. ચાલ. પાછાં ફરતાં શાક પણ લેતાં આવીશું."

ઘરની બહાર નીકળતાં જ ગિરીશે તેને કહ્યું, "મીનૂ, ખબર નહિ કેમ, પણ તદ્દન અજાણ્યા માણસ સાથે સુરભિને પરણાવી દેવામાં મને થોડી બીક લાગે છે. શેખર વિશે વધુ જાણવા હું ક્યાં તપાસ કરી શકું?"

"સાંભળો," મીનાક્ષી બોલી, "તમને શ્યામનો પેલો મિત્ર યાદ છે, મદન? તેની બહેનને પણ શેખર 'જોવા' ગયો હતો. મને લાગે છે કે લક્ષ્મણભાઈએ જ આ વાત કહી હતી. નવાઈની વાત છે કે એ પ્રસ્તાવ નામંજૂર થયો, જોકે છોકરી તો બહુ સારી છે. થોડું આગળ ચાલીને આપણે એ લોકોને જ પૂછી લઈએ તો કેમ?"

મદન અને તેના પિતા બન્ને ઘરમાં જ હતા. શેખર વિશે ગિરીશે તેમને બધી વાત કરી અને તેમનો અભિપ્રાય માગ્યો. "છોકરો કેવો છે?"

ડોસાએ તો ઉદાસીનતાથી જવાબ આપ્યો, "અમને કંઈ ખબર નથી. શુકન બહુ સારાં નહોતાં. ભગવાનનો પ્રસાદ ડાબી બાજુએ ઊથલી પડ્યો, જે બહુ મોટાં અપશુકન ગણાય. એટલે અમે પ્રસ્તાવ નામંજૂર કરી દીધો."

તેમને વળાવવા માટે મદન જ્યારે તેમની સાથે બહાર આવ્યો ત્યારે સહેજ સંકોચથી એણે કહ્યું, "ગિરીશ, મારા બાપુજી જરા જૂના વિચારના છે. એક સફળ લગ્નની ગોઠવણ થતી હોય તો હજારો જૂઠાણાં બોલવામાં કશું અજુગતું નથી, એમ તેઓ માને છે, પણ હું એ વાત સ્વીકારતો નથી. પહેલાંના વખતમાં છૂટાછેડાનો વિચાર સુધ્ધાં કરી શકાતો નહિ; એ વાત જ સાંભળવામાં કદી આવતી નહિ. પણ આજકાલ તેની જરૂરિયાતને આપણે સ્વીકારી છે. ખેર, આ પ્રસ્તાવ વિશે મેં જે કંઈ હકીકત સાંભળી છે તે હું તને કહું. પછી તો તમે પોતે નિર્ણય લ્યો કે શું કરવું - પણ મને તેમાં ઘસેડશો નહિ, પ્લીઝ."

"હા, હા. તું મને બધી હકીકત કહે." ગિરીશે આગ્રહ કર્યો.

"જો, હું પણ શિકાગોમાં જ રહું છું, અને શેખર પણ ત્યાં જ રહે છે. અમારા ઘર વચ્ચેનું અંતર લાંબું છે, છતાં ૫૦ માઈલ જેટલું જ છે. એક રવિવારે મેં વિચાર્યું કે એને મળી આવું. એ મારા શહેરનો જ હતો એટલે તેને માટે ઔપચારિક મુલાકાતની વાત અગાઉથી કરવાની જરૂર નહોતી એમ મેં ધારેલું. શેખર ઘેર નહોતો, તે ભારત આવ્યો હતો. તેને ત્યાં મેં એક ગોરી સ્ત્રી જોઈ અને એ સ્પષ્ટ હતું કે તે બન્ને "સાથે રહેતાં" હતાં. તું સમજ્યો ને એનો અર્થ શું થાય? એક પતિ-પત્ની તરીકે લગ્ન વિના જ સાથે રહેવું તે. દસેક મિનિટ માટે મેં તેની સાથે વાતો કરી અને પાછો ચાલ્યો આવ્યો. તેઓ છેલ્લાં બે વર્ષથી સાથે રહે છે. હું પોતે ભારત આવ્યો તે પહેલાં જ મારી બહેનને તે 'જોવા' આવેલો, પણ આવ્યા પછી મેં તેનો પ્રસ્તાવ નકારી દીધો. પહેલાં તો મારી બહેન ખૂબ નારાજ થઈ, અને કહેવા લાગી કે હું એ વાતે રાજી નહોતો કે તે પણ અમેરિકા જાય, તેથી હું આવી વાતો કરતો હતો. જ્યારે મેં એને બધી જ હકીકતો જણાવી ત્યારે તે સમજી."

ગિરીશ અને મીનાક્ષીને લાગ્યું કે જાણે તેમના મન પરથી એક મોટો બોજ હટી ગયો છે.

"લગ્નને નિશ્ચિત કરાવવું એ એક પુણ્યનું કામ ગણાય છે. પણ આ લગ્નને તોડવામાં તમે જે ભાગ ભજવ્યો છે તે એટલું જ મોટું પુણ્યનું કામ કર્યું છે, હોં!" ગિરીશે ખૂબ જ આભારવશ થઈને કહ્યું અને બન્ને ઘેર પાછાં ફર્યાં.

રાત્રે જમતી વખતે નીલાબાએ પોતાના મનની વાતો ફરીથી ઉખેળી - જો શેખર હા પાડે તો કયા હૉલમાં લગ્નવિધિ કરીશું? કેવી સાડીઓ ખરીદવી જોઈશે? ચાંદીનાં કયાં વાસણો જોઈશે? અને સોનાનાં ઘરેણાંનું શું?

તેમની આવી વાતોનો કોઈએ પ્રત્યુત્તર આપ્યો નહિ. છેવટે એમનો આ પ્રલાપ સાંભળીને ત્રાસેલો ગિરીશ પોતાના પિતાને કહેવા લાગ્યો, "બાપુ, એક વાત સાંભળી લ્યો. શેખર જો હા પણ પાડે ને, તમારે એ પ્રસ્તાવને નકારી દેવાનો છે, કહી દઉં છું."

"પણ શા માટે?" નીલાબાએ રોષથી પૂછ્યું.

"મેં આ શેખર વિશે તપાસ કરી છે. મને જાણવા મળ્યું છે કે તેની એક ગોરી સ્ત્રી મિત્ર છે અને બન્ને સાથે રહે છે."

"આ બધું તો કેવળ અફવા છે. જે લોકોને આપણા નસીબની ઈર્ષા આવે અને આપણને સુખી થવા ન ઇચ્છતા હોય તેવા લોકો આવી વાત ચલાવે."

"ના હોં, બા. આ વાત મને આપણા એક હિતેચ્છુએ કહી છે. જાણીબૂઝીને શા માટે કૂવામાં પડતું મૂકવું જોઈએ?"

"કોણ છે એવા આપણા હિતેચ્છુઓ, જેણે આપણને એવી સમયસરની અને મહત્ત્વની માહિતી આપી? જરા કહે તો ખરો, ગિરીશ!" મનહરલાલે શાંતિથી પૂછ્યું.

ગિરીશે બધી વાત વિગતે વર્ણવી. "જુઓ, મેં મારો અભિપ્રાય આપી દીધો. તેમ છતાં જો તમારે આગળ વધવું હોય તો તમારી ઇચ્છા." ખભા ઉલાળતાં ગિરીશે કહ્યું. એ જ વખતે એના કોઈ મિત્રે તેને બહારથી બૂમ પાડી એટલે તે બહાર ચાલ્યો ગયો.

સુરભિ રોવા લાગી અને ઘરનું વાતાવરણ દુ:ખથી તંગ થઈ ગયું. મીનાક્ષી સુરભિને સહેજ આશ્વાસન આપવા લાગી.

"બહેન, જરા ધીરજ રાખો. મેં જ તમારા ભાઈને કહ્યું કે આપણે મદન પાસેથી માહિતી મેળવી લઈએ. તમને તો આનાથી પણ વધારે રૂડો મુરતિયો મળી જશે, જોજો ને! એને તમે પરણી નહિ શકો તેટલા જ ખાતર શેખર માટે નકામાં આંસુ નહિ સારતાં, હોં!"

પણ આશ્વાસનને બદલે આ શબ્દોની અસર અવળી પડી. પરાજય, દુ:ખ અને માનહાનિની લાગણીઓનો ત્રાસજનક ઊભરો અનુભવી રહેલાં નીલાબા તો બિચારી મીનાક્ષી ઉપર જ ઊછળી પડ્યાં. પોતાની ગર્ભવતી વહુને સતાવવી ન જોઈએ એ બાબતની ઉપેક્ષા કરીને ગિરીશ પ્રત્યેની તેમની રોષની ભાવનાને તેમણે પોતાની કલંકરહિત વહુ પર ઉતારી દીધી.

"ઓહ, ત્યારે તેં જ ગિરીશને આમ કરવા ઉત્તેજન આપ્યું હતું એમ જ ને! તે વિના એ મૂર્ખ છોકરો વળી આવી છૂપી રીતે વર્તે ખરો?તેં જ તારી મોહિનીમાં એને એવો જકડી લીધો છે જેથી મારો દીકરો ઊંધી દિશામાં જઈ રહ્યો છે."

સ્તબ્ધ બનેલી મીનાક્ષીએ ધીમેથી કહ્યું, "બા, આ શું બોલો છો?"

સુરભિ ચીસ પાડીને બોલી ઊઠી, "બા જે કહે છે તે જ બરાબર છે. મારું અમેરિકા જવાનું રોકવા માટે તમે જ ભાભી બને તે બધું કરો છો. તમને મારી ઇર્ષા થાય છે. તમને એવી ઇચ્છા છે કે તમારી જેમ મારે પણ સખત મહેનત કરીને મારો નિર્વાહ કરવો અને

એક એક પૈસાની ગણતરી કર્યા કરવી. તેને બદલે અનિતાભાભીને જુઓ જરા. કેટલાં ઉદાર છે, કેટલી કાળજી કરે છે. તમે તો મારી ઈર્ષા કરો છો. તમે વિચારો છો કે જો હું પણ બહુ ધનવાન બની જઈશ તો તમારું શું થશે? તમને એ બીક છે કે તમે ઘરબાર વિનાનાં થઈ જશો અને ખૂબ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. તમે કેવળ સ્વાર્થી છો, સ્વાર્થી છો, સ્વાર્થી છો. તમારો મૂળ હેતુ એ જ છે અને બધાંને ઉલ્લુ બનાવવા માટે આ મૂરખા જેવું નાટક કરી રહ્યાં છો. પણ મને તમે મૂરખ નહિ બનાવી શકો. મને બધી જ ખબર પડે છે!"

ક્રોધે ભરાઈને મનહરલાલે કહ્યું, "સુરભિ, મોં બંધ કર!"

"બાપુ, તમે કેટલા ભોળા છો!" સુરભિ નારાજગીથી બોલી. "તમને એમ લાગે છે કે ચળકે તે બધું સોનું છે. પણ તમે એને વિશે કશું જાણતા નથી. આ તો એવી સ્ત્રી છે જેની બગલમાં છૂરી અને મુખમાં રામ હોય. એથી જ શાણા લોકો કહે છે કે પહેલાં છોકરીના કુટુંબને તપાસો પછી જ લગ્ન લ્યો. સારા કુટુંબની દીકરી, જેમ કે અનિતાભાભી તદ્દન નિસ્વાર્થી, સારી અને ઉદ્દાત્ત હોય."

"સુરભિ, તું હવે વધારે પડતું બોલતી જાય છે. એક વધુ ખરાબ શબ્દ બોલી છે તો હું તારી જીભ જ ખેંચી લઈશ!" અત્યંત ક્રોધમાં કાંપી રહેલા મનહરલાલ ઊભા થઈ ગયા અને તેને ગાલે તમાચો મારવા ઇચ્છતા હોય તે રીતે હાથ પણ ઉગામ્યો.

મીનાક્ષીને ખ્યાલ આવી ગયો કે તેના ઘરમાં એક નાનું સરખું વાવાઝોડું આવી ગયું હતું અને કદાચ તે વાતનું વતેસર પણ થઈ શકે તેવું હતું. સુરભિએ કહેલા કેટલાક તદ્દન ખરાબ શબ્દો પચાવવામાં તેને ખૂબ તકલીફ પડે તેવું હતું. તેને આવેલી શંકાકુશંકાઓમાં પણ આટલા હીન આક્ષેપો કદી તેની ઉપર કરવામાં આવશે એવું એણે ધાર્યું ન હતું. ખરાબ રીતે ઘવાયેલા હૃદયથી, આવા મોટા હુમલાથી આઘાત પામેલી મીનાક્ષી તેમ છતાં એટલું તો સમજતી હતી કે આ ચિનગારીને સંયમમાં લઈને આગ ફાટી નીકળે નહિ તેવા પ્રયત્નો તેણે જ કરવાના હતા.

તેની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી અને તેણે આંસુ લૂછવાનો પ્રયત્ન પણ ન કર્યો. પોતાના હૃદયના આઘાતને તેણે પોતાની પાસેની પ્લૅટમાંના ભાતમાં ભળવા દીધો.

ખૂબ જ શાંતિ રાખીને અને છતાં થોડી કડવાશથી તેણે સુરભિને કહ્યું, "હું તો તમને મારી બહેનની દૃષ્ટિએ જોતી હતી, અને તમે સુખી થાવ તે માટે જ હંમેશા ઇચ્છા રાખતી હતી. તેથી જ મેં તમારા લગ્નમાં આટલો રસ લીધો અને તમારા કલ્યાણ માટે જ આ બધા પ્રયત્નો કર્યા. પણ હવે પછીથી આ કુટુંબના કોઈ કામમાં હું વચ્ચે પડીશ નહિ. પ્લીઝ મને માફ કરી દ્યો."

ભોજન પૂરું કર્યા પહેલાં જ તે ટેબલ પરથી ઊઠી ગઈ. પરિસ્થિતિમાં આવેલા આ મોટા વળાંકથી મનહરલાલ ઘડીભર વિમૂઢ થઈને ઊભા જ રહી ગયા. મીનાક્ષીના રડમસ અને દુઃખી ચહેરાને જાણે જોવામાં શરમ અનુભવતાં ન હોય તેમ સુરભિ અને નીલાબા પોતપોતાના વિચારોમાં ડૂબેલાં રહ્યાં.

૧૫

સુરભિનું સગપણ થયું. તેના ભાવિ પતિનું નામ હતું સુરેશ, જે હૈદરાબાદમાં એક બૅંકમાં ઑફિસરની નોકરી કરતો હતો. તેની નાની બહેનનું લગ્ન થઈ ચૂક્યું હતું, અને હવે કોઈ મોટી જવાબદારી તેના માથે બચી નહોતી. તેની માતા પણ હયાત નહોતી, એથી સુરભિને કોઈ પ્રકારે તેની સાસુ તરફથી દુ:ખી થવાની કોઈ સંભાવના પણ નહોતી. ખરેખર સુરભિ ભાગ્યશાળી હતી. સુરેશ પાસે તેનું પોતાનું રહેવાનું મકાન અને પોતાની ગાડી પણ હતાં. તેના પિતા પણ બહુ સજ્જન વ્યક્તિ હતા. આ આખાય પ્રકરણની સોનાની થાળીમાં જો કોઈ લોઢાની મેખ હોય તો તે જ કે સુરભિ અમેરિકામાં વસવાટ નહિ કરે, પણ તે સિવાય બીજી કશી વાતે તેણે નારાજ થવાની જરૂર નહોતી.

લગ્નની કોઈ પણ બાબતે મીનાક્ષીએ ભાગ લીધો નહિ. જે દિવસથી સુરભિએ ઠાલવેલો આક્રોશ તેણે સાંભળ્યો હતો, તેને જીવનની એક કડવી વાત સમજાઈ ચૂકી હતી - બહેન તે બહેન રહે, પણ નણંદ નણંદ જ રહે, કદી બહેન બની ન શકે. ભલે તે 'કાયદા'ની દૃષ્ટિએ બહેનનું સ્થાન મેળવતી હોય, છતાં સંબંધ તો કૃત્રિમ જ રહે છે. બહેનનો બનાવટી સંબંધ.

સુરભિ તેમ જ પોતાનાં સાસુના અંતરંગને પણ તેણે પારખી લીધું. કેટલી હદે તેઓ સ્વાર્થી બની શકે છે તે એક વખત જોયા પછી તે એકદમ શાંત અને મૂંગી બની ગઈ. ઘરમાં કોઈની પણ સાથે વાત કરવાનું તેને મન ન રહ્યું. આમ પણ ગિરીશ વાતોડિયો નહોતો, અને છેવટે તો તે પણ 'તેઓની' સાથે લોહીના સંબંધથી જોડાયેલો તો હતો જ ને! તેથી કદાચ તેને પહોંચેલા દુ:ખની ગહનતાને તે પૂરી સમજી ન શક્યો. જેમ જેમ દિવસો જતા ગયા, મીનાક્ષી જાણે અંદર અંદર ચીમળાઈ જવા લાગી. પોતાના નરમ અંતરના રક્ષણ કાજે જેમ ફૂલ પોતાની પાંખડીઓને એક પછી એક બંધ કરે છે, તે જ રીતે.

તેમ છતાં, તેણે પોતાના સમગ્ર જીવનમાં દુ:ખ સાથે જીવવાનું શીખી લીધું હતું. ઘરના વિખવાદી અને ત્રાસજનક બની ગયેલા વાતાવરણને પણ અનુકૂળ થઈને રહેવાનું પણ તે થોડા જ સમયમાં શીખી ગઈ.

આ બધાંમાં સૌથી વધારે આઘાત જો કોઈને લાગ્યો હોય, તો તે હતા મનહરલાલ. એક સમયે જે ઘર સ્વર્ગ સમું હતું તે હવે જાણે એક આગની જ્વાળાઓથી ભરાઈ ચૂક્યું હતું, અને તેમાં રહેનારા દરેકને દઝાડી રહ્યું હતું. શૈતાન 'ડૉલરે' ઘરના શાંતિ અને સુમેળભર્યા વાતાવરણને ડહોળી નાખ્યું હતું.

સુરભિની સગાઈ પણ ઘણા ઠાઠમાઠથી કરવામાં આવી. અમેરિકાથી શ્યામે બનેવી માટે સૂટનું કાપડ મોકલ્યું, તો અનિતાએ સુરભિને એકસો ડૉલરની ભેટ આપી. પોતાના પત્રમાં શ્યામે લખ્યું:

"આ વર્ષે અમને કોઈ લાંબી રજાઓ મળી શકે તેમ નથી. હવે તો અનિતા પણ અહીં એક બૅન્કમાં કામ કરે છે. લગ્નની તિથિ નક્કી થાય કે તરત જ અમને જણાવજો, જેથી અમે બે અઠવાડિયાંની રજા લઈ લગ્નમાં હાજર રહેવા ત્યાં આવી શકીએ. જો શક્ય હોય તો પ્લીઝ એવી તિથિ ઠરાવજો જે સહુને અનુકૂળ હોય."

મીનાક્ષીની પ્રસૂતિનો સમય ઑગસ્ટ માસમાં આવતો હતો, પણ વરના કુટુંબને છેક

ડિસેમ્બરમાં લગ્ન લેવાય તે પસંદ નહોતું.

અમદાવાદમાં જ રહીને પોતાની પ્રસૂતિ કરવાની વાત મીનાક્ષીને પસંદ નહોતી. તેણે તે માટે વલસાડ જવાનું નક્કી કર્યું. “વલસાડમાં પણ ઘણી સારી હૉસ્પિટલો છે, અને વળી મારાં દાદી પણ મારું ધ્યાન રાખવા ત્યાં આવશે. કમલપુર હૉસ્પિટલ મારા ઘરથી બહુ નજીકમાં જ છે.” તેણે કહ્યું.

એથી એમ ઠરાવવામાં આવ્યું કે જુલાઈ મહિનામાં લગ્ન લેવું બધાંને અનુકૂળ આવશે. આ માહિતી ફોનથી અનિતાને આપવામાં આવી. પણ તેણે જવાબમાં કહ્યું, “જુલાઈમાં તો અમે યુરોપની ટુરમાં જવાનું ઠરાવ્યું છે. આ ટુર કેન્સલ થઈ શકે તેમ નથી.”

તણખા ઊડવાની ક્ષણ આવી પહોંચી હતી. સ્પષ્ટ હતું કે સત્તા માટે અથડામણ થશે અને નિર્ણાયક તત્ત્વ પૈસા જ હશે. ‘ડૉલર’ અને ‘રૂપિયા’ વચ્ચેની આ ખેંચતાણ હતી. અનિતાએ સીધું જ કહી દીધું, “જો તમે લગ્નમાં મારી હાજરી ઇચ્છતાં હો તો મને જે સ્વીકાર્ય હોય તેવી તિથિ પસંદ કરો. જો તેને બદલે તમે મીનાક્ષી ભાગીદારી કરે તેમ ઇચ્છતા હો, તો તેને અનુકૂળ આવે તેવી તિથિ પસંદ કરો.”

મનહરલાલે કહ્યું, “નીલા, મીનાક્ષીની પ્રસૂતિ તો છેવટે આગળ ન જ ઠેલી શકાય! મને લાગે છે કે જુલાઈમાં જ લગ્ન ગોઠવી દઈએ જેથી મીનાક્ષીને પણ ભાગ લેવામાં સરળતા રહે. શ્યામ અને અનિતા શું યુરોપની ટુર ઠેલી ન શકે? કદાચ આવતે વર્ષે જઈ ન શકે? અથવા પોતાની એકની એક બહેનનાં લગ્ન માટે એક અઠવાડિયાની રજા પણ ન લઈ શકે? ભલે પછી આ મુલાકાત થોડા જ સમય માટેની રહે, મને ખોટું નહિ લાગે.”

પણ નીલાબાના વિચારોનો તર્ક કંઈક જુદો જ હતો. તેમણે માથું ધુણાવ્યું. “એ યોગ્ય તો નહિ થાય, જો અનિતા અહીં રોષભેર આવશે, તો તે પણ સારું નહિ. એને અનુકૂળ આવે તેવી જ તિથિ આપણે જોવી પડશે. તમે પુરુષો આ બધી બાબતમાં માથું ન મારો તો બહુ સારું.”

આ બધાં કથનો પાછળ રહેલો છૂપો અર્થ મીનાક્ષી તરત જ સમજી ગઈ. સુરભિનાં લગ્ન માટે શ્યામે દોઢ લાખ રૂપિયા આપ્યા હતા, જ્યારે ગિરીશે બૅંકની લોન લઈને કેવળ પચાસ હજારની વ્યવસ્થા કરી હતી. આથી, નીલાબાનો તર્ક એ હતો કે જે ભાઈએ વધુ પૈસા આપ્યા હોય, તેની અનુકૂળતા જોવી વધુ હિતાવહ છે. બીજા શબ્દોમાં, અનિતા કહે તે જ પ્રમાણે પ્રસંગો ગોઠવી શકાય અને તેની જ ધૂનોને પૂરી કરવી જોઈએ.

ઉંમરે મોટાં હોવા છતાં શાણપણ ન કેળવી શકેલાં નીલાબાએ ઘરની પરિસ્થિતિની પણ તદ્દન ઉપેક્ષા કરી, અને હવે તે પોતાની ‘ડૉલર વહુ’ની પાછળ દોડી રહ્યાં હતાં, તે જેમ નચાવે તેમ નાચતાં હતાં.

આથી સુરભિનું લગ્ન ઑગસ્ટમાં જ લેવાનું નિશ્ચિત થયું, અને તે પણ મીનાક્ષીની પ્રસૂતિની તારીખની ખૂબ નજીકની તિથિએ હતું. સ્પષ્ટ સંદેશ હતો, “તું આ લગ્નમાં આવે કે નહિ તેથી કશો ફેર પડશે નહિ, પણ અનિતા ચોક્કસ આવશે, અને એ જ તો મૂળ મહત્ત્વની બાબત છે.”

અનિતાની હાજરી જો લગ્ન દરમિયાન હોય, તો જ નીલાબા બધાંને કહેતાં ફરી શકે ને, “આ મારી મોટી વહુ! અમેરિકા રહે છે, હોં! કૃષ્ણકાન્તની એકની એક દીકરી છે!” આની સરખામણીએ મીનાક્ષી શું આપી શકે તેમ હતી, ભલા? અને અનિતા તો બૅગ ભરીને બીજી ભેટો પણ લાવશે ને!

મીનાક્ષી પ્રસૂતિ માટે વલસાડ જાય તે માટે બધાં સંમત થયાં.

વિહ્વળ થઈને મનહરલાલે પૂછ્યું, “બેટા, તને ખાતરી છે ને કે તને બધું ત્યાં ફાવશે?

શું હું એ માટેનો વિશ્વાસ રાખી શકું?"

મીનાક્ષીએ ખાતરી આપતાં કહ્યું, "બાપુ, વલસાડ કંઈ નાનકડું ગામડું નથી. જ્યારે મને બાળક આવે ત્યારે મારે મારા ઘરમાં, મારા બગીચાની પાસે રહેવું છે. ત્યાં મારાં ઘણાં ઓળખીતાં લોકો પણ છે જે મને મદદ કરવા તત્પર છે. મારી ચિંતા ન કરશો."

પણ નીલાબાની નારાજગી કોઈ ને કોઈ સ્વરૂપે છતી થતી હતી. "વલસાડમાં એવું તે શું છે કે બાળકને ત્યાં જન્મ આપવા જવા તેનો આટલો આગ્રહ છે? અહીં રહી હોત તો શું અમે તેને મદદ ન કરી હોત?"

જે દિવસે શ્યામ અને અનિતા ભારતમાં ઊતર્યાં તે જ દિવસે મીનાક્ષીને બાળક અવતર્યું. પોતાના પહેલા પૌત્રના આગમનના સમાચારથી મનહરલાલ ખૂબ જ ખુશી થઈ ગયા.

લગ્ન હજી ૧૫ દિવસ બાદ હતાં. માંદગીનો ઢોંગ કરીને અનિતા તો બીજે જ દિવસે પોતાની માતાને ત્યાં ચાલી ગઈ. લગ્નના બે દિવસ પહેલાં જ તે પાછી ફરી.

પછી તે થકવી નાખે તેવી રીતે જાતને શણગારવાના કામમાં, નવી રેશમી સાડીઓ પહેરવાના કામમાં, અને લગ્ન પ્રસંગને કૅમેરામાં કંડારવા માટે ખાસ ભાડે લીધેલો વિડિયો કૅમેરા સામે 'પૉઝ' આપવાના કામમાં ગૂંથાઈ ગઈ.

સુરભિનું લગ્ન અતિશય દબદબા સાથે ઉજવાયું. બે કિલોનાં ચાંદીનાં વાસણો, સોનાના દાગીના, ઘરવખરીની બધી જરૂરી ચીજો અને કંઈ કેટલુંય બીજું બધું લગ્નની ભેટમાં મુકાયું.

પણ નીલાબાની આટલી બધી ઉદારતા અનિતાને ગમી નહિ. જે પૈસા આટલી છૂટથી લગ્નમાં વપરાઈ રહ્યા તે કમાવા માટે ઘણી મહેનત પડી હતી, વતનથી દૂર રહેવું પડતું હતું અને ભયંકર ઠંડી ઋતુમાં પણ ખૂબ કામ કરીને રહેવું પડતું હતું. શું એવા પૈસાને આ રીતે વેડફી નાખવા તે યોગ્ય હતું? ગુસ્સે થયેલી અનિતાને થયું કે જે વ્યક્તિએ કમાણી કરી હોય તેને મન જ પૈસાની કશી કિંમત હોય છે, અન્યને નહિ.

ભલે ને પછી તે ઢોંગ જ હોય પણ મીઠી વાણીમાં માનનારી અનિતા પોતાની સાચી ભાવના વ્યક્ત કરીને કોઈને દુ:ખી કરવા નહોતી માગતી. "મારે શા માટે કડવા બનવું જોઈએ? ભવિષ્યમાં હું જે ડૉલરો અહીં મોકલું છું તે ઓછા કરી દઈશ અને પછી બધું ઠીક થઈ જશે."

મીનાક્ષી અને પોતાના નવજાત પુત્રને જોવા ગિરીશ વલસાડ પહોંચ્યો. મનહરલાલની ઇચ્છા હતી કે તેનું નામ "હર્ષ" રાખવામાં આવે. શ્યામ પણ પાછળથી મીનાક્ષીના દીકરાને જોવા વલસાડ આવ્યો. આ બાજુ અનિતા તરત જ પોતાની માતાને ત્યાં ચાલી ગઈ. સુરભિ પોતાના નવા ઘરે હૈદરાબાદ ગઈ. લગ્ન પછીનાં કામકાજ આટોપવાના બહાને નીલાબાએ વલસાડ જવાનું ટાળ્યું.

બધાંની સામે નીલાબા અનિતાનાં - અને એકલી અનિતાનાં જ ભરપેટ વખાણ કરતાં રહ્યાં હતાં. "જો મારી આ લાડલી વહુએ લગ્ન માટે અમને ચાર હજાર ડૉલર ન આપ્યા હોત તો આ લગ્ન થાત નહિ. એટલે જ આ લગ્નનો બધો યશ અનિતાનો જ છે, હોં!" તેમણે ગિરીશનું તો નામ પણ ન લીધું, પછી મીનાક્ષીનું ક્યાંથી જ લે. એ મીનાક્ષી, જેણે આ ઘરને ખૂબ જ દિલથી અને પ્રામાણિકતાથી પોતાનું માન્યું હતું, તે તો લગ્ન પહેલાં જ વલસાડ ચાલી ગઈ હતી.

મનહરલાલનું હૃદય ખૂબ જ દુ:ખી થઈ ગયું હતું. સમગ્ર લગ્નપ્રસંગમાં તેમની ગેરમાર્ગે દોરવાઈ ગયેલી પત્નીએ એક વાર પણ એમ ન કહ્યું કે જો મીનાક્ષી અહીં હોત

તો કેટલું સારું લાગત?

અને સુરભિ? એણે તો મીનાક્ષીને 'આવજો' તો ન જ કહ્યું, પણ તેના નવજાત પુત્ર માટે કશી ભેટ મોકલી નહિ. એટલે પોતાની ભાભીને મળવા એ વલસાડ જાય એ તો અશક્ય જ હતું.

આઠ વર્ષના લાંબા ગાળા પછી શ્યામ વલસાડ ફરીથી આવ્યો હતો. આટલાં વર્ષોમાં કેટકેટલું બની ગયું હતું! છેલ્લે તે વલસાડ આવ્યો ત્યારે પોતાની પહેલી નોકરી માટે આવેલો. ત્યારે તેને અનિશ્ચિતતાઓ અને ચિંતાઓ ભારે સતાવતી હતી, પણ આજે તે પરિસ્થિતિ પર રાજ કરતો હતો; એટલો તેણે આત્મવિશ્વાસ કેળવી લીધો હતો. જે છોકરીએ તેની મીઠાશ અને ગાનથી તેને મોહ્યો હતો, તે જ તેની આજે ભાભી બની ગઈ હતી. આઠ વર્ષ અગાઉ બીજા વર્ગના ટ્રેનના ડબામાં સીટ મળી જાય તો તે પોતાને ભાગ્યશાળી માનતો હતો. હવે તો તેને ફર્સ્ટ ક્લાસમાં શું, પ્લેનમાં પણ મુસાફરી કરવી પસંદ પડતી નહોતી. આઠ વર્ષ પહેલાં તેનો એ નિશ્ચિત વિચાર હતો કે તેનું ધ્યેય અમેરિકા પહોંચવું તે જ છે. હવે તે જાણી ચૂક્યો હતો કે ભલે સમૃદ્ધ હતો છતાં અમેરિકા પણ કેવળ એક બીજો દેશ જ હતો. આઠ વર્ષ અગાઉ તેનું ભૌગોલિક જ્ઞાન વડોદરા, કચ્છ વગેરે પૂરતું સીમિત હતું. હવે તો સમગ્ર દુનિયાની તેની પાસે સમજ આવી ચૂકી હતી.

આ બધાં કરતાં પણ એક બહુ મહત્ત્વનું સત્ય તે સમજી શક્યો હતો - જ્યારથી તેની આવક 'ડૉલર'માં થવા લાગી હતી. ત્યારથી લોકો તેને આદરભાવથી જોવા લાગ્યા હતા, તેની ઈર્ષા કરતા હતા અને એની સાથે કંઈક વધુ જ ઉષ્માભર્યું વલણ દર્શાવતા હતા. આ બધું મેળવવામાં તેણે એ સાચો પ્રેમ ગુમાવી દીધો હતો જે ગમે તેટલા ડૉલરો પણ ખરીદી શકે તેમ નહોતા. વધુ પડતા ધનને કારણે પણ આ કૂણી અને સંવેદનાભરી લાગણીઓ નષ્ટ થઈ જતી હોય છે.

શ્યામ વલસાડમાં એક હોટેલમાં ઊતર્યો. આટલાં વર્ષો વીત્યાં પછી વલસાડ પણ બદલાયેલું જણાયું. વસતી પણ વધી હતી અને રિક્ષાઓની સંખ્યા પણ વધી ગયેલી લાગી. પહેલાં જે વિશાળ અને ખૂબ સુંદર લીલોતરી ધરાવતાં મેદાનો હતાં ત્યાં હવે રહેઠાણો બંધાઈ ગયાં હતાં. અહીંના વિદ્યાર્થીઓ પણ જાણે વધારે ફેશનેબલ બની ગયા હતા.

શ્યામ મીનાક્ષીને ઘેર પહોંચ્યો. તેણે તો અપેક્ષા જ નહોતી કરી કે શ્યામ તેને અને બાળકને જોવા છેક વલસાડ સુધી આવશે.

મીનાક્ષીનાં દાદી સીતાબાએ પૂછ્યું, "તું તો શ્યામ, ખરું ને? કેમ છે બેટા?"

મીનાક્ષીએ લગ્નપ્રસંગ વિશે પૃછા કરી. "કેવું રહ્યું? અને અનિતા કેમ છે?"

"લગ્ન તો બહુ સારી રીતે થઈ ગયું. અનિતા પણ મજામાં છે. શું હવે હું મોંઘેરો દીકરો જોઈ શકું, હર્ષને મળી શકું?"

પોતાના ઢીંગલા જેવા દીકરાને માતાએ ખૂબ ગર્વથી રજૂ કર્યો.

શ્યામ એ નક્કી ન કરી શક્યો કે હર્ષ તેની માતાને મળતો આવતો હતો કે પિતા જેવો લાગતો હતો.

સામાન્ય વાતચીતોનો દોર તેણે ચાલુ રાખ્યો પણ ભૂતકાળની એક સ્મૃતિએ તેને પૂછવા પ્રેર્યો, "મીનાક્ષી, પેલું ગીત તું જે ગાતી હતી, તે તને હજી યાદ છે ખરું? કંઈક આવું હતું ને?"

લીલા તે વનમાં મસ્તી ભરી કોયલ ટહુકે,
રાજાનો તાજ પણ તેની સામે ઝૂકે રે.

આ સાંભળીને ભૂતકાળમાં ખોવાઈ ગયેલી મીનાક્ષીએ કહ્યું, “હાસ્તો ને! મને હજી યાદ છે જ!”

“શું તું હજી ગીતો ગાય છે?”

“શ્યામ! કોયલને પોતાના સ્થાનની ખબર પડી ગઈ છે. તેણે ગાવાનું બંધ કર્યું છે.”

“કેમ, શા માટે? કોયલ તો રાજાની સત્તાથી પણ ડરતી નહોતી!”

“પણ રાજા છે ક્યાં? આંબાનું એ ઝાડ પણ ક્યાં છે? જ્યારે કોંક્રીટના જંગલને ઊભું કરવા વૃક્ષો કાપી નંખાયાં, અને હવે પૈસાની લાલચ જ રાજા બની ગઈ છે, તો બિચારી કોયલ કઈ રીતે ગાય?”

“તું તેને પૈસાની લાલચ ન કહે, મીનાક્ષી!” શ્યામે અકળાઈને કહ્યું, “તેને ‘ડૉલરની લાલચ’ કહેવું વધારે યોગ્ય છે.

મીનાક્ષી ચૂપ રહી, પણ શ્યામ તેના દુ:ખને જાણી ગયો.

નિશ્વાસ મૂકતાં તેણે કહ્યું, “મીનાક્ષી, હું વધુ ને વધુ નિરાશાવાદી બનતો જાઉં છું. વધુ ને વધુ હતોત્સાહ થતો જાઉં છું.”

“તમે નિરાશાવાદી બની ગયા છો? જો તમને એવી લાગણી થશે તો પછી અમારા જેવા લોકોનું શું થશે? તમે તો ધનવાન છો. અનિતા તો સ્વયં દેવી લક્ષ્મી જ છે. તમારાં માતા અને બહેન તમારી પ્રશંસા કરતાં થાકતાં નથી. તમારા જીવનમાં વળી શું ખૂટે છે?”

“એ બધું ઠીક પણ તું મારું દુ:ખ કઈ રીતે સમજે, મીનાક્ષી. તું તો તારા પોતાના લોકોની વચ્ચે જીવે છે. એ લોકો તારી ભાષા બોલે છે, તારી સંસ્કૃતિનાં જ છે. તારા દીકરાને તું સાચા વાતાવરણમાં ઉછેરી પણ શકશે. તેને સાચું શિક્ષણ આપી શકશે. તારે કોઈ મૂંઝવી નાખે તેવી સ્થિતિમાં જીવન વિતાવવાનું નથી.”

“શ્યામ, પારકે ભાણે લાડુ તો હમેશાં મોટો લાગતો હોય છે.”

“પણ શું એ જ વાત તને લાગુ નથી પડતી?”

તો શું શ્યામ એટલો તો સુખી નહોતો જેટલું સૌ ધારતાં હતાં? અમેરિકા જેવા સ્વર્ગમાં પણ કોઈ વ્યક્તિ શું દુ:ખી હોઈ શકે?

“મીનાક્ષી, ત્યાંના જીવનનો તો તને સહેજે ખ્યાલ નથી.” શ્યામે આગળ કહ્યું, “કોઈ વસ્તુ ‘સેલ’માં ખરીદતાં અને એમ વિચારતાં કે એક ડૉલરનો ભાવ ચાલીસ રૂપિયા છે, માણસ કેટલા દિવસ સુખી રહી શકે? ભલે, એક હજાર ડૉલર તમે કમાવ છો, અને કહેતા ફરો છો કે તમે ચાલીસ હજાર રૂપિયા કમાવ છો. પણ તેથી શું? એ લોકોનો કદી વિશ્વાસ ન કરતી. જે દેશની સમૃદ્ધિની વાતો કરે, પણ ત્યાંની સમસ્યાઓ વિશે હરફ પણ ન કાઢે.”

“શું તમે અનિતા વિશે કંઈ કહો છો?”

“મીનાક્ષી, એક એક ડૉલર કમાવા માટે અમારે ખૂબ જ મહેનત કરવાની હોય છે અને અમે આ મહેનત એવી સ્થિતિમાં જીવીને કરીએ છીએ જ્યારે અમે અમારા લોકોથી દૂર રહીએ છીએ, અમારી સંસ્કૃતિથી અને અમારાં મૂળિયાંથી દૂર રહીએ છીએ. જે લોકોની સાથે અમે ભળી શકીએ છીએ તે પણ મોટે ભાગે તો ભારતીયો જ છે. ત્યાંના મૂળ સમાજમાં હજી અમે તદ્દન ઓગળી જઈ શકતા નથી, અને કદાચ કદી ઓગળી જઈ શકીશું પણ નહિ. વળી, ગમે તેટલાં વર્ષો તમે ત્યાં રહો તોપણ પરિસ્થિતિ આવી જ રહેશે. અમે જ્યારે કોઈ મંદિર બાંધીએ, કે મસ્જિદ અને ગુરુદ્વારા તે ભૂમિમાં બાંધીએ, તે જાણે ત્યાંની અમારી એકલતાને ઓછી કરવાની અને અમારાં મૂળિયાં સાથે જોડાઈ રહેવાની કવાયત જ છે.”

"જો એમ જ હોય તો તમે પાછા કેમ નથી આવી જતા?"

"અમારી સ્થિતિ એક એવા પશુ જેવી છે જે કળણમાં ભરાયું છે. આ કળણ જોકે ડૉલર અને વિલાસી સગવડોનું છે, એટલું જ; બન્ને ભેગાં થઈને કરોળિયાના જાળાં જેવું છે, જે અમને બાંધી, જકડી રાખે છે. અમારી આવડત મુજબ અમને ત્યાં સારી નોકરીઓ મળે છે. તેમાં જ્ઞાતિ, ભાષા જેવી લાગવગની કે રાજકારણી ખટપટની કોઈ અસર પડતી નથી, એટલે આવડત મુજબ નોકરી મળી પણ જાય છે. એ રીતે શાંતિથી કામ પણ થઈ શકે છે. એ દેશમાં મળતી સુવિધાઓના આરામથી અમારાં શરીરો પણ ટેવાઈ જાય છે. મારો જ દાખલો લઈએ. એક સમય એવો હતો કે જ્યારે મારા પગ જ મારી ગાડી જેવા હતા, એમ હું કહેતો. હવે તો હું ઘરની બહાર ગાડી વિના પગ મૂકી શકતો નથી! જો હવે હું પાછો ફરું તો વધુ દુ:ખી થાઉં."

પહેલી વાર શ્યામ પોતાના દુ:ખી દિલની વાત કહી રહ્યો હતો. તે જાણતો હતો કે મીનાક્ષી એક સીધીસાદી છોકરી છે, જેણે તેની કિંમત કદી ડૉલરના મૂલ્યે આંકી નહોતી.

"મને કહે, મીનાક્ષી! શું તું સુખી છે ખરી?" સાચી ચિંતાની ભાવનાથી તેણે પૂછી લીધું. સહેજ મોં મરડીને મીનાક્ષી હસી, "મારે તમને સત્ય જ કહેવાનું છે, કે મારે મારા દુ:ખો માટે તમારાં માતા અને બહેનને માથે આરોપ મૂકવાનો છે?"

"ના, તું મને સત્ય જ કહે!"

"તમારા ડૉલરે મારા પર કેર વર્તાવ્યો છે, શ્યામ. બા તો બધી જ વાત ડૉલરના જાદુઈ કાચથી જુએ છે. અમે જે કંઈ કરીએ તેની તેમને મન કશી જ કિંમત નથી. ગિરીશે અને મેં, અમે બન્નેએ સુરભિનાં લગ્નમાં ટેકો કરવા માટે લોનો લીધી છે. વળી કામ કરીને પણ ઘણો ટેકો કર્યો જ છે. પણ જ્યારે સુરભિનાં લગ્નની તિથિ ઠરાવવાની વાત આવી, ત્યારે અનિતાની અનુકૂળતા પ્રથમ જોવાની આવી. જે "રૂપિયા-વહુ" તમારી સાથે આટલાં વર્ષો રહી તેની અનુકૂળતા નહીં. સુરભિ તો મને યાદ સુધ્ધાં કરતી નથી! બધો યશ તેની 'ડૉલરભાભી'ને જ મળે છે!"

આછો નિશ્વાસ નાખી તેણે આગળ કહ્યું, "મને ખબર છેકે સગાંવહાલાંઓની સામે બાએ કહ્યું જ હશે કે અનિતાની ઉદારતાને લીધે લગ્ન લઈ શકાયાં. મારા નામનો ઉચ્ચાર એક વાર પણ નહિ જ થયો હોય."

શ્યામ આ વાત સાંભળી ચોંકી ઊઠ્યો. આટલે દૂર વલસાડમાં રહ્યે રહ્યે અમદાવાદમાં શું થઈ રહ્યું હતું તેની આ છોકરીને કઈ રીતે જાણ થઈ ભલા? શું તેની પાસે વિશિષ્ટ શક્તિઓ હતી? કે પછી સાવ સાદી વાત હતી - અનુભવથી મળેલું જ્ઞાન?! એમ જ હશે.

ભારે હૃદયે શ્યામે વલસાડથી વિદાય લીધી.

૧૬

હર્ષને લઈને અમદાવાદ પાછાં ફર્યે હવે મીનાક્ષીને છ મહિના પણ થઈ ગયા હતા. તે હવે પડખાભેર થવા લાગ્યો હતો અને થોડા ભાંખોડિયા પણ ભરતો હતો. પોતાના દાદાનો અવાજ તે તરત ઓળખી જતો અને તરત તેમની સામે ડોક ફેરવતો. મનહરલાલનો તે ગાઢ મિત્ર બની ગયો હતો.

કોઈ કોઈ વાર સુરભિ મળવા આવતી. નવા ઘરમાં તે ખૂબ સુખી હતી અને નવી જિંદગી પણ તે માણી રહી હતી, ખાસ તો એટલા માટે કે તેના સસરા ખૂબ સજ્જન માણસ હતા. આશ્ચર્યની વાત એ હતી કે અનિતાના પિતા કૃષ્ણકાન્ત ઘણા દિવસથી તેમને ઘેર મળવા આવેલા નહોતા અને તેનું કશું કારણ પણ કોઈ જાણતું નહોતું.

મઠિયાંનો લોટ કૂટતી વખતે નીલાબાને છાતીમાં દુ:ખાવો થયો. એમણે તે તરફ ધ્યાન ન આપ્યું. પણ બીજે દિવસે નહાતી વખતે તેમને સ્તનમાં ગાંઠ જેવું જણાયું. “આ ગુમડા પર થોડો શેક કરવા પોટીસ મૂકીશ એટલે બધું ઠીક થઈ પડશે.” એમ વિચારી ફરી તેમણે એ વિશે કંઈ કર્યું નહિ.

પણ જ્યારે અઠવાડિયા સુધી ગાંઠ છૂટી ન પડી, ત્યારે તેઓ ગભરાઈ ગયાં. શાળાએ જવા તૈયાર થતી મીનાક્ષીને તેમણે બોલાવી અને ગાંઠ બતાવી.

મીનાક્ષીએ તરત શાળાએ ફોન કરીને એક દિવસની રજા મૂકી, અને પછી ડૉક્ટરની અપોઇન્ટમેન્ટ લઈ લીધી. ગિરીશ કે મનહરલાલને કશું જણાવ્યું નહિ, અને જોકે તે પણ સહેજ વ્યાકુળ થઈ ગઈ હતી. તેણે બહારથી શાંતિ જાળવી. સામાન્ય વાત કરતી હોય તેમ તેણે સસરાને કહ્યું, “બાપુ, અમે જરા ડૉક્ટર પાસે જઈએ છીએ. ચિંતા ન કરશો. હર્ષ સૂતો છે, તેના પર જરા નજર રાખજો.”

ડૉક્ટરે નીલાબાને તપાસ્યાં અને તેમને બહાર જવા કહ્યું. મીનાક્ષીને બોલાવીને પૂછ્યું, “આ દરદી તમારાં શું થાય છે?”

“તેઓ મારાં સાસુ છે. હેં, ડૉક્ટર, તેમને શું થયું છે?”

“આમ તો સ્તનમાં ગાંઠ છે, એટલે આપણે બાયોપ્સી ટેસ્ટ કરવી પડશે. ત્યાર પછી જ કહી શકાય કે શું થયું છે.”

“એટલે શું? શું કંઈ જોખમી બાબત છે?”

“અત્યારે તો કંઈ કહી શકાય નહિ. જો ગાંઠ મલિન હોય તો એનો અર્થ થાય કે કૅન્સર છે, અને તેમ ન હોય એવું બની શકે ખરું. હમણાં તો તેમને કંઈ કહેશો નહિ.”

ખૂબ ચિંતિત મને મીનાક્ષી બહાર આવી. નીલાબાએ તેની સામે ધારી ધારીને જોયું. “ઇચ્છું છું કે ચિંતાનું કશું કારણ નહિ હોય? શું કોઈ મલમ તેમણે લખ્યો જે હું લગાડી શકું?”

“ના, તેમણે કહ્યું કે તમે જલદી જ સારાં થઈ જશો.” મીનાક્ષીએ આશ્વાસન આપતાં કહ્યું.

આવી ચિંતાની વાત તે શ્યામને કરી શકે તેમ નહોતી કેમ કે તે કેટલે છેટે અમેરિકામાં હતો. જો તે સુરભિને કહે, તો તે તો વળી વાતને ચગાવી જ મૂકે. તેથી તેણે આ વાત એકલા ગિરીશને જ કહેવાનું ઠરાવ્યું.

રાત્રે જ્યારે ગિરીશ એકલો મળ્યો ત્યારે તેને બા વિશેની વાત કહી. ગિરીશની આંખમાં આંસુ આવ્યાં અને ગભરાઈને તેણે પૂછ્યું, "શું તને લાગે છે કે બાને કૅન્સર છે?"

આશ્વાસન આપતાં મીનાક્ષી બોલી, "ના, કોણ કહે છે કૅન્સર છે? આપણે ઑપરેશન કરાવીને ગાંઠ કઢાવી નાખીશું. તે ગાંઠ મલિન ન પણ હોય એવી સંભાવના તો છે જ ને!"

બીજે જ દિવસે મીનાક્ષી નીલાબાને ઑપરેશન માટે લઈ ગઈ. અલબત્ત તેની સાસુને ખૂબ શક તો થતો હતો. તે બબડતાં હતાં, "મને લાગે છે કે કંઈક તો મને થયું જ છે. મીનાક્ષી મને સાચું કહેતી નથી. મારો દીકરો ચિંતા કરતો દેખાઈ આવે છે, પણ મારી વહુના મોં પરની શાંતિ અને માનસિક સંતુલન ખરેખર વખાણવા જેવાં છે! મને કંઈ થઈ જશે તો સુરભિનું શું?"

કોઈ દિવસ હૉસ્પિટલમાં પગ મૂક્યો નહોતો એટલે સ્વાભાવિક રીતે જ નીલાબા ગભરાતાં હતાં.

જ્યારે તેમને કહેવામાં આવ્યું કે તેમનું ઑપરેશન થશે, ત્યારે વળી તેમનો ગભરાટ ખૂબ જ વધી ગયો. મીનાક્ષીએ ધીરજ બંધાવતાં કહ્યું, "બા, એ તો પેલી ગાંઠને કાઢવાનાં છે, બીજું કશું નથી. હું બહાર જ બેઠી હોઈશ. કશી વાતની ફિકર ના કરતાં. ભગવાનને મેં ખૂબ પ્રાર્થના કરી છે કે તમે જલદી સાજાં થઈ જાવ. બધું સારું થઈ જશે, તમે જોજો તો ખરાં!"

ઑપરેશન પછી નીલાબાને થોડા દિવસો માટે હૉસ્પિટલમાં રહેવાનું હતું. સ્ત્રીઓના વોર્ડમાં તેઓને મૂકવામાં આવ્યાં હતાં, એટલે મીનાક્ષી તેમની સાથે રાત્રે રહી શકતી હતી. એક વખત પણ મીનાક્ષી તેમને પથારીમાંથી ઊઠવા દેતી નહિ અને કશા જ ઘૃણાના ભાવો વિના તેમને બેડપેન પણ આપતી હતી.

તેને આટલી નિ:સ્વાર્થ ચાકરી કરતી જોઈને આસપાસની સ્ત્રીઓ નીલાબાને કહેવા લાગી, "તમારી દીકરી કેટલી સારી છે! આખી રાત તે જાગતી રહે છે, અને જ્યારે તમે માગો ત્યારે બેડપેન પણ આપે છે! બહુ સારું કહેવાય."

નીલાબાએ ખુલાસો કર્યો, "મારી દીકરી તો હૈદરાબાદ રહે છે. આ તો મારી નાની વહુ છે. મારી મોટી વહુ અમેરિકામાં રહે છે. એ આવી હોત, પણ આટલે દૂર રહે છે તો કેવી રીતે આવે?" પોતાના દુ:ખના સમયે પણ 'ડૉલર'નું પડળ તેમની આંખ પર છવાયેલું રહ્યું. આજે પણ તેમને મન રૂપિયાની અને 'રૂપિયા-વહુ'ની કશી કિંમત નહોતી.

પરીક્ષણોથી જાણી શકાયું કે ગાંઠ કૅન્સરવાળી નહોતી. રાજી થઈ ગયેલા ગિરીશે મોટા ભાઈને પહેલો પત્ર લખ્યો. બે મહિના અગાઉ જ તેણે સૌરાષ્ટ્રના પ્રવાસની ટિકિટો લીધી હતી અને દ્વારકા, સોમનાથ, ગીર વગેરે સ્થળે જવાનું હતું.

નીલાબા ઘેર આવી ગયાં એટલે મનહરલાલે કહ્યું, "તમે તમારે જઈ આવો. હું ઘેર રહીશ ને નીલાની કાળજી કરીશ."

પણ મીનાક્ષીએ તેમ કરવાની ના પાડી. "દ્વારકા અને ગીર કંઈ નાસી જવાનાં છે શું? આવતે વર્ષે જઈશું."

"જો, અનિતા હમણાં જ આવવાની છે." નીલાબાએ કહ્યું. "બે દિવસ અગાઉ જ તેની માએ મને કહ્યું કે તે કોઈ સગાનાં લગ્ન માટે આવી રહી છે. જો તે મારી સ્થિતિ અંગે પહેલાં જાણતી હોત તો વહેલી આવીને એક અઠવાડિયું પણ મારી સાથે ગાળત. નહિ તો હું સુરભિને બોલાવી લેત. તને પણ અનિતા સાથે રહેવાની તક મળત. મને લાગે છે કે તમારે બધાંએ જાત્રાએ જવું જોઈએ."

પોતાની પત્નીને આ રીતે વાત કરતી સાંભળી મનહરલાલ શરમાતા રહ્યા.

મીનાક્ષી પોતાની સાસુની ગમે તેટલી ચાકરી કરે, તોપણ તેને એક પણ શબ્દ પ્રસંશાનો મળતો નહિ. તેને થયેલો જખમ હજી રૂઝાયો નહોતો અને ત્યાં તો તે એ વાત વિસરી પણ ગઈ કે 'રૂપિયા-વહુ'એ તેની કેટલી બધી સંભાળ લીધી હતી.

અને અનિતાએ તો આવવાની માથાકૂટ જ ન કરી. સુરભિએ પણ પોતાની માની જરૂરને વખતે કંઈ ને કંઈ બહાનાં કાઢ્યાં. ન આવી.

મીનાક્ષીએ પોતાના પ્રવાસને રદ કર્યો. ત્રણસો ડૉલરનો ચૅક મોકલતી વખતે શ્યામે લખ્યું, "પૈસાથી તો કોઈ પણ મદદ કરી શકે છે, પણ જે લોકો પોતાની હાજરી અને સાચી સંભાળ કરીને કાળજી લેતાં હોય તેને કદી ભૂલવાં ન જોઈએ. પૈસા તો ગમે તે કમાઈ શકે છે. પણ પ્રેમ અને વિશ્વાસ જેવા ખજાના ખરીદી નથી શકાતાં."

આ પત્ર કચરાટોપલીમાં ફેંકી દેવાયો અને ચૅકને બૅંકમાં જમા કરી દેવામાં આવ્યો.

૧૭

ઑફિસના કામે શ્યામ અમદાવાદ આવ્યો ત્યારે સુરભિ અને તેનો પતિ તેને મળવા આવ્યાં.

અનિતા ગર્ભવતી હતી અને નીલાબા હજી ગર્ભમાંના એ શિશુ માટે વધુ ચિંતિત હતાં, તેમની સામે જ ઊછરી રહેલા પૌત્રને માટે નહીં.

“અનિતા કેમ છે? તેને બાળક ક્યારે આવવાનું છે? તેને અથાણાં જોઈએ છે? તેને શું ખાવા-પીવાનું મન થયા કરે છે?” આવા પ્રશ્નો પૂછી પૂછીને નીલાબાએ શ્યામને ત્રસ્ત કરી મૂક્યો.

મીનાક્ષીનો દીકરો હવે ચાલતાં શીખી ગયો હતો અને તેની માતા જેટલો જ મોહક હતો. પણ મીનાક્ષી જાણે મૂરઝાયેલું ગુલાબ હોય તેવી ઝાંખી અને ઢીલી બની ગઈ હતી. તેના અંદરનું અને બહારનું તો ઓજસ જ જાણે ઝાંખું પડી ગયું હતું. કામ માટે તેને કશો ઉત્સાહ રહ્યો નહોતો. પોતાની ફરજો તે એક યંત્રમાનવની જેમ અને નિરુત્સાહી રીતે નિભાવે જતી હતી.

જરૂર ન હોય તો નીલાબા કદી હવે મીનાક્ષી સાથે વાતચીત કરતાં નહિ. તેના લગ્નના શરૂઆતનાં વર્ષોમાં બન્ને વચ્ચે જે પ્રેમ અને વિશ્વાસનો સંબંધ બંધાયો હતો તે હવે તૂટી ગયો હતો. હર્ષ માટે શ્યામ એક રમકડું લઈ આવેલો. મીનાક્ષીએ કહ્યું, “તમારે અમારા માટે આટલો બધો ખર્ચ ન કરવો. તમારે પણ હવે બાળક આવશે. આ રમકડું તમે તેને માટે જ રાખો. જો આવાં મોંઘાં રમકડાં તમે અમને ભેટમાં આપશો, તો અમે ગરીબ લોકો તમને પાછું શું આપી શકીશું?”

આ ગરીબ ને ધનવાનની વાત સાંભળી શ્યામ ચકિત થઈ ઊઠ્યો. મીનાક્ષીને શું થઈ ગયું હતું?

તેણે કહ્યું, “મીનાક્ષી, આપણા કુટુંબનો હર્ષ પ્રથમ પૌત્ર છે. અને તેને માટે આ તો નાની એવી ભેટ છે. અમે અહીં આવીએ ત્યારે તું પણ કંઈ નાની ભેટ આપજે. બસ, બીજું શું?” આમ કહીને શ્યામે વાતનો અંત આણ્યો.

આ બાજુ નીલાબાએ એવી ઇચ્છા વ્યક્ત કરી કે એક વર્ષ માટે તેઓ પોતે અમેરિકા જાય અને ગર્ભાવસ્થામાં આવેલી પોતાની ‘ડૉલર વહુ’ની સંભાળ રાખે, તેની પ્રસૂતિ કરાવે.

પણ મનહરલાલે સાથે જવાની ચોખ્ખી ના પાડી દીધી. તેમણે કહ્યું, “બેટા શ્યામ, એક આખું વર્ષ તો હું મારા હર્ષથી દૂર નહિ જ રહી શકું. વળી, મારી તબિયત પણ નરમગરમ જ રહે છે. જો તેમાં કંઈ વધુ તકલીફ થાય તો તમારા બધાંની મુશ્કેલીઓમાં વધારો જ થવાનો. પણ જો તારી માને આવવું હોય તો તને ઇચ્છા હોય તો સાથે લઈજા.”

એવું ઠરાવવામાં આવ્યું કે બે એક માસ પછી નીલાબા અમેરિકા જવા ઊપડશે. તેમના ઉત્સાહનો તો પાર ન રહ્યો. “મને કહે કે અનિતાને ત્યાં શાની શાની જરૂર છે. એ બધું જ હું મારી સાથે લેતી આવીશ.” ખૂબ જ ઉત્સાહમાં તેમણે શ્યામને કહી રાખ્યું.

પોતાની માતાના અમેરિકાના પ્રવાસનો યોગ્ય પ્રબંધ કરીને શ્યામ પાછો અમેરિકા

ચાલી ગયો.

હવે પાછું ઘરનું વાતાવરણ વધુ અમેરિકા-કેન્દ્રી બની ગયું. પહેલાંથી જ નીલાબા એ ભૂમિનું આકર્ષણ અનુભવતાં તો હતાં. હવે તો જાણે તેનું ભૂત જ તેમને વળગ્યું. હાલતાં ચાલતાં અમેરિકાની પ્રાર્થના કરતાં હોય તેવી નીલાબાની અનંત વાતો સાંભળી સાંભળી મનહરલાલ તો વાજ આવી ગયા. પાસેના રામકૃષ્ણ મઠમાં ભેગાં થતાં બહેનોને પણ નીલાબાની અમેરિકાની થનારી યાત્રા અંગે માહિતી મળી. પાડોશીઓને પણ જાણ થઈ જ ગઈ.

નીલાબાએ કૅમ્પના હનુમાન મંદિરે જઈને પોતાની 'ડૉલર વહુ'ના કલ્યાણ માટે પ્રાર્થના કરી, વિશ્વેશ્વર મહાદેવના મંદિરે અભિષેક કર્યો. પછી સુરભિની સાથે બજારે જઈને અનિતા માટે પાંચ હજારની કિંમતની લીલી ભારે સાડી પણ ખરીદી લાવ્યાં.

બહુ શાંતિથી મીનાક્ષી તેમની વર્તણૂક જોયા કરતી હતી. આવી બધી ધમાલ તે પોતે જ્યારે ગર્ભવતી હતી ત્યારે તો કદી થઈ જ નહોતી. ન તો હનુમાન મંદિરે સિંદૂર અને તેલ ચડાવાયાં હતાં કે ન મહાદેવને અભિષેક થયો હતો. નીલાબાએ એટલું જ કહ્યું હતું "ગિરીશ અપાવે તો એક સાડી તારે માટે લઈ લેજે."

ખૂબ સ્વાદિષ્ટ વ્યંજનો તૈયાર કરવામાં આવ્યાં. અથાણાં, જાતજાતના મસાલા, ચોખાની સેવ, ચકલી, કચોરી વગેરેનો ઢગલો થયો. આ બધું પણ એટલી મોટી માત્રામાં હતું કે છેવટે તો એમ જ લાગતું હતું કે આમાંથી બહુ ઓછું જ નીલાબાથી લઈ જવાશે. ગિરીશે માને ચીડવી, "તે હેં બા, શું તમે ત્યાં જઈને ફરસાણની દુકાન ખોલવાનાં છો? તારા આ દીકરા માટે પણ તો થોડું મૂકતી જજે!"

"ગિરીશ, તને જોઈતું હોય તો મીનાક્ષીને આ બધું જ તારે માટે બનાવતાં આવડે છે. વળી અહીં તો ઘણી દુકાનો પણ છે જ્યાં ધારો ત્યારે આ મળી જાય છે. પણ અનિતા પાસે એવું કોઈ નથી જે તેને માટે આ બધું બનાવે." આમ કહેતાં તેમણે બધી જ વાનગીઓ પેક કરી લીધી.

અનિતાની માતાએ પણ તેને માટે ઘણી બધી ભેટો મોકલી.

"આમ જુઓ," નીલાબાએ પતિને કહ્યું, "આ રેશમી સાડી હું અનિતાને માટે ભેટ તરીકે લઈ જઉં છું. આ ચાર પૈઠણી સાડીઓ પણ પૂરતી થશે. તમે શું ધારો છો? વળી આવનાર બાળક માટે શું લઈ જઉં? સાદું સોનું કે પછી સોનાની ચેઇન? હું અહીં એક વર્ષ નહીં હોઉં. મીનાક્ષી, ઘરનું ધ્યાન રાખજે. જો કોઈ ત્યાં આવતું હશે તો હું મને જે કંઈ વધારે જોઈતું હશે તે માટે તને લખી જણાવીશ."

સામાન્ય રીતે સંયમ રાખતા મનહરલાલનો પિત્તો આ વાતે ગયો. "જાવ, તમારા દીકરા સાથે એક શું, પાંચ વરસ રહો! તમે કંઈ ચંદ્રમા પર જતાં નથી, હોં! તમારી જેમ હજારો લોકો વિદેશ જતાં હોય છે. જે દિવસે તમે અહીંથી જશો ત્યારે જ હું શાંતિથી સૂઈ શકીશ!"

નીલાબા રડવા માંડ્યાં.

"તમે તો મને ક્યાંય ફરવા લઈ નથી ગયા. એ મારું સદ્ભાગ્ય છે કે મને શ્યામ જેવો દીકરો છે જે છેક અમેરિકા મને લઈ જાય છે. જો મારું કુટુંબ જ મને કેવળ ઈર્ષાથી આવી રીતે ત્રાસ કરે તો હું ક્યાં જાઉં?"

મનહરલાલ પગ પછાડતા ઘરની બહાર નીકળી ગયા અને મીનાક્ષી બીજા ઓરડામાં સરકી ગઈ. પોતાની ગર્ભાવસ્થા દરમિયાન અને પછી પણ નીલાબાએ તેની સાથે કેવી વર્તણૂક વ્યવહાર રાખ્યાં હતાં તે એને ફરીથી યાદ આવી ગયાં. નામકરણ વિધિમાં

હર્ષને એકસો રૂપિયાની ભેટ મળી હતી. અને અહીં તો નીલાબા હજી જન્મ્યોય નહોતો એવા બાળકની વાત માત્રથી ઉત્તેજિત થતાં હતાં! પીડાકારક સ્થિતિ હતી!

નીલાબા અમેરિકા જાય તે પહેલાં સુરભિ તેના પતિની સાથે તેમને મળવા આવી. અનિતા માટે પોચમપલ્લી રેશમી સાડી અને આવનાર બાળક માટે પણ ખૂબ બધાં રમકડાં તે લઈ આવી હતી. તે રાત્રે સુરભિએ નીલાબાને કહ્યું, "બા, મારો પતિ પણ અમેરિકા જવાનું વિચારે છે, અને ત્યાં નોકરી કરવા ઇચ્છે છે."

ઉત્સાહિત થઈને નીલાબાએ ઉત્તર આપ્યો, "અચ્છા, બહુ સરસ! હા, તમે બન્ને, તું અને સુરેશ આવી પહોંચજો. હું એક વર્ષ તો ત્યાં છું જ ને!"

"બા, એવું સાવ નથી. જો એક પરીક્ષા પાસ કરે તો જ તેમને નોકરી મળી શકે તેમ અને તેને માટે એક આખું વર્ષ જાય છે."

"આવું તને કોણે કહ્યું?"

"એમણે જ તો કહ્યું. લગ્ન પહેલાં જ એમણે આ બધી માહિતી ભેગી કરી હતી."

"તારો વર તો ભઈ બહુ હોશિયાર! તું ચિંતા ન કરતી. તે સરળતાથી પરીક્ષા પાસ કરી લેશે."

"બા, એને માટે પણ અમારે ખૂબ બધા પૈસાની જરૂર છે! પ્રવાસનો ખર્ચ તો ખરો જ, ત્યાં પણ અમારે એકાદ વર્ષ રહેવું પડે, અને તે પણ ખર્ચાળ વાત થઈ જાય."

ખૂબ જ આત્મવિશ્વાસ સાથે નીલાબાએ કહ્યું, "તો તમે શ્યામની સાથે રહી શકશો, એવી મારી ખાતરી છે. એક વર્ષ તમારા રહેવાનો ખર્ચ ઉપાડવામાં તેને કશો વાંધો નહિ આવે. બીજું, તમને તે વિમાનની ટિકિટો પણ આપશે. તમને જ્યારે નોકરી મળે ત્યારે તમે તેને બધા પૈસા પાછા વાળી દેજો."

થોડી શંકા સાથે સુરભિ બોલી, "કદાચ શ્યામ આ માટે તૈયાર થાય, પણ શું અનિતાભાભી હા પાડશે?"

"અરે, એમાં કશી શંકા નથી." નીલાબાએ ભારપૂર્વક કહ્યું, "તે તો એક બહુ ખાનદાન કુટુંબમાંથી આવે છે, અને ઊંચા આદર્શો સાથે ઊછરી છે. વળી ઘણી ઉદાર તો છે જ. વળી, તેને તારી કંપની પણ મળી જ રહેશે ને? અને સુરેશ તો વળી આપણા કુટુંબનો એકનો એક જમાઈ જ તો છે વળી!" માટે જ તેની સાથે પણ અનિતા સારી રીતે જ વર્તશે. હું શ્યામ અને અનિતાને વાત કરી રાખીશ, અને તમને લોકોને મદદ કરવાનું પણ કહીશ."

માતાએ અપાવેલી ખાતરીથી સંતોષ પામીને સુરભિ નિરાંતની નિદ્રામાં પોઢી ગઈ.

બીજે દિવસે મનહરલાલને આ યોજનાની વાત કરવામાં આવી, ત્યારે તેમણે પત્નીને ચેતવણી આપતાં કહ્યું, "તમે આ બધા ડખામાં ન પડતાં. શ્યામના અને આપણી ફરજ હતી કે સુરભિનાં લગ્ન કરાવી આપવાં. પણ શ્યામના ઘરમાં તેમણે રહેવું કે નહિ, વગેરે બાબતો કંઈ કહો છો તેટલી સરળ નથી. શ્યામને આમ કર કે તેમ કર કહેનારાં વળી આપણે કોણ? બીજા લોકોની વ્યક્તિગત બાબતમાં આપણે માથું ન મારવું."

"અરે પણ શ્યામને તો તેના બનેવીને જ મદદ કરવાની છે. જો આપણે કહીશું તો તે શું ના પાડવાનો છે? અને આમ પણ એકાદ વર્ષ પછી તો સુરેશ નોકરીએ લાગી જ જશે ને? એક વર્ષની જ તો વાત છે."

"એ દેશમાં આવા રિવાજો છે કે નહિ, રામ જાણે!"

"તે તમે વળી અમેરિકા ક્યાંથી જોયું હોય? ગમે તેમ બોલશો નહિ. આ બાબતે હું ચોક્કસ અનિતાને વાત કરવાની જ છું." પોતાના પતિને નીલાબાએ ચોખ્ખું સુણાવી દીધું.

૧૮

નીલાબાને અમેરિકા જતી વખતે સથવારો પણ મળી ગયો. એક પતિ- પત્ની જે અમદાવાદનાં જ વતની હતાં તેઓ પણ અમેરિકા જતાં હતાં.

તેમનો પ્રવાસ ઘણો સરળ અને સુખદાયી રહ્યો. અમદાવાદ-મુંબઈ- ન્યૂયોર્ક- ઓમાહા જેવો તેમનો પ્રવાસનો માર્ગ હતો. વિમાનમાં તેમને નિરામિષ ભોજન આપવામાં આવ્યું છતાં તેને તેમણે હાથ સુધ્ધાં લગાડ્યો નહિ, તેથી ભૂખ્યાં રહેવું પડ્યું. તેમણે કેવળ ફળોનો જ્યૂસ જ પીધા કર્યો. ભારતમાં તો સ્નાન કર્યા વિના તે કદી ભોજન કરતાં નહોતાં, પણ આ લાંબી યાત્રામાં તો તેમ કરવું અશક્ય જ હતું.

વિમાનમાં બેસવાનો તેમનો આ પહેલો પ્રસંગ હતો. બધું જ તેમને માટે નવું અને ખૂબ જ વિસ્મયકારક હતું. તેમની મૂંઝવણ સમજી જતાં, તેમના સાથી પ્રવાસી યુગલે તેમને કેટલીક જરૂરી વાતો સમજાવી દીધી, જેમ કે બાથરૂમનો ઉપયોગ કેવી રીતે કરવો, સીટ ઉપરનો પટ્ટો કેવી રીતે બાંધવો, વગેરે.

આ બધી મુશ્કેલીઓને તો તેઓ એ જ ક્ષણે ભૂલી ગયાં જ્યારે તેમણે પોતાના વહાલા દીકરાને ઍરપૉર્ટ પર લેવા આવેલો જોયો. શ્યામે માનો સામાન લઈ લીધો અને પછી તેને ગાડીના બૂટમાં મૂકી દીધો. આટલી સરસ ગાડી જોઈને નીલાબા તો ખૂબ જ ખુશ થયાં અને ગૌરવથી તેમની છાતી ફૂલી ગઈ. તેમણે પૂછ્યું, “અમને અનિતાએ જે ગાડીનો ફોટો મોકલ્યો હતો, તે જ આ ગાડી છે?”

“હા, બા.” શ્યામે ઉત્તર આપ્યો.

“અનિતા કેમ આવી નહિ?”

“તેને ઑફિસે જવાનું હતું. તેને પાછાં ફરતાં પણ ઘણું મોડું થાય છે.”

“અરે, પ્રસૂતિનો સમય આટલો નજીક છે, છતાં તે હજી ઑફિસે જાય છે?”

“અહીં તો બા, પ્રસૂતિના દિવસ સુધી સ્ત્રીઓ કામ પર જતી હોય છે.”

ખૂબ જ વૈભવી ગાડીમાં પીઠ ટેકવીને નીલાબા બેસી ગયાં. શ્યામ તેમની સીટનો પટ્ટો બાંધવા નમ્યો.

મોં બગાડીને નીલાબાએ કહ્યું, “હું કંઈ નાની છોકરી છું કે સીટ ઉપરથી સરકી પડીશ? આ પટ્ટો છોડી નાખ.”

“ના, બા. આ તો આ દેશનો કાયદો છે.”

નીલાબાએ ધાર્યું હતું કે અનિતા આદરપૂર્વક તેમને લેવા ઍરપૉર્ટ આવશે. એ દુ:ખની વાત હતી કે આ કલ્પનાનું ચિત્ર ટુકડે ટુકડા થઈ ગયું હતું. એક આઘાત એમને જરૂર લાગ્યો, કારણ કે જ્યારે જ્યારે અનિતા ભારત આવી હતી ત્યારે ત્યારે તેઓ પોતે ઍરપૉર્ટ તેને લેવા ગયાં હતાં, ભલેને પછી લાંબો સમય રાહ જોવાની કેમ ન હોય. કેટલીક વાર અનિતાની ખુદની માતા એને લેવા નહિ આવી હોય, પણ નીલાબા અચૂક જતાં.

બારીમાંથી બહાર નજર કરતાં અમેરિકાનાં દૃશ્યો ઝડપથી પસાર થતાં જણાયાં. “અચ્છા, તો આ છે અમેરિકા.” તેમણે વિસ્મયથી વિચાર્યું. લાંબા- પહોળા રસ્તાઓ, આસપાસ મોટાં વૃક્ષો અને કંઈ કેટલીય ગાડીઓ. ગાડીની બહારનું તાપમાન લોહી થિજાવી દે તેટલું ઠંડું હતું, પણ ગાડીમાં તો ગમી જાય તેવી ઉષ્મા હતી.

આ દેશ અને ભારત વચ્ચે કેટલો બધો તફાવત હતો! કોઈ ભીડ નહિ, સાઈકલો વચ્ચે ઘૂસ મારે નહિ, કોઈ ગાયો, બળદો, ઊંટગાડીઓ કે હાથલારીઓ પણ નહિ! કેવળ ખૂબ જ ઝડપથી ચાલતી ગાડીઓ, ગાડીઓ અને હજી વધુ ગાડીઓ! પુરાણોમાં જાતજાતના 'લોકો'નું વર્ણન થયું છે: નાગલોક, યક્ષલોક, કિન્નરલોક, પાતાળ લોક. આ કયો 'લોક' હશે? તેમણે એ જ સમયે શ્યામને બોલતો સાંભળ્યો એટલે આ વિચારધારા અટકી ગઈ.

એ પૂછી રહ્યો હતો, "ઘરે બધાં કેમ છે? હર્ષ કેમ છે?"

"અરે, એ તો બહુ તોફાની થઈ ગયો છે. હું આવી રહી હતી ત્યારે મારી સાડીનો પાલવ ખેંચ્યા જ કરતો હતો અને આગ્રહ કરતો હતો કે તે પણ મારી સાથે જ આવશે. પણ પછી જ્યારે તેણે જાણ્યું કે બાપુ તો નથી આવતા, તો તરત પોતાનો આગ્રહ પણ તેણે પડતો મૂકી દીધો! દાદાની આંખનું તો એ રતન બની ગયો છે!"

"હર્ષ બહુ ભાગ્યશાળી કહેવાય. તેને પોતાનાં દાદા-દાદી બન્નેનો પ્રેમ મળે છે. બાપુ પણ જો તમારી સાથે અહીં આવ્યા હોત તો બહુ સારું થાત."

"પણ તું તો એમનો સ્વભાવ જાણે છે ને! એમને તો કશામાંયે રસ નથી. અહીં આવીને આ બધો વૈભવ તે પોતાની આંખે જોઈ શક્યા હોત, પણ તેને બદલે તેમણે તો તટસ્થ જ રહેવું પસંદ કર્યું છે. અચ્છા, કહે તો ખરો, અનિતાને બાળક આવવાની કઈ તારીખ આપી છે?"

"કદાચ આવતા અઠવાડિયે. હવેથી તે ઘેર જ રહેશે. એક બાળકી અવતરશે અને ડૉક્ટરો કહે છે કે ગર્ભમાં બાળક સારી રીતે ઊછરી રહ્યું છે."

નીલાબા ખૂબ જ નિરાશ થયાં. "તું કુટુંબનો મોટો દીકરો છે. તને જો દીકરો આવ્યો હોત તો બહુ સારું થાત."

"પણ આપણે કંઈ ભગવાન રામ જેવા મોટા રાજા છીએ? આપણને કુંવર આવે તેવી શી જરૂર ભઈ? બા, આપણે સામાન્ય માણસો જ છીએ. મને એટલી જ ઇચ્છા છે કે બાળક નૉર્મલ હોય."

પણ એક ગામડામાં ચોથા ધોરણ સુધી જ ભણેલાં નીલાબાને આ તર્કમાં શું સમજ પડે?

મોટી લૉનની પાછળ ઊભેલું ખૂબ મોટું મકાન તેમણે જોયું. હરિયાળી લૉનની આસપાસ ફૂલોના અને અન્ય છોડો પણ હતા. વચ્ચેથી ગાડી હાંકી શકાય તે માટે સિમેન્ટનો એક રસ્તો પણ હતો. નીલાબા વિચારતાં હતાં કે આવી કઈ ઑફિસ હોઈ શકે; પણ ત્યાં તો શ્યામે કહ્યું, "બા, નીચે ઊતરો. ઘર આવી ગયું."

તો આ શ્યામનું ઘર હતું? આટલો સરસ મહેલ? શાસ્ત્રીનગરમાં નાનકડા ૩૦ × ૪૦ ફૂટના ઘર સાથે આની સરખામણી કેવી રીતે થઈ શકે?

ઘરના દરવાજે નીલાબા પહોંચ્યાં. તેમના તો માન્યામાં જ ન આવ્યું કે જે સ્ત્રીએ દરવાજો ખોલ્યો તે ખરેખર તેમની પુત્રવધૂ અનિતા જ હતી! સુરભિના લગ્ન વખતે જોયેલી અનિતા ક્યાં હતી જે રેશમી સાડીઓ અને ઘરેણાંમાં સાક્ષાત્ લક્ષ્મીદેવી જેવી જણાતી હતી? આ અનિતા તો સહેજે તેવી નહોતી દેખાતી, કોઈ દૃષ્ટિએ નહિ!

નાના વાળ, ઢીલો ગાઉન, ચાંદલા વિનાનું કપાળ, બંગડીઓ વિનાના હાથ, મંગળસૂત્ર પણ નહિ, નથણી પણ નહિ — કોઈ માછણ જેવી લાગતી હતી! એક જ સ્વીકાર્ય તફાવત એ હતો કે તેની ત્વચા વધુ ગોરી લાગતી હતી.

અનિતાએ હસીને પૂછ્યું, "બા, કેમ છો તમે?"

"મજામાં છું." નીલાબા બોલ્યાં અને ઘરમાં દાખલ થયાં.

પણ તેમને જે સ્વાગત મળ્યું તે તેમણે ધારેલું હતું તે કરતાં ઘણું જ જુદું નીકળ્યું. તેમને હતું કે તેમની પાસે આવતાં જ વહુ નીચી નમીને પગે લાગશે. એ વખતે આશીર્વાદ આપવા માથે છાંટવાના અક્ષત તેમણે પોતાની પર્સમાં હાથવગા પણ રાખ્યા હતા. તેમણે એમ પણ ધારેલું કે અનિતા તો લીલી રેશમી સાડી અને સોહાગણના અન્ય બધાં ચિહ્નો સાથે તૈયાર થઈને તેમનું સ્વાગત કરશે. પણ વાસ્તવ કડવું અને તદ્દન અણધાર્યું હતું.

અનિતા ઘરની અંદર ગઈ. એક કીમતી સોફા પર બેસીને નીલાબા ઘર પર ધ્યાન આપવાં લાગ્યાં. એક ધનવાનના ઘર જેવું આ ઘર હતું — કીમતી, ગાલીચાઓ, સુંદર પડદાઓ, મોટું ટી.વી., સુખડ અને ચાંદીમાંથી બનાવેલી કલાત્મક ચીજોને દર્શાવતું કબાટ, અને એવું ઘણું જણાયું જેથી એક ધનિક કુટુંબની જીવનશૈલી નજરે ચડે. એક મસમોટું ઝુમ્મર પણ બેઠકરૂમમાં લટકતું હતું. અમદાવાદમાં કૃષ્ણકાન્તના મકાન કરતાં પણ આ ઘર ઘણું વધારે ભવ્ય હતું!

"બા, તમારે માટે ચા મૂકું?" અનિતાએ પૂછ્યું.

"ના, હમણાં નહિ. સ્નાન પહેલાં હું ચા પીતી નથી. પહેલાં મને બાથરૂમ બતાવ."

બાથરૂમ પાસે જ્યારે નીલાબા પહોંચ્યાં અને અંદર જે જોયું તેથી ઘણાં વ્યથિત થઈ ગયાં. "અરે, અહીં તો બાથરૂમમાં જ સંડાસ પણ છે! અહીં સ્નાન કરેલું હોય તો પૂજા માટે ન ચાલે! સંડાસ વિનાનું બાથરૂમ મને બતાવ."

અનિતાએ શ્યામની સામું જોયું. માતાને તેણે સમજાવતાં કહ્યું, "બા, અમેરિકામાં આ બે ચીજો અલગ અલગ ન હોય. નહાવાનું અને સંડાસ સાથે સાથે જ હોય. અમારા ઘરમાં બધા જ બાથરૂમોમાં આમ જ છે."

"તારું કહેવાનું એમ છે કે તારે ત્યાં ઘણા બાથરૂમો છે? એક ઘરમાં એક જ બાથરૂમ એવું નથી?"

"ના, બા! અહીં એવું કશું નથી. અમારા આ ઘરમાં ત્રણ બાથરૂમો છે. તમે તમારે આંખો મીચીને સ્નાનથી પરવારી જ લ્યો. એમ જ માની લ્યો કે સંડાસનું કમોડ અહીં છે જ નહિ."

"શ્યામ, આ બાથટબમાં તો મેં કદી સ્નાન કર્યું નથી. મને ડોલ આપ. તે જ હું ટબમાં ગોઠવીશ અને પછી નાહીશ."

પણ ઘરમાં કોઈ ડોલ હતી જ નહિ અને શ્યામે નોંધી લીધું કે કોઈ 'ઇન્ડિયન સ્ટોર'માંથી હવે તેમણે બા માટે ડોલ લાવી આપવાની છે. અત્યાર પૂરતું તો ઘરનું સૌથી પહોળું ને મોટું વાસણ લઈને તેમાં ગરમ પાણી ભરી આપવામાં આવ્યું અને કામ ચાલ્યું.

આમ એક અસંતોષજનક સ્નાન કરી લઈને જ્યારે નીલાબા કપડાં પહેરીને બહાર આવ્યાં તો જોયું કે ઘરની બહાર તો અંધારું થઈ ગયું હતું. તેમણે ઘડિયાળ સામે નજર નાખી — અરે, હજી તો ચાર જ વાગ્યા હતા! ખૂબ જ આશ્ચર્યથી એમણે પૂછ્યું, "હેં શ્યામ? આટલું વહેલું અંધારું અહીં થઈ જાય?"

"હા, બા, શિયાળામાં આમ જ થાય."

ચા પીને શ્યામે તેમને ઘર બતાવ્યું. તે બોલ્યો, "અમારું ઘર તો સામાન્ય જ છે. બા સૂવા માટે ફક્ત પાંચ ઓરડા અને બે ગેરેજ છે."

દરેક ઓરડામાં રેશમી, સુંવાળી જાજમ પાથરેલી હતી. ગાદલાં પણ ઘણાં નરમ હતાં. ડ્રેસિંગ ટેબલ ખૂબ સ્ટાઇલીશ હતાં. અને છતાં શ્યામે ઘરને 'સામાન્ય' કહેતો હતો? ખરેખર આશ્ચર્યની વાત! પોતાને થયેલા ઊંડા સંતોષને વ્યક્ત કરતાં નીલાબા બોલ્યાં,

"બેટા, તારું ઘર તો મોટા મહેલ જેવું છે!"

"ના, બા, અહીં તો બધાં પાસે આવાં જ ઘરો હોય છે. જ્યારે બાપુ અમને શાળામાં સંસ્કૃત ભણાવતા હતા, ત્યારે તેમણે જે એક વાત કહેલી તે મને હજી યાદ છે. તેમણે કહ્યું હતું કે મલય પર્વતોમાં રહેનારી આદિવાસી સ્ત્રીઓ ઘરનો ચૂલો સળગાવવા માટે પણ ચંદનનાં કીમતી લાકડાં વાપરતી હતી. એ જ વાત અહીં પણ છે. અહીં આ બધી વસ્તુઓ ખૂબ જ સામાન્ય ગણવામાં આવે છે."

નીલાબા આનો પૂરેપૂરો અર્થ સમજી તો ન શક્યાં, પણ પછી અનિતા તેમને રસોડામાં લઈ ગઈ. રસોડું કેટલું ચોક્ખું હતું! જાણે નવું જ બનાવેલું હોય. એક માઇક્રોવેવ, ગૅસનો મોટો ચૂલો, ગ્રાઇન્ડર, મોટું ફ્રિજ, બધું જ તો ત્યાં હતું.

નીલાબાએ પૂછ્યું, "હવે તું કેટલો વખત કામે જવાની છો, અનિતા?"

"બસ, એક જ દિવસ — કાલનો. પછી હું રજા માગી લઈશ. પછી તો જ્યારે બાળક બે મહિનાનું થશે, ત્યાર પછી જ ફરી ઑફિસે જવા માંડીશ."

"પણ બાળક આવે પછી તારે ફરી ઑફિસે જવાની શી જરૂર છે! ગિરીશ બહુ મોટી નોકરી નથી કરતો, એટલે જ તો માતા બન્યા પછીય મીનાક્ષીએ નોકરી કરવી પડે છે, પણ તારી પાસે તો કશાનીય કમી નથી. મહેલ જેવું તો તારું ઘર છે. એક નહિ પણ બે બે તો ગાડીઓ છે. તો પછી તારે ફરી નોકરી કરવાની શી જરૂર છે?"

ફરી અનિતાએ શ્યામ સામું જોયું. શ્યામે કહ્યું, "બા, એક બકરાની જેમ હાથીએ પણ પોતાનું વજન પોતે જ ઊંચકવું પડે છે. મને જ ખબર છે કે અમારી આર્થિક સ્થિતિ કેવી છે. આ રાચરચીલું, ગાડી, ઘર સુધ્ધાં અમે હપ્તાઓ ભરીને ખરીદી રહ્યાં છીએ. હપ્તાઓ દર મહિને ભરવા પડે, તે તો તમે જાણો છો ને! તમે અહીં બાળકની કાળજી લેવા આવ્યાં છો. તો ઘેર બેસીને કશું ન કરવાથી તો અનિતાને કંટાળો જ આવશે. તો ભલે એ કામે જતી. આપણે પછી જોઈશું આ બાબતે શું નક્કી કરવું તે, હોં!" આમ ચર્ચા બંધ થઈ.

આમ તો નીલાબાને સર્વપ્રથમ જ ખબર પડી કે હપ્તાની દુનિયા કેવી હોય. આપણા દેશમાં પણ આવી પ્રથા આવે તો કેટલું સારું; તેમણે વિચાર્યું. પછી અમે પણ સારી સારી ચીજો પહેલાં ખરીદી લઈએ, અને રાજાની જેમ રહીએ.

બીજે દિવસે શ્યામ અને અનિતા બન્ને નોકરીએ જતાં રહ્યાં અને આવડા મોટા ઘરમાં નીલાબા એકલાં પડ્યાં. હજી તો તેમને મુસાફરી દરમિયાન થયેલા સમયફેર સાથે પણ તાલમેળ બેસાડવાનો હતો. હજી તેમના શરીરમાં તે તાલમેળ થયો નહોતો.

સુરભિ સાથે થયેલી વાતચીત તેમને યાદ આવી. "આટલું મોટું ઘર છે", તે વિચારવા લાગ્યાં, "અનિતા ના નહિ જ પાડે. અનિતા અને તેના બાળકને માટે પણ સુરભિ ખૂબ મદદરૂપ થશે. આમ પણ તેને બાળકો ગમે છે. તે જ્યારે અમદાવાદ આવે છે ત્યારે હર્ષને એક મિનિટ માટે એકલો છોડતી નથી જ ને. શ્યામ પણ ના નહિ જ કહે."

પોતે જ્યારે સગર્ભા હતાં તે દિવસોની તેમને સ્મૃતિ થઈ આવી. શ્યામ આવવાનો હતો તે વખતે પોતાની માતાને ઘેર તેઓ પ્રસૂતિ માટે ગયાં હતાં. બહુ થોડા જ મહિના ત્યાં રહેલાં નહિ — પૂરાં બે વરસ ત્યાં રહ્યાં હતાં! આનું અલબત્ત એક કારણ એ હતું કે મનહરલાલે કોઈ વિશેષ પ્રશિક્ષણ માટે એક વર્ષ બહાર રહેવાનું હતું, અને તેમનાં માતાપિતા તો અગાઉ જ ગુજરી ગયાં હતાં. એથી જ એમના ભાઈ અને ભાભીએ બે વર્ષ માટે તેમને રાખ્યાં અને જ્યારે પતિને ઘેર તેઓ પાછાં ફરતાં હતાં ત્યારે એક નવી સાડી પણ ભેટ આપી હતી. પોતાની સ્થિતિ સારી ન હોવા છતાં તેઓ ખૂબ ઉદાર હતાં. એ

દૃષ્ટિએ તો શ્યામ અને અનિતાએ ના કહેવાનું કશું કારણ જ ન હતું.

જો સુરભિ પણ અહીં આવી જશે, તો મારાં બે બાળકો અમેરિકાના રહેવાસી બનશે. પછી મને જ્યારે મન થશે ત્યારે હું અહીં આવીશ અને જ્યાં સુધી મન હશે ત્યાં સુધી અહીં રહીશ." સ્વપ્નોમાં સરી જતાં નીલાબાએ વિચાર્યું.

એક અઠવાડિયું વીતી ગયું. શ્યામ તેમને ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં લઈ ગયો. અદ્ભુત દુકાન હતી! કેટલો ચોખ્ખો માલ! કેટલાં સરસ શાકભાજી! કેટલી બધી જાતનાં ફળોના રસો! દહીં, દૂધ, છાશ અને વળી પાન પણ અહીં મળતાં હતાં! આ બધું બહુ જ અદ્ભુત હતું — સિવાય કે અહીં જ માંસ પણ વેચાતું હતું!

બેથી વધુ આંખોની જરૂર પડે, આટલું બધું જોવા માટે તો, તેમને થયું.

એક અઠવાડિયામાં નીલાબા બધી ચીજો વાપરતાં શીખી તો ગયાં — ગૅસ પર ખાવાનું રાંધવાની પદ્ધતિ, ફ્રીઝરમાં તેને કઈ રીતે ગોઠવવું, માઇક્રોવેવમાં ગરમ કઈ રીતે કરવું, વિવિધ મશીનો કઈ રીતે વાપરવાં. જે એક કામ તેમને સખત નાપસંદ હતું તે હતું વાસણ ધોવાનું. આટલી બધી ગરીબીના દિવસોમાં પણ તેમણે વાસણો કદી હાથે માંજ્યાં નહોતાં, એ માટે નોકર તો મળી જ રહેતો, પણ અમેરિકામાં તો તમને નોકર જ ન મળે. એટલે ડીશવોશર અને વૉશિંગ મશીન કઈ રીતે વાપરવું તે તેમણે શીખવું પડ્યું. તે તેમણે જોકે ઝડપથી અને સરળતાથી શીખી લીધું.

નીલાબાની ઇચ્છા હતી કે પ્રસૂતિની પીડા ઊપડે તે પહેલાં સીમંતવિધિ કરવી. તેમણે અનિતાને કહ્યું, 'હું તારે માટે એક લીલી રેશમી સાડી લાવી છું. સુરભિએ પણ લીલી બંગડીઓ મોકલી છે, અને એક પોચમપલ્લી સાડી પણ. તું બેચાર સ્ત્રીઓને આમંત્રણ આપી દે. હું વિધિ કરીશ અને પછી તને એ સાડીઓ ભેટ આપીશ."

અનિતાએ સાસુના સૂચનને આવકાર્યું નહિ. "બા, કામકાજના દિવસે કોઈ આવે નહિ. નામકરણ વખતે આપણે સહુને બોલાવીશું." એટલું ઓછું હોય તેમ, તેને માટે લાવેલી સાડીઓના બૉક્સને તેમણે ભગવાનની સામે ભેટ આપી, ત્યારે તેણે બૉક્સ ખોલીને ભેટ જોવા જેટલી પણ તકલીફ લીધી નહિ! ખૂલ્યા વિના જ બૉક્સ બાજુ પર પડી રહ્યું.

પ્રસવપીડા ઊપડી ત્યારે અનિતા ચીસો પાડવા લાગી. ડૉક્ટરે જે તારીખે પ્રસૂતિનો અંદાજ રાખ્યો હતો તે જ તારીખે આ પીડા ઊપડી. નીલાબાએ સાંત્વન આપવા માંડ્યું, "થોડું સહન કરી લે, બેટા. મેં પણ બાળકોને જન્મ આપ્યા છે. આ દુ:ખ સહુએ સહન જ કરવાનું છે." પણ આવા શબ્દો ન અનિતાના દુ:ખને ઓછું કરી શક્યા, ન તેની ચીસોને ધીમી કરી શક્યા.

તે જ વખતે શ્યામ ઘેર આવી પહોંચ્યો અને અનિતાને ગાડીમાં બેસાડી. નીલાબાએ કહ્યું, "હું પણ તારી સાથે આવું."

"ના બા, એ લોકો એકલા મને જ અંદર જવા દેશે. બાળક આવે કે તરત જ હું તમને ફોન કરી દઈશ."

શ્યામ અને અનિતા હૉસ્પિટલ જવા ઊપડી ગયાં. હૉસ્પિટલમાં સીમિત જ લોકોથી જવાય. એ આખી વાત નીલાબાને માટે નવી હતી, પણ તેમણે ધાર્યું કે આ જ સામાન્ય પ્રથા હોવી જોઈએ. તેથી તેઓ ઘરમાં ગયાં અને ફોન પાસે બેસીને રાહ જોવા લાગ્યાં, અને આતુરતાથી બાળક અવતરવાના સમાચારની રાહ જોઈ રહ્યાં. રાહ જોતાં જોતાં તેમણે અંબામાતાની અને વિશ્વેશ્વર મહાદેવની પણ સ્તુતિ કરવા માંડી જેથી અનિતા અને તેના બાળકની રક્ષા થાય.

ત્યાં ફોનની ઘંટડી વાગી. શ્યામે કહ્યું, "બા, બેબી આવી છે. બધું નૉર્મલ છે અને પ્રસૂતિ પણ સરળતાથી થઈ છે."

સાંજે શ્યામ તેમને તેમની વહુ અને પૌત્રીને જોવા લઈ ગયો. બેબી તો બહુ જ દૂબળી, પાતળી અને સહેજ ભીને વાન હતી, તેની માની જેમ. બીજાં ગોરાં બાળકોની સાથે મૂકેલી હોવાથી વળી વધારે જ કાળી લાગી.

પ્રસૂતિના ત્રીજા દિવસે અનિતા ઘેર પાછી ફરી. નીલાબા દસ દિવસના ઉપવાસ કરી રહ્યાં હતાં અને પરિણામે સહેજ ચીડિયાં બની ગયાં હતાં. છતાં ઘરમાં બાળક હોય તેથી ખુશી પણ હતાં!

બેબી માટે એક રૂમ જુદો સજાવાયો. ભારતમાં વપરાતાં ઘોડિયાં કરતાં અહીં જુદી જાતનું પારણું હતું. વળી અહીં ઘણાં બધાં રમકડાં પણ હતાં અને એક સુંદર રંગીન પડદો પણ હતો.

બેબીને રૂમમાં સૂવડાવીને જ્યારે અનિતા પોતાના બેડરૂમમાં જવા લાગી ત્યારે નીલાબાએ ધીરજ ખોઈ નાખી. "આમ જુદા રૂમમાં તો બાળક સૂઈ કેવી રીતે શકે?" તેમણે ચીડાઈને કહ્યું, "તું કહે તો હું તેની સાથે સૂઈ રહું."

"ના, તમે જ્યારે પાછાં જશો ત્યારે એ આદત મને બહુ કઠશે. અત્યારથી જ એને આ રીતે સૂવાની ટેવ પડવા દો." પોતાની સાસુને આગળ કશી દલીલ કરવાની તક આપ્યા વિના જ અનિતા પોતાના બેડરૂમમાં જતી રહી.

નીલાબાને હર્ષ યાદ આવી ગયો. છેક બચપણથી જ હર્ષ તેના દાદા સાથે સૂતો આને પરિણામે બન્ને વચ્ચે ગાઢી માયા બંધાઈ હતી, "જો આટલી નાની વયથી જ આ લોકો બાળકને છૂટું પાડી દે, અને એકલતામાં જ જીવવાની ફરજ પાડે, તો પછીથી માયાના બંધનની અપેક્ષા રાખી શકાય? આવી સ્થિતિમાં પ્રેમ અને વહાલ કઈ રીતે વિકસે?" તેમને ચિંતા થઈ.

બેબીને એક ટબમાં મૂકીને અનિતા તેને નવડાવતી હતી.

નીલાબાએ ખાસ વિનંતી કરી, "જો, મને બેબી આપ. હું તેને મસાજ કરીને નવડાવીશ. થોડું એરંડિયું આપ અને પછી હું બધું સંભાળી લઈશ. નાનાં બચ્ચાંઓને ખૂબ સારી ઊંઘની જરૂર હોય અને સારા વિકાસ માટે મજાના સ્નાનની પણ."

"ના, બા, રહેવા દો." અનિતાએ તેમનો હાથ આઘો કરતાં કહ્યું, "મને એવું બધું પસંદ નથી. એવું અહીં કોઈ કરતું પણ નથી. બાળસંભાળ વિશે મેં ઘણાં પુસ્તકો વાંચ્યાં છે, અને હું તેમાં લખ્યા મુજબ મારી છોકરીને ઉછેરીશ."

આમ તો નીલાબા નવજાત શિશુઓને સ્નાન અને મસાજ કરાવવાની કુશળતા માટે પ્રખ્યાત હતાં. આડોશી પાડોશીઓ પણ પોતાનાં બાળકોને સ્નાન કરાવી જવા માટે તેમને વિનંતી કરતાં. "તમે જેટલી સારી રીતે સ્નાન કરાવો છો, એટલું કોઈ કરાવતું નથી." તેઓ ખાસ કહેતાં. "તમને વાંધો ન હોય, તો થોડો વખત મારાં બચ્ચાંને સ્નાન કરાવી જશો? જેટલું સારું તમે કરાવો છો તેમ અમે નથી કરી શકતાં." આમ કહેતાં તો વળી તેઓ તેમના પગ પણ પકડી લેતા હતા! કોઈ એક પણ ચોપડી વાંચ્યા વિના, કેવળ પ્રેમથી પ્રેરણા મેળવીને તેમણે કેટલાં બચ્ચાંઓને સ્નાન કરાવ્યું હશે? પછીથી જ્યારે આ બચ્ચાં મોટાં થઈને મોટી પરીક્ષાઓ પણ પાસ કરી લેતાં, ત્યારે તેમની માતાઓ તેમને નીલાબા પાસે લઈ આવતાં, પગે લગાડતાં અને આશીર્વાદ માગતાં!

"તમે તેને નાનપણમાં નવડાવ્યો છે. જુઓ હવે કેટલો મોટો થઈ ગયો? એણે આ પરીક્ષા પણ પાસ કરી લીધી, બોલો!" તેમની માતાઓ ગૌરવથી કહેતી.

નીલાબા આ રીતે બચ્ચાંને સ્નાન કરાવવાની વાતને એક પુણ્યનું કામ ગણતાં હતાં અને સ્વાર્થ વિના જ હમેશાં કરતાં. હર્ષને પણ તેનો લાભ મળ્યો જ હતો. ચિંતિત થઈને તેમણે વિચાર્યું, "મીનાક્ષી તો બહુ સારું સ્નાન નથી કરાવી શકતી. હવે હું ત્યાં નથી તો બિચારો હર્ષ કોણ જાણે કેવું સ્નાન પામતો હશે?"

૧૯

અનિતાની બે મહિનાની મેટરનિટીની રજા લગભગ પૂરી થવા આવી હતી. તેણે કેટલાંક ખાસ મિત્રોને ઘેર બોલાવીને બેબીના નામકરણની વિધિ ઊજવવાનું ઠરાવ્યું.

નીલાબાએ ઉત્સાહમાં આવીને તે પાર્ટી માટે સરસ ખાવાની ચીજો બનાવવાની તૈયારીઓ કરી. એક શનિવારની સાંજે થનારી આ પાર્ટીમાં લગભગ ત્રીસેક જણાં આવવાનાં હતાં. ખાવાની ચીજો જે નક્કી થઈ હતી તેમાં મીઠો કેસરી ભાત, પૂરી-શાક અને દાળ હતાં. ખૂબ જ ખુશી સાથે નીલાબા રસોડાના કામમાં જોડાયાં.

બેબીનો જન્મ શુક્રવારે થયો હતો તેથી નીલાબાને તેનું નામ કોઈ દેવીના નામે રાખવું હતું. પણ તેમની ઇચ્છાઓ વિશે અહીં ક્યાં કોઈને ચિંતા હતી? બેબીનું નામ તો ક્યારનું નિશ્ચિત થઈ ગયું હતું — માનસી. એ જ નામે તેને હૉસ્પિટલમાંથી જન્મનું પ્રમાણપત્ર પણ અપાયું હતું.

એ તો સ્પષ્ટ હતું કે આ પ્રસંગ ઊભો કરવામાં આશય એક પ્રથા નિભાવવા પૂરતો જ હતો. ગુજરાતી બોલતાં બહુ ઓછાં લોકો મહેમાનો તરીકે આવ્યાં; ઘણાં તો મરાઠી કે પછી પંજાબી જ હતાં. થોડાં ભારતના અન્ય પ્રદેશોનાં હતાં. એ બધાં અંગ્રેજીમાં વાતચીત કરી લેતાં હતાં.

બેબી માટે જાતજાતની અને ભાતભાતની ભેટો આવી. કેટલાંક ફ્રૉક ઉપર ૫૦ ડૉલર જેટલો મોંઘા ભાવની નોંધ પણ હતી. નીલાબાને લાગ્યું કે આટલા બધા પૈસા આવા કપડાને બદલે માનસીને માટે સરસ મજાનાં રેશમી ચણિયાચોળી કે સોનાનાં એરિંગ માટે વાપરવા જોઈતા હતા!

મહેમાનો ગયા. શ્યામ ગાડી સાફ કરવા બહાર જ હતો. અનિતા થાકી હતી અને બેબીને સૂવડાવીને પોતાની એક ઉમા નામની ગુજરાતી સખી સાથે સોફા ઉપર આડી પડી પડી વાત કરી રહી હતી. નીલાબા પણ ખૂબ થાક્યાં હતાં અને આરામની તેમને પણ જરૂર હતી જ.

ત્યાં ઉમાએ કહ્યું, “અનિતા, આ વર્ષે તને બેબી આવી છે. આવતે વર્ષે જો તને બાબો આવે તો તારું કુટુંબ સંપૂર્ણ થઈ જાય.”

“ના રે ના. મારે બીજું બાળક જ જોઈએ નહિ, ભઈ!”

“કેમ! તને બીજું બાળક પોષાય તો ખરું જ વળી!”

“એનો પ્રશ્ન નથી. હું શું બીજાઓથી વધુ જુદી પડું છું! ઉમા, અમે પણ સામાન્ય માણસો જ છીએ. મને લાગે છે કે એક બાળક પૂરતું છે. એક બાળક પણ કેટલી મોટી જવાબદારી માગી લે છે, તે તો તું જાણે જ છે ને. ના, રે, બા! મને નાનું કુટુંબ જ પરવડે.”

“હા, તારી વાતે હું સંમત છું.”

“અને તને ખબર છે, મને આવું શા માટે લાગે છે?”

“જરા કહે તો ખબર પડે.”

“અમારા ઘરમાં અમે બે જ સંતાનો. મારી માને બહુ સગાંસંબંધીઓ ઘેર આવ-જા કરે તે સહેજે પસંદ નહિ. એક રીતે તો એ બધાં આપણી ‘પ્રાઈવસી’ પર જ તરાપ મારતાં હોય છે ને! તને શું લાગે છે? સગાંઓને મળવાનો સહુથી સારો સમય તો લગ્નપ્રસંગ કે

એવો કોઈ પ્રસંગ જ હોઈ શકે."

"કદાચ તું સાચી જ છે." ઉમા બોલી. "ગયા મહિને મારા બનેવી કંઈ કામના અનુસંધાનમાં અહીં આવ્યા, અને એક આખો મહિનો અમારી સાથે રહ્યા! મને ખરેખર ખૂબ જ ત્રાસ પહોંચ્યો, એ હું તને કહી શકું છું. આપણે પણ આપણી જીવવાની રીતભાત છે, અને તે તેમનાથી ઘણી જુદી પડે છે. એક આખા અઠવાડિયા માટે રાંધીને વસ્તુઓને ફ્રીજરમાં મૂકી પછી ખાઈ લેવા આપણે ટેવાઈ ગયાં છીએ. પણ તે રીત જ તેમને સહેજે પસંદ નહોતી! ભારત પાછા જઈને કદાચ એ ફરિયાદ પણ કરે કે હું તો તેમને વાસી ખાવાનું આપતી હતી. આપણી સાથે જો કોઈ બહુ લાંબો સમય આમ રહે, તો મને તો એમ જ થયા કરે કે આ માથાનો દુ:ખાવો હવે ક્યારે જશે."

"બહુ જ સાચી વાત છે, ઉમા! એમ કહે છે ને કે અતિ સર્વત્ર વર્જયેત્ એના કરતાં કોઈને ચારપાંચ ડૉલર આપી દો તો તમને નામ મળે, યશ મળે પણ જો કોઈ તમારા ઘરમાં આવીને રહે, તો તો થોડા સમય પછી તાવ જ ચડે. મારે સારું છે કે મારા દિયરને નાની પણ નોકરી છે. તે વિમાનની ટિકિટ કદી કઢાવી જ નહિ શકે, એટલે તેમનો અહીં આવવાની સંભાવના જ નથી! મારી નણંદના વરને સારી નોકરી છે — તે એક બૅન્કમાં છે. આશા રાખીએ કે તે પણ અહીં આવવાનો વિચાર નહિ જ કરે. નહિ તો અમારે તો એક વિષચક્રમાં જ ફસાઈ જવું પડે — આવવું, ભણવું, અમેરિકામાં રોકાવું, અને શું શું! ઓ ભગવાન, એ બધાંમાંથી તો અમે કદી ઊંચાં જ ન આવીએ!"

નીલાબાને તે રાત્રે ઊંઘ ન આવી. બધી વાતચીત તેમણે સ્પષ્ટ સાંભળી હતી. અનિતા પોતાના દિલની વાતો જ સ્પષ્ટ રીતે કહી રહી હતી. અને એક વાત તો દીવા જેવી ચોખ્ખી હતી — કોઈ પણ શરતે અનિતા એ વાતને માટે તૈયાર નહિ થાય કે સુરભિનો વર અહીં ભણવા આવે ત્યારે તેને ત્યાં મહેમાન તરીકે રહે. સુરભિ પણ ઘરમાં હોય તેવો તો પ્રશ્ન જ ઊઠતો નહોતો! પત્નીની ઇચ્છા વિરુદ્ધ બિચારો શ્યામ પોતાની બહેનને મદદ ન જ કરી શકે. એવું એના સ્વભાવમાં જ નહોતું. ગિરીશ જુદો હતો — કેટલીક વાર તે મીનાક્ષીનું કહ્યું સાંભળતો નહિ અને પોતે જે સાચું માને તે જ કરતો.

એક રીતે નીલાબા શ્યામની આ વાત પણ સમજી શકતાં હતાં. આવા દૂર દૂરના દેશમાં તમારી પાસે બહુ બધાં સગાંઓ નહોતાં જેની પર તમે આધાર રાખી શકો. કુટુંબ તો જ ટકે જો પતિ પત્નીને અને પત્ની પતિને અનુકૂળ થઈને રહે. એકલતાનો પ્રશ્ન તો જ ઉકેલી શકાય અને શાંતિ તથા મૈત્રીનું વાતાવરણ બને. ભારતમાં જો પતિનો પત્ની સાથે મતભેદ થાય, તો તેની માતા તેને આશ્વસ્ત કરવા તૈયાર જ હોય. લાખો વર્ષોમાં પણ તે પોતાના વહાલા, રત્ન જેવા દીકરાને તેની પત્ની પાસે પાછો જવાનું ન કહે, કે તેની સાથે સમાધાન કરવાનું પણ ન કહે. પણ અમેરિકામાં આવાં સામાજિક ધોરણો જુદાં હતાં. પતિ અને પત્નીએ એકમેકના આધારની નાજુક વ્યવસ્થા ઊભી કરવાની હતી. આથી જ અમેરિકામાં રહેતા ભારતીય પતિએ પોતાની પત્ની જે કહે તે લગભગ સાંભળી અને સ્વીકારી જ લેવું પડતું.

પોતાના કામમાં શ્યામ અત્યંત સફળ નીવડ્યો હતો, પણ તે જાણે પહેલાંનો શ્યામ નહોતો રહ્યો. જેમ એક ઊધઈ લાકડાને ખાઈ જાય, તેમ એક વણકથ્યું દુ:ખ તેનાં આંતરડાં કોરી રહ્યું હતું.

તેના કેટલાક મિત્રોનાં સંતાનો મોટાં થઈ ચૂક્યાં હતાં. તેમાંના પણ કેટલાંક એમનાં માતાપિતા માટે મોટી ચિંતાનો વિષય બન્યાં હતાં. કોઈ વાર શ્યામને લાગતું હતું કે હવે તેમણે ભારત પાછાં ફરવું જોઈએ, પરંતુ અનિતા એ વિશે વાત કરવા પણ તૈયાર નહોતી.

અનિતાને ભારત માટે તો જાણે ઘૃણા જ હતી. અહીંના સમાજમાં મળતી સ્વતંત્રતા અને સગવડોથી તે મોહિત થઈ ગઈ હતી. તેનું જીવન ખૂબ જ સારી રીતે અને સુરક્ષિત રીતે વીતી રહ્યું હતું, અને તેને એ બધું છોડી દેવાનો વિચાર સુધ્ધાં નહોતો કરવો.

શ્યામના એક મિત્રનું નામ હતું નરેશ, જેને ૧૩ વર્ષની એક દીકરી હતી. પિતાને એ વાતની ખબર નહોતી પડતી કે તે ફોન પર કોની સાથે વાતો કરતી હતી, કે કોની સાથે ઘરની બહાર જતી હતી. તે ઘેર મોડી પાછી આવે, તો નરેશનો જીવ ચિંતાથી ચૂંથાઈ જતો. તેની પત્ની શાંતિની પણ માનસિક શાંતિ હરાઈ ગઈ હતી.

એક દિવસ શાંતિએ ખૂબ જ ત્રસ્ત મનથી શ્યામને પોતાના દિલની વાત કરી.

નરેશે શ્યામને પૂછી જ લીધું, "કાલે ઊઠીને તારી દીકરી પણ 'ટીન-એજર' બનશે અને બીજી અમેરિકન છોકરીઓની જેમ 'ડેટ' ઉપર જવા માગશે, તો તું શું કરીશ? શું તને આ વિચારે જ ડર નથી લાગતો? છેવટે તો આપણે બધાં ભારતનાં મધ્યમ વર્ગનાં લોકો છીએ, અને એ વર્ગની જ નૈતિકતા ધરાવીએ છીએ"

પણ અનિતાએ એ વાત જ ઉડાવી દીધી. "એ વખતે જોયું જશે. એકાદ બે કડક તમાચાથી કામ પતી જશે અને તેનું વર્તન ઠેકાણે આવી જશે."

પણ આ બાબતે શ્યામ પોતાની પત્ની સાથે સહમત ન થયો.

"અનિતા, આપણી દીકરી નાની હોય, અને બીજી અમેરિકન છોકરીઓ જેવાં રંગરંગનાં કપડાં પણ પહેરતી હોય, તેમની જ શાળાઓમાં ભણતી હોય, તો આપણે તે વિશે ખૂબ ગૌરવ લઈએ. પણ એ જ છોકરી સહેજ વયમાં વધે અને બીજી છોકરીઓની જેવી વર્તણૂક કરવા ઇચ્છે, અને આપણે એને રોકવાની વાતો કરીએ તો તેને તે કેવી રીતે સ્વીકારવાની છે? એકબીજાથી આટલી જુદી પડતી હોય તેવી બે ભિન્ન મૂલ્ય વ્યવસ્થાનું મહત્ત્વ તે કઈ રીતે સમજી શકે?"

"હા, તો તમે તમારી દીકરીને આનંદપૂર્વક ડેટ પર જવા રજા આપશો." અનિતાએ છણકીને કહ્યું.

"ના, મારા કહેવાનો અર્થ એમ નથી. હું તો પરિસ્થિતિને નાણી રહ્યો છું. આપણે એમ તો ન કરીએ કે છોકરાંઓ અમુક બાબત અમેરિકાની દૃષ્ટિએ જુએ અને અમુક બાબતે ભારતીય દૃષ્ટિએ જુએ. આવી અથડામણને લીધે જ નરેશ આવી જટિલ પરિસ્થિતિમાં મુકાઈ ગયો છે."

અનિતા ફરી ઑફિસે જવાની તૈયારીમાં લાગી. ઘરનાં બધાં કામો તેણે પોતાની સાસુને સમજાવી દીધાં અને વળી બેબીને પણ બોટલમાંથી દૂધ અથવા જ્યૂસ કેટલું અને ક્યારે પાવું, વગેરે પણ સમજાવ્યું.

ફરી એક વાર નીલાબા પોતાને એમ કહેતાં રોકી ન શક્યાં કે "અનિતા, નાનું બાળક હોય ત્યારે માતાના દૂધની જરૂર પડે."

"બા, હું મારું જ દૂધ કાઢીને ફ્રીજમાં મૂકી જવાની છું. જરા ગરમ કરી લેજો અને બેબીને આપજો."

આવી પદ્ધતિ પણ હશે તે નીલાબાને સહેજે ખબર નહોતી!

"પણ બપોરે ઘેર આવીને તું જ તેને દૂધ કેમ ન પાઈ શકે? મીનાક્ષી તો શાળામાંથી દરરોજ બપોરે રિક્ષામાં ઘેર પાછી આવતી અને પોતાના બાળકને ધવડાવી, પાછી જતી."

અનિતાએ ટૂંકાણમાં જવાબ આપ્યો, "મીનાક્ષીની વાત જુદી છે. આ અમેરિકા છે."

શ્યામ અને અનિતા પાછાં કામે જવા લાગ્યાં. આખું ઘર શાંત હતું. જીવન નીરસ

અને કંટાળાભર્યું બનવા લાગ્યું. નીલાબા વાતોનાં વડાં કરવાની ટેવવાળાં હતાં અને કદી લાંબા સમય માટે એકલાં નહોતાં રહેતાં. તેમને તો આ દિવસો સહેજ ભયાનક પણ લાગવા માંડ્યા. મોટે ભાગે માનસી તો ઊંઘતી રહેતી, ઘરમાં પણ ઘણું કામકાજ હતું નહિ.

ઘરની બહારના રસ્તા પણ ઉજ્જડ અને નિર્જન રહેતા. શાકવાળાની જાણીતી ખૂમો કે ફૂલ વેચનારની બૂમો જેવું પણ કંઈ એ સૂનકારને દૂર કરવા માટે અહીં હતું નહિ. અમદાવાદમાં પણ કોઈ કોઈ વાર તેમને અનુભવો થયા હતા, જ્યારે જીવન તદ્દન સ્થગિત થઈ ચૂક્યું હતું એવું જણાતું હતું. પરંતુ એ મનભાવન શાંતિ અને આ ભેંકાર એકલતામાં જમીન-આસમાનનો તફાવત હતો. તેથી જ તેઓ કોઈની પણ કંપની માટે, ગમે તેની સાથે વાતો કરવા તત્પર થઈ ગયાં હતાં, અને જે મળે તેને વાતોમાં ખેંચવા પ્રયત્નો કર્યા કરતાં.

પહેલાં તો ટી.વી.નું આકર્ષણ તેમને પણ થયેલું. સુપર માર્કેટો અને ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સમાં જવાનું તેમને ગમતું. સમય જતાં તે મોહ અને આકર્ષણ ઓછાં થઈ ગયાં. ગમે તેટલો મોટો હોય, તે છેવટે તો સ્ટોર જ હતો ને? — એક દુકાન! પણ પોતે જેને માટે તલસતાં હતાં તે લોકો ક્યાં?

અમદાવાદમાં તો જેવી મીનાક્ષી ઘેર પાછી આવે કે રામજી મંદિર જવા માટે તે ઊપડી જતાં. તેમના જેવી બીજી સાસુઓ પણ ત્યાં મજાથી ભેગી થતી. પોતાની વહુઓની કૂથલી કરવામાં બધી સાસુઓને આ ઠેકાણે ખૂબ મજા પડતી, અને એવો દાવો પણ તે કરતી કે પોતે તો ઘણી સારી વહુઓ હતી, છતાં તેમને નસીબે ભયંકર વહુઓ આવી હતી. ઘરે પાછા ફરતાં સુધીમાં આવી આકર્ષક કૂથલીઓ સાંભળી, મજા કરીને નીલાબા પાછાં ઘેર આવતાં, ત્યાં સુધીમાં મીનાક્ષી રસોડાનું બધું કામ પૂરું કરી નાખતી અને વળી પથારીઓ પણ પાથરી દેતી.

પણ અહીં તો કહાની તદ્દન ઊંધી જ હતી. ઘેર આવે ત્યારે શ્યામ અને અનિતા બન્ને ખૂબ થાક્યાં હોય. (તો શું ત્યાં મીનાક્ષી નહિ થાકતી હોય? તે પણ સખત કામ કરતી હતી, પણ કોણ જાણે આજે તેઓને એવો કોઈ પ્રસંગ યાદ નથી જ્યારે મીનાક્ષીએ પોતાના થાકની ફરિયાદ સુધ્ધાં કરી હોય!) કંઈ વાતચીત કર્યા વિના જ અનિતા ફ્રીજરનું થીજેલું ખાવાનું બહાર કાઢી, માઇક્રોવેવમાં ગોઠવીને ગરમ કરી લેતી. શાંતિથી તે ખાઈને પછી દિવસ પૂરો કરી નાખતી. જો નીલાબાને બહાર જવું હોય, તો તેમણે રવિવારની રાહ જોવી પડતી.

શનિવારે અથવા રવિવારે શ્યામ તેમને બીજાં ભારતીય કુટુંબોમાં મળવા માટે લઈ જતો. મોટે ભાગે અનિતા કંઈ તેમની સાથે આવતી નહિ. આખાય અઠવાડિયાનું ભેગું થયેલું કામ તેણે કરવાનું હોય, તે માટે આ બન્ને દિવસની જરૂર રહેતી. જો શ્યામના મિત્રો ગુજરાતી બોલતા હોય, તો નીલાબા તેઓની સાથે બોલી શકતાં, પણ તેમને કેવળ ગુજરાતી ભાષા જ આવડતી. એથી અન્યભાષી મિત્રોને ત્યાં તેમણે બોલ્યા વિના જ બેસી રહેવું પડતું. ઘણા રવિવારોએ શ્યામનો મોટો સમય તો ઘરની લૉન કાપવામાં, ગાડી રીપેર કરવામાં કે એવાં કામોમાં જતો રહેતો. આમ વીક-એન્ડના દિવસોમાં તે પણ ઘણો વ્યસ્ત જ રહેતો.

“આપણે ઘેર કોઈ આપણને મળવા આવે તો કેવું સારું લાગે?” ખૂબ ઝંખનાથી નીલાબા વિચારતાં. અમદાવાદમાં કોઈ ને કોઈ તો ઘરમાં આવતું-જતું રહેતું જ — મનહરલાલના મિત્રો, વિદ્યાર્થીઓ કે પછી ગિરીશના મિત્રો. ગિરીશ સમાજસેવા પણ ઘણી કરતો રહેતો હતો, તેથી તેના મિત્રોની સંખ્યા પણ મોટી જ હતી.

“તમે ખરેખર ખૂબ જ ઉદાર યજમાનવૃત્તિ ધરાવો છો.” કેટલાંક મહેમાનો તેમની

પ્રસંશા કરતાં. ખુશ થઈને નીલાબા વળી પોતાને માટે રાખેલ ખાવાનું પણ મહેમાનોને ધરી દેતાં. કેટલીક વાર આવી ઉદારતાને કારણે મોદીનું બિલ બમણું થઈ જતું, અને ઘરના બજેટના બે છેડા સંભાળવામાં મીનાક્ષીને ખૂબ મહેનત પડતી. એ વિશે નીલાબાએ કદી ચિંતા નહોતી કરી. તેઓ તો ખુશીથી મહેમાનોને આવકારતાં જ.

અહીં વળી પરિસ્થિતિ તદ્દન જુદી હતી — જો તમારે કોઈને ઘેર જવું હોય, તો પહેલાં તો તેમને ફોન કરીને મુલાકાતનો સમય ઠરાવવાનો રહેતો. તેમને ઘેર જવાના પ્રવાસમાં લાગતો સમય પણ દુ:ખદાયી રીતે લાંબો રહેતો, કેમ કે ઓછામાં ઓછા ચાલીસેક માઈલ દૂર દૂરનાં ઘરો રહેતાં.

આ પરિસ્થિતિમાં શ્યામે એક વાર કહ્યું, “બા, મારા એક મિત્ર અને મૂળ અમદાવાદના જ એક ભાઈ છે રાધાકૃષ્ણ. પોતાની પત્ની અને એમની પુત્રી સાથે થોડા દિવસ આપણી સાથે રહેવા આવવા ઇચ્છે છે. એમાં તમને કશો વાંધો નહિ હોય એવી આશા રાખું છું.”

અનિતા જ વચ્ચેથી બોલી ઊઠી, “પણ મને રજા મળે તેમ નથી. વળી એનો અર્થ એમ થયો કે ઘણું વધારે રાંધવું પડે અને ખૂબ કામ પહોંચે. એ લોકોએ શા માટે અહીં આવીને આપણી સાથે રહેવું જોઈએ? શું આસપાસ કોઈ સારી હોટેલો નથી? આમ તો તેઓ બહુ ધનવાન છે. સારી હોટેલમાં રહેવું તેમને પરવડે જ વળી.”

નીલાબા બોલ્યાં, “ભલેને આવે. રસોડાનું બધું કામ હું સંભાળી લઈશ.” અંદરથી તો અનિતાની વાત સાંભળીને તેઓ આભાં જ બની ગયાં હતાં. આટલું મોટું ઘર છે, આટઆટલી સગવડ છે અને છતાંય તે કહે છે કે તેના પતિના મિત્રોએ હોટેલમાં જઈને રહેવું? પણ નીલાબા પોતાની આ પુત્રવધૂને સીધી રીતે આ વાત કરી શક્યાં નહિ. જો મીનાક્ષી હોત અને એણે આવું કંઈ કહ્યું હોત, તો પોતે તેને એટલી તો ખખડાવી કાઢી હોત કે તે રડવા જ લાગત! અહીં તો તેમણે નિરુપાય થઈને ચૂપ જ રહેવું પડ્યું.

૨૦

રાધાકૃષ્ણભાઈ અને તેનું કુટુંબ મહેમાન બનીને આવશે એ વિચારે જે નીલાબા માન્યામાં ન આવે એટલાં ઉત્સાહમાં આવી ગયાં.

અહીં મળતાં શાકભાજીઓ, ફળો અને અનાજ બધાં તાજાં તો રહેતાં, પણ સાથે સાથે ઊંચી જાતનાંય હતાં અને બહુ મોંઘાં પણ નહોતાં. એમણે વિચાર્યું, પોતાની વહુને પૂછ્યા વિના જ તેઓ ખૂબ બધી વાનગીઓ અને મીઠાઈઓ બનાવી કાઢશે, એની એમણે યોજના કરી લીધી.

આ વાતે જોકે અનિતા તો નારાજ હતી જ. તેને ખાતરી હતી કે જો બા અહીં ન હોત, અથવા તેમણે કામ ઉપાડી લેવાની વાત ન કરી હોત તો શ્યામે તેના મિત્રકુટુંબને રહેવા કદી ન જ બોલાવ્યું હોત. શ્યામને એ વાતનો વિશ્વાસ હતો કે ભલે તેની ઇચ્છામાં તેની પત્નીની સંમતિ હોય કે ન હોય, કે તેની માતાની સંમતિ હોય જ. આમ, અનિતાની ઇચ્છાની અવગણના થઈ તેથી તે ખૂબ વ્યગ્ર થઈ ઊઠી. પહેલી વાર એવી પરિસ્થિતિ આવી જેમાં તેની ઇચ્છાને કશું માન મળ્યું નહિ.

રાધાકૃષ્ણ એક મોટી કંપનીમાં ઊંચા હોદ્દે કામ કરતા હતા. તેમણે ખૂબ ધન જ એકઠું નહોતું કર્યું ઘણી પ્રતિષ્ઠા પણ પામ્યા હતા. તેઓની વય લગભગ ૫૫ વર્ષની હતી. તેની પત્ની સાવિત્રીએ સુંદર રેશમી સાડી પહેરી હતી, અને નીલાબાની આંખોમાં દેવી મહાલક્ષ્મી જેવી જ સરસ હતી. તેમની દસ વર્ષની દીકરી સવિતા પણ આવી હતી.

ઍરપૉર્ટ પરથી ઘેર આવ્યા બાદ નીલાબાને જોતાવેંત સાવિત્રીએ નીચા નમીને તેમનો ચરણસ્પર્શ કર્યો. ખૂબ જ સંતોષ પામેલાં નીલાબા એ જોઈને ખૂબ રાજી થયાં કે અમેરિકામાં રહેવા છતાં આ કુટુંબે ભારતના સંસ્કારો અને રિવાજો છોડી દીધા નહોતા.

બહુ સંપત્તિવાન હોવા છતાં, રાધાકૃષ્ણ અને સાવિત્રીના ચહેરા પર કંઈક દુ:ખની છાયા દેખાતી હતી. અનિતા મહેમાનો સાથે ઔપચારિક વાતો કરીને કપડાં ધોવાને બહાને ભોંયરામાં જતી રહી.

ચા-પાણી પતાવ્યા પછી શ્યામ અને રાધાકૃષ્ણ બેઠકરૂમમાં વાતો કરતા હતા અને નીલાબા રસોડા તરફ વળ્યાં. શાક સમારવાની તૈયારી કરતાં જ હતાં ત્યાં સાવિત્રી પણ તેમની પાસે આવી પહોંચી. “લાવો બા, હું શાક સમારી આપીશ. એટલું કામ તો મને કરવા દો. મને જોકે આવું કટર નહિ ફાવે. હું તો ચપ્પુથી જ કાપી લઈશ.”

ઝડપથી કામ કરતાં કરતાં સાવિત્રી નીલાબા સાથે વાતચીત પણ કરતી હતી. બન્નેને એકમેક માટે લાગણી થઈ ગઈ. રસોડામાં જે રીતે આ લક્ષ્મી જેવી બહેને નિરાભિમાની થઈને તેમને મદદ કરી, તે વાત નીલાબાને સ્પર્શી ગઈ હતી.

બધાંને નીલાબાએ પ્રેમથી જમાડ્યાં. વાનગીઓ ખરેખર સરસ બની હતી, અને તેમની રાંધણકળાનું પ્રદર્શન થઈ શક્યું હતું.

પછી માનસીને તેના પ્રામમાં મૂકીને દરરોજની જેમ બહાર ફરવા લઈ જવાની તૈયારી નીલાબાએ કરી ત્યાં જ સાવિત્રીએ પૂછ્યું, ‘હું તમારી સાથે આવું?”

“ચોક્કસ, આવો ને!”

ચાલતાં ચાલતાં, સ્વાભાવિક જિજ્ઞાસાથી નીલાબાએ પૂછ્યું, “તમને કેટલાં બાળકો

છે?"

અચાનક સાવિત્રી રડવા લાગી. નીલાબાએ માફી માગતાં કહ્યું, "મને તો કશી ખબર નથી. તમને મેં દુ:ખ પહોંચાડ્યું?"

આંસુ લૂછતાં સાવિત્રી બોલી "ના, ના. આમ પણ મારે તમને ખાનગીમાં વાત કરવી જ હતી. કદાચ એથી મારું દુ:ખ દૂર થાય! બીજા કોને કહું? મને તો સમજ નથી પડતી કે શું કરું?"

"શું થયું છે? મને કહો તો!"

"શું નથી થયું, બા! અમે અઢાર વર્ષ અગાઉ અમેરિકા આવ્યાં. આ અમારા વતન જેવો દેશ બની ગયો છે. અહીં આવ્યાં તે પહેલાં મારે શમા નામે દીકરી હતી. સવિતા પછીથી જન્મી. અહીં અમેરિકામાં અમને એ વાતનો મોટો ડર હતો કે અમારી છોકરીઓ અમેરિકન છોકરીઓ જેવી થઈ જશે. એટલે જ અમે ઘરમાં ભારતીય રીતરિવાજો માટે ખૂબ ચીવટ રાખતાં — જેમ કે દેવપૂજન, ઉત્સવો ઊજવવા, વગેરે. અમે એ લોકોને કહ્યે રાખતાં કે ભારત જ આપણું માદરેવતન છે. આપણે અમેરિકામાં કેવળ કમાણી કરવા આવ્યાં છીએ. દરેક વર્ષે અમે એમને ભારતની મુલાકાતે પણ લઈ જતાં, જેથી પોતાની માતૃભૂમિ તેમને માટે સાવ અજાણી ન રહે."

"આમ તમે ક્યાંના?"

"અમે નડિયાદ બાજુનાં. મારા બાપુજી તમાકુનો જથ્થાબંધ વેપાર કરે. મેં કૉલેજનાં બે વર્ષનો અભ્યાસ કર્યો અને નાની ઉંમરે લગ્ન થઈ ગયાં. જ્યારે શમા વીસ વર્ષની થઈ, ત્યારે અમે તેનું લગ્ન નક્કી કર્યું. તે પણ એ વખતે હજી ભણતી જ હતી."

ખૂબ નવાઈથી નીલાબાએ પૂછ્યું, "તમે વીસ જ વરસની છોકરી, જે હજી ભણતી હતી, તેનું લગ્ન ઠરાવ્યું? હવે તો આવું ભારતમાં પણ નથી થતું!!"

"વેલ, આમ તો એ કૉલેજના છેલ્લા વર્ષમાં ભણતી હતી. અમને હતું કે જો અમે તેને માટે છોકરો નહિ શોધીએ, તો તે પોતાની મેળે શોધી લેશે. તેણે એ પછી સ્વીકાર્યું કે ભારતથી આવતો જે છોકરો અમે પસંદ કરીશું તેની સાથે તે લગ્ન કરશે. તેની એક જ શરત હતી કે લગ્ન પછી પણ તે અમેરિકામાં જ રહે."

"એ તો સ્વાભાવિક છે." નીલાબા બોલ્યાં. "આટલાં બધાં વર્ષો અહીં રહ્યાં પછી તે ભારતમાં કઈ રીતે રહી શકે? તે અનુકૂળ કઈ રીતે થાય?"

"ગયે વર્ષે..." સાવિત્રી આગળ બોલી, "અમે ભારતનાં મુખ્ય અખબારોમાં લગ્નની જાહેરાત આપી. અમને ઘણો આશ્ચર્યજનક પ્રતિસાદ મળ્યો. કેટલા બધા છોકરાઓએ 'અરજી' કરી હતી! બહુ ભણેલા, પીએચ.ડી. ધરાવતા છોકરાઓ પણ હતા! બધામાંથી ત્રણ કે ચાર જણની યાદી તેણે બનાવી, અને છેવટે એક સુરેન્દ્ર નામના ઇજનેરને પસંદ કર્યો. તે ગરીબ હતો, પણ ઘણો હોશિયાર. વળી તેને કોઈ ખરાબ આદતો પણ નહોતી."

"પણ તે ગરીબ હતો તે મહત્ત્વનું નહોતું ખરું! તમારી દીકરી તો પાછી અમેરિકા આવી જવાની હતી ને?"

"હા, અમે ધાર્યું હતું કે જમાઈ અમારી સાથે રહેશે. અમદાવાદના 'ચંચળ' પાર્ટી પ્લૉટમાં ધામધૂમથી અમે લગ્ન ઉકેલ્યું. ત્રણ દિવસ સુધી પ્રસંગ ચાલ્યો હતો, અને અમે તો લગભગ પાંચ લાખ રૂપિયાનો ખર્ચ પણ ઉઠાવ્યો."

"પાંચ લાખ!" નીલાબા ડઘાઈ ગયાં.

"હા, બધા જ સંબંધીઓ માટે ભેટો પણ આપી. લગ્નમાં કોઈ કમીના રહી ગઈ એવું કોઈને લાગવા દીધું નથી. લગ્ન પતાવ્યા પછી સુરેન્દ્ર અને શમા અમેરિકા પાછાં ફર્યાં. એને

એમ.એસ.ના કોર્સમાં એડમિશન તો મળ્યું, પણ સ્કોલરશીપ ન મળી શકી. એટલે તેના અભ્યાસની બધી ફી પણ અમારે જ ભરવાની આવી. એ લોકો માટે એક જુદું ઘર પણ અમે રાખ્યું. અમે ધારેલું હવે બધું સમુંસૂતરું પાર પડશે."

પાછી સાવિત્રી રડવા લાગી.

નીલાબા ઊભાં રહી ગયાં. સાવિત્રીનો પ્રશ્ન હવે કંઈક એવો ગૂંચવાતો લાગ્યો જેમાં તેઓ કદાચ મદદ કરી ન શકે. લાચારીથી તેમણે રડતી સાવિત્રીને આશ્વાસન આપતાં કહ્યું, "બહેન, ભગવાનની મરજી આગળ આપણું શું ચાલી શકે છે? તારી જાતને શાંત રાખ, સાવિત્રી, તારા જમાઈનું મૃત્યુ વહેલું નિર્માયું હશે!"

સાવિત્રીનું રુદન એકાએક થંભી ગયું. તેણે ચીડાઈને કહ્યું, "એ લડધાને કંઈ થયું નથી! લોકો કહે છે ને કે શૈતાન જેવા માણસોનું આયુષ્ય ટૂંકું નથી હોતું? એ તો પત્થર જેવો તાકાતવર છે — જે કંઈ થયું તે મને થયું, અમને! એને નહીં! ભણવાની બીજી ટર્મ વખતે સુરેન્દ્રને સ્કોલરશીપ મળી. એ જ દુર્ભાગ્ય હતું. એ સમયથી એની નજર જ જાણે તદ્દન બદલાઈ ગઈ. બન્ને જણમાં રોજેરોજ મોટા ઝઘડા થવા લાગ્યા. એક વખત તો ખૂબ ગુસ્સે ભરાયેલા સુરેન્દ્રે એવું પણ કહી દીધું, "હું તને તારા ચહેરાના રૂપ માટે પરણ્યો નથી! તું સિટીઝન હતી માટે જ મેં તારી સાથે લગ્ન કર્યાં છે."

નિશ્વાસ નાંખતાં સાવિત્રીએ કહ્યું, "આવું સાંભળીને ખૂબ દુ:ખી થઈ ગયેલી શમાએ પણ પછી સામો એવો જ કડવો જવાબ સંભળાવ્યો, 'જો હું ન હોત તો તમે ભારતમાં એક કીડાની જેમ ગંદી નાળીમાં જ સબડતા હોત!" તમે મને પરણ્યા છો માટે જ તમારું આખું કુટુંબ મરણ જેવી બદનસીબીમાંથી બચી ગયું છે, સમજ્યા?"

આમ બન્ને વચ્ચે કડવાશ ઝડપથી વધતી ગઈ. ઝઘડા થવા લાગ્યા. છેવટે શમાએ ડિવોર્સ લઈ લીધા અને અમારે ઘેર પાછી ફરી."

"તો હવે સુરેન્દ્ર ક્યાં છે?"

"આ વાતને એક વરસ થઈ ગયું છે. તેણે અભ્યાસ પૂરો કર્યો અને ભારત ગયો છે ફરીથી લગ્ન કરવા માટે. તેને પરણવા તૈયાર થનારી છોકરીઓનો તોટો નહિ હોય, એટલું તો ચોક્કસ. ત્યાં રહેતાં લોકો પોતાની દીકરી ગમે તેને આપવા તૈયાર રહે છે, જો તે છોકરો અમેરિકા રહેતો હોય તો. પછી ભલે ને તે પટાવાળાની જ નોકરી અહીં કેમ ન કરતો હોય! હવે તો તેને સારી પત્ની મળી પણ ગઈ હશે."

"તો શમાનું શું? તે ક્યાં છે?"

"પોતાના ડિવોર્સ પછી તેણે બધો ગુસ્સો મારા પર કાઢ્યો — 'ભારતીય સંસ્કૃતિ અને લગ્નના રિવાજોના નામે તેં જ મારા સુખનું બલિદાન આપ્યું. તેં જે લગ્ન મારે માટે નક્કી કરી આપ્યું તેમાં મને કયું સુખ મળ્યું? આ ભારતીય 'એરેન્જડ મેરેજ'ની કેવી માંદી પ્રથા તેં મારા ઉપર થોપી દીધી? માંડ પાંચ મિનિટ માટે છોકરો-છોકરી મળે અને ખરેખર એકબીજાને જાણ્યા વિના લગ્ન કરી લે! મને આવાં લગ્ન માટે તેં બ્રેઈનવૉશ કરી દીધી હતી! અલબત્ત, ડૉલરના ભિખારીઓ ભારતમાં અસંખ્ય છે જ. એ લોકો તો દીકરીને કે દીકરાને કોઈ ગધેડા સાથે પણ પરણાવવા રાજી હોય જ્યાં સુધી તેની પાસે ગ્રીન કાર્ડ હોય! જુઓ, મેં તમારી વાત એક વાર માની, અને મને શું મળ્યું? મારી આખી જિંદગી વિખરાઈ ગઈ છે તમારા બન્ને કારણે અને તમારા સડેલા વિચારોને કારણે. આજ પછી હું મારું જીવન મારી રીતે જ વિતાવીશ. બરાબર મારી જ પસંદગીથી, સમજી ગયાં? આજ પછી હું જે કંઈ કરું તેમાં ટાંગ અડાવશો નહિ, હા!"

દુ:ખી થઈને સાવિત્રીએ ધીમેથી કહ્યું, "અમને તેણે કેટલાં કડવાં વેણ કહ્યાં? પછી

તો તે અમારું ઘર છોડી જતી રહી."

"હવે તે ક્યાં રહે છે?" નીલાબાએ પણ દુ:ખી અવાજે પૂછ્યું.

"મેં સાંભળ્યું છે કે બ્રાઝિલના કોઈ છોકરા સાથે તે કેલિફોર્નિયામાં કોઈક ઠેકાણે રહે છે અને એક રેસ્ટોરંટમાં વેઈટ્રેસનું કામ કરે છે."

"આવું કામ એ ક્યાં સુધી કરશે?"

"ભગવાન જાણે. આમ તો અમારું કુટુંબ બહુ ઊંચું છે! અમારા કુટુંબમાંથી કેટલાય વેદોના વિદ્વાનો પેદા થયા છે. એમ પણ કહે છે કે ધર્માચાર્યો પણ મારા દાદાની સલાહ લેવા આવતા. મારા સસરા પણ કેટલા વિદ્વાન હતા! આવા કુટુંબની છોકરી આજે આવી જિંદગી જીવે છે! મને જ્યારે જ્યારે આવો વિચાર આવે છે, ત્યારે દુ:ખથી મારા પેટમાં તેલ રેડાય છે! ભગવાન જ જાણે છે અમે કઈ રીતે જીવીએ છીએ, શા ખાતર જીવીએ છીએ અને આટલાં દુ:ખો છતાં કેમ જીવીએ છીએ!"

સંયમની પાળ દુ:ખે તોડી નાખી. આવી મોટી લાચારીની અભિવ્યક્તિ તો આંસુની ધાર જ પૂરી કરી શકે.

નીલાબા સ્તબ્ધ થઈ ગયાં હતાં અને વિક્ષુબ્ધ પણ. પોતાના જેવી, ચોથા ધોરણ સુધી જ ભણેલી બાઈ, આટલી વિચિત્ર સમસ્યાનો ઉકેલ ક્યાંથી લાવી શકે? તેમની પાસે તો આ સમસ્યાને ઊંડાણથી તપાસવાની હિંમત પણ નહોતી.

પણ તેમની પાસે સંવેદના અને કરુણા જરૂર હતી, જેથી તેઓ એ આંસુ લૂછી શકે જે આવા દુ:ખી આત્માની લાગણી વ્યક્ત કરી રહ્યાં હતા.

"શું હવે તમારી બીજી દીકરી સવિતા માટે પણ તમને ચિંતા થવા લાગી છે?" તેમણે બહુ નરમાશથી પૂછ્યું.

"હા, એમ જ છે. મોટી બહેને ઊભો કરેલો નમૂનો તેને માટે ખરાબ દાખલો બની શકે છે. રાતે ને દિવસે આ જ ચિંતા અમને કોરી ખાય છે, કે જો એ પણ એની બહેનને રસ્તે જશે તો અમે શું કરીશું? હું મારા પતિને સતત ટોકતી રહું છું કે આપણે પૂરતા પૈસા એકઠા કરી લીધા છે, અને હવે આપણે ભારત પાછાં જઈએ. અમારું અમદાવાદમાં મકાન પણ હજી છે. ત્યાં આપણે આ બીજી દીકરીને સહેજ જુદા વાતાવરણમાં ઉછેરીએ. અહીં એ રહેશે તો એનો ચહેરો આપણા જેવો રહેશે, પણ તેના વિચારો, અભિગમ અને માન્યતાઓ બીજાં અમેરિકનો જેવી થઈ જશે."

"હા, તમારી વાત સાચી છે."

"અમે અહીં શ્યામ પાસે એટલે જ આવ્યાં છીએ કે જેથી તમારી સૌની સાથે અમારું દુ:ખ વહેંચી શકીએ, અને એમ કરીનેય જો દુ:ખ થોડું ઓછું થતું હોય કદાચ! તમને મુશ્કેલીમાં તો મેં નથી મૂક્યાં ને?"

"સહેજ પણ નહિ. દુ:ખને સમયે એકમેકની મદદ કરવી એ તો આપણી નૈતિક ફરજ છે, વળી."

પણ એક ઊંડો ભય તેમના મનમાં ઊભો થયો હતો ખરો — આજથી વીસ વર્ષ પછી જ્યારે માનસી પણ એક યુવતી બની જશે, ત્યારે તે પણ શું આવી જ થઈ જશે? મનના દુ:ખનો સ્રોત બની જશે?

પણ સમય જ આ વાતનો ઉત્તર આપી શકે તેમ હતું.

શ્યામ રાધાકૃષ્ણભાઈ સાથે ગંભીર વાતો કરી રહ્યો હતો. એ પણ બધી હકીકત જાણી ચૂક્યો હતો. એક વખત તે કોઈ કામને અંગે કેલિફોર્નિયા ગયો હતો, અને સાન ફ્રાન્સિસ્કોના એક રેસ્ટોરન્ટમાં પોતાના કામના સાથીદાર સાથે બેઠો હતો ત્યારે તેમના ટેબલ

પર વેઈટ્રેસ આવી. તે હતી બીજું કોઈ નહિ પણ શમા! આ આઘાતથી તે છેક અંદરથી ડગમગી ગયો હતો, જોકે તેણે મોઢું બંધ રાખ્યું ખરું.

પછીથી તે એકલો જ રેસ્ટોરન્ટમાં ગયો અને શમાને કહ્યું, "મારે તારી સાથે વાત કરવી છે."

"હું કામકાજના સમય પછી તમને 'પીઝાહટ'માં મળીશ ઓ.કે.?" એમ કહીને શમા તો પાછી ચાલી ગઈ. શ્યામ જોતો રહ્યો. જે નાની બાળાને તે ઘણા વખતથી ઓળખતો હતો. તેનો અંશ પણ આ આત્મવિશ્વાસ ધારાવતી અને મુખના હાવભાવમાં સહેજે ફેરફાર ન કરતી છોકરીમાં શ્યામને વર્તાયો નહોતો!

અડધા કલાક પછી સ્ત્રી-પુરુષના એકસરખા ગણવેશને બદલીને શમાએ પોતાનાં કપડાં પહેર્યાં અને પીઝાહટ પર પહોંચી. સવારથી સાંજ સુધી કામ કરતી હતી તેથી તે ખૂબ થાકેલી જણાઈ આવતી હતી અને તેને કપાળે પ્રસ્વેદબિંદુઓ પણ બાઝયાં હતાં.

શ્યામે તેને નાનપણથી જોઈ હતી; આજ સુધી તેને રંગીન ફ્રોકમાં એક સરસ બાળા તરીકે જોતો આવ્યો હતો. વળી, તેના જ લગ્નના રિસેપ્શનમાં પણ નવવધૂના શણગાર કરીને અમેરિકામાં જ તેણે જોઈ હતી. તે ખૂબ જ સરસ લાગતી હતી, રેશમી સાડી અને ઘરેણાંમાં ખૂબ શોભતી હતી. અત્યારે, એક ડાયવોર્સ પછી અને એક થકવી નાખતી નોકરી કરતી આ જ છોકરીમાંથી જાણે તાકાત તદ્દન ઓસરી ગઈ.

શ્યામે પૂછ્યું, "શમા, તું અહીં ક્યાં? આ સ્થિતિમાં તારા બાપુ તને જુએ તો તેમને કેવું લાગે એવો તને વિચાર પણ ન આવ્યો?"

કૉકની બૉટલમાંથી ચૂસકી ભરતાં શમાએ કહ્યું, "અંકલ, તમને લાગે છે કે મારા વ્યક્તિગત જીવન વિશે કોઈ પ્રશ્ન કરવાનો તમને કશો અધિકાર છે?"

શ્યામને આ સીધો પ્રહાર સહેજ વિચલિત કરી ગયો. શમા આગળ બોલી, "મને ખબર છે તમે લોકો શું વિચારો છો — બહુ ખબર છે, પણ શું તમે લોકોએ કદી મારો વિચાર કર્યો?"

"કર્યો જ છે ને, બેટા!"

"ના, બિલકુલ નથી કર્યો! તમે, મમ્મી, પપ્પા, બધાં એક જ રીતે વિચાર કરો છો. તમે હજાર વાર અમેરિકામાં જન્મ લ્યો તો પણ અમેરિકાની જીવનશૈલીનાં મૂળ પામી નહિ શકો. તમારાં મૂળ ભારતમાં ખૂબ ઊંડાં છે, ગુજરાતમાં છે, અમદાવાદમાં છે. તમારી આખી માન્યતાનું માળખું આ મૂળથી જ ઊભું છે. તમે અહીં પૈસા કમાવા આવશો, પણ કદી આ ભૂમિના રહેવાસી નહિ બની શકો, સાચા રહેવાસી કદી નહિ. એક કાગળની ચબરખી તમને આ દેશના નાગરિક જરૂર જાહેર કરે છે, પણ તમારું હૃદય અહીં નથી, તમારો આત્મા અહીં નથી."

આ બધી વાતો તેણે ઘણી ગરમી અને વ્યાકુળતા સાથે કરી. પહેલાંની ધીમેથી બોલતી અને સહેજ શરમાળ શમા હવે જાણે જીવંત જ્વાળામુખીમાં જાણે પરિવર્તિત થઈ હતી.

'તમે લોકો હજી ભારતને જ તમારી માતૃભૂમિ માનો છો. પણ હું આ દેશને મારો દેશ ગણું છું. હું અહીં મોટી થઈ અને હું અહીંની જ છું. તમારી પરંપરાગત માન્યતાઓના માપદંડથી તમે મને નાણો છો. તો વૅલ, એ તમારો પ્રશ્ન છે. કોઈ રેસ્ટોરંટમાં કામ કરવું ખોટું છે? તેનાથી તમારી શું માનહાનિ થાય છે? હા, ભારતીય દૃષ્ટિકોણથી કદાચ તેમ થતું હશે. પણ મારા અમેરિકન દૃષ્ટિકોણથી સહેજે નહિ. મારી એક મિત્ર છે. એના પિતા ન્યૂયોર્કમાં મોટા સર્જન છે. તે છોકરી પણ મારા જેવું જ કામ કરે છે. તેમના ઘરમાંથી કોઈ એની

નોકરીને 'નીચી' કે 'ખરાબ' ગણતું નથી. તેઓ માને છે કે પોતાનું જીવન કઈ રીતે ગાળવું તે તો નિર્ણય લેવાનો હક તેને જ છે, પસંદગીઓ તેણે જ કરવાની છે. કોઈ વચ્ચે પડતું નથી; કેટલું સારું!"

સામે કશી દલીલ કર્યા વિના શ્યામે જતાં પહેલાં લાચારીથી આટલું જ તેને કહ્યું, "તું જે કહે છે તે પણ સાચું તો લાગે છે."

રાધાકૃષ્ણભાઈ યાદોમાં ખોવાયા હતા. "શ્યામ, મારો અભ્યાસ પૂરો થયો કે તુરંત હું અહીં નહોતો આવી ગયો. ત્યાં સરકારની સંશોધન પ્રયોગશાળામાં મેં થોડો વખત કામ કર્યું, અને ઓછા પગાર વિશે સહેજે ચિંતા કરી નહોતી. એક તો હું દિલ્હી હતો. તે વખતે હું ઘરે તો ફક્ત સૂવા પૂરતો જ જતો. હું યુવાન હતો, મારું લોહી ગરમ હતું. એટલી સખત મહેનત મેં આખી જિંદગીમાં નહિ કરી હોય!'

"કેમ? અહીં પણ તો તમે ખાસ્સી મહેનત કરી જ રહ્યા છો!"

"ઓહ, પણ ત્યારે હું ખરેખર ખૂબ વધારે મહેનત કરતો હતો. મેં બહુ સારાં સંશોધન-પેપરો લખ્યાં, પણ મારા ઉપરીને હું પસંદ નહોતો. મારી જ્ઞાતિને લીધે હોય, મારી ભાષાને લીધે હોય, કે ગમે તે હોય, મને ખબર નથી, પણ તેમને હું ગમતો જ નહિ. ઘણી કોન્ફરન્સોમાં મારાં સંશોધન પેપરોનો સ્વીકાર થયો હતો, પણ મારા તે ઉપરી મને પોતાને ત્યાં જઈને એ પેપરો વાંચવા જવાની રજા જ ન આપે. જવા-આવવાના પ્રવાસનો ખર્ચ મંજૂર ન કરે. મારી પાસે પણ પૈસા હતા તો નહિ. બહુ વસમું લાગતું. મારા કામમાં રોજેરોજ તેમની ટીકા થતી, મને છેડવામાં આવતો, અપમાનિત પણ કરવામાં આવતો. મને મદદનીશની જરૂર હોવા છતાં તેમણે એવો મદદનીશ નીમ્યો જ નહિ. ખરેખર, તેમણે તો મને શેરડીના સંચામાં મૂકેલી શેરડીની જેમ નિચોવીને કામ લીધું! છતાં ત્યાં મેં કામ ચાલુ જ રાખ્યું."

"પછી અહીં આવવાનું કઈ રીતે થયું?"

"મને ગુજરાતના કોઈ એક દૂરના ખૂણામાં બદલી કરીને મોકલવામાં આવ્યો, જ્યાં શાળા પણ નહોતી. મારા સંશોધનનો વિષય પણ મારા વિશિષ્ટ વિષયનો નહોતો રખાયો. હું ખૂબ જ નિરાશ થયો. મારે માટે હવે રસ્તાનો અંત જ જાણે આવી ચૂક્યો. હું મહેનત કરવા તૈયાર હતો પણ આ ઑફિસમાંથી રાજકારણી રમતમાં કોઈ મને ટેકો આપનાર મળ્યું નહિ, છતાં આવાં ઘણાં ગામડાંઓમાં પણ ગયો. છેવટે હું મુંબઈ આવ્યો અને એક સંશોધન પેપરને પ્રકાશિત કર્યું. અમેરિકન સંસ્થાના એક હોદ્દેદારે એ પેપર જોયું, અને તેમણે મને આ દેશમાં આવવા નિમંત્રણ આવ્યું."

"હં. અહીં આવ્યા પછી તમને બહુ મુશ્કેલીઓ ન નડી?"

"મને એક જ મુશ્કેલી હતી, અને તે હતી અહીંની આબોહવા. બીજી કશી નહિ. કામમાં તો હું જે માગું તે મળતું — ફંડ, ઉપકરણો, મારા વિષયના બધા ગ્રંથો, મદદનીશ, બધું જ. મને કશાની બોટ ન પડી. મારા ઉપરી મને કશી બાબતે હેરાન કરતા નહિ. આજે એ સંસ્થામાં હું ઊંચી પદવીએ પહોંચી શક્યો છું. અમેરિકનોની જેમ હું પણ બીજી કોઈ વસ્તુ કરતાં ક્ષમતાને પ્રાથમિકતા આપું છું, બધી ચીજોથી ઊંચી ગણું છું."

"તો પછી તમે દુ:ખી કેમ જણાવ છો?"

"મને મારા કામ બાબત કશી જ તકરાર નથી. હું ઘેર આવું ત્યારે જ તકલીફો શરૂ થાય છે. સાવિત્રી હરહમેશ શમા વિશે વિચાર્યા કરે છે, અને હવે તે મને ભારત પાછા ફરવાનો ખૂબ આગ્રહ કરી રહી છે. પાછો ફરીને હું ત્યાં હવે કરું પણ શું? મારી પાસે ઘણું બધું ધન છે એ વાત સાચી, પણ ધન જ તો સર્વસ્વ ન હોય. મારું સંશોધનનું કામ છોડીને

હું પાછો ભારત કઈ રીતે જાઉં? વળી અમેરિકામાં જ મારા સંશોધનકાર્ય માટે પૂરતાં ફંડ છે!"

"હા, એટલે જ તો સારામાં સારા ઈજનેરો, ડૉક્ટરો અને વૈજ્ઞાનિકો આ ભૂમિ પ્રત્યે આકર્ષણ અનુભવે છે."

"શ્યામ, આ દેશ બહુ વિચિત્ર છે. જાણે કોઈ કરોળિયાએ ગૂંથેલું રંગીન જાળું. તમે અહીં રહીને કામ કરી શકો; સૌથી વધુ સારી ટેક્નોલૉજી તમને અહીં મળી જાય, અને ઘણા બધા ડૉલરો પણ તમે કમાઈ શકો. આ બધાં વિસ્મયોથી આપણે આકર્ષિત થઈએ, અહીં આવીએ અને પછી ખ્યાલ આવે કે આપણે કરોળિયાના એ જાળામાં ફસાયાં છીએ. આપણે પાછાં ફરી શકીએ તેમ નથી, કેમ કે પાછાં ફરીને જોઈએ તો આપણા વતનમાં આકર્ષે તેવી પરિસ્થિતિ નથી. ભારતમાં એવી ઘણી બારીઓ છે જેમાંથી આપણને બહાર ફેંકી દેવાનું સરળ બને છે, પણ એવો એકે દરવાજો નથી જે આપણને પાછા ફરવા કહેતો હોય, ઘેર પાછા આવવા માટે આપણું સ્વાગત કરતો હોય."

"તમે કહો છો તે કદાચ સાચું જ છે. એથી જ સ્ટુડન્ટ વિઝા પર આવેલા ૯૯% ભારતીયો પાછા જતા નથી, અહીં જ રહી પડે છે. મોટા ભાગના આ વિદ્યાર્થીઓ ખરેખર ઘણા બુદ્ધિશાળી હોય છે. કદાચ આજકાલ થોડા લોકો પાછા ફરવા રાજી થાય છે, કારણ કે કમ્પ્યૂટરક્ષેત્રે સૉફ્ટવેરમાં સફળતા મળી શકે તેવી પરિસ્થિતિ ભારતમાં ઊભી થઈ છે."

"પણ શ્યામ, આપણા દેશમાં શું આપણું કોઈ માન છે, મને કહે તો? સાવિત્રીના આગ્રહથી મેં અમદાવાદમાં એક બંગલો બાંધ્યો. જ્યારે એ લોકોને ખબર પડી કે હું અમેરિકાથી આવું છું, પંડિતથી માંડીને દરેકે દરેક જણે, રસોયાથી લઈને કોન્ટ્રેક્ટર સુધીના બધા જ લોકોએ પોતાના મહેનતાણાં ચારગણાં કરી નાખ્યાં! એ લોકોની વાત છોડો, મારા જ ભાઈએ મને કહ્યું, 'તને શું પ્રોબ્લેમ છે? તું ડૉલરમાં કમાય છે ને? પછી એ લોકોને જોઈએ છે તે આપી દે ને!' આવો અભિગમ જ મને ઘૃણાસ્પદ લાગ્યો છે."

પોતાનો અનુભવ યાદ કરીને શ્યામે આ વાતનું સમર્થન કર્યું, 'હા'! "જે રીતે એ લોકો વાત કરે છે, તમે તો એમ જ માનો કે જાણે ડૉલરો અહીં ઝાડ પર ઊભા હશે! એ લોકો એમ નથી સમજતા કે અહીં પણ ધનપ્રાપ્તિ સરળ વાત નથી જ! આપણે બધું જ ગમતું છોડીને, આપણા લોકોને પણ છોડીને અહીં આવવાનું હોય છે. ખૂબ ખરાબ શિયાળો, વાવાઝોડાં અને ઉકળતા હવામાનમાં પણ આપણે ખૂબ મહેનત કરતા રહેવું પડે છે. શું ભારતના લોકોને ખબર છે ખરી કે ડૉલર મેળવવા આપણે કંઈ કેટલીય ચીજોનો ત્યાગ કરવો પડતો હોય છે? આપણે શું કિંમત ચૂકવવી પડે છે, તેનો સહેજે કશો ખ્યાલ તેમને હોય છે ખરો? પોતાની દીકરીથી દૂર થઈ જવાનું દુ:ખ પોતાનાં સંતાનોને તેમની મૂલ્ય વ્યવસ્થા પણ ન આપી શકવાની કરુણાંતિકા! આ બધી ચૂકવણી જો તમે ગણવા બેસો તો જ સમજી શકો કે ડૉલર આપણને કેટલો મોંઘો પડે છે. પણ વતનમાં તો આ વાત કોઈ સમજતું જ નથી. તેઓ ફક્ત એટલું જ સમજે છે કે એક ડૉલર એટલે ચાલીસ રૂપિયા!"

આ વાતચીતથી શ્યામને પણ પોતાના કડવા અનુભવો યાદ આવ્યા.

છેલ્લે તે જ્યારે અમદાવાદ આવ્યો હતો, ત્યારે સુરેશે તેણે પહેરેલી ઘડિયાળ વિશે ત્રણેક વખત ટિપ્પણી કરેલી. "ભાઈ, આ તમારી ઘડિયાળ ખરેખર સરસ છે. નવું મોડેલ છે શું?" શ્યામે જાણી જોઈને આવી વાતોની અવગણના કરી. પણ પછી નીલાબાએ શ્યામને બાજુ પર લઈ જઈને કહ્યું, "શ્યામ, તું તો ડૉલરમાં કમાય છે ને, ખરું? આ આપણાં કુટુંબનો જમાઈ છે. જો તેને આ ઘડિયાળ જોઈતી હોય તો તેને તારે આપવી જોઈએ!"

શ્યામને સહેજે ગમ્યું નહોતું, પણ માતાને તે કઈ રીતે ના પાડી શકે? જો તે ગુસ્સે

ભરાશે તો વળી કંઈ બીજી જ ધમાલ થઈ પડશે. પોતાના કાંડા પરથી ઘડિયાળનો પટ્ટો છોડીને તેણે સુરેશની સામે ધરી દીધી.

ખંધાઈથી સુરેશે વિરોધ કર્યો, "તમે મને આ શું કામ આપો છો?" તે સાથે જ હાથ લંબાવીને તેણે ઘડિયાળ લઈ લીધી અને પોતાને કાંડે બાંધી પણ દીધી.

ભારતથી પાછા ફર્યા બાદ અનિતાએ તેનું ઉઘાડું કાંડું જોયું એટલે શ્યામે તે વાત કરવી પડી. તે ઘણી ગુસ્સે થઈ ગઈ, "તમારા ઘરની દરેક વ્યક્તિ લોભી અને લાલચુ છે, એક એકથી ચડે એવાં! કોઈને નાગાં કરવામાં પણ તેમને વાંધો ન આવે! પોતાના લાલચુડા હાથ જ્યાં ને ત્યાં નાખેલા, અને જે મળે તે આંચકી લેવું એ જ તેમનો સિદ્ધાંત છે!" ગુસ્સામાં ને ગુસ્સામાં અનિતા થોડા દિવસ તો ખુદ શ્યામ સાથે પણ અબોલા લઈ બેઠી.

૨૧

નીલાબાને અમેરિકા આવ્યાને છ મહિના વીતી ચૂક્યા હતા, પરંતુ શ્યામ હજી સુધી તેમને ક્યાંય ફરવા લઈ જઈ શક્યો નહોતો. એટલે હવે તેણે બે દિવસની રજા લઈને સહકુટુંબ શિકાગો જવાનું ગોઠવ્યું. અહીં ગુજરાતી ભાષી લોકોની સંખ્યા મોટી હતી અને અનિતા પણ માનસીને લઈને આવવા તૈયાર થઈ ગઈ.

નવાં લોકોને મળાશે એ વાતે નીલાબા ઉત્સાહિત હતાં. ઘણો બધો નાસ્તો અને મીઠાઈ બનાવવાની પેરવીમાં તે પડ્યાં. શ્યામે કશો વાંધો ન લીધો. બલ્કે તેમને પ્રોત્સાહન જ આપતો રહ્યો. અનિતાનાં પણ ઘણાં મિત્રો શિકાગોમાં હતાં, એટલે તેણે પણ સાસુને ઉત્તેજન જ આપ્યું.

જે દિવસથી નીલાબા આવ્યાં હતાં તે દિવસથી અનિતાએ રસોડામાં પગ પણ મૂક્યો નહોતો. શ્યામે એક વાર સચિંત થઈને પૂછ્યુંય ખરું, "મને લાગે છે કે બાને અહીં વધુ પડતું કામ કરવું પડે છે."

પણ નીલાબાએ તેની વાતને રદિયો આપ્યો. "ના, બેટા. મારે બીજું કશું કામ પણ ક્યાં છે!" અંતરમાં તો તેમની ઇચ્છા હતી કે આમ તેઓ કહે કે તરત અનિતા તેમનો વિરોધ કરશે અને કહેશે કે હવેથી તે પણ મદદમાં રહેશે. પણ અનિતાની ઉદારતા શબ્દોથી આગળ જાય તેવી નહોતી. એક વખત તેણે કહ્યું હતું ખરું, "બા, આવતીકાલથી તમે તદ્દન આરામ કરજો. હું જ રસોડું સંભાળીશ, અને તમારી મનગમતી વાનગીઓ તમે જ મને શીખવાડજો." પણ આવા મોહક શબ્દો કદી કાર્યમાં પરિવર્તિત થયા નહિ.

શિકાગોના પ્રવાસની તૈયારીઓ થઈ ગઈ. આકાશ સ્વચ્છ હતું, શિયાળો પૂરો થવામાં હતો અને હવામાન પુન: વસંતની નવી ઋતુના આગમન માટે થનગની રહ્યું હતું. ફૂલો ખીલવા માંડ્યાં હતાં અને હવામાં મદભરી તાજગી લહેરાતી હતી.

નીલાબા એટલાં ખુશ હતાં કે અનિતાએ પણ પૂછ્યું, "બા, તમે ખુશ છો. કંઈ વિશેષ કારણ છે?"

નીલાબાએ કહ્યું, "હું મારા સદ્ભાગ્યને જોઈને પ્રસન્ન છું. તમે બન્ને અમેરિકા આવ્યાં. તમે મને અહીં આવવા આમંત્રણ આપ્યું. તમે મને ગાડીમાં ફરવા લઈ જાવ છો. હું ખરેખર સદ્ભાગી છું."

અનિતાએ ખભા ઉલાળતાં કહ્યું, "ગાડીમાં ફરવું એ કંઈ અહીં કોઈ વિશિષ્ટ બાબત નથી. અમેરિકામાં તો નોકરો પાસે પણ ગાડીઓ હોય છે. પાણીની જેમ ગાડી પણ એક મૂળભૂત જરૂરિયાત છે. તેના વિના આ દેશમાં તમે કશું કરી શકો જ નહિ. મારી વાત માનો, ગાડી હોવી એ અમેરિકામાં કોઈ સંપત્તિની નિશાની નથી."

"પણ અમારા ભારતમાં તો તેવું નથી ને! એટલે જ હું ખૂબ ઉત્તેજિત છું."

એ બધાં શિકાગો પહોંચ્યાં. અહીંની ભીડભાડ, અરાજકતા અને ગોરા-કાળા જૂથો જોઈને નીલાબાને થયું, "શું આ પણ અમેરિકા જ છે?"

રાજીવ અને પદ્મા સુખી દંપતિ હતાં જેની સાથે શ્યામને મૈત્રી હતી. પદ્મા વડોદરાની હતી. તેણે ખૂબ જ ઉષ્માથી અને સ્મિતપૂર્વક બધાંને આવકાર્યાં અને ખૂબ જ સરસ મહેમાનગતિ કરી.

તેમના ઘરમાં પણ ચાર બેડરૂમ્સ હતા. તેમાંના બે મહેમાનો માટે તૈયાર કરવામાં આવ્યા હતા. ઘરમાં સજાવટ પણ સુંદર હતી અને આખુંય ઘર ચોખ્ખું ચણાક હતું. પદ્માએ મીઠાશથી કહ્યું, "આરામથી બેસો અને આ ચા પીઓ. આ લાંબા પ્રવાસથી તમે થાકી ગયાં હશો. તમને જે જોઈએ તે માગવામાં સહેજે અચકાતાં નહિ, હોં!" આટલું સરસ સ્વાગત થતું જોઈ નીલાબાને ક્ષણભર તો એમ જ લાગ્યું કે શું તે અમદાવાદમાં તો નથી ને!"

ચા-પાણી લઈને શ્યામ, અનિતા અને રાજીવ બહાર ગયાં. પદ્મા અને નીલાબા તથા માનસી એકલાં પડ્યાં. યજમાનને મદદ કરવા માટે નીલાબા તત્પર હતાં એટલે તેમણે પૂછ્યું, "પદ્મા, શું શાકભાજી કાપવામાં હું મદદ કરું?"

"ના, ના. મેં બધું કાલે જ કાપી રાખ્યું અને ફ્રિઝરમાં મૂકી દીધું છે."

"મને મીઠાઈની સુગંધ પણ આવી રહી છે! તને કણક માટે મદદ કરું?"

"ના, આમ તો મેં કાલે જ બધું તૈયાર કરી લીધું છે."

એમ લાગ્યું કે નીલાબા માટે કશું કામ રહ્યું જ નથી. આમ તો એ હવે બહુ વાતો નહોતાં કરતાં પણ અહીં તેમણે વાતચીત કરવા માંડી.

"પદ્મા, ભારતીય વાનગીઓ બનાવવા માટે અહીં બધી જરૂરી ચીજો મળી રહે છે?"

"શિકાગોમાં ભારતીયોની મોટી વસતી છે." પદ્માએ જવાબ આપ્યો. "અહીં કેટલાય 'ઇન્ડિયન સ્ટોર્સ' થઈ ગયા છે. તમારા અમદાવાદમાં કરિયાણાની દુકાને જે મળે તે બધી ચીજો અહીં પણ મળી જાય. બેડેકર અથાણાં, પાપડ, મસાલા, બધું જ એટલું જ નહિ, ભારતીય ભાષાની ફિલ્મોની કૅસેટો પણ ભાડે મળે છે. મેં ઘણી હિન્દી અને ગુજરાતી ફિલ્મો અમેરિકામાં બેસીને જોઈ કાઢી છે."

"ખરેખર! મને તો એ ખબર જ નહિ!"

"છેલ્લાં દસ વર્ષમાં અહીં બહુ બધા ભારતીયો આવીને વસ્યા છે, તેથી હવે મારે પહેલાંની જેમ બધી ચીજો ભારતથી લાવવી પડતી નથી. ત્યાંથી ચીજો લાવવી એ હવે આપણા સામાનને બિનજરૂરી રીતે ભારે બનાવે છે, એટલું જ. જો કરિયાણાની ચીજોથી બૅગો ભરીએ તો તે ફાટી પણ જઈ શકે છે. જો અહીં બધું મળી રહેતું હોય તો એવી માથાકૂટ કોણ કરે? હવે તો ભારતમાં પણ એવું જ છે ને? બધું જ ત્યાં મળી રહે છે. મારી બહેનોને મળવા જઉં ત્યારે તેઓ કહે છે કે અમેરિકાથી મારે માટે કશું ન લાવવું. તેઓ કહે છે કે ભારતમાં પણ બધી જ ચીજો મળી શકે છે. એટલે જ હવે હું પહેલાં લઈ જતી તેના કરતાં ઘણી ઓછી ચીજો લઈ જાઉં છું."

આ નવી પરિસ્થિતિથી નીલાબા વાકેફ નહોતાં. એમના મનમાં તો એક વાત ઠસી જ ગયેલી કે 'ઇમ્પોર્ટેડ' હોય તે ચીજની ગુણવત્તા ઊંચી જ હોય, અને 'મેઇડ ઇન ઇન્ડિયા'ની છાપની ચીજ તદ્દન નકામી હોય. એટલા માટે જ તો તેઓ અનિતાને 'આ વસ્તુ લેતી આવ' ને 'તે લેતી આવ'. એમ કહ્યા કરતાં હતાં. તેઓ પોતે ઘરમાં બનાવેલાં કંઇ કેટલાય મસાલા અને અથાણાં વગેરે મોકલ્યાં કરતાં હતાં. પણ અનિતાએ તેમને આ માહિતી આપવાની તકલીફ કેમ નહોતી લીધી કે આ બધું તો તે અહીંના 'ઇન્ડિયન સ્ટોર'માંથી ખૂબ સરળતાથી મેળવી શકે તેમ હતી? આ વાતે તે ચૂપ કેમ રહી હશે?

આવા વિચારોમાંથી મનને બળપૂર્વક ખેંચીને તેમણે પદ્માને પૂછ્યું, "અચ્છા, તો બીજું કોણ કોણ આવવાનું છે?"

"બીજું કોઈ નહિ. તમે, તમારું કુટુંબ અને મારી નણંદ તારા."

"ઓહ, તમારી નણંદ અહીં છે? અને એમના વર? એ નહિ આવે?"

"તો શું અનિતાએ તમને કશી વાત નથી કરી?"

"ના, કશી વાત નથી કરી."

"વેલ, આ વાત તો બહુ દુ:ખભરી છે. તારા ઘણી સુંદર છે, પણ તેને ભણવામાં કશો રસ નથી. માંડ માંડ બી.એ.ની ડિગ્રી તેણે મેળવી. ઘરકામમાં તે ખૂબ સારી છે અને રાંધે છે પણ ખૂબ સરસ. શેખર સાથે તેનાં લગ્ન થયાં."

"એ ક્યાં રહે છે?"

"એ અહીં વૉશિંગ્ટનમાં જ રહે છે. લગ્ન પહેલાં તો તેઓ અમને મળવા પણ આવતો રહેતો. તારાનાં લગ્ન માટે મારા સસરાએ ચીકુની વાડી વેચવી પડી હતી. અમારા કુટુંબની તે એકની એક દીકરી છે એટલે અમે એ વાતે વાંધો લીધેલો નહિ. અહીં આવવાનો 'વિઝા' મળ્યો તેથી જ્યારે તારા અમેરિકા આવી ત્યારે તમે ધારી શકો છો કે તેણે શું જોયું?"

"શું શું થયું?"

"એણે જોયું કે શેખરનાં લગ્ન એક ગોરી છોકરી સાથે થઈ ચૂક્યાં હતાં અને તેમને એક દીકરો પણ હતો! સ્વાભાવિક છે કે તારા તેમની સાથે રહેવા ન માગે, ખાસ કરીને જ્યારે શેખરની પહેલી પત્ની જતી રહેવા તૈયાર ન થઈ. છેવટે તેણે માફી માગી. "મેં મોટી ભૂલ કરી," તેણે કહ્યું. "મારાં વડીલોએ જ આ લગ્ન કરવા મારા પર ખૂબ દબાણ કર્યું હતું. મારી ભૂલ થઈ, મને માફ કરો." આમ કહીને તેણે અમારા પગ પકડી લીધા. પણ આવા સંજોગોમાં કોઈ શું કરી શકે? તારાને ડાયવૉર્સ મળી જાય તેવી વ્યવસ્થા અમે કરી. તેને ભણતરમાં રસ નથી અને તેણે નાની નોકરી શોધી લીધી છે. તેને અમારી સાથે નથી રહેવું, એટલે તે એક નાના ભાડાના ઘરમાં રહે છે. કોઈ કોઈ વાર અમને મળવા પણ આવે છે."

નીલાબાને શું કહેવું તે સૂઝયું નહિ.

દુ:ખી દિલ સાથે પદ્માએ આગળ ચલાવ્યું, "અમે તારાને સમજાવ્યું કે જ્ઞાતિ અને એવા બધાની ચિંતા છોડી દે. હવે તેણે કોઈક સારો છોકરો જોઈને, જે શેખરની જેમ તેનો વિશ્વાસઘાત ન કરે તેવો હોય, પરણી જવું જોઈએ. અમે તેને વડોદરા પાછા જવાની ના પાડી, કેમ કે ત્યાં તો તેને ખૂબ માનસિક ત્રાસ અને અપમાનો સહેવાં પડત. પણ એટલું તો ખરું કે એક માણસની આવી અપ્રામાણિકતાને કારણે તેની તો આખી જિંદગી જ રોળાઈ ગઈ."

અમેરિકા આવ્યા પછી છેક આટલા સમયે નીલાબાને મીનાક્ષી પહેલી વાર યાદ આવી. એક વખત એવો હતો જ્યારે મીનાક્ષીએ શેખર વિશે પૂછપરછ કરાવી હતી અને છેવટે એ લગ્નનો પ્રસ્તાવ ભાંગી પડ્યો હતો. તે સમયે પોતે મીનાક્ષી ઉપર કેટલો ક્રોધ કર્યો હતો? પોતાની વહુને કેટલાં કડવાં વચન તેમણે સંભળાવેલાં? તારાની વિગતો સાંભળીને તેમને હવે પોતે કરેલી ભૂલનું ભાન થયું! જો કદાચ મીનાક્ષી વચ્ચે ન પડી હોત, અને જો સુરભિનું લગ્ન થઈ ગયું હોત, અને જો તેને પણ અહીં આવ્યા પછી તારાની જેવું જ નસીબ હોત તો...

એ વિચારે જ નીલાબાના આખાય શરીરમાં કંપારી વછૂટી ગઈ!

બીજે દિવસે એમ ઠરાવવામાં આવ્યું કે તેઓ બીજા એક મિત્ર, શ્રીકાન્તને ઘેર મળવા જશે. તે સ્પ્રિંગફિલ્ડમાં રહેતો હતો જ્યાં લિંકન મેમોરિયલ સ્થિત છે. શ્યામે પોતાની માતાને કહ્યું, "બા, વધી છે તે બધી નાસ્તાની ચીજો અને મીઠાઈ સાથે લઈ લેજો. શ્રીકાન્ત તેમની પાછળ ઘેલો છે."

રજા લીધી ત્યારે પદ્માએ નીચા વળીને નીલાબાનો ચરણસ્પર્શ કર્યો, "એ વાતે હું દિલગીર છું કે મારી પાસે પાન અથવા સોપારી નથી, કે નથી શ્રીફળ જે તમને વિદાય વખતે આપીને હું મારો તમારા તરફનો આદર વ્યક્ત કરું. કદાચ ઇન્ડિયન સ્ટોરમાં થોડા સમય પછી આ બધું મળતું થઈ જશે." ખૂબ જ ખાનગી રીતે તેણે નીલાબાના હાથમાં પચાસ ડૉલરની એક નોટ સરકાવી અને ફરીથી નમસ્કાર કર્યા. નીલાબાએ આવી ભેટ માટે વાંધો લીધો પણ પદ્માએ તેમનું કશું સાંભળ્યું નહિ. ધીરેથી તેણે કહ્યું, "બા, તમને હું જોઉં છું, ત્યારે મને લાગે છે જાણે હું મારી જ માતાને જોઉં છું. છેલ્લાં બે વર્ષથી હું તેમને મળી શકી નથી. હમણાંની તેમની તબિયત સારી રહેતી નથી એમ મેં સાંભળ્યું છે પણ જ્યારે હું તેમને ફોન કરું છું, ત્યારે તે કદી કંઈ રાવ ફરિયાદ કરતી નથી. ઊલટાની કહે છે, કોઈ તને ઉલ્લુ બનાવી રહ્યું છે. હું ત્યાં જાઉં એવું મને ખૂબ મન થાય છે, પણ તેમ કરવું આસાન નથી. તમે આટલી નાની સરખી ભેટ પણ નહિ સ્વીકારો તો મને ખરેખર દુ:ખ થશે."

નીલાબાની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં. આંખો લૂછીને તેમણે ઊંચું જોયું, તો પદ્મા પણ આંખો લૂછી રહી હતી.

શ્રીકાન્તના ઘર તરફ હવે તેઓ જતાં હતાં ત્યારે સાધારણ જિજ્ઞાસાથી જ શ્યામને નીલાબાએ પૂછ્યું, "હેં બેટા, શ્રીકાન્તને પણ વહુ-છોકરાં તો હશે ને?"

"બા, આ પ્રશ્ન તમે મને અહીં પૂછ્યો તે બહુ સારું થયું. પણ આવું કશું તેને ઘેર જઈને પૂછશો નહિ, હોં!"

"કેમ, કેમ? શું તેને પત્ની નથી?"

"છે ને! એ પણ ખુશીમાં જ છે, પણ તે એની સાથે રહેતી નથી!"

"આ વળી કેવી નવાઈની વાત!"

"શ્રીકાન્ત મારા કરતાં પહેલાં પરણ્યો હતો. તેની પત્ની રૂપા મુંબઈથી જ દાક્તરીનો અભ્યાસ પૂરો કરીને આવી હતી. ધનાઢ્ય પિતાની દીકરી. રજામાં એ ઘેર ગયો ત્યારે તેને જોઈ, સગાઈ કરી અને એક જ અઠવાડિયામાં તો બન્ને પરણી પણ ગયાં. જેમ મારાં અને અનિતાનાં લગ્ન થયાં તેમ જ."

"સાંભળો," અનિતાએ ચીડાઈને કહ્યું, "મને તમે રૂપા સાથે ન સરખાવશો હોં!"

"પણ પછી શું થયું" નીલાબાની જિજ્ઞાસા હજી સંતોષાઈ નહોતી.

"રૂપા અહીં આવી. તે ખૂબ જ તેજસ્વી અને હોશિયાર છોકરી હતી. અહીં ડૉક્ટરની પ્રેક્ટિસ કરવા માટે આપવી પડતી બધી પરીક્ષાઓ તેણે સરળતાથી પસાર પણ કરી લીધી. થોડા જ વખતમાં તેને ઊંચા પગારની નોકરી પણ મળી ગઈ. ખાસ્સો પગાર હતો."

"જેમ ભારતમાં પણ હોય છે તેમ જ ને?"

"ના, જરાય નહિ; એનાથી તો ઘણો વધુ પગાર હતો. અમેરિકામાં ડૉક્ટરો અને વકીલોની આવક ખૂબ જ મોટી હોય છે. હવે રૂપાને શ્રીકાન્ત કરતાં વધુ પગાર મળતો થયો. એક વખત કંઈ મતભેદ થયો ત્યારે શ્રીકાન્તનું અપમાન કરતાં રૂપાએ કહ્યું, "મારા પગારની તુલનામાં તમારો પગાર તો શીંગચણા જેવો છે. ખબર છે, એટલા પગારમાં તો હું મારો પોતાનો જુદો નોકર રાખું એટલું હું કમાઉં છું." સ્વાભાવિક છે કે આવું સાંભળીને શ્રીકાન્ત છેડાઈ પડ્યો. પછી તો તેમના મતભેદો ખૂબ વધી ગયા અને થોડા જ વખતમાં તેમના છૂટાછેડા થઈ ગયા.

"અરે, એવું તે બોલાતું હશે વળી!"

"કેમ નહિ? હવે તો રૂપાએ એક ગોરા અમેરિકન ડૉક્ટર સાથે લગ્ન કર્યાં છે અને

આ દેશમાં જ વસી પડી છે. તેને પહેલા લગ્નથી એક દીકરી છે જેને તેણે મુંબઈ પોતાનાં માતા-પિતા પાસે મૂકી છે. તમે માનશો નહિ, પણ તેનાં માતા-પિતાએ પણ તેને ખૂબ સમજાવી હતી અને આવો નિર્ણય ન લેવા કહ્યું હતું, પણ તે માની જ નહિ."

"શ્રીકાન્ત હવે શું કરે છે?"

"ડાયવૉર્સ થયા પછી ઘણો વખત તે દુ:ખી થતો રહ્યો. હમણાં હમણાં તેણે પોતાની એક કંપની ઊભો કરી છે અને હવે તેની આવક પણ સારી થઈ છે. કદાચ હવે તે રૂપા કરતાં ઘણો વધારે સમૃદ્ધ પણ થઈ ગયો છે. એને વધુ કમાવાની લત લાગવાનું કારણ કદાચ એની માનસિક બળતરા હશે કે પૈસા નહોતા તેથી તેની જિંદગી રોળાઈ ગઈ હતી. હવે તો ઘણા ભારતીય લોકો તેની કંપનીમાં કામ કરે છે.

"તેની દીકરીનું શું?"

"દર વર્ષે તે બે અઠવાડિયાંની રજા લઈને પોતાનાં મા-બાપ અને દીકરીને મળવા જઈ આવે છે.

"એ ફરીથી પરણ્યો કેમ નહિ?"

ટ્રાફિક ઉપર નજર રાખતાં શ્યામ વિચાર કરતો કરતો કહેવા લાગ્યો, "બા, અહીં આટલાં બધાં વર્ષો રહ્યા પછી, અમે લોકો પણ અહીંના લોકોની જેમ વિચાર કરતા થઈ જઈએ છીએ, જોકે એ વાતની અમને સભાનતા હોતી નથી. શ્રીકાન્ત મારો ગાઢ મિત્ર તો છે, છતાં તેની અંગત બાબતોમાં અમે માથું મારતાં નથી. ખાનગી જીવનમાં સંપૂર્ણ સ્વતંત્રતાના સિદ્ધાન્તનું આ દેશમાં ખૂબ મહત્ત્વ છે. માતા-પિતા પણ પોતાનાં સંતાનોને તેમની ખાનગી વાતોમાં કશી પૂછપરછ કરતાં નથી. જો આ અદૃશ્ય લક્ષ્મણરેખા કોઈ પાર કરી જાય, તો સંબંધો બગડી જાય એમ બને. એટલે જ અમારે ધ્યાન રાખવું પડે છે કે આ સ્વતંત્રતાને સ્પર્શે એવું કોઈ જાતનું વર્તન અમે કરી ન બેસીએ. અહીંના લોકોને આ સ્વતંત્રતા એટલી કીમતી લાગે છે કે તેઓ તેને જાળવવા ગમે તેટલો ભોગ આપવા તૈયાર રહે છે. તેમાં કદીક ડાયવૉર્સ લેવા પડે તેવું પણ બને, અને એમ ઘણી વાર બને પણ છે જ."

પોતાનો દીકરો જે વાત સમજાવી રહ્યો હતો તે નીલાબા સંપૂર્ણ રીતે તો સમજી શકતાં નહોતાં પણ સમજવાનો પૂરો પ્રયત્ન તેઓ જરૂર કરી રહ્યાં હતાં.

"શ્યામ, શ્રીકાન્તને પત્ની નથી. તારાને પતિ નથી. તે બન્ને એકબીજાની સાથે લગ્ન કેમ ન કરી લે?"

"બા, એવું કઈ રીતે બને? શ્રીકાન્તને તો લગ્નનો વિચાર પણ કડવો લાગવા માંડ્યો છે. વળી, આમ તો બન્ને એકમેકના પરિચયમાં તો છે જ. જ્યારે તેમણે સંબંધ આ રીતે વધારવા કશો પ્રયત્ન નથી કર્યો, તો તેમાં પણ કશું કારણ હશે. આ બાબતમાં હું વચ્ચે પડી શકું નહિ અને મારી શ્રીકાન્ત સાથેની દોસ્તી તૂટવાનું જોખમ પણ લઈ શકું નહિ."

પ્રયત્ન કરવા છતાં પણ નીલાબા આ ફિલસૂફી સમજી ન શક્યાં. ભારતમાં રામજી મંદિરમાં કેટલીક સ્ત્રીઓ ગપ્પાંગોષ્ઠી કરતી હોય. કોઈ કહે તે કોઈ સારા છોકરાને ઓળખે છે, બીજી તેને યોગ્ય છોકરીનું નામ સૂચવે અને પછી એ બન્નેના લગ્નને માટે ગોઠવણો થવા માંડે. હવે તેમને કહેવામાં આવતું હતું કે આવી પરોપકારી વૃત્તિ અને વર્તનનું અમેરિકામાં સ્વાગત જ નહોતું.

આ વળી કેવી દેશ? કેવી કેવી વાતો અહીં તેઓ સાંભળતાં હતાં?

શ્રીકાન્તને ઘરે પહોંચ્યાં ત્યારે બપોર થઈ ચૂકી હતી. ગૃહિણી વિના ઘર સૂનું તો લાગતું હતું છતાં એક મહેલ જેવું હતું તેમાં ના નહિ. શ્રીકાન્ત ઘેર નહોતો, પણ એક

રૂપાળો અને પુષ્ટ બાંધાનો છોકરો તેઓની રાહ જોઈને ઊભો હતો. તેણે આ લોકોને તરત જ ઓળખી લીધાં અને શિષ્ટતાથી કહ્યું, “શ્રીકાન્ત સાંજે આવી જશે અને તમારી સાથે જ ડીનર કરશે. ત્યાં સુધી પ્લીઝ તમે મારે ત્યાં આવો.”

આ છોકરો ગુજરાતી હતો અને બહુ શિષ્ટ અને સુંદર ભાષા બોલતો હતો. પોતાની ઓળખાણ આપતાં તેણે કહ્યું, “મારું નામ નાથ છે. હું અમદાવાદનો છું અને છેલ્લા ત્રણ વર્ષથી અહીં રહું છું.”

“તમે કામ ક્યાં કરો છો?”

“પહેલાં તો હું શ્રીકાન્તની કંપનીમાં એક નાના હોદ્દા પર કામ કરતો હતો. એમની સાથે કામ કરતાં કરતાં મેં બધું શીખી લીધું છે. હવે હું મારું પોતાનું બિઝનેસ કરી રહ્યો છું.”

“શેનું છે તમારી બિઝનેસ?”

ગૌરવભેર નાથ બોલ્યો, “પહેલાં મેં આ નાના શહેરમાં એક ઇન્ડિયન સ્ટોર ખોલ્યો. પછી એક ઇન્ડિયન રેસ્ટોરાં પણ ચાલુ કરી. આ બધું કામ દિવસે શ્રીકાન્તની કંપનીનું કામકાજ કર્યા બાદ સાંજે સાંજે કરતો હતો. એક દિવસ તેમણે જ મને કહ્યું, ‘નાથ, હવે તો તારે તારું બિઝનેસ પૂરા સમય માટે ચલાવવું જોઈએ.’ એટલું જ નહિ, મને લોનો મેળવવામાં પણ તેમણે ખૂબ મદદ કરી. એથી હું તો તેમને ભગવાન ગણું છું.’

શ્રીકાન્તના ચરિત્રનું આ નવું જ પાસું જાણવા મળ્યું, તેની ઉદારતા કેટલી બધી કહેવાય? કેટલો ભલો હતો તે?

નાથનું ઘર ત્રણ બેડરૂમનું હતું, સહેજ નાનું, પણ સરસ હતું. પોતાનાં મહેમાનો માટે પોતાના રેસ્ટોરાંમાંથી તેણે ખૂબ સરસ વાનગીઓ મંગાવી. તેની પત્ની માલતીએ પણ તેઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું અને બધાંને માટે ભોજન પીરસ્યું. બન્ને જણાં ખૂબ સુખી અને સંતોષી જીવન ગાળતાં હતાં એમ જણાયું.

પોતાની પત્નીની પ્રવૃત્તિઓ અને પોતાને વિશે નાથે વધુ વાતો કરી. “મને અમદાવાદમાં પાર્ટ-ટાઇમ નોકરી જ હતી. અને બે છેડા મેળવવા ખૂબ અઘરા હતા, પણ આજે તો હું બીજા કેટલાયને નોકરી આપું છું. આ પરિવર્તનને કેવળ ત્રણ જ વર્ષ થયાં છે! હું કહું છું, મને આ દેશ ગમે છે. ક્યા દેશમાં ખોડખાંપણો નથી હોતી? શું ભારતમાં પણ બધું સર્વાંગસંપૂર્ણ રીતે સારું જ છે? જો હું અમેરિકા ન આવ્યો હોત તો હજી પણ હું કદાચ અમદાવાદમાં એક ક્લાર્ક જ રહ્યો હોત. જ્યારે લોકો આ દેશની નિંદા કરે છે, મને ખૂબ ગુસ્સો આવે છે. જો તેઓ સહેજે એ વિચાર કરે કે તેમણે અમેરિકા માટે શું કર્યું અને તેના બદલામાં તેમને શું મળ્યું? તો મને ખાતરી છે કે તેઓ આવી નિંદા અને ફરિયાદો નહિ કરે.

એટલે! મને એવું લાગે છે, તમારા લોકો જેટલું શિક્ષણ તો મેં લીધું નથી. હું તો મને જે લાગે છે અને જાણું છું તે જ કહું છું.”

એની રીતે નાથ સાચો તો હતો જ ને! ઓછા શિક્ષણવાળા માણસનું ભારતમાં શું ભવિષ્ય હતું? બીજી બાજુ જો આવા લોકો સખત મહેનત કરવા તૈયાર હોય, તો તેઓ અમેરિકામાં સમૃદ્ધ પણ થઈ શકે, શાંતિથી જીવી શકે એ વાત તો ખરી જ હતી.

રાત્રે શ્રીકાન્ત તેમને મળ્યો. નાથની જ હોટેલમાં બધાંએ ડીનર લીધું અને તેણે પૈસા પણ ન લીધા. જ્યારે ઘેર જવાનો સમય થયો ત્યારે નીલાબાએ જિજ્ઞાસાથી પૂછ્યું, “અમદાવાદમાં તમારું ઘર ક્યાં છે?”

નાથે સહેજ હસીને જાણે કશું રહસ્ય કહેતો હોય તે રીતે કહ્યું, “શાસ્ત્રીનગરના

ચોકના એક ખૂણા પર, પણ જો તમે પૂછશો કે 'નાથનું ઘર ક્યાં?" તો કોઈ તમને કહી નહીં શકે. ત્યાં બધાં જ મને ગોપીનાથ તરીકે ઓળખે છે. હવે તો મારો વિચાર એ જૂનું ઘર પડાવીને તેને બદલે નવું 'શ્રીકાન્ત કૉમ્પ્લેક્ષ'નું મકાન બનાવવાનો છે."

જ્યારે તેઓ ગાડીમાં બેસીને ઘેર જવા નીકળ્યાં, ત્યારે નીલાબા એકદમ હચમચી ગયેલી સ્થિતિમાં હતાં. આ 'નાથ' બીજો કોઈ નહિ પણ તે જ છોકરો 'ગોપીનાથ' હતો જેની સાથે સુરભિ 'ફરતી' હતી! નીલાબાએ જ તેને સમજાવી હતી તે, કે આપણે 'તારે માટે અમેરિકાનો વર ગોતીશું', આ છોકરાને છોડી દે. મીનાક્ષી અને ગિરીશે તો સલાહ પણ આપેલી કે 'જો છોકરો સારો હોય તો તેની સાથે એને લગ્ન કરવા દો!'

ગિરીશને તેમણે છણકો કરીને કહ્યું હતું "જો તને એક દીકરી હોત તો તેં શું એનું લગ્ન આવી રીતે કર્યું હોત?"

જો સુરભિનું લગ્ન ગોપીનાથ સાથે થયું હોત, તો આજે માલતીને બદલે સુરભિ અહીં હોત અને એનું જીવન સંતોષથી ભર્યું ભર્યું હોત.

તેમણે ખૂબ ઊંડો નિશ્વાસ નાખ્યો.

૨૨

એક બપોરે અચાનક જ શ્યામે પોતાની માતાને ફોનમાં ગભરાયેલા સ્વરે કહ્યું, “બા, અડધા કલાકમાં તૈયાર થઈ જાવ. તમારે શિકાગો જવું પડશે.”

“એકલાં? તું નથી આવતો?”

“હું તમને બધું પછી સમજાવીશ. પહેલાં જલદીથી તૈયાર થઈ રહો.”

નીલાબા કશું સમજ્યાં નહિ, છતાં તેમણે થોડી સાડીઓ અને થોડી જરૂરી ચીજો જલદી જલદી એક બૅગમાં ભરી લીધી. થોડી વારમાં શ્યામ ગાડી લઈને આવી પહોંચ્યો. તેણે કહ્યું, “બા, પદ્માએ મને ફોન કર્યો હતો. રાજીવ અને તારા બન્ને ભારત ગયાં છે. પદ્માનાં મોટા બાળકને તાવ આવે છે. પંદરેક દિવસમાં પદ્માને પ્રસૂતિનો સમય થઈ જશે. તે ખૂબ જ ગભરાઈ ગઈ છે. આ દેશમાં તેની સાથે રહીને તેને મદદ કરવા કોની પાસે સમય છે વળી? તે ખૂબ જ વિવશતાથી રડતી હતી.”

“પણ રાજીવ અને તારાએ આવા સમયે એક સગર્ભા સ્ત્રીને એકલી મૂકી ભારત જવાનું શું કારણ?” નીલાબા છેડાઈ ગયાં.

“તેમના પિતાને હૃદયરોગનો હુમલો આવ્યો છે. તેમની હાલત ઘણી ગંભીર છે. તેમનો એકના એક દીકરો અને એકની એક દીકરી તેમના જીવનના છેલ્લા શ્વાસ વખતે પાસે ન રહે તેવું કેમ બને?”

“હા, એ પણ ખરું સ્તો!”

પદ્મા માટે નીલાબાને ખૂબ લાગી આવ્યું. તેમણે પોતે જ સ્વેચ્છાથી કહ્યું, “શ્યામ, તમે બન્ને માનસીને થોડો વખત કોઈ રીતે સાચવી લેશો તો હું જઈને પદ્મા સાથે રહીશ. આવે વખતે તે એકલી રહે તે હું ઇચ્છતી નથી; જ્યારે તેની પ્રસૂતિ આટલી નજીક આવી છે, ત્યારે તે એકલી ન રહેવી જોઈએ. પ્રસૂતિ દરમિયાન અને પછીથી સ્ત્રીની કાળજી લેવી એ તો ધાર્મિક ફરજ છે. અને તેનું પુણ્ય તો કાશીની યાત્રા જેટલું હોય છે, જાણે છે?”

શ્યામને પોતાની માતા માટે ખૂબ ગૌરવ થઈ આવ્યું. તેમણે ભલે મીનાક્ષીને ડૉલરના મોહમાં ખૂબ જ સતાવી હતી, પણ હવે તે પોતાની દયાભાવના અને માનવતા જ દર્શાવી રહ્યાં હતાં. જે રીતે તે મદદ કરવા તૈયાર થઈ ગયાં તે ખરેખર પ્રસંશાને લાયક હતું અને પાછલું બધું ગૌણ જ ગણવાનું હતું.

હકીકત તો એ હતી કે પોતાની માતાને પૂછ્યા વિના જ શ્યામે પદ્માને કહી દીધું કે માતા તેને મદદ કરવા આવી જશે. “સહેજે ચિંતા ન કરતી.” તેણે પદ્માને કહ્યું હતું, “હું બાને હમણાં જ ‘ટ્રેલવેઝ’થી ત્યાં મોકલી આપું છું. તારી કોઈ ગુજરાતી ફ્રેન્ડને સ્ટેન્ડ પર તેને લેવા મોકલી આપજે, કારણ કે તે ગુજરાતી સિવાય બીજી કોઈ ભાષા જાણતી નથી, અને આની પહેલાં પણ ક્યાંય તેણે એકલાં મુસાફરી કરી નથી.”

શ્યામ જાણતો નહોતો કે જો એકલી મુસાફરી કરવાની વાતે જો નીલાબા ગભરાઈને જવા માટે ના પાડી દેશે, તો તે શું કરશે! પણ તેમણે એવું કશું કર્યું નહિ અને ઉપરાંત પોતે જ પદ્માને મદદ કરવા ઇચ્છે છે તે સ્પષ્ટ જણાવ્યું! આ સમયે પોતાની માતા વિશે ગૌરવ અનુભવવા માટે શ્યામ પાસે કારણ તો હતું જ ને!

તે ઘરે પહોંચ્યો તેટલી વારમાં નીલાબા તૈયાર થઈ ગયાં હતાં. વળી તેમણે થોડી

નાસ્તાની ચીજો અને પાપડ પણ સાથે રાખ્યાં જે ભારતથી તેઓ લઈ આવ્યાં હતાં.

શ્યામે અનિતાને વાત કરી. તેને આ ગોઠવણ ગમી નહિ. શ્યામે જોર જોરથી કહ્યું, "તારે બહુ બહુ તો ત્રણ-ચાર દિવસની રજા લેવી પડશે, કે પછી માનસીને કોઈ બહેનપણીને ત્યાં મૂકી આવજે. તું ગમે તે કહે, આજે તો હું ચોક્કસ બાને મોકલવાનો છું." શ્યામે ફોન પછાડ્યો. નીલાબા એક શબ્દ પણ ન બોલ્યાં.

ગાડીમાં શ્યામે કહ્યું, "બા, શિકાગોનું સ્ટોપ છેલ્લે આવશે. ત્યારે તમે ઊતરજો. ત્યાં પરચૂરણ આપવાનું એક મશીન હશે ત્યાં જ તમે ઊભાં રહેજો. કોઈ ગુજરાતી-ભાષી તમને લેવા આવે ત્યારે તેની સાથે નીકળી જજો. જ્યારે પદ્માને ઘેર પહોંચો, ત્યારે તેને કહેજો મને ફોન કરી દે. આ સો ડૉલરની નોટ તમારી પાસે રાખી મૂકો. તમને કશી જરૂર પડે તો તમારી પાસે મારો અને પદ્માનો આ ફોન નંબર તો છે જ. ગભરાશો નહિ અને અનિતાની બકબકનો વિચાર પણ કરશો નહિ."

"માનસીનું શું કરશો?"

"એને માટે ચિંતા ન કરતાં. બસ, જઈ આવો અને હળવાં ફૂલ રહેજો."

'ટ્રેલવેઝ'ની જે બસ શિકાગો સુધી જવાની હતી તેમાં શ્યામે તેમને બેસાડ્યાં. આ બસ ઘણી જ મોટી હતી, સુંદર હતી અને તેમાં મુસાફરો પણ થોડાં જ હતાં.

અંબોડાથી બાંધેલા વાળ, સાડી પહેરેલી આ સ્ત્રી, જેણે વળી તેના ઉપર એક ઓવરકૉટ પહેર્યો હતો, તેવાં નીલાબાને બધાં આશ્ચર્યથી જોઈ રહ્યાં હતાં.

લગભગ તેમની જ ઉંમરની એક ગોરી અમેરિકન સ્ત્રી બારીની બાજુની સીટ ઉપર બેઠી હતી. નીલાબા તેની પાસે જઈને બેઠાં, પણ તેમ કરતાંની સાથે જ પેલી સ્ત્રીએ મોં મચકોડ્યું અને બીજી સીટ પર જઈને બેસી ગઈ. અપમાનિત થયેલાં નીલાબાને અમદાવાદમાં બનેલો એક બનાવ યાદ આવી ગયો. એક વખત લાલ દરવાજેથી તેમણે પણ બસ પકડી હતી. ત્યાં રૂખી પણ બસમાં ચડી અને તેમની બાજુમાં સીટ ખાલી હતી તેથી ત્યાં બેસી ગઈ. નીલાબા ક્રોધિત થઈ ઊઠ્યાં હતાં. આ ઝાડુવાળી મારી બાજુમાં બેસવાની શેખી કરે જ કઈ રીતે? પોતે બાકીનો રસ્તો ઊભાં ઊભાં જ પસાર કર્યો હતો.

તેમણે વિચાર્યું, "અમેરિકામાં આવીને શું હું પણ બીજી રૂખી બની ગઈ છું?" પછી તેમણે વિચાર્યું કે "આજે મને જે લાગણી થઈ તેવી લાગણી તે દિવસે રૂખીને પણ થઈ હશે ને!"

દુ:ખી થઈને તેમણે બારી તરફ મોં ફેરવી લીધું અને તેમની વિચારધારા ચાલુ જ રહી. "ગમે તેમ કહો, એ હકીકત તો છે જ કે આ દેશમાં પણ અમે બહારનાં જ ગણાઈએ છીએ. પરિસ્થિતિ ગમે તે હોય, અમારે તેમની સાથે સંઘર્ષમાં ન ઊતરી શકાય."

શિકાગો ટર્મિનલ પર ઊતરતી વખતે તેઓ થોડાં ગભરાયાં ખરાં. જો કોઈ તેમને અહીં લેવા નહિ આવે તો શું થશે? પરચૂરણના મશીન આગળ થોડાં સંકોચાઈને તે ઊભાં રહ્યાં અને આસપાસ નજર ફેરવવા માંડ્યાં.

અડધાએક કલાક પછી કોઈએ ગુજરાતીમાં તેમને પૂછ્યું, "તમે જ નીલાબા છો, ખરું?"

હાશકારો અનુભવીને તેમણે તેની સામે જોયું. પચાસેક વર્ષની એક સ્ત્રી તેમને સ્મિત આપી રહી હતી.

"હા." આભારવશ થઈને નીલાબા બોલ્યાં, "અને તમે...?"

"હું વત્સલા. પદ્માએ મને ફોન કર્યો હતો. દિલગીર છું કે અડધોએક કલાક મોડી પડી છું, પણ ટ્રાફિક ખૂબ હતો તેથી મોડું થયું."

નીલાબા વત્સલા સાથે ગાડીમાં બેઠાં. પૂછવાને લીધે વત્સલાએ તેમને પોતાની થોડી વાત કહી. તેની માતાનું ઘર અંકલેશ્વર નજીકના ગામમાં હતું જ્યારે તેનો પતિ રુદ્રેશ વડોદરાનો હતો. લગભગ અઠ્ઠાવીસ વર્ષથી તેઓ અમેરિકા આવી ગયાં હતાં અને બહુ પ્રતિષ્ઠિત કંપનીમાં નોકરી કરતાં હતાં.

પોતાના મહેમાન માટે ખૂબ વ્યગ્ર બનીને પદ્મા રાહ જોઈ રહી હતી. વત્સલા ગાડીમાંથી નીચે ઊતરી નહિ; નીલાબા એમના સામાન સાથે ઊતરી ગયાં એટલે તેણે વિદાય લઈને ગાડી હંકારી મૂકી.

ખૂબ જ લાગણીવશ થઈને પદ્મા રડવા લાગી. “મને ખાતરી નહોતી કે તમે આવશો, કે નહિ આવો! મને અનિતા શું કહેશે તેનો પણ ડર લાગતો હતો. હું એટલી તો ગભરાઈ ગયેલી, બા!”

“અરે, તું પ્રસૂતિથી ગભરાય છે ગાંડી? એમ ગભરાવાની સહેજે જરૂર નથી, મારું માન. પહેલાં તો અમે સ્ત્રીઓ ઘેર જ પ્રસૂતિ કરતાં-કરાવતાં! ખેર, હવે તો હું આવી ગઈ છું ને! તારે સહેજે ડર રાખવાનો નહિ, કશાથી ગભરાવાનું નહિ હોં!”

ઘરમાં જતી વખતે નાક લૂછતાં પદ્મા બોલી, “બા, તમારો સમય તદ્દન જુદો હતો. અમારો સાવ જુદો. તે સમયે કેટલાં બધાં શાણાં અને અનુભવી વડીલો ઘરમાં રહેતાં, જે ગર્ભવતી સ્ત્રીની કાળજી કરતાં! મારી જેમ કોઈ ઘુવડની જેમ એકલું ન રહેતું!”

“પદ્મા, પ્લીઝ શ્યામને જરા ફોન કરીને કહી દે ને કે હું અહીં સહીસલામત પહોંચી ગઈ છું.”

પદ્માના મોટા દીકરા વિકાસનો તાવ હવે ઓછો થયો હતો અને એને ઠીક લાગતું હતું, પણ હજી તેના મોં પર થોડા સોજા જણાતા હતા. પદ્માએ કહ્યું, “ડૉક્ટરે મને આ દવા આપવાનું કહ્યું છે. તેમનું દવાખાનું દસ માઈલ દૂર છે. મારે આને ત્યાં ગાડીમાં લઈ જવો પડશે. ગાડી ચલાવવામાં મને પેટમાં દુ:ખે છે.”

“તારા વરની ઑફિસમાં કોઈ પટાવાળો કે બીજું કોઈ નથી, જેને તું અહીં આવવાનું કહી શકે અને અહીં તે સૂઈ રહે, જો જરૂર પડે તો?”

નિશ્વાસ નાખતાં પદ્માએ જવાબ આપ્યો, “અહીં આવી કશી વ્યવસ્થા હોતી નથી. બધાંએ પોતાનું કામ પોતે જ કરવાનું હોય છે. જો તમે સ્વસ્થ અને મજબૂત હોવ તો જ તમારે અમેરિકા રહેવા આવવું જોઈએ. તમે માંદા પડો તો તમારી મદદે કોઈ ન આવે. એ માટે કોઈને સમય નથી હોતો, ખબર છે!”

નીલાબા રસોડામાં ગયાં અને ઘરગથ્થુ દવાનો ઉકાળો બનાવવા લાગ્યાં. પદ્માએ પૂછ્યું કે તેઓ શું કરતાં હતાં.

“જ્યારે બાળકને તાવ આવે ત્યારે આ ઉકાળો આપવો. અમે એ રીતે અમારાં છોકરાં ઉછેર્યાં છે. જો જરૂર હશે તો વળી કાલે ડૉક્ટર પાસે જઈશું.”

“બા, અહીં ડૉક્ટરની પણ મુલાકાત લેવા એપોઈન્ટમેન્ટ લેવી પડે છે. તે વિના કોઈને મળી ન શકાય.”

ત્યાં જ રાજીવનો ફોન આવ્યો. પદ્માનો સફેદ પૂણી જેવો ચહેરો થઈ ગયો તે પરથી લાગ્યું કે સમાચાર સારા નહોતા. રડતાં રડતાં તે નીલાબા સામે ફરી અને બોલી, “રાજીવે મને હમણાં જ કહ્યું — મારા સસરાનો દેહાંત થઈ ગયો છે. એથી હવે તેમણે ત્યાં હજી પંદરેક દિવસ વધારે રહેવું પડશે. મેં તેમને કહ્યું ખરું કે તમે મારી સાથે રહેવા આવી ગયાં છો. પણ તમે જ કહો, તેમણે એ વાતનો સહેજે વિચાર ન કરવો જોઈએ કે મારી પ્રસૂતિ આટલી નજીક આવી ચૂકી છે?”

"પદ્મા, એક દીકરાએ જ પોતાના પિતાના અંતિમ સંસ્કાર કરવા પડે. તને નથી લાગતું તે કેવળ પોતાની ફરજ જ બજાવી રહ્યો છે!"

"પણ તો શું પત્ની પ્રત્યે. તેની કશી ફરજ નથી? ખાસ કરીને એક સંતાનને આટલો તાવ છે! તમે અહીં છો તો મને થોડી હિંમત પાછી આવી છે. નહિ તો ભગવાન જાણે અમારું શું થાત."

બે દિવસમાં વિકાસ લગભગ સ્વસ્થ થઈ ગયો. ડૉક્ટર પાસે જવા નીકળ્યાં ત્યારે પદ્માને નીલાબાએ કહ્યું, "તું સગર્ભા છે, પદ્મા. ગાડી થોડી ધીરે ચલાવને!"

"બા, અહીં એનો નિયમ છે કે અમુક રસ્તાઓ ઉપર અમુક જ ઝડપથી ગાડી ચલાવવી જોઈએ — ન ઓછી, ન વધારે!" પદ્માએ કહ્યું.

દરરોજ નીલાબા નવી નવી વાનગી રાંધતાં અને પદ્માને પ્રેમથી જમાડતાં. તેમણે ઔષધીય ઉકાળા પણ બનાવ્યા અને પદ્માને પીવડાવતાં રહ્યાં.

એક દિવસ નીલાબાએ કહ્યું, "પદ્મા, તે દિવસે મને બસ-સ્ટોપ પર લેવા આવેલાં તે બહેન — વત્સલા — ને તેના કુટુંબ સાથે ઘેર તારી સાથે સવારે નાસ્તો કરવા કે રાત્રે ભોજન કરવા બોલાવવાં હોય તો જરૂર બોલાવજે. હું બધું સંભાળીશ, તારે ચિંતા નહીં કરવી પડે.

"બા, વત્સલા આમ તો ખાસ કોઈને ઘેર જતી નથી."

"અચ્છા, ખરેખર? કેમ એમ?"

"એ વળી બીજી લાંબી વાત છે. વત્સલાનાં મા-બાપ ગામડામાં હતાં. અભ્યાસમાં તે ખૂબ તેજસ્વી હતી, પણ શાળા પૂરી થયા બાદ તેને કૉલેજમાં આગળ ભણાવવાને બદલે તેને નાની વયે લગ્નબંધનમાં જોડી દેવામાં આવી. છતાં આગળ ભણવામાં તેને ખૂબ રસ તો હતો જ. અહીં આવ્યા પછી તેણે પોતાની મહત્ત્વાકાંક્ષા પૂરી કરી."

"એ તો ઘણું મુશ્કેલીભર્યું હશે?"

"હા, કામ તો મુશ્કેલીનું હતું. તે વખતે અહીં આટલી મોટી સંખ્યામાં ભારતીયો રહેતા પણ નહિ. રોજ રાત્રે તે અભ્યાસ કરે, સવારે ઘરકામ પતાવે, એક બેબી-સીટરને પોતાનું બાળક સંભાળવા આપીને પછી કૉલેજ જાય! આટલું બધું કામ તેણે એક સામટું કઈ રીતે કર્યું, રામ જાણે. હા, કામ મુશ્કેલીભર્યું ખરું. તેણે એમ.બી.એ.ની ડિગ્રી લીધી એટલું ઓછું હોય તેમ નોકરી પણ કરે છે."

"તેને કેટલાં બાળકો છે?"

"એને એક જ દીકરો છે — અશોક. પછી જે થયું તે દુ:ખદાયક છે."

"કેમ? શું થયું? અહીં વાતે વાતે લોકો ડાયવોર્સ લઈ લે છે. મને લાગે છે કે તેના પતિએ છૂટાછેડા આપ્યા હશે, કે પછી તેણે જ આપ્યા?"

"ના, ના, બા. એવું કશું નથી. તમને કદાચ ગેરસમજ થઈ છે. એવું બધાં ઘરોમાં નથી થતું. રુદ્રેશ ખૂબ જ સજ્જન માણસ છે અને પતિ-પત્નીમાં ખૂબ સુમેળ પણ છે. બન્ને જણાંએ ધન તેમ જ નામના પણ મેળવ્યાં છે. તેમની પાસે એક નહિ, ચાર ચાર મહેલ જેવાં ઘરો પણ છે! તેમને ઘેર ચાર ગાડીઓ છે અને મોટું બૅંક બેલેન્સ પણ."

"તો પછી પ્રશ્ન શું છે ભલા?"

"આ પ્રશ્ન અશોકને કારણે છે. જ્યારે એ નાનો હતો ત્યારે મોટે ભાગે નોકરોને જ હાથે ઉછરેલો છે. પોતાની કારકિર્દીને હાનિ આવે એટલે નોકરી છોડવાની વાત વત્સલાને પસંદ નહોતી. એથી વાસ્તવમાં તો બીજું બાળક થઈ શકે એ સંભાવના પણ તેણે ભુલાવી દીધી, કારણ કે તેને પરિણામે ફરીથી પ્રશ્નો ઊભા થાય કે બાળકની સંભાળ કોણ લેશે.

આમ, અશોક એકલો જ મોટો થયો. મા અને બાપ સતત ટુર પર રહેતાં. ઘરમાં નાના-નાની કે દાદા-દાદી પણ નહિ. ન કોઈ કાકા કે ફોઈ, કે પિત્રાઈ અથવા માસીયાઈ ભાઈ-બહેન! આને પરિણામે અશોક સાવ એકલસૂરો બની ગયો. તેને કુટુંબ સાથે મજબૂતીથી જોડતો કોઈ સંબંધ રહ્યો નહિ; બંધાયો જ નહિ. ૧૬મે વર્ષે તે ઘર છોડીને ભાગી ગયો!"

"તેને માબાપ સાથે ઝઘડો થયો?"

"ઝઘડો ક્યાંથી ન થાય? તેના મિત્રો ખરાબ નીકળ્યા. એ વ્યસની બની ગયો. જાતજાતના લોકોના સંપર્કમાં એ આવ્યો હતો — ઈટાલિયન, સ્પેનિશ, કોલંબિયન વગેરે એ લોકો જુદી જુદી ભાષાઓ બોલતા અને વિવિધ સંસ્કૃતિનાં મૂલ્યો રાખતા. આ બધાંનું પરિણામ ખરાબ આવ્યું. તે મૂંઝાઈ ગયો હશે. એનું વ્યસન વધુ તીવ્ર થતું ગયું. જો ઘરમાં વડીલો હોય તો છોકરાંને સાચાં મૂલ્યો શીખવા મળે. તે વિના તેઓ ભટકી જ જાય છે."

"તારી વાત બહુ સાચી છે. મારો પૌત્ર હર્ષ તેના દાદા પૂજા પૂરી ન કરી લે ત્યાં સુધી દૂધને હાથ સુધ્ધાં નથી લગાડતો."

હર્ષની આ વાતથી પૌત્રની સ્મૃતિ તેમના મનમાં એક ખૂણે ઊભી થઈ, અને તેઓ પ્રસન્ન થયાં. પદ્માએ વાત આગળ ચલાવી, "પહેલાં તો પોતાના કામમાં વ્યસ્ત હોવાને કારણે તેઓને એ વાતનો ખ્યાલ પણ ન આવ્યો, કે અશોકને વ્યસન વળગ્યું છે. પછી જ્યારે અશોકે ઘરમાં ચોરીઓ કરવા માંડી, તે સમયે તેમને સંશય ઊભો થયો. એના પર નજર રાખવા વત્સલાએ રજા લીધી, અને તેને પછી એક વાર પકડી પાડ્યો. એ સમયે ખૂબ મોટો ઝઘડો થયો."

"તેને ખરેખર થોડો ઠપકારવો જોઈતો હતો."

"પણ અહીં તમે છોકરાંને કંઈ મારી ન શકો! જો બાળકને માતા કે પિતા તમાચો પણ મારે તો તે પોલીસ પાસે જઈને ફરિયાદ કરી શકે છે, અને તેમની સામે 'ચાઇલ્ડ અબ્યુઝ'નો કેસ કરી શકે છે. ખેર, આવી રીતે પોતાનો એકનો એક દીકરો ઘર છોડીને જતો રહ્યો તેથી વત્સલાને ઊંડું દુ:ખ થયું છે."

"જો વત્સલાના અથવા તો રુદ્રેશનાં માતા-પિતા ઘરમાં રહ્યાં હોત, તો કદાચ આમ ન બન્યું હોત."

"કોણ મોટી ઉંમરનાં લોકો ભારતથી અહીં આવવા અને રહેવા રાજી હોય છે, ભલા! તમે જ કહો, શું તમે અહીં કાયમી ધોરણે રહેવા તૈયાર થશો? શરત હારું જો તમે તૈયાર હોવ તો. એ વાત જ બધાંને લાગુ પડે છે ને! ભારત મૂકીને અહીં વસવાનો વિચાર જ તેમને ગમતો નથી. તે લોકો પોતાની બીજી વહુને વધારે પ્રેમ કરવા લાગે છે, અને પોતાની દીકરી જેમ ચાહે છે. હવે જો આ અમેરિકન વહુને પોતાને નોકરી કરવી હોય તો તેનું બાળક શું કરે?

"કદાચ જો વત્સલા પોતે જ ઘેર રહે તો આમ ન બને, હેં ને!"

"એવું પણ નથી, બા. વત્સલાની પરિસ્થિતિ સ્પષ્ટ રીતે સમજી શકાય છે. આપણા દેશમાં માતાપિતા કેવળ પોતાની દીકરીનાં લગ્નનો વિચાર વધુ કરતાં હોય છે. તેની મહત્ત્વાકાંક્ષા કે ઇચ્છાઓનો વિચાર નથી કરતાં. આપણા સમાજમાં પરિસ્થિતિ એવી નથી જ્યાં કોઈ દીકરી આવાં દબાણોની સામે વિદ્રોહ કરી શકે. જો વત્સલા અહીં જન્મી હોત તો તેને જેટલું ભણવું હોય તેટલું તે ભણી શકી હોત, થોડો સમય કામ કર્યું હોત અને પછી જ લગ્ન પણ કર્યાં હોત. સંતાનના જન્મ પછી નોકરી તેણે પહેલાં થોડાં વર્ષ માટે મૂકી દીધી હોત, અને પાછળથી ફરીથી નોકરીમાં જોડાઈ હોત, પણ આ વત્સલા અસુરક્ષિત ભાવનાઓથી ઘેરાયેલી હતી. અમેરિકાની કામકાજની વ્યવસ્થાને પૂરી સમજી શકી

નહોતી, અને તેથી તેણે પણ ભૂલો કરી. છેવટે પરિણામ કરુણ આવ્યું અને તેનાથી તેઓ ત્રસ્ત થઈ ગયાં છે."

પદ્મા જાણે નીલાબાને આ દેશના રિવાજો, મૂલ્યો અને સિદ્ધાંતોની સમજ આપી રહી હતી. એમાં સારી વાતો પણ હતી, ખરાબ વાતો પણ હતી, તેમાં દુ:ખો પણ હતાં, આનંદ પણ હતો. તેની સાથે વાત કરવામાં નીલાબાને જાણે કોઈ સહેલી સાથે વાત થતી હોય તેવું લાગ્યું, જે અમેરિકાની કેટકેટલી વાતો તેમને સમજાવતી હતી, કેટકેટલી માહિતી આપી રહી હતી!

"પદ્મા, એક વાત પૂછું છું, ખરાબ ન લગાડતી, હં? તું મને કહે કે તારે શા માટે ભારત પાછા આવતું નથી?"

"ના, બા. પૂછો તેમાં શું વાંધો હોય? સાચું કહું તો આ પ્રશ્ન મેં પણ મારા હૃદયને ઘણી વાર કર્યો જ છે. હું મારા પોતાના દેશમાં પાછી ફરવા શા માટે રાજી થતી નથી? મૂળ વાત એ છે કે મારાં સાસરિયાં સાથે મારે બનતું નથી. ધાર્મિક પવિત્રતાના નામે મારાં સાસુ મારું જીવન ખારું કરી મૂકે છે. રાજીવ તેમનો એક જ દીકરો છે. જો અમે પાછાં ફરીએ તો અમારે તેમની સાથે જ રહેવું પડે. અમારી જ્ઞાતિ ઘણી ઊંચી છે, બા. અમારાથી બીજા કોઈના ઘરનું પાણી પણ પીવાય નહિ! એટલું ઓછું હોય તેમ, હું જ્યારે રજસ્વલા હોઉં તો દર મહિને ચાર દિવસ મારે એક ખૂણામાં છેટા બેસવાનો નિયમ પણ તેઓ મારી પાસે પળાવે છે! વળી, બીજાં સગાંઓ પણ આટલાં જ ચુસ્ત રૂઢિવાદી છે. એ ઘર 'મારું' નથી રહેતું, એ જાણે એક હોટેલ બની જાય છે."

નિશ્વાસ નાખતાં પદ્માએ આગળ સમજાવ્યું, "મારી માતા એક કૉલેજમાં આચાર્યા હતાં. તેમણે અમને બહુ ઉચ્ચ શિક્ષણ આપ્યું છે. મારી એક બહેન ઇંગ્લૅન્ડમાં છે જે ડૉક્ટર છે. તેણે પંજાબી સાથે લગ્ન કર્યાં છે. મારો મોટો ભાઈ દિલ્હીમાં જઈ વસ્યો છે અને ત્યાં એક તમિલ છોકરીને પરણ્યો છે. આ બધામાં મારી માતાએ કદી પણ વાંધો લીધો નથી. આવી બધી પુરાણી પ્રથાઓમાં અમારું કુટુંબ વિશ્વાસ રાખતું નથી. આવા કુટુંબમાંથી આવતી હું, તમે જ કહો, આટલાં રૂઢિચુસ્ત સાસુ સાથે કઈ રીતે રહી શકું?"

"તારાં સાસુ કદી અહીં નથી આવ્યાં?"

"મને જ્યારે વિકાસ આવવાનો હતો, ત્યારે અમે તેમને અહીં આવવાનું આમંત્રણ આપ્યું હતું અને તેમને માટે વિમાનની ટિકિટ ખરીદવાની તૈયારી પણ બતાવી હતી. તમે વિચારી શકો છો કે તેમાં તેમને શું વાંધો હતો? અહીં આવવા માટે તેમણે કહ્યું કે જ્યારે સાત સમુદ્રો પાર કરવા પડે તેમ હોય તો નવી જગ્યાનું શુદ્ધિકરણ ગૌમૂત્ર અને ગંગાજળથી કરવું. શું આ ચીજો લાવવાની પરવાનગી વિમાનયાત્રામાં તેમને મળશે? એ વખતે રાજીવ સમજી શક્યા કે અહીં તેમને બોલાવવાં તે અશક્ય બાબત હતી."

આ નાની-મોટી વાતો ઉપર વિચાર કરવાથી નીલાબાના મન પરના ઓછાયા ધીમે ધીમે દૂર થવા લાગ્યા. અમેરિકામાં રહેતાં ભારતીયો કેવા કેવા જટિલ પ્રશ્નોનો સામનો કરે છે તે વિશે તેમના મનમાં થોડો થોડો પ્રકાશ પડવા લાગ્યો હતો. દરેકને જુદી જુદી સમસ્યાઓ હતી અને તેમણે પોતાની રીતે જ તેનો ઉકેલ લાવવાનો હતો.

"પદ્મા, અહીં તું કેટલો વખત રહીશ?"

"જેટલો સમય શક્ય હશે ત્યાં સુધી. બા, અમે હવે પાછાં ન જઈ શકીએ. અમારે અહીં જ જીવન વિતાવવાનું છે. જ્યારે બાળકો મોટાં થશે ત્યારે તેઓ આ દેશના રિવાજો માનશે. તમારા નિશ્ચિત કરેલા નિયમો જો તેઓ તોડે તો તેઓ વિદ્રોહી નથી બની જતાં હોં! એનો અર્થ તો એમ જ થાય કે પંખીનાં નાનાં બચ્ચાંઓને હવે પાંખ આવી છે, જે

મજબૂત બની છે અને તેઓ હવે ઊડવા માટે તૈયાર છે. પોતાનું આકાશ શોધે છે. અહીં એવાં કેટલાંય કુટુંબો છે જેમાં માતાપિતા સમૃદ્ધ હોય, પણ છોકરાંઓ મામૂલી નોકરી કરતા હોય. તેઓ જુદાં ઘરોમાં રહેવા જાય છે, ત્યાં જ અભ્યાસ પણ કરે છે. આપણા દેશમાં થાય છે તેવું અહીં નથી — પોતાનાં માબાપની સંપત્તિમાં તેઓ ભાગ માગતાં નથી.

"એ વાત શું સાચી છે? તો પછી જ્યારે માતાપિતા ઘરડાં થાય ત્યારે?"

"કોઈ 'ઓલ્ડ પીપલ્સ હૉમ'માં તેઓ ચાલી જાય અને બીજાં ઘરડાં લોકો સાથે શેષ જીવન વિતાવે. આમ તો માતાપિતા પોતાની સંપત્તિને કોઈ સમાજસવાની સંસ્થાને દાનમાં જ આપે છે, જેમ કે અંધજનો માટેની વગેરે."

એક ઘૂંટડો ગળવાની ચેષ્ટા કરતાં નીલાબાને મીનાક્ષી યાદ આવી. તેમને જ્યારે સ્તનમાં ગાંઠ થઈ હતી, ત્યારે એક દીકરીની જેમ મીનાક્ષીએ તેઓનું ધ્યાન રાખ્યું હતું, અને પોતાનો પ્રવાસ પણ તેમને માટે જ રદ કર્યો હતો. આ બધી સ્મૃતિઓ આજે શાથી તેમના મનમાં ધીમો પ્રવેશ કરી રહી હતી?

વૃદ્ધાશ્રમની વાત તો તેમને મીનાક્ષીની કાળજી અને પ્રેમથી ભરેલા ઘરથી જોજનો દૂર લાગતી હતી.

એ રાત્રે પદ્માને દુ:ખાવો શરૂ થયો. હજી ડૉક્ટરે આપેલી તારીખને તો અઠવાડિયાની વાર હતી, પણ હવે પ્રસૂતિ નજીક આવી પહોંચી છે તેનાં બધાં જ ચિહ્નો વરતાવા લાગ્યાં.

નીલાબા ઊઠ્યાં ત્યાં સુંધીમાં પદ્માએ પોતાનો થેલો તૈયાર કરી લીધો. નીલાબાએ પૂછ્યું, "હું પેક કરી આપું?"

"ના, ના. બા, મારી વસ્તુઓ ક્યાં પડી છે તે મને જ ખબર છે." દુ:ખાવામાં પણ તેણે જ બધી ચીજો ભેગી કરી લીધી.

"પદ્મા, કોઈ બહેનપણીને બોલાવી લે, તને હૉસ્પિટલ પહોંચાડે."

"બા, મેં હૉસ્પિટલમાં ફોન કર્યો છે અને ઍમ્બ્યુલન્સ મંગાવી છે. એ હવે આવતી જ હશે."

"પદ્મા, તારી કમરે ગરમ પાણીની થેલી બાંધી આપું! તેનાથી પ્રસૂતિ ઝડપથી થશે!"

"ઓહ, બા! એવું તો મારે નથી કરતું. હૉસ્પિટલ જરા દૂર છે અને જો રસ્તામાં જ બાળક આવી જાય તો?"

"શું તારે માટે કૉફી કે કાઢો બનાવું?"

"ના, ના, કંઈ નહિ જોઈએ. ડૉક્ટરે કહ્યું છે કે મારે હમણાં કશું લેવું નહિ, ખાવાનું કે પીવાનું."

નીલાબાને ખબર ન પડી કે હવે શું કરવું. તેમનું એક પણ સૂચન અહીં ઉપયોગી હોય તેવું ન જણાયું.

ભગવાનના ફોટા પાસે છેવટે તેમણે દીપ પ્રગટાવ્યો અને દિલના ઊંડાણથી પદ્માની સલામત પ્રસૂતિ માટે પ્રાર્થના કરી.

"પદ્મા, હું કોઈને બોલાવું?"

"જરૂર નથી, બા! બાળકના જન્મ પછી હું જ તમને ફોન કરી દઈશ."

ત્યાં તો ઍમ્બ્યુલન્સ આવી પહોંચી. પદ્મા બહાર નીકળી. અંદર ચડતાં પહેલાં નીલાબાને કહેવા લાગી, "બા, ભગવાન પાસે મૂકેલા દીવાનું સહેજ ધ્યાન રાખજો હો. આ આખુંય ઘર લાકડાનું બનેલું છે, તેથી કહું છું."

"તારા ઘરને માટે કે વિકાસ માટે કશી ચિંતા કરીશ નહિ, બેટા. ભગવાન તને સાજી સારી રાખે." ખૂબ પ્રેમથી નીલાબાએ તેને વિદાય કરી.

ઍમ્બ્યુલન્સમાં બેસી, બારીમાંથી હાથ હલાવી વિદાય લેતી પદ્મા દુ:ખાવામાં પણ હસી પડી અને હૉસ્પિટલ જવા રવાના થઈ ગઈ.

નીલાબા માટે આ બધું નવું હતું. સગર્ભા સ્ત્રીને માટે પ્રસૂતિ વખતે ઘરની વયસ્ક સ્ત્રીઓની હૂંફ કેટલી બધી રહેતી! વહુ સાથે ગમે તેટલો અણબનાવ સાસુને હોય, આવે વખતે પ્રસૂતિના ઓરડાની બહાર કલાકો સુધી, જરૂર પડે તો આખી રાત પણ, તે સાસુ બેસી રહેતી.

અને આ આટલા સમૃદ્ધ દેશમાં, એક ગર્ભવતી વિદેશી સ્ત્રીને એકલાં જ હૉસ્પિટલમાં જવાનું! એની સાથે બેસવાનો પણ કોઈને સમય નહિ? દરેક જણ પોતાના જીવનમાં જ વધુ પડતા વ્યસ્ત હતું. અહીં રહેનારાની પોતાની નોકરી પ્રત્યે વફાદારી આશ્ચર્યજનક હતી. બીજી તરફ એમ પણ હતું કે સૌની એકલતા પણ વધતી જતી હતી, માનવમાનવ વચ્ચેનાં બંધનો તૂટતાં હતાં.

નીલાબા વિકાસની બાજુમાં આડાં પડ્યાં. ફરી એક વાર તેમનું મન ચિંતાથી ઘેરાઈ ગયું, તેમને મીનાક્ષી સગર્ભા હતી ત્યારે બનેલા અને ખાસ તો તેની પ્રસૂતિ વખતના બનાવો યાદ આવતા હતા. ખૂબ દુ:ખી થઈને, સહેજ ગુનાહિત ભાવનાથી તેમને એ બધા બનાવો વિગતવાર યાદ આવતા હતા.

થોડા વખત પછી પદ્માનો ફોન આવ્યો. તેને દીકરો અવતર્યો હતો અને પ્રસૂતિ તદ્દન નૉર્મલ હતી. બાબો પણ સરસ હતો. તેણે નીલાબાને એમ પણ કહ્યું કે રાજીવ અને શ્યામને તેણે સમાચાર આપી દીધા હતા.

નીલાબાએ પૂછ્યું, “પદ્મા, હું ક્યારે આવું? બપોરે કે સાંજે?”

“મેં એક ટૅક્સી ભાડે કરાવી છે. તમે સાંજે આવશો? તમારી સાથે વિકાસને લેતાં આવજો અને પ્લીઝ એને કહી રાખજો કે તેને એક નાનો ભાઈ અહીં મળશે.”

એવું નહોતું કે રાજીવ અને પદ્માને કોઈ મિત્રો નહોતાં. પણ તે કામકાજનો દિવસ હતો. જો પદ્માની પ્રસૂતિ શનિવારે કે રવિવારે થઈ હોત તો તેનાં બધાં મિત્રો પદ્માને મદદ કરવા આવી પહોંચ્યાં હોત.

પ્રસૂતિના ત્રીજા જ દિવસે પદ્મા નવજાત શિશુને લઈને ઘેર પાછી આવી ગઈ. તેનું નામ રાખ્યું હતું વિનીત. ઘેર આવી ત્યારે ઉંબરમાં બન્નેની ‘આરતી’ની વિધિ નીલાબાએ કરી હતી અને ધીમેથી બન્નેને ઘરમાં લીધાં.

પણ થોડા સમય પછી જ્યારે પદ્મા તેમને રસોડામાં મદદ કરવા આવી, ત્યારે નીલાબાએ કહી જ દીધું, “આ દેશમાં નવી નવી મા બનેલી સ્ત્રી ભલે જલદી કામે ચડતી હોય. જ્યાં સુધી હું અહીં છું, હું તને એમ નહિ કરવા દઉં. અરે, હમણાં જ જેણે બાળકને જન્મ આપ્યો છે તેવી સ્ત્રીને ઘરમાં મજૂરી કરતી જોવાય જ કેમ?”

થોડા દિવસો પછી અનિતાએ ફોન કર્યો. ખૂબ ઉત્સુકતાથી તેણે સાસુને પૂછ્યું, “બા, આવતા બે દિવસમાં રાજીવ પાછો આવી જશે, એટલે તમે પણ અહીં આવશો, ખરું? અહીં બધી વાતે હું હેરાન થઈ રહી છું.”

હૉસ્પિટલથી પદ્માને ઘેર પાછાં ફર્યે આઠ દિવસ થયા હતા. તે બોલી, “હા, અનિતાની મુશ્કેલી સમજી શકાય છે. પણ હું એ વાત કદી નહિ ભૂલી શકું કે તમે અહીં આવ્યાં, અને મારી માની જેમ જ મારી કાળજી લીધી. તમે હજી વધુ લાંબો સમય રહી શકો તો મને ખૂબ જ ગમશે. તમારે હવે અનિતાનો વિચાર કરવો જોઈએ, એ પણ છે જ ને!”

જે દિવસે નીલાબા પાછાં ઘેર જવાનાં હતાં ત્યારે પદ્માએ ખૂબ આગ્રહ કરીને તેમને

૩૦૦ ડૉલર આપ્યા અને કહ્યું, “બા, આ પૈસામાંથી અમદાવાદ જઈને તમારે માટે ખૂબ જ સુંદર સાડી લેજો અને મને યાદ કરજો.” કહેતાં તે રોઈ પડી. નીલાબાની આંખોમાંથી પણ આંસુ છલક્યાં.

૨૩

બપોરના સમયે નીલાબા કંઈ ને કંઈ કામ કાઢીને વ્યસ્ત રહેતાં. પોતે કામે જવા નીકળે તે પહેલાં એક દિવસ શ્યામે કહ્યું, “બા, મારા ખમીસનું બટન તૂટી ગયું છે, જરા લગાડી દેજો ને. તમને જોઈતી ચીજોનો ડબો — દોરા, બટન, સોય વગેરે કબાટમાંથી મળી રહેશે.”

નીલાબાએ આજ સુધી કદી અનિતાનું કબાટ ઉઘાડ્યું નહોતું. એવું કામ તે કરે તેવાં નહોતાં.

પણ શ્યામને માટે તેમણે તે દિવસે કબાટ ખોલ્યું. એક ખૂણામાં ફોટાઓમાં આલ્બમો પડ્યાં હતાં અને તેમાંનું એક નીચે જમીન પર સરકી પડ્યું. સાહજિક જિજ્ઞાસાથી નીલાબાએ તેને ઉપાડતી વખતે જોયું. આ એ સમયના ફોટો હતા જ્યારે શ્યામ અને અનિતાનાં નવાં નવાં લગ્ન થયાં હતાં. તે વખતે તેમણે કરેલા પ્રવાસના બધા ફોટો એમાં હતા. પણ એક ફોટાએ તેમનું ધ્યાન ખેંચ્યું.

‘નાયગ્રા ફૉલ્સ’ની પાસે આ ફોટો લેવાયો હતો. તેમાંની વિશિષ્ટ બાબત નીલાબા માટે હતી અનિતાએ પહેરેલી સાડી. સાડી વિશે નિપુણ એવાં નીલાબા આ સાડીને તરત જ ઓળખી ગયાં.

જે પાંચ સાડીઓ અનિતા સુરભિ માટે તેના લગ્નની ભેટ તરીકે લઈ આવી હતી, તેમાંની જ આ એક સાડી હતી! એક જૂની, વાપરેલી સાડીને લગ્નની ભેટ તરીકે અપાઈ હતી!

દિગ્મૂઢ બનીને નીલાબાએ પછી તો બીજાં આલ્બમો પણ જોયાં અને કડવું સત્ય સમજી ગયાં — એક જ નહિ, અનિતાએ સુરભિને લગ્નની ભેટ તરીકે આપેલી બધી જ સાડીઓ તેણે પહેરેલી હતી, જૂની હતી!

અમેરિકાની સાડી ઝાંખી નથી પડી જતી. તેમાં સળ પણ પડતા નથી કે તેમાં ઘસારો પણ જણાતો નથી, ભલે તમે તેને ગમે તેટલી વખત વાપરો. એ જ કારણથી જૂની અને નવી સાડી વચ્ચેનો તફાવત પામવો મુશ્કેલ છે. પોતાની ઘણી બધી જૂની જૂની સાડીઓને આ રીતે અનિતાએ આપી આપીને, વળી એ પ્રસંશા પણ મેળવી લીધી હતી કે તે કેટલી ઉદારદિલ છે! લગ્ન વખતે તે કેટલી મીઠાશથી કહેતી હતી, વારંવાર કહેતી હતી, “આ સાડીઓ તો હું ખાસ તમારે માટે અમેરિકાથી લાવી છું!” નીલાબાએ તો તેને પ્રસંશાના ઢગલા તળે દબાવી દીધી હતી. પણ આજે લાધેલા સત્યે તેમનું મન કડવાશથી ભરી દીધું — અનિતાએ આવું વર્તન કર્યું જ કઈ રીતે?

કોઈની પહેરેલી, વાપરેલી સાડી વાપરવામાં કોઈ ગુનો તો નહોતો, પરંતુ તેને ભેટ તરીકે આપવી, અને એ પણ લગ્ન જેવા શુભ પ્રસંગે, તે ખરેખર અક્ષમ્ય વર્તન હતું.

આવું બેશરમ વર્તન અનિતા આટલા કપટથી કરી ગઈ, અને તેને પુરવાર કરવું પણ દુષ્કર હતું. આજે જો નીલાબા તેને પકડીને પણ પૂછે, અને આવી ખરાબ વર્તણૂક વિશે પૂછે તોપણ શું? બહુ મીઠાશથી તે સમજાવી દેશે — “સુરભિ તો મારે મન બહેન જેવી છે. જે સાડીઓ મેં મારે માટે લીધી, એવી જ તો તેને માટે લીધેલી!” જો નીલાબા આ તપાસ આગળ વધારે અને પૂછે, “તો એ તારી સાડી ક્યાં છે હમણાં? હું તને તે પહેરતી કેમ નથી

જોતી?" તો કદાચ વાત ઉડાવતાં અનિતા કહી દે, "મેં તો મારા પિયરની એક નોકરાણીને આપી દીધી." પણ તે કદીયે એમ કબૂલ નહિ કરે તે તેણે વપરાયેલી સાડી લગ્નની ભેટ તરીકે આપી હતી, અને તે પણ પોતાની સગી નણંદને!

નીલાબાને યાદ આવ્યું. જ્યારે નવી સાડીઓમાં હોય તેવા સળ અનિતાની સાડીમાં ન દેખાયા અને તે વિશે અછડતું પૂછ્યું, ત્યારે અનિતાએ કહ્યું હતું કે તેણે નવી સાડીઓની ગડ ફરીથી કરી હતી, અને જૂની જેવી બનાવી હતી, કારણ કે તેને કારણે કસ્ટમ્સવાળા અકારણે તંગ ન કરે! કેટલું બધું જૂઠાણું! એક છલનાને ઢાંકવા માટે રચાયેલ એક જૂઠી કહાની!!

ખૂબ જ ગુસ્સે ભરાયેલાં નીલાબા સ્વગત બબડ્યાં, "હું ગરીબ હતી અને અમેરિકન ચીજો પાછળ ઘેલી બની હતી. તેમ છતાં, મને ખબર હોત તો જુની સાડીને મેં કદી ભેટ તરીકે સ્વીકારી ન હોત."

અતિ દુ:ખી હૃદયથી તેમણે તે જ ક્ષણે નિર્ધાર કર્યો કે કદી પણ શ્યામ કે અનિતા પાસે અમેરિકાથી કોઈ પણ ચીજ મંગાવવી નહિ.

દર શનિવારે અનિતા એક 'કિટ્ટી. પાર્ટી'માં જતી, જે દરેક સભ્યને ઘેર વારાફરતી ગોઠવાતી. આ શનિવારે આ પાર્ટી પોતાને ઘેર રાખવાનો વારો અનિતાનો હતો. આ પાર્ટી 'પોટ-લક' રાખવામાં આવી, જેમાં દરેક જણ પોતાને ઘેરથી જ કોઈ એક વાનગી તૈયાર કરીને સાથે લઈ આવે અને બધાં ભેગાં મળીને બધું જમણ કરે. મૂળ વિચાર એ કે ચાર-પાંચ કલાક મોજમસ્તી કરવી, રમતો રમવી, વાર્તાઓ કે કવિતાઓ કહેવી, ગપ્પાં મારવાં અને જમી પરવારીને ઘેર જવું.

અનિતાએ સાસુને કહ્યું, "પ્લીઝ, જે તમને બહુ સારી આવડતી હોય તેવી વાનગી બનાવો." નીલાબા માટે આ જરા અઘરું હતું. આજકાલ સવારનો સામાન્ય નાસ્તો પણ તે પોતાની ડૉલર વહુને પૂછીને જ કરતાં હતાં! તેમને લાગવા માંડ્યું હતું કે તેઓ આ ઘરમાં કેવળ એક મહેમાન છે, અને ઘરના નિર્ણયોમાં ભાગ લેવાનો તેમને કશો હક નથી.

છતાં પાર્ટીને દિવસે તેમણે સેવનો દૂધપાક તૈયાર કર્યો. સાથે મીઠો કેસર ભાત અને દાળવડાં પણ બનાવ્યાં. ટેબલ પર બધું ગોઠવી દેવાનું અને મિત્રોને ચા કે કૉફી પાવાનું કામ અનિતા કરવાની હતી.

"હવે મારું અહીં શું કામ છે?" એમ વિચારીને નીલાબાએ માનસીને બાબાગાડીમાં મૂકી અને ચાલવા માટે નીકળ્યાં. માનસી હવે લગભગ એક વર્ષની થઈ ગઈ હતી. તોફાની પણ ઘણી હતી અને લાંબો સમય હવે તેને શાંતિથી બાબાગાડીમાં બેસવું ગમતું નહિ.

કોઈ અનામ અજંપો નીલાબાને સતાવી રહ્યો હતો. કદાચ, પોતાના ઘરથી આટલો લાંબો સમય તેઓ દૂર રહ્યાં એથી પણ એવું થતું હોય. ખૂબ બધી યાદો વચ્ચે જ તેમણે પોતાની જાતને પૂછ્યું કે શું તેઓ હવે પાછાં જવા ઇચ્છે છે?

અશાંત મનને કારણે તેઓ પોતાનો સામાન્ય રીતે લેવાનો આખો રસ્તો પૂરો ન કરતાં પહેલાં જ પાછાં આવ્યાં. માનસી ઊંઘી ગઈ હતી.

ઘરમાં કિટ્ટી પાર્ટી પૂર જોશમાં ચાલી રહી હતી. દરવાજે પહોંચ્યાં ત્યાં તેમના વિશે બોલતી અનિતાનો અવાજ તેમણે સાંભળ્યો. આમ તો ચોરીછૂપીથી કોઈની વાતો સાંભળવાની નીલાબાને ટેવ નહોતી. વાત શરૂ થઈ ચૂકી જણાઈ, અને તે પણ પોતાને જ વિશે હતી એટલે જિજ્ઞાસાથી તે સહેજ થંભી ગયાં.

આમ તો એમને થયું ખરું કે "ચોક્કસ અનિતા મારાં વખાણ જ કરતી હશે. મેં કેટલી ઉદારતાથી તેને છેલ્લા એક વર્ષમાં મદદ કરી છે તેની વાત કરશે. વળી બીજાં લોકો

પણ મારો કેટલો આદર કરે છે તે પણ તે કહેશે.” પોતાને માટે કેવા કેવા સારા શબ્દો વપરાય છે તે સાંભળવા તેમના કાન ઊંચા થઈ ગયા.

ડૉ. સુધા કહેતી હતી, “તું ગમે તે કહે, અનિતા તારા જેવી કપટી અને હોશિયાર હું ન થઈ શકું. સાચે જ મારી પીએચ.ડી.ની ડિગ્રી પણ તારા જેવી હોશિયારી મેળવવા આપી દઉં. તારાં સાસુનું હૃદય જીતી લેવા તેં જે કર્યું છે તે ખરેખર ખૂબ જ હોશિયારી માગી લે છે!”

“વેલ, હું કેમ એ ન જીતી લઉં? કોઈક દિવસ હું તમને લોકોને એમણે મને “મારી વહાલી દીકરી અનિતા’ના સંબોધનથી લખેલા પત્રો વંચાવીશ! કેટલાક પત્રોમાં તો તેમણે મને ‘મારી સાચી પુત્રવધૂ’ એમ પણ કહ્યું છે.”

“એ તો બહુ નવાઈની વાત! બીજી વહુ હોવા છતાં તેઓ એમ કેમ લખી શકે?”

“ઓહ! એમની આંખોમાં પેલી બીજી વહુની તો કશી કિંમત જ નથી. મીનાક્ષી રૂપાળી છે તો શું થયું? એ તદ્દન ભોટ છે. ભારતમાં જ રહેવાને લાયક. મારી સાસુની સંભાળ તે બહુ શાંતિથી લીધે જાય છે, ઘરનું પણ બધું જ કામકાજ કરતી રહે છે. તેમ છતાં, મારી મહાન સાસુજી! તેને માટે તેમનો હૃદયમાં વહાલનો છાંટો પણ નથી. બસ, મારું નામ તમે એક વાર એમની સામે લો અને પછી જુઓ, તેમના મોંમાંથી મારાં વખાણ કરવા મધલાળ વછૂટે છે!”

“તારી નણંદ કેવી છે?”

“અરે, સુરભિ તો વળી સુપર-લાલચુ છે. એના દરેક પત્રમાં માત્ર એ જ લખે — મને આ મોકલો, મને તે મોકલો. એનો પતિ પણ એના જેવો જ છે. સાચું કહું — બન્ને જણાંને અહીં અમેરિકા આવવું છે! આવું તેમણે મને ચોખ્ખે ચોખ્ખું તો નથી કહ્યું, પણ મને બધી જ ખબર છે કે તેઓની એવી જ ઇચ્છા છે. એટલા ખાતર તો એ માણસે સુરભિ સાથે લગ્ન કર્યાં છે! તેઓ ઇચ્છે છે કે શ્યામ તેની બહેનને અહીં તેડાવે અને પછી તો તેનો વર પણ સાહજિક રીતે આવી શકે. મારી માએ બધી વાત મને કરી છે. તેમને પૂંછડી હલાવવાની એક પણ તક આપવાની નથી, બીજા કશાની તો શી વાત?”

નીલાબાનો પરસેવો છૂટી ગયો. તેમની ‘ડૉલર વહુ’ તેના હૃદયની સાચી લાગણીઓ અહીં ઓકી રહી હતી. “તેઓ ભિખારીની જેમ દરેક વખતે લખે છે કે આ વસ્તુ તેમને જોઈએ, પેલી વસ્તુ જોઈએ! હું તેમને કહી દઉં છું — બહુ સરળતાથી — કે તેમનો કાગળ મને મળ્યો જ નથી, કે પછી અહીંની ટપાલ વ્યવસ્થા એટલી તો ભંગાર છે કે ઘણી વાર અમને પત્રો મળતા હોતા નથી.”

“હેં, ખરેખર! પણ તારી વાત ઉપર એ લોકોને કશી શંકા નથી થતી?”

“સહેજ પણ નહિ! ખબર છે? એ લોકોને મારા ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે. એ લોકોને સંશય જાય પણ કઈ રીતે? હું મારી જૂની સાડીઓ સારી રીતે પેક કરીને તેમને ભેટ પણ આપી દઉં છું. તેમને લગીરે શંકા ન થાય એટલે આપતી વખતે જ ‘કસ્ટમવાળા હેરાન કરે’ એવી વાતો પણ બનાવી કાઢું છું. વાત એમ છે કે અમેરિકાની કશી પણ વાત તમે એ લોકોને કરો, તો તેઓ એને શીરાની જેમ સરળતાથી ગળી જાય છે, સ્વીકારી લે છે, સંપૂર્ણ વિશ્વાસથી પાછાં હોં! વળી મારાં સાસુ તો માન્યામા ન આવે એટલી હદે મૂર્ખ છે — છેવટ સુધી તો એમણે મીનાક્ષીની સાથે રહેવાનું છે, અને છતાં આટલે દૂર રહેતી વહુમાં તેમને વધુ વિશ્વાસ છે, બોલો! પોતાની પાસે રહેતી વહુમાં તેમને વિશ્વાસ નથી એટલું જ નહિ, પણ મીનાક્ષી માટે તેઓ ગમે તેમ બોલતાં અચકાતાં નથી!”

“સાચ્ચે? આ તારી સાસુ તો જરા ચંટ જ લાગે છે, ભલા!”

નીલાબાનું હૃદય તો જાણે જમીનનીય નીચે ચાલી ગયું. આંખોમાં પાણી ભરાઈ આવ્યાં.

અનિતાનો પ્રલાપ ચાલુ જ હતો. "તમે શું એમ માનો છો કે એ હું નથી જાણતી? મારાં લગ્ન પહેલાં જ મને એ વાતની ખબર હતી. મારા બાપુ એક સરાફ છે — તેમને ખબર પડે છે કે પૈસા ધીરતાં પહેલાં માણસને કઈ રીતે નાણવો. મને પણ એ શક્તિ વારસામાં મળી છે. સહુથી પહેલાં જ જ્યારે હું તેમની સાથે ઉટી બે દિવસ ફરવા ગઈ હતી ત્યારે જ મને ખબર પડી ગઈ હતી કે તે લોકો કેવાં છે. એ તો હું કહીશ કે મારાં સાસુ શાર્ક માછલી જેવાં છે, સુરભિમાં ભેજાનું નામોનિશાન નથી અને મીનાક્ષી તો બસ તદ્દન ગમાર જ છે. મને ખબર પડી ગઈ હતી કે તે બધાં પર હું જ રાજ કરીશ. મીનાક્ષીને પિયરમાં કોઈ આધાર નથી, કોઈ ધન નથી અને એનો પતિ એક બૅન્કમાં ક્લાર્કની નોકરી કરે છે. જુદું ઘર લઈ શકે તેમ નથી એટલે ગુલામની જેમ કામનો ઢસરડો કર્યા કરે છે, ભગવાન બચાવે! પણ હું! બહુ જુદી માટીની છું હું તો! તમે એવું કહી શકો છો કેમ?"

મસ્તીમાં આવીને એણે આગળ ચલાવ્યું "જે દિવસથી તે બાઈ, મારાં પ્રિય સાસુજી, અહીં પધાર્યાં છે, મેં રસોડામાં એક વાર પણ પગ નથી મૂક્યો! ખૂબ મીઠી જબાન વાપરીને મેં તેમને મારું બધું કામ કરતાં કરી મૂક્યાં છે. મેં તેમને બધું જ શીખવી દીધું છે — વોશિંગ મશીન પણ કેમ ચલાવવું તે સહિત!"

"હે ભગવાન! તારે તો કોઈ મોટી કંપનીના મોટા અધિકારી બનવું જોઈતું હતું! તારું ગમે તે કામ બીજા પાસે કઈ રીતે કરાવવું તેમાં તું કેટલી પાવરધી છે? આ કલામાં તો તારો મુકાબલો કોઈ ન કરી શકે, એ ચોક્કસ છે!"

"જુઓ, વાત સીધીસાદી છે." અનિતા બોલી, "જો સુરભિ, મારી નણંદ, અહીં આવે તો મારી સ્વતંત્રતા ઉપર કાપ આવી જાય. તેના કરતાં વારતહેવારે પાંચ-પચાસ ડૉલર તેમના પ્રસંગે આપી દઈએ એ વધારે સારું. ગંગા નહાયાં. એમ કરવાથી અમારું નામ પણ સારું થાય, અને એ લોકોની બીજી ખટપટ ટળી જાય. ડૉલરની કિંમત ચાલીસ રૂપિયા જેટલી વધી ગઈ છે એટલે એ લોકો તો ગુણાકારો કરવામાં વ્યસ્ત બની જાય, અહીં હું નિરાંતથી રહું!"

"હા, અનિતા, તારી વાત સાચી છે." ઉમાએ ભારપૂર્વક કહ્યું, "હવે જો આપણે આપણી રીતે સહેવા ટેવાઈ ગયાં હોઈએ. આપણે છોકરાંઓને કોઈ કોઈ વાર માંસમટનની વાનગી પણ ખવડાવતાં હોઈએ, કે તેમના વાળ કાપી નાખતાં હોઈએ. તમે પણ જો કોઈ વાર બિયર પી લ્યો, તો અહીં કોઈ તમને પ્રશ્નો કરશે નહિ. અહીં વળી તમારે બુઢ્ઢા-બુઢ્ઢીની પણ કોઈ ચિંતા નથી, જેમ કે તારાં સાસુ અને સસરાની. ઉફ્ફ, આ ઘરડાંઓની સંભાળ લેવાનો વિચાર જ મને ચીતરી ચડાવે છે. કેટલું ભંગાર જેવું કામ! વળી સૌથી સારી વાત એ છે કે આપણા પતિ આપણા કહ્યાગરા કંથ છે. આપણે કહીએ તેમ કરે છે, કારણ કે તેમને માટે આપણે જ એક આધાર છીએ! એ લોકોને આપણને નારાજ કરવાનું કઈ રીતે પરવડે, ભલા?"

"હાસ્તો વળી!" અનિતા હસવા લાગી, "મેં તો મારા વરને સીધેસીધું કહી દીધું છે. તમારે ભારત જવું હોય અને ત્યાં રહેવું હોય તો ભલે, પણ હું તો અહીંથી ચસકવાની નથી. આ બે-ત્રણ વર્ષે ત્રણ-ચાર દિવસ માટે મળવા જવાની રીત કંઈ ખોટી નથી, સમજ્યા? તમને શું લાગે છે? તેઓ અમેરિકા ન રહેતા હોત તો મારા બાપે મને તેમની સાથે પરણાવી હોત? કદાપિ નહિ! જો તેઓ અમદાવાદ જ રહેતા કે રહેવાના હોત, તો તેમની જોડે મારું લગ્ન થવાની શક્યતા જ નહોતી! અરે, મને જે પોકેટ-મની મળતા હતા

એટલો તો તેમનો અમદાવાદમાં પગાર હતો!"

"હં. તો હવે તારાં સાસુ પાછાં અમદાવાદ ક્યારે જવાનાં છે?"

"ઉમા, મારી સાસુ તો કૂતરાની જેમ જે ચીજ તેને જોઈતી હોય તેને માટે નાચતી જ રહે તેવી છે. તેણે ચોક્ખી રીતે અહીં આવવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. મને તેને માટે કશી પરવા નહોતી. પણ મેં જોયું કે શ્યામને ખૂબ જ ઇચ્છા હતી કે એમની મા એકવાર અમેરિકા આવે તેવું આમંત્રણ તેને મળે. એટલે મને લાગ્યું કે આમ કર્યાથી તેમની ઇચ્છાને માન આપ્યું એમ પણ ગણાશે અને આ બાજુ મારું કામ પણ પતી જશે. એટલે જ મને પ્રસૂતિ આવવાની હતી ત્યારે મેં તેમને બોલાવ્યાં અને એક વર્ષનો 'વિઝા' મેળવી આપ્યો. કેટલું સરળ?"

ઉમા કહે, "ભઈ વાહ! બહુ જ હોશિયારી વાપરી, ને શું? જરા વિચાર કર કે તને કેટલી બધી બચત થાય છે — બેબી-સીટિંગ, વાસણ માંજવા, ઘરકામ કરવું, રાંધવું, કપડાં વગેરે વગેરે એક વિમાનની ટિકિટના ખર્ચ કરતાં ઘણી વધુ બચત થઈ છે! અનિતા, તારી ચતુરાઈ માટે તને ખરેખર અભિનંદન આપવાં જોઈએ. આ કપટથી તને કેટલા ડૉલરનો ફાયદો આ વર્ષે થયો એ તો કહે?"

મોં મચકોડતાં અનિતાએ કહ્યું, "મારા મતે તો મારાં સાસુ વધુ પડતાં ઉદાર છે. એમનાં થોડાં પણ વખાણ કોઈ કરે, તો તેને માટે બધું ન્યોછાવર કરે છે. એટલે જ બધી વધેલી ચીજોને હું 'ડીપ-ફ્રીજર'માં પાછી રાખી દઉં છું. બલ્કે, આજકાલ તો મેં તેમને એમ પણ કહેવા માંડ્યું છે કે ઇન્ડિયન સ્ટોરમાં અમુક તમુક ચીજ હમણાં હમણાં ખલાસ થઈ ગઈ છે, જેની તેમને બધું બનાવવામાં જરૂર પડતી હોય."

છેવટે નીલાબા જાણે સ્વપ્નમાંથી ઊઠ્યાં હોય અને આસપાસની વાસ્તવિકતા નિહાળતાં હોય તેમ જાગૃત થયાં.

"હે ભગવાન! હું કેટલી બધી મૂર્ખી છું? હતી?" પોતાની જાતને વગોવતાં તેમણે વિચાર્યું. "મારા વર અહીં આવ્યા નહિ તે બહુ જ સારું થયું — ભગવાનનો પાડ. નહિ તો રામ જાણે આ વહુએ એ 'બુઢ્ઢા' પાસે કેવી કેવી મજુરી પણ કરાવી હોત!"

દુ:ખમાં કંપતાં નીલાબાએ નિર્ણય લીધો કે હવે ભારત પાછા ફરવાનો સમય પાકી ગયો છે. આવા મોટા મહેલમાં અપમાનો ખમીને જીવવા કરતાં સ્વમાન અને આદર સાથે ઝૂંપડામાં રહેવું ઘણું વધારે સારું હતું.

ધીમા આર્તનાદ અને નિશ્વાસ સાથે તેમણે વિચાર્યું, "અનિતાની સમૃદ્ધિના ચળકાટે મને આંધળી ભીંત કરી નાખી હતી! બીજા કશાનો વિચાર કર્યા વિના મેં મારા શ્યામને આ છીછરી અને તદ્દન અશિષ્ટ છોકરી સાથે પરણાવી દીધો!"

એ જ વખતે માનસી રડી. બાબાગાડીમાંથી નીલાબાએ તેને ઊંચકી લીધી અને બેઠકરૂમમાં આવ્યાં.

અનિતાએ ઘણું જ મીઠું સ્મિત તેમને પીરસ્યું. જો એ કોઈ જુએ તો માની જ ન શકે કે હજી હમણાં જ તે આ સાસુ માટે નહોરભરી બિલાડીની જેમ વાતો કરતી હતી.

આખીય રાત નીલાબાએ પોતાના હૃદયના આઘાતને આંસુઓમાં વહાવ્યો. તેમની અસહ્ય યાતનાનો મૂક સાક્ષી માત્ર તેમનો ભીનો તકિયો હતો. પોતાના દુ:ખ ઉપરાંત એટલા જ ઊંડાણથી એમને જે બીજું દુ:ખ સતાવતું હતું તે હતું તેમણે મીનાક્ષી સાથે કરેલા વ્યવહારનું. એ માટે તેમને અતિશય પસ્તાવો થઈ રહ્યો હતો. તે છોકરીની ચીમળાયેલી મુખાકૃતિને તે પોતાની નજરોથી હઠાવી શકતાં નહોતાં; પરી જેવી મીનાક્ષીની સાથેની તેમની વર્તણૂકને કેમે કરી ભૂલી શકતાં નહોતાં. તેમને જાણ હતી જ કે મીનાક્ષી તેમના

વહાલ માટે કેટલું ઝંખતી હતી. છતાં, જાણી જોઈને અને ખૂબ જ વિકૃત વિચારોથી એની તે જરૂરિયાત માટે તેમણે ઉપેક્ષા જ દર્શાવી હતી.

અનિતા તેમના બધાનાં જીવનમાં પ્રવેશી તે પહેલાં ઘરનું વાતાવરણ ઉષ્માભર્યું અને સુમેળભર્યું હતું. જ્યારથી અનિતા આવી ત્યારથી હવામાન દૂષિત થવા માંડ્યું; સુમેળભર્યા દિવસો ક્યાં જતા રહ્યા? તેમનું સંગીત સેળાઈ ગયું.

નીલાબા ખૂબ મંથનનો અનુભવ કરી રહ્યાં હતાં. આટલાં વર્ષોમાં તેમણે મીનાક્ષી માટે કંઈ કર્યું નહોતું! તેનાં લગ્ન વખતે તેને સારી સાડી સુધ્ધાં આપી નહોતી! પોતાની સોનાની બંગડીઓ ભેટ આપવા માટે તેમણે અનિતાની પસંદગી કરી, પણ હવે તેમણે જાણ્યું કે તેમની 'ડૉલર વહુ' માટે તે બંગડીઓની કિંમત સાવ કચરા જેટલી જ હતી! તેને બદલે, જો એ બંગડીઓ નીલાબાએ મીનાક્ષીને ભેટ આપી હોત, તો પોતાની આ ભેટને તે અભિમાન અને આનંદથી બધાંને બતાવતી રહેત અને કહેતી પણ રહેત કે એ તેની સાસુએ તેને પ્રેમથી આપી છે!

"મેં તો તેને ત્યારે પણ કશી મદદ ન કરી જ્યારે તે ગર્ભવતી હતી!" નીલાબા ફરી ફરીને દુ:ખી થવા લાગ્યાં. "પ્રસૂતિ માટે પણ તેણે તો વલસાડ જવું પડ્યું! સુરભિનું લગ્ન વહેલું કરી શકાયું હોત, પણ મારે તો અનિતાની અનુકૂળતા જોવી હતી! એ સમયે મીનાક્ષીની કશી કિંમત મારા મનમાં હતી નહિ, અનિતા તો મારે મન સોનાની લગડી હતી! હું આટલી હદે ભાન કઈ રીતે ભૂલી ગઈ!!"

પોતાની ભૂલો અને અપરાધો તેમને વારંવાર જણાવા લાગ્યાં. "જ્યારે હર્ષનું નામકરણ થયું ત્યારે મેં ફક્ત એકસો રૂપિયાની જ ભેટ કરી, પણ માનસીને મેં સોનાની ચેન આપી! અને મીનાક્ષીને ખુદને તો સાડીની તો શું વાત, લીલા રંગના બ્લાઉઝનું કાપડુંય ન કર્યું! મને થતું હતું કે ગિરીશની કમાણી ઓછી છે, એટલે એની પત્નીને માટે કંઈ ભેટ લેવી જરૂરી નથી, પણ બીજી બાજુ, અનિતા માટે તો મેં મોંઘી સાડી લીધી, પણ જુઓ શું થયું? એક વાર પહેરવાની પણ તેણે શિષ્ટતા કરી નથી! પોતાની 'ડૉલર-શક્તિ'થી છકી જઈને તે પાંચ હજારની સાડીને પણ તુચ્છ ગણવા લાગી છે!"

ડુંગરા દૂરથી કેટલા બધા રળિયામણા, હરિયાળા, ગગનચુંબી અને આકર્ષક લાગે છે. પણ તમે નજીક આવતા જાવ તો તેમની ક્ષતિઓ જાણી શકો — તેના ખાડાખડિયા, ખરબચડાં ચઢાણ, ધસી પડતી ભેખડો — વગેરેને તમે જોઈ શકો. ખૂબ રંગીન અને ચળકતા નકાબ પાછળની અનિતામાં એક છૂપી કિન્નાખોરી અને દ્વેષભાવ હતો તેની શોધ તેમણે અચાનક કરી હતી. જો તેઓ અમેરિકા આવ્યાં ન હોત તો આ બાબતે હજી પણ તેઓ તદ્દન અજ્ઞાન રહ્યાં હોત, અનિતાને સંપૂર્ણતાની મૂર્તિ તરીકે પૂજતાં રહ્યાં હોત.

પોતે જો પોતાના ઘરના કોઈ નજીકના શહેરમાં — કહો કે વડોદરા — રહેતાં હોત તો ત્યારે જ બસ પકડીને પાછાં જતાં રહેત. પણ અલબત્ત, એવું અહીં થઈ શકે તેમ જ નહોતું; તેઓ એક એવા દેશમાં ફસાઈ ગયાં હતાં જે પોતાના વતનથી હજારો માઈલ દૂર હતો. તેમણે નક્કી કર્યું કે પોતાના દીકરાને જ મનની વાત કહી છે.

શ્યામને તેમણે કહ્યું, "જો કોઈ ભારત જવાનો સથવારો હોય, તો હવે હું પાછી ફરવા માગું છું. મારે આવે પણ લગભગ એક વર્ષ થવા આવ્યું. માનસી પણ ઠીક ઠીક મોટી થઈ ગઈ છે, અને તમે હવે એને 'કેશે'માં મૂકી શકશો અને તેની ચિંતા કર્યા વિના પોતપોતાની નોકરી કરવા પણ જઈ શકશો."

આ વાત સાંભળીને શ્યામને કશી નવાઈ ન લાગી, પણ અનિતાને આશ્ચર્ય થયું. સહેજ મોં વાંકું કરીને તેણે પૂછ્યું, "બા, આટલું જલદી તમારે કેમ પાછાં ફરવું છે? ત્યાં

જઈને વળી તમારે શું કરવાનુંય છે? મેં સાંભળ્યું છે કે અમદાવાદમાં તો પાણીની પણ હમણાં અછત ઊભી થઈ છે. વીજળી પણ બહુ ઓછી મળે છે. તો તમે શા માટે પાછાં ફરો? એમ કરીએ તેને બદલે બાપુને પણ અહીં બોલાવી લઈએ. બન્ને જણ એક વર્ષ હજી અહીં રહો, પછી સાથે પાછાં ફરજો."

"ના, હોં અનિતા! મારો દેશ દૂધ હોય કે પાણી, છતાં વિશ્વભરમાં એ જ એવું સ્થળ છે જેને હું ખૂબ પ્રેમ કરું છું.અહીં હું આવી, મને જોવી હતી તે બધી ચીજો ને જગ્યાઓ મેં જોઈ. મને લાગે છે કે તમને બન્નેને હું થોડી મદદરૂપ થઈ પણ ખરી. હવે મારે પાછાં મારે ઘેર જવું છે. તું જાણે છે કે હવે મારી ઉંમર થઈ. હું અહીં રહું તો તમને વધારે તકલીફ પડે. મારે એવું થવા દેવું નથી. હું ભારત પાછી જાઉં એ જ વધુ સારું રહેશે."

"અનિતા, બા સાચું કહે છે." શ્યામે કહ્યું. "કદાચ તેને કંટાળો પણ આવતો હોય. બા, ચિંતા ન કરશો. જે વખતે મને તમારે માટે કોઈ સારો સથવારો મળશે, હું તમને જરૂર ઘેર જવા દઈશ."

કામેથી પાછો ફર્યો ત્યારે શ્યામે પૂછ્યું, "બા, કોઈ રમાને જાણો છો?"

"મારી બે-ત્રણ બહેનપણીઓનાં નામ રમા છે. તું કોની વાત કરે છે?"

"અમારી કંપની માટે છેલ્લા છએક મહિનાથી ન્યૂયોર્કની એક સોફ્ટવેર એન્જિનિયર કામ કરે છે. તેનું નામ છે શાંતા. આજે તેણે મને કહ્યું કે મારે તમને પૂછવું કે શું તમને રમાની દીકરી શાંતા યાદ છે?"

"ઓહ, ઉસ્માનપુરાવાળી! હા, હું એ રમાને સારી રીતે ઓળખું છું. તે મણિલાલ પટેલની દીકરી છે, લગભગ મારી જ ઉંમરની. તને નથી યાદ? એ લોકો પહેલાં બાપુનગર રહેતાં હતાં. શાંતા તો તારાથી નાની. કોઈ વાર મેં પણ એની ચોટલીઓ ગૂંથી આપી છે! વર્ષોથી હું એને નથી મળી. હમણાં ક્યાં છે?"

"બા, મને યાદ નથી અને હું જાણતો નથી. તમે જ શાંતા સાથે વાત કરી લ્યો તો કેવું?"

નીલાબા અતિશય ખુશ થયાં. શાંતા તો તેમની જૂની બહેનપણીની દીકરી વળી! એને મળવું એટલે તો કોઈ વહાલાં સગાંને જ મળવું!

શ્યામે શાંતાને ફોન જોડ્યો. "સાંભળો, મારી બા તમને મળવા માગે છે. શું તમે અહીં આવી શકશો?"

"અં... બે કલાક થશે." શાંતાએ કહ્યું, "જીમમાંથી પાછાં ફરતાં હું તમારે ઘેર આવીશ અને માશીને લઈ જઈશ. આવતી કાલે તો રજા છે. એટલે કાલે સાંજે હું તેમને પાછાં મૂકી જઈશ. એમને કહી રાખજો, હોં!"

શ્યામે નીલાબાને સંદેશો આપ્યો. "બેટા, જીમ એટલે શું?"

"એ કસરત કરવાની જગ્યા છે. શરીરસૌષ્ઠવ સાચવવા ત્યાં લોકો જાય."

"મતલબ કે અખાડો? પહેલવાનો માટે હોય તેવો?"

"ના, બા, ના!" મોઢું મચકોડીને અનિતા બોલી. "જીમમાં જુદાં જુદાં મશીન હોય. તમારે પરસેવો વળે ત્યાં સુધી કસરત કરતા રહેવાનું, અને એમ તમારું વધારાનું વજન ઓછું કરી શકાય. તમારી ફીગર સારી રહે. તમે ભારત પાછાં જશો પછી હું પણ જીમમાં જવા લાગીશ. મારાં બધાં મિત્રો એવી રીતે જ પાતળાં રહી શકે છે."

"સ્વસ્થ કે પાતળા રહેવા માટે તારે જીમમાં જવાની વળી શી જરૂર? સહેજ સખત મહેનત કર, તો તારું વજન જ નહિ વધે. અમારી મીનાક્ષીને જ જુઓ. તે કપડાં ધુએ છે, ઝાડુ વાળે છે, માળી-કામ કરે છે. તે તદ્દન પાતળી ને સરસ છે. તેણે કોઈ મૂર્ખા

મશીનોવાળા જીમમાં જવું નથી પડતું."

આજે સૌથી પહેલી વાર ડૉલર વહુની તુલનામાં નીલાબાએ રૂપિયા-વહુનાં વખાણ કર્યાં. સ્વાભાવિક રીતે અનિતાને ખરાબ લાગ્યું.

નીલાબાની વાતે શ્યામને વલસાડની જાદુઈ ક્ષણોની સ્મૃતિમાં જોડી દીધો. એક મહેનતકશ છોકરી, જેનો કંઠ કોયલ જેવો મીઠો હતો.

નીલાબા શાંતાને ત્યાં જવા તૈયાર થયાં. અનિતાની રજા લેવાની તેમણે ચિંતા ન કરી-તે શું કામ ચિંતા કરે?

વર્ષો પછી તે શાંતાને મળતાં હતાં. નીલાબાના કેશ સફેદ થવા લાગ્યા હતા અને શાંતાનું વજન વધી ગયેલું હતું. "માશી, તમને હું યાદ છું ખરી?" તેણે પૂછ્યું, "તમે ચોટલીઓ ગૂંથી આપતાં અને તેમાં વળી ચંપાનાં ફૂલો પણ ખોસતાં! હવે તો અંબોડો પણ ઇતિહાસ બની ગયો છે, નહિ?"

"તું જ નહિ, આજ કાલ મોટા ભાગની સ્ત્રીઓ હવે અંબોડો લેતી નથી." નીલાબા હસ્યાં. "પણ મારી નાની વહુ મીનાક્ષી, ખૂબ સરસ અંબોડો લે છે. તેના વાળ પણ લાંબા અને ઘટ્ટ છે. ખૂબ જ સુંદર."

આ સાંભળી અનિતા વ્યગ્ર થઈ ઊઠી. તેણે પોતે તો 'બોબ્ડ હેર' ક્યારના કરાવી લીધા હતા. હવે તેની આડકતરી ટીકા થઈ રહી હતી, અને તે પણ તેની પોતાની સાસુ કરતાં હતાં!

શાંતા અને નીલાબા ઊપડ્યાં. નીલાબાએ પૂછ્યું, "શાંતા, તારી બા હમણાં ક્યાં છે? મેં તેને કેટલાંય વર્ષોથી જોઈ નથી!"

"તે હવે રાજકોટ રહે છે."

"તું અહીં કેવી રીતે આવી? મને ખબર છે તારાં લગ્ન થઈ ગયાં તે. તો તારો વર ક્યાં છે?"

"માશી, આ વાત એવી છે જે સરળતાથી કહી શકાય તેમ નથી. એટલે જ હું તમને અહીં લાવી છું. શ્યામ કે અનિતાની સામે મારે બધું કહેવું નહોતું. મને શરમ આવત. તમે સમજો છો ને!"

નીલાબા ચૂપ રહ્યાં ને આ નવો કોયડો ઉકેલવા પ્રયત્ન કરી રહ્યાં. ત્યાં તો શાંતાનું ઘર આવી ગયું. એ બંગલો નહીં પણ એપાર્ટમેન્ટ અથવા ફ્લૅટ હતો. ત્યાં ઘણા બધા ફ્લૅટો હતા. ઘર તો સામાન્ય બે રૂમનું હતું જેમાં સાધારણ અમેરિકન સુખસગવડો હોય તેવું જણાયું નહિ. જરૂર જેટલું ફર્નિચર અને ઉપકરણો જ હતાં. જમવાના ટેબલ ઉપર શાંતા અને તેની દીકરીનો ફોટો હતો.

કોયડો વળી વધુ ગૂંચવાયો હતો.

"માશી, મેં તૈયાર કરેલી વાનગીઓ જમશો ખરાં ને?"

"મારી વહાલી શાંતા, અમેરિકામાં તો બધું ચાલે! પણ આજે ગુરુવાર છે અને મારે છે ઉપવાસ, એટલે મારાથી આજે તો કશું નહિ ખવાય."

શાંતાએ તેમને કેળાં અને દૂધ આપ્યાં. પોતાની વાનગીઓને માઇક્રોવેવમાં ગરમ કરી ને પછી બન્ને જમવા બેઠાં.

ધીમેથી શાંતાએ કહ્યું, "માશી, મારી વાત સાંભળવાનું મન ન હોય તો હું તે સંભળાવીને તમને કંટાળો નહિ આપું. પોતાનું દુ:ખ બીજા પર શા માટે લાદવું, કહો તો!"

"આવું કેમ બોલે છે, શાંતા? તું તો મારી દીકરી સુરભિ જેવી જ છે ને? પછી?"

નિશ્વાસ નાખતાં શાંતાએ વાત કરવા માંડી, "મુકુંદ નામના એક છોકરા સાથે મેં લગ્ન

કર્યાં હતાં જે સૉફ્ટવેર કંપનીમાં ઑપરેટર તરીકે કામ કરતો હતો. મારા પિતા તો એક મંદિરમાં પૂજારી હતા અને આવક પણ તદ્દન ઓછી જ હતી. આમ અમારી આર્થિક સ્થિતિ તો નબળી જ કહેવાય, પણ ભણવામાં હું બહુ હોશિયાર ખરી. હમેશાં પહેલે નંબરે આવતી."

"હા, મને ખબર છે. ઘણાં પ્રાઇઝ પણ તને મળ્યાં છે."

"મારા બાપુએ મને કહ્યું કે તેઓ તો કંઈ મને એન્જિનિયરીંગ કૉલેજમાં મોકલી શકશે નહિ. તેથી મેરિટની સીટ મળવા છતાં એ કૉલેજમાં હું ન જઈ શકી. તેને બદલે મેં બી.એસસી. કર્યું. એમાં પણ મને ખૂબ સારા માર્ક્સ આવ્યા. અમદાવાદની જ એક કમ્પ્યૂટર કંપનીમાં મને ટ્રેઇની તરીકે નોકરી મળી. એ વખતે હું પરણી."

"તારા જેવી કામકાજ કરતી છોકરી માટે સારો છોકરો શોધી કાઢવો મુશ્કેલ નહિ પડ્યો હોય, ખરું?"

"ખરે, લગ્ન પછી પણ મેં કામ ચાલુ રાખ્યું. મારાં સાસુ-સસરા એ વાતે ખુશ હતાં કે હું આટલું સારું કમાતી હતી. મારા જેટલી સારી નોકરી મુકુંદ હજી નહોતો મેળવી શક્યો. મારા પગારનો પોણો ભાગ હું સાસુને આપી દેતી હતી."

"કેમ? મારી વહુઓ પાસે હું તો એક રૂપિયો પણ લેતી નથી!"

"બધાં તમારાં જેવાં ન હોય. માશી. પછીથી તો મને વધુ સારી નોકરીની ઓફર આવી. આજે કમ્પ્યૂટર શીખેલા ઘણા બધા ભારતીય લોકોને અમેરિકા આવવા ને નોકરી કરવાની તકો મળે છે. તમને શું એ ખબર છે કે ગયે જ વર્ષે લગભગ પચાસ હજાર જેટલા કમ્પ્યૂટરના જાણકારો ભારતમાંથી અમેરિકા આવ્યા છે? હું અને મુકુંદ પણ એવી જ રીતે અમેરિકા આવી શક્યાં."

"અને તમારી દીકરી?"

"અહીં આવ્યા પછી લતાનો જન્મ થયો. મુકુંદ પહેલેથી જ કંઈ તેજસ્વી તો હતો નહિ. અહીં પણ એને કોઈ એક ક્ષેત્રમાં મોટી નોકરીની તક મળી નહિ. ખૂબ મહેનત કરીને હું અમારાં સંતાન ઉછેરી રહી હતી. અને સાથે સાથે મારાં સાસરિયાંઓને બચાવેલા ડૉલરો પણ મોકલતી હતી."

"હાં તો તું પણ એક 'ડૉલર વહુ' બની?"

"માશી, એ વળી શું? 'ડૉલર વહુ', 'યેન-વહુ', 'પાઉન્ડ-વહુ' — એ બધાંમાં કે બધાથી શો ફેર પડે ભલા? આમ તો હું ફક્ત 'વહુ' જ ને?"

"શાંતા, તને આની ખબર નહિ પડે. જવા દે. તારી વાત કહે. પછી શું થયું?"

"મારાં સાસુને કદી સંતોષ જ ન થાય, ભલે ગમે એટલા ડૉલર મોકલું! જ્યારે જ્યારે ભારત જઉં, ત્યારે ત્યારે મસમોટી યાદી મને પકડાવે — મારે આટલી આટલી ચીજો તેમને માટે લાવવાની હોય. જે તેમણે લખી હોય તે દરેક ચીજ હું દર વખતે લઈ પણ જાઉં; વારે વારે હું એમ કરતી. પણ એ જ યાદી, એ જ ચીજો! વારંવાર!"

"તારી સાસુએ તે કંઈ દુકાન ખોલી નાખી હતી કે શું?"

"ભગવાન જાણે! હું તો એટલું જ જાણું છું કે હું ગમે તેટલું લાવું, તેમને ખુશી કે સંતોષ થતો જ નહીં. તેઓ તો મારી દેરાણી ઉષાનાં જ વખાણ કર્યાં કરતાં. તે અમેરિકામાં મારી જેમ નહોતી રહેતી એટલે તેની જિંદગી કેટલી કઠણ છે, વગેરે વગેરે સંભળાવતાં રહેતાં હતાં."

"અને તારો વર? તે આ માટે શું કરતો?"

"ઓહ, એ તો તેની મા કહે તે બધું સાંભળ્યા કરતો. એટલું ઓછું હોય, તેમ તે હવે

આગ્રહ કરવા લાગ્યો કે અમારે ભારત પાછાં ફરવું જેથી હું તેના માતાપિતાની વૃદ્ધાવસ્થામાં સંભાળ રાખી શકું. જ્યારે મેં તે માટે ના જ પાડી, ત્યારે અમારી વચ્ચે સતત ઝઘડા થવા લાગ્યા."

"ઝઘડા કેવી રીતે પત્યા?"

શાંતાએ ખભા હલાવ્યા. "ડાયવોર્સથી. તે એક જળો જેવો બની ગયો હતો. મારી સખત મહેનતની કમાણીમાંથી મોજ કરતો હતો. દારૂ પીતો અને વળી કોઈ વાર મારપીટ પણ કરતો! તેની એ કહેવાની હિંમત પણ હતી કે એક પત્ની પોતાના પતિની સેવા કરે તેવી હું તેની સેવા કરતી નહોતી. તમે નહિ માનો, પણ એ મારી સરખામણી ઉષા સાથે કરવા લાગ્યો! તેણે કહ્યું, 'જો તો ખરી, ઉષા કેવી મારા ભાઈને સ્નાન કરાવે છે, એનાં બૂટને પોલિશ કરી આપે છે અને સામે પણ બોલતી નથી.' પણ હું? હું તો એક કૂતરી, ડાકણ અને વાઘણ જેવી કર્કશા છું અને પતિ કરતાં વધુ કમાતી હોવાથી ખૂબ અભિમાની થઈ ગઈ છું. રોજે રોજ મને તે આવાં મહેણાંટોણાં મારીને હેરાન કરતો."

"એને ઈર્ષા થઈ હશે કે તું તેના કરતાં વધુ ચાલાક અને વધુ સફળ હતી!"

"અલબત્ત, જો પતિ બુદ્ધિશાળી હોય તો પત્નીએ અભિમાન લેવાનું હતું, ખરું? પણ જ્યારે પત્નીમાં વધુ બુદ્ધિ હોય, વધારે પગાર લાવતી હોય તો તેને તેનો વર મારપીટ કરી શકે! કહો તો, આ વળી કેવો ન્યાય? તમને ખબર છે મૂળ સમસ્યા શું છે? આપણા સમાજમાં માતાઓ પોતાના દીકરાઓને ખૂબ લાડ લડાવીને ખરાબ કરી મૂકે છે. દીકરાઓ જ શું કામ — હું તો કહું છું કે તેમણે બધા જ પુરુષોને એમ ખરાબ કર્યા છે. જો એમ ન હોત તો હું ઘરની બહાર જઈને, કામ કરીને, કમાવા નીકળત નહિ. મારે આખો દિવસ ઘરમાં જ બેસીને મારા પતિની સેવા કરવાની! પણ ના, એ પણ તેમને ગમતું નથી! ના રે ના. મારે સખત મહેનત તો કરવાની જ. થેલાઓ ભરીને ડૉલરો કમાવાના, અને તેના ઉપરાંત પાછી પતિની સેવા પણ કરવાની જ! શું પૈસા કમાવી આપવા અને ઘરને ચલાવવું એ પતિની પૂરતી સેવા નથી? આ શું બધું નાટક છે, ભલા? તમે દરેક વસ્તુ તમને મળે એવું કઈ રીતે માગો?"

નીલાબાએ નિશ્વાસ નાખતાં કહ્યું, "શાંતા, મેં કદી ઘરની બહાર કામ કર્યું નથી. હું હમેશાં ઘરમાં જ રહી છું. હું તને શું કહું? પણ એટલું તો કહી જ શકીશ કે દરેક જણને શાંતિ જોઈએ, સામા તરફથી સમજદારી જોઈએ. આ જ જીવનની સૌથી મોટી ફરજ છે. વડીલોએ વધુ ધીરજ દેખાડવી જોઈએ, વધુ પ્રેમ આપવો જોઈએ. મેં તો ચોથા ધોરણથી આગળ અભ્યાસ કર્યો નથી. હું તને આથી વધુ શું કહી શકું?

"માશી, મેં મારી દીકરીને પંચગનીમાં એક હૉસ્ટેલમાં મૂકી છે. મુકુંદ સાથે છૂટાછેડા લીધા પછી મારાં માબાપ અને બીજાં સગાંઓ ખૂબ નારાજ થયાં. તેમણે કહ્યું કે કુટુંબનું મેં નાક કાપ્યું! પણ મને લાગે છે કે મેં જે કર્યું તે જ ઠીક હતું."

લાંબા સમય સુધી બન્ને ચૂપ રહ્યાં. "માશી, આ દેશમાં હું ઘણી સુખી છું. આપણા સમાજમાં છૂટાછેડા લીધેલી સ્ત્રીને કશું માન મળતું નથી. મારી દીકરીને પણ નહિ મળે. અહીં મારા અંગત જીવન વિશે કોઈ કંઈ બોલતું નથી અને મારા અંગત વિચારો ઉપર પણ પ્રશ્નો ઉઠાવતું નથી. તમે કામ સારું કરો, તમે પ્રમોશન-બઢતી મેળવો. આ જ સમીકરણ છે. આવતે વર્ષે હું લતાને અહીં બોલાવીશ અને અહીંની જ શાળામાં ભણાવીશ. આ અમેરિકામાં હું શાંતિ અને ગૌરવથી જીવન વિતાવી શકું. પણ જો હું ભારતમાં હોઉં તો મારે પશુ જેવા પતિ સાથે રહેવું જ પડે. મારું આયખું મારે આંસુમાં ઓગાળી દેવું પડે. અહીં હું મુક્ત પંખીનું જીવન વિતાવી શકીશ, અને કોઈ પણ મારા સુખની પાંખો કાપી

નાખી શકશે નહિ."

શાંતાએ પોતાની વાત પૂરી કરી ત્યારે રાતના લગભગ બે વાગી ચૂક્યા હતા. શાંતાએ સાચો જ નિર્ણય લીધો હતો એમ વિચારતાં નીલાબા મનોમન કહેવા લાગ્યાં, "આ દેશમાં સ્ત્રીઓને એટલી બધી સ્વતંત્રતા છે કે આટલી અભાગી, શાંતા જેવી સ્ત્રી પણ સુખેથી જીવી શકશે!"

બીજે દિવસે સવારે શાંતા કહેવા લાગી, "માશી, અહીં એક લક્ષ્મીનું મંદિર છે. તમારે જવું છે?"

"પણ દૂર હશે, ખરું?"

"ના, ના. બસો માઈલ જેટલું જ." શાંતાએ શાંતિથી કહ્યું. "મંદિરમાં પ્રસાદ પણ મળશે. ચાલો આપણે મોટરમાં ત્યાં જઈ આવીએ."

"પોતાના જીવનમાં આટલાં દુ:ખ અને તકલીફ તેણે સહન કર્યાં છે," નીલાબાએ વિચાર્યું, "છતાં કેટલો ઉત્સાહ છે તેને જીવન માટે! અહીંના સમાજે તેને આ ભેટ આપી છે અને પેલા મૂર્ખ મુકુંદને તે કદી મળી નહિ શકે."

બેડરૂમમાં જઈને શાંતા એકદમ જ પૈઠણી સાડી પહેરીને આવી, અને સ્વાભાવિક રીતે તે જોઈને નીલાબા ખૂબ જ રાજી થઈ ઊઠ્યાં.

"માશી, હમણાં હમણાં જ અહીં ઘણાં મંદિરો બંધાયાં છે. પહેલાં તો છેક પીટ્સબર્ગમાં જ એકાદું મંદિર હતું. પણ હવે ભારતના વિવિધ પ્રદેશોમાંથી આટલા બધા ભારતીયો અહીં આવે છે, અને મોટા ભાગના તો ધાર્મિકવૃતિ ધરાવતા જ હોય છે એટલે હવે ઘણાં મંદિર બંધાયાં છે."

"આપણે જઈશું તે શું કેવળ લક્ષ્મીનું મંદિર છે!"

"ના, ના. બીજા ભગવાનો પણ છે — ગણેશ, રામ, વિષ્ણુ, ષણ્મુખ વગેરે. જે ભગવાનમાં શ્રદ્ધા હોય તેને જઈને પૂજો."

"અને પૂજારીઓ?"

"એ બધાને ભારતથી આયાત કરવા પડે છે. મોટા ભાગનાને પાંચ વર્ષે માટે 'વિઝા' અપાય છે."

આજે રજાનો દિવસ હતો અને ભાવિકોની ભીડ જામી હતી. આખા મંદિર સંકુલમાં ક્યાંય ગંદકી નહોતી. તે ચોખ્ખાઈથી ઝળહળતું હતું. ગાડીઓ પાર્ક કરવાની ખાસ જગ્યા હતી. મંદિરની ઑફિસ પણ ખાસ મકાનમાં હતી. કચરાપેટીઓ પણ વ્યવસ્થિત રીતે ગોઠવી હતી. અમેરિકાની ચોખ્ખાઈમાં ભારતના દેવો વધુ ઉજ્જ્વળ જણાયા. ભેગા થયેલા ભાવિકો ભારતના જુદા જુદા સ્થળોએથી આવ્યા હતા, પણ બધાંને એકસૂત્રે બાંધનાર હતી તેમની ભક્તિ, ધાર્મિકવૃતિ.

મંદિરના એક ખૂણે 'નીરાભિષેક' અને 'રુદ્રાભિષેક'ની વિધિઓ ચાલી રહી હતી. બીજે એક ખૂણે એક ગોરી અમેરિકન છોકરીના લગ્ન કોઈ ભારતીય છોકરા સાથે કરાવવામાં આવતાં હતાં, મંદિરના એક હિસ્સામાં વળી 'ઉપનયન' સંસ્કાર અંગ્રેજી ભાષામાં થઈ રહ્યા હતા કારણ કે અહીં ઉછરેલો છોકરો સંસ્કૃત શ્લોકોના ઉચ્ચાર કરી શકતો નહોતો. બીજા એક ભાગમાં 'સુદર્શન હોમ'ની વિધિ માટે તડામાર તૈયારીઓ થઈ રહી હતી.

નીલાબા માટે આ બધો અનુભવ તદ્દન નવો જ હતો.

રાત્રે શાંતા તેમને શ્યામને ઘરે પહોંચાડી ગઈ, અને પોતાને આટલી સારી કંપની આપી માટે વારે વારે આભાર માની, પાછી પોતાને ઘેર ગઈ.

૨૪

એક શનિવારે શ્યામે કહ્યું, "બા, મારા મિત્ર વિનોદ પાટિલની માતા મધુરીતાઈ તમને મળવા ઇચ્છે છે. આપણે તેમને ઘેર જઈશું?"

"પણ મને એ લોકોની ભાષા ક્યાં આવડે છે, શ્યામ?" નીલાબા જરા અચકાયાં. "તેને મળવાનું શું પ્રયોજન?"

"લગભગ તમારી જ ઉંમરનાં છે. તેમની ઇચ્છા છે કે તમને મળવું."

અનિતા વચ્ચે બોલી, "જો તું એ તરફ જવાનો જ હોય, તો મને તું ઉમાને ઘેર મૂકી જજે. આજની કિટ્ટી પાર્ટી ઉમાને ત્યાં છે."

નીલાબા વિચારવા લાગ્યાં કે આજની કિટ્ટી પાર્ટીમાં બિચારી કઈ સાસુની નિંદા થશે!

પોતાના દીકરાને ખુશ કરવા માટે જ નીલાબાએ વિનોદને ઘેર જવાની સંમતિ આપી. તેમના બગીચામાં વિનોદની પત્ની મીરા બિલાડીઓને માછલીનાં હાડકાં ખવડાવી રહી હતી. આવેલાં મુલાકાતીઓને જોઈ તેણે આવકાર આપતું સ્મિત કર્યું અને કહ્યું, "વિનોદ હજી આવ્યો નથી. તેની માને ઘેર ગયો છે. પણ પ્લીઝ, અંદર આવો ને."

શિષ્ટતાથી આમંત્રણ નકારતાં શ્યામે પૂછ્યું, "માધુરીતાઈ ક્યાં રહે છે? શું તેઓ આ ઘરમાં નથી રહેતાં?"

"ના. અહીં જ પાસે એક એપાર્ટમેન્ટ છે. તેઓ ત્યાં જ રહે છે."

"કેમ એમ?"

"અં... મને તેમની સાથે ફાવતું નથી. એક જ ઘરમાં રહી, સતત ઝઘડવા કરતાં અમને બન્નેને લાગ્યું કે એકમેકથી જુદાં રહીને પણ શાંતિથી રહેવું બહેતર છે."

"પણ તો પછી તેઓ પાછાં ભારત જઈને કેમ નથી રહેતાં?"

"વિનોદ તેમનો એકનો એક દીકરો છે. તેમની સંભાળ લે તેવું કોઈ બીજું છે નહિ, એટલે તેમણે અહીં જ રહેવું પડે."

નીલાબાને ગભરાટ થઈ ગયો. "હે ભગવાન! મારી સ્થિતિ આટલી ખરાબ તો નથી, તારો પાડ છે!"

તેમના નાના ફ્લૅટમાં માધુરીતાઈ અને તેમના પતિ પાંડુરંગ તેઓની રાહ જ જોઈ રહ્યાં હતાં.

માધુરીતાઈ અને નીલાબા એકબીજાની ભાષા બોલતાં નહોતાં એ સાચું. પણ લાગણીઓની દુનિયામાં વપરાતી ભાષા એક જ છે. માધુરીતાઈ તેમની સાથે હિંદીમાં વાત કરવા લાગ્યાં તે નીલાબા સમજવા લાગ્યાં. બન્ને લગભગ એક વયનાં તો હતાં જ. અને માધુરીતાઈ એમ વિચારતાં હતાં, "આ બહેન પાછાં ભારત જઈ શકે એવાં છે, કેટલાં સદ્ભાગી છે?"

મરાઠી નાસ્તાની વાનગીઓ — મોદક, ઉપમા, સાબુદાણા, વડાં, ચેવડો વગેરે પીરસાઈને ડીશોમાં તૈયાર હતી.

માધુરીતાઈએ કહ્યું, "વિનોદ હવે આવવો જ જોઈએ. તે જરા દવાઓ લેવા ગયો છે. મારા પતિને પગમાં દુ:ખાવો થયો છે."

શ્યામે કહ્યું, "તો હું ત્યાં જઈને તેને મળી આવું — સી. વી. સ્ટોર જ, ખરું? દવાઓ લેવા તે ત્યાં જ જાય છે ને?" કહી એ તો ઊપડી ગયો.

"તમને શું લેવું ગમશે? ચા, કૉફી, છાશ કે લીંબુપાણી?"

નીલાબાએ ઇશારાથી સમજાવ્યું કે તેમને કશું નથી જોઈતું.

માધુરીતાઈએ એ વાતનો વિરોધ કર્યો, "ના, ના, અસં કસં ચાલેલ? અમારા ઘરે પહેલી વાર આવ્યાં ને કશું ન લ્યો? તમારે તો અમારે ગામ એક વાર આવવું જોઈએ. તે આકોલા પાસેનું નાનું સરખું ગામ છે. જો તમે મને ત્યાં મળવા આવ્યાં હોત તો તમારું સ્વાગત કેવી સરસ રીતે થાત! મારા પતિ ગામના ટપાલી હતા. ગામના બધા છોકરાઓ તેમને વીંટળાઈને ફરતા અને તેમને 'ડાકિયા ચાચા' કહી બોલાવતા. હું ગામના લોકોને રાંધવામાં મદદ કરતી, પાપડ બનાવવા હોય, કે વડી મૂકવી હોય, કે કંઈ પણ. બધાં 'ડાકિયા ચાચા'ને ખૂબ પ્રેમ કરતાં. તમને શું કહું, મારું ગામ મને સ્વપ્નામાં આવ્યા જ કરે છે."

માધુરીતાઈ અને પાંડુરંગભાઈએ આંખમાં આવી ગયેલાં આંસુ લૂછ્યાં.

"પણ તમે તો પછી અહીં કેમ આવ્યાં?"

"અમારાં ઘણાં સંતાનો મૃત્યુ પામ્યાં હતાં. કેવળ વિનોદ જ બચી ગયો. એને કઈ રીતે જિવાડ્યો છે, એકલો ભગવાન જ જાણે છે! તમે સમજી શકો છો, તેના વિના જીવવું અશક્ય હતું. મારા પતિ ખૂબ માંદા પડ્યા એટલે વિનોદ અમને અહીં લઈ આવ્યો. આ રીતે અમે ગામ છોડ્યું ને અહીં આવ્યાં, પણ અહીં તો જાણે ફસાઈ જ ગયાં છીએ."

"તમારી પુત્રવધૂ મીરાં ક્યાંની છે?"

"આમ તો તેના બાપ પણ સામાન્ય આદમી જ હતા. ઘંટી ચલાવતા. તેઓને ચાર દીકરીઓ હતી અને આર્થિક સ્થિતિ નબળી. આ છોકરીઓ અમારે ત્યાં આવતી-જતી. અમને થયું કે જાણીતા લોકોમાંથી કન્યા લઈએ અને તેને પુત્રવધૂ બનાવીએ તો તેને અમારી સાથે મેળ પણ તરત થઈ જશે. પણ એ અમારી ભૂલ થઈ. કદી કોઈ તદ્દન ગરીબ ઘરની છોકરીને વહુ ન બનાવી લેવી જોઈએ. ગરીબાઈમાંથી નીકળીને થોડી પણ સંપત્તિમાં તે પગ મૂકે તો તેનું માથું ફરી જઈ શકે છે. તેનામાં સંપૂર્ણ ફેરફાર થઈ જઈ શકે છે. એ જ અહીં થયું છે."

નીલાબાએ વિચાર્યું "મારે માટે એનાથી તદ્દન ઊલટો અનુભવ છે. મારા મતે બહુ સમૃદ્ધ કુટુંબમાંથી કોઈએ વહુ લેવી નહિ."

માધુરીતાઈ આગળ બોલ્યાં, "અહીં આવ્યાં પછી તે અંગ્રેજી ભણી. તેણે તો વળી માંસ-મચ્છી પણ ખાવાનું શરૂ કરી દીધું. એક દિવસ તો તે ઘેર અડધી કાપેલી ગાય લઈ આવી — કહે કે 'બીફ' બહુ સસ્તું મળી રહ્યું હતું! ઓહ, અમને જે વ્યથા થઈ છે તે દિવસે? આવી જ કોઈ ને કોઈ વાતે અમારે રોજ ઝઘડા થતા. તેને તો હવે ભારત પ્રત્યે. ઘૃણા જ થઈ ગઈ છે, હોં! તેનું નામ પણ તે ધિક્કારે છે. તે કહે છે કે અહીં આવીને અહીંના જેવી જીવનશૈલી બનાવી દેવી જોઈએ. આપણે આપણા વિચારો અને રહેણીકરણી બધું બદલવું જોઈએ. તેને જ 'મેનર્સ' અથવા શિષ્ટાચાર કહેવાય. હવે તો તે અમેરિકનો જેવાં જ કપડાં પહેરે છે. તેને સહેજે તે શોભતાં નથી, સાચું કહું છું. બધાથી કંટાળીને વિનોદે અમને આ જુદો ફ્લૅટ અપાવ્યો. તમને ખબર છે, તે તો હવે મરાઠીનો એક શબ્દ પણ નથી બોલતી! કદી નહિ!!"

"આ બધા માટે વિનોદ શું કહે છે?"

"એ બિચારો શું કહે? આ ડાકણને તેને ગળે બાંધવા માટે અમને શ્રાપ આપે છે! એ

બિચારો બન્ને તરફ ખેંચાય છે, શું થાય? અમે તેને કોઈ ગોરી અમેરિકન સાથે લગ્ન કરવા દીધાં હોત ને, તો પણ અમારી સ્થિતિ આટલી ખરાબ ન હોત. મીરા કરતાં તો તે હજાર દરજ્જે સારી જ હોત. પણ શું કરીએ? નસીબ!"

શ્યામ અને વિનોદ સાથે આવી પહોંચ્યા. નીલાબાએ શ્યામને કહ્યું કે તેમના વતી બધાંનો આભાર માને. ભવિષ્યમાં તેમના જીવન માટે શુભેચ્છાઓ દર્શાવીને તેઓ પાછાં ઘેર આવ્યાં.

ઓમાહાથી વિનોદ મુંબઈ જવાનો હતો. નીલાબા તેની સાથે જવા તૈયાર હતાં. શ્યામને તેમણે કહ્યું, "મને તેની સાથે પાછી મોકલ. મને જો તે સાંતાક્રુઝ ઍરપૉર્ટ સુધી પહોંચાડી દેશે તો હું અમદાવાદનું વિમાન પકડી શકીશ. તે માટે તું ચિંતા ન કરતો."

શ્યામને ખ્યાલ આવી ગયો કે હવે તેની માતાને પાછાં ઘેર જતાં રહેવાની કેટલી પ્રબળ ઇચ્છા થઈ હતી, તેથી તે સંમત થયો. વિનોદે શ્યામને ખાતરી આપી કે તે નીલાબાને અમદાવાદ જતા વિમાનમાં બેસાડ્યા બાદ જ પોતાને કામે જશે.

અનિતાએ કહ્યું, "અમે બધાં બહુ દુ:ખી છીએ કે તમે પાછાં ઘરે જાવ છો, પણ કશો વિકલ્પ જ નથી. પ્લીઝ સુરભિને અને મીનાક્ષીને જરૂર કહેજો કે હું તેઓને યાદ કરું છું. તમારી જો ઇચ્છા હોય તો હું તમારે માટે એક સાડી ખરીદી લઉં, અને સુરભિ માટે બીજું પણ કંઈ જોઈતું હોય તો કહો."

નીલાબાએ દૃઢ સ્વરે કહ્યું, "ના રે, બિલકુલ નહિ. મારે કશું નથી જોઈતું. અમેરિકાની સાડીઓનો રંગ પણ ઝાંખો નથી પડતો અને ઊતરતો પણ નથી. દરરોજ પહેરવા કરતાં તેને ભેટ આપવી વધુ સારી. અમારા શહેરમાં પણ ખૂબ સુંદર અમદાવાદી, પૈઠણી વગેરે સાડીઓ મળે જ છે ને! બીજા દેશોની સાડીઓ પાછળ તલસવાનું અમારે શું કામ છે?"

પોતાની 'ડૉલર વહુ'ના પ્રસ્તાવને આમ તેમણે શિષ્ટતાથી નકારી દીધો. પદ્માએ આપેલા ડૉલરમાંથી તેમણે સુરભિ અને મીનાક્ષી માટે એક એક પર્સ લીધી અને સુરેશ તથા ગિરીશ માટે એક એક ખમીસ ખરીદ્યું. ઘણાં બધાં રમકડાં તેમણે હર્ષ માટે લીધાં.

માનસીની યાદ તેમને જરૂર ખૂબ સતાવશે, પણ હર્ષની યાદ અત્યારે તેમના હૃદયતંતુઓને ખેંચી રહી હતી.

જવાનો દિવસ આવી પહોંચ્યો. પુત્ર અને પુત્રવધૂએ નીચા નમીને તેમના ચરણસ્પર્શ કર્યા. નીલાબા એ જાણતાં હતાં કે આ વહુને ઘેર તેઓ કદી ફરી આવવાનાં નહોતાં. એક ક્ષણ માટે પોતાના દીકરાના વિચારે તેઓ દુ:ખી થયાં, જે આટલા દૂર દેશમાં વસવાનો હતો, અને આવી પત્નીને સથવારે જીવવાનો હતો. પણ છેવટે તો દરેક જણે પોતાના નસીબને જ અનુસરવું પડે છે ને!

ઍરપૉર્ટ પર દીકરાને હાથ હલાવીને વિદાય લીધી અને ઘર તરફની યાત્રા તેમણે શરૂ કરી.

શ્યામ ઉદાસ દિલે પોતાને ઘેર પાછો ફર્યો.

આમ તો વિમાન નિશ્ચિત સમય મુજબ ઊડતું હતું, પણ નીલાબા અધીરા મને વિચારતાં હતાં: આ વિમાન આટલું ધીમું કેમ છે? હવે તે પોતાના શહેરમાં ક્યારે પહોંચશે? તેમનું મન વિમાનની ઝડપ કરતાંય વધુ ઝડપથી અમદાવાદ પહોંચી ગયું હતું.

છેવટે વિમાન અમદાવાદ ઍરપૉર્ટ પર આવી જ પહોંચ્યું. પૂરા એક વર્ષ પછી નીલાબા પોતાના વહાલા શહેરમાં પાછાં આવી રહ્યાં હતાં. આટલા સમય દરમિયાન તેમને કેટલાય બોધપાઠો મળ્યા હતા, શું શું કહાનીઓ સાંભળી હતી, કેવાં કેવાં દૃશ્યો જોયાં

હતાં! શેષ જિંદગીમાં તે કદી ભુલાય તેવાં નહોતાં.

આ આખાય વર્ષના અનુભવોનો નિચોડ એક જ વાક્યમાં કહી શકાય તેવો હતો — પારકે ભાણે લાડુ હમેશાં મોટો લાગે!

પોતે સ્વપ્નોમાં ધારેલું અમેરિકા એક પરીઓના દેશ જેવું હતું. ત્યાં તો કોઈ વાતનું દુ:ખ નહોતું, કોઈ વાતની અછત નહોતી, કે કોઈ વ્યક્તિ વંચિત નહોતી. તે એક કલ્પવૃક્ષ હતું; જો તમે કોઈ વસ્તુની ઇચ્છા પણ કરો, તો તમારે કેવળ તે વૃક્ષને થોડું હલાવવાનું જ હતું, અને તે તમારી ઇચ્છિત વસ્તુ તમને તુરંત પહોંચતી કરે. આવું અમેરિકા તો એવું સ્થળ હતું જ્યાં તમારાં બધાં સ્વપ્નાં સાચાં થઈ શકે, બધી કલ્પનાઓ સોનેરી હકીકત બની જાય.

માનવના આ નવા સ્વર્ગમાં દુ:ખનું નામોનિશાન પણ ન હોય, અને ન હોય કશી ગરીબાઈ. ત્યાં તો અમન-ચમન અને સુંદર વહીવટ જ હોય, અલબત્ત ત્યાં પેલા ‘ડૉલર્સ’ પણ હોય. ખૂબ જ અદ્ભુત, પ્યારા, કડકડતા, વિસ્મયકારી લીલા રંગના ‘ગ્રીન બક્સ’ અને તેની મહાન ખરીદશક્તિ. નીલાબાની એ માન્યતા દૃઢ હતી કે અમેરિકા તો સ્વર્ગથી સહેજે ઊતરતું નહોતું, અને પુરાણોમાં લખેલા દેવોના રહેઠાણની જ પ્રતિકૃતિ હતું.

તેમની અન્ય માન્યતા એ પણ હતી કે અનિતા એક ખૂબ જ દયાળુ, ઉદાર વ્યક્તિ હતી. તે જ આખા કુટુંબની સંભાળ લેવાનું કામ ઉપાડી લેશે અને તેમને સુખી કરશે.

તેમને એમ જ લાગતું હતું કે જ્યાં સુધી અનિતા તેમની સાથે છે, તેમણે એ વાતે ચિંતા કરવાની કશી જરૂર નહોતી કે મીનાક્ષી તેમની સાથે રહે કે ન રહે. મીનાક્ષીના ગુણો, તેનું શિક્ષણ કે તેના પ્રેમની તેમને મન કશી કિંમત નહોતી. એથી જ તો તે ઘણી વાર મીનાક્ષીને વઢતાં, તેને ખૂબ કડવાં વેણ કહેતાં, તેનું હૃદય દુ:ખી થાય તેવું વર્તન કરતાં હતાં.

પણ એક નાટકીય રીતે હવે સમગ્રતયા જાણે તેઓ બદલાઈ ગયાં. તેમના મનમાં મોટું પરિવર્તન આવી ગયું. પહેલાંનો તેમનો અભિગમ હવે તેમને માટે પસ્તાવો બની ગયો. આ નવા પ્રકાશમાં મીનાક્ષી તેમને જે કંઈ ઉજજ્વળ અને સુંદર હતું તેની ટોચે ઊભેલી જણાઈ. તેનો એકે એક ગુણ આદર્શ લાગ્યો. બિચારી એ અનાથ બાળા ખરેખર ખૂબ જ પ્રેમાળ હતી, પણ પોતે કરેલી અવગણનાને કારણે જ ગરમીમાં ફૂલ મૂરઝાઈ જાય તેમ તે ઘવાયેલા હૃદયથી મૂરઝાઈ ગઈ હતી.

આવા વિચારો તેમના મનમાં ઘૂમરાતા હતા અને ત્યાં જ વિમાનમાંથી તેમણે નીચે ઊતરવાનું થયું.

હર્ષ, ગિરીશ, મીનાક્ષી અને મનહરલાલ તેમને ઍરપૉર્ટ લેવા માટે જરૂર આવશે એવું તેમણે ધાર્યું હતું. પણ તેમની નજરે એકલા મનહરલાલ જ દેખાયા.

ખૂબ જ ગુસ્સે ભરાઈને તેમણે કહ્યું, “આટલી લાંબી મજલ કાપીને હું પાછી ફરી છું. એક વર્ષ થઈ ગયું છે, છતાં મારો દીકરો અને વહુ મને ઍરપૉર્ટ પર લેવા આવવાનું પણ વિચારી ન શક્યાં?”

પણ પછી તેમને થયું તો ખરું કે કદાચ કંઈ મહત્ત્વનું કામ ન આવી પડ્યું હોય.

ટ્રૉલી પર તેમનો સામાન ગોઠવતાં મનહરલાલે ધીમેથી પૂછ્યું, “પ્રવાસમાં કેમ રહ્યું?”

“સારું. ઘરમાં બધું બરોબર તો છે ને? ગિરી કે મીનૂ મને કેમ લેવા નથી આવ્યાં, હેં?”

“તું ઘેર તો ચાલ. બધું બરાબર જ છે.”

આગળ તેમને કશું બોલવાની તક આપ્યા વિના મનહરલાલે રિક્ષા પકડી.

ઘેર પાછાં ફરતાં તેમના જાણીતાં દૃશ્યો જોઈને નીલાબા ખૂબ પ્રસન્ન થયાં. રસ્તામાં જ કેટલી સાઇકલો, રિક્ષાઓ, શાકની લારીઓ, ગાયો, ભેંસો, બળદો અને ઊંટો પણ હતાં! ગરમી પણ ઘણી અને ધૂળ તો બાપ રે! પણ આ બધાંથી જ તો એ વાતનો અહેસાસ થતો હતો ને કે હવે તેઓ પાછાં ઘેર, વતન, ભારત આવી ગયાં છે!

મનહરલાલે મજાક કરી, "તું જ આપણા ઘરમાં પહેલી 'ફોરેન રીટર્ન' છો! સાચ્ચે મને તો બીક જ લાગતી હતી કે તું પાછી જ નહિ આવે, અને મને જ ત્યાં બોલાવી લઈશ! જો હું ના પાડત અને તું ત્યાં જ..."

નીલાબા વચ્ચે જ બોલી પડ્યાં, "શું તમને લાગ્યું કે હું તમને છોડીને ત્યાં જ હમેશાં માટે રહી પડું?"

"ના, એવું તો નહીં. મને તો એવું થયું કે ત્યાંની આટલી આશીર્વાદ સમી જિંદગી તું વિતાવતી હોય તો મને કદાચ ભૂલી પણ જાય ને!"

"મારે એ સ્વર્ગ પણ નથી જોઈતું કે નથી તેવી આશીર્વાદ સમી જિંદગી!" નીલાબાએ કહી દીધું. "આપણો દેશ કેટલો બધો સુંદર છે, આપણું શહેર કેટલું સરસ છે! ખેર, એ બધું છોડો. મને મીનાક્ષીની વાત તો કરો. તે કેમ છે? સુરભિ કેમ છે? મને મીનાક્ષી કેટલી યાદ આવતી હતી ત્યાં?"

ખૂબ જ નવાઈથી મનહરલાલ તેમની સામે જોઈ રહ્યા. "શું ખરેખર તને મીનાક્ષી અને હર્ષની યાદ આવતી હતી?"

"હા, બન્નેની યાદ આવતી હતી. આપણે ઘેર પહોંચીશું પછી બધી વાતો કરીશું."

"હું પણ તને ઘેર પહોંચીને પછી બધી વાત કરીશ." મનહરલાલે કહ્યું. થોડા જ સમયમાં તેઓ પોતાને ઘેર આવી પહોંચ્યાં.

બહુ મહેનત કરવા છતાં મીનાક્ષીને 'એક સારી વહુ'નું બિરુદ મળી શક્યું નહિ. નીલાબા હંમેશાં તેની સરખામણી અનિતા સાથે કરતાં અને તેને જ હમેશાં નીચી ઠેરવતાં.

પણ નીલાબા હમેશાં આવાં નહોતાં. કેવળ અનિતાના આવ્યા પછી જ મીનાક્ષીનું સ્થાન તેમને મન નોકરડી કરતાં પણ નીચું ઊતરી ગયું હતું. ધીમે ધીમે છેવટે મીનાક્ષીને ગિરીશ પર ક્રોધ આવવા લાગ્યો. જ્યારે તેની પત્નીનું સતત અપમાન થતું હતું ત્યારે તે કેમ ચૂપ જ રહેતો હતો? નીલાબાનાં કડવાં વેણ કદાચ તે સહન કરી શકતો હશે — શ્યામ અને ગિરીશ બન્ને ભાઈઓ હતા, આ જ માતાના દીકરાઓ. પણ તેણે શા માટે ચૂપ રહેવું પડે? આવાં અપમાન શા માટે સતત ખમવાં પડે?

બહુ લાંબો સમય તેણે ચુપ્પી સાધી રાખી હતી, વિરોધ કર્યો નહોતો. એક સમય એવો આવી જાય છે જ્યારે કોઈ સંતની પણ ધીરજ ખૂટી પડે. તેના તરફ જે ઉપેક્ષા અને અવગણનાનો અભિગમ નીલાબાએ અપનાવ્યો હતો તે ધીમે ધીમે ચીનગારીમાંથી મોટો ભડકો બની જશે તેનાં ચિહ્નો હતાં; ફક્ત તેનો સમય કયો હશે તે જોવાનું હતું, કે ક્યારે તે જ્વાળા ભડકી ઊઠશે.

અનિતા હજારો ડૉલર કમાતી હતી પણ સાસરે ફક્ત સો જ ડૉલર મોકલતી. જ્યારે પોતે કેવળ ત્રણ હજાર રૂપિયા જ કમાતી હતી અને સાસુને એક હજાર આપી દેતી હતી! તેમ છતાં અનિતા બહુ મહાન ગણાતી, અને તેને કેવળ એક ઉપેક્ષિત, ક્ષુદ્ર અને નગણ્ય ચીજ ઠરાવી દેવાઈ હતી! પૈસા કમાવા ઉપરાંત તે ઘરમાં પણ સખત મહેનત અને સતત કામ કરતી હતી, પણ તે માટે તેની કશી કિંમત ઘરમાં કોઈને હતી નહિ. ધીમે ધીમે આ વિરોધભાવનાનો ક્રોધ તેના આત્માને કોરી રહ્યો હતો. તેને હવે એક મહાભય સતાવી રહો હતો; ભયભરી ચિંતા સતાવી રહી હતી, કે પોતાની સાસુ અમેરિકાથી પાછાં આવશે

ત્યારે તો તેની જિંદગીને હજી વધુ ત્રાસદાયક બનાવી દેશે. આટલી બધી મહેનત કરીને તેમને પ્રસન્ન કરવાના બધા પ્રયત્નો આજ સુધી નિષ્ફળ ગયા હતા. તે ઘેર પણ ખૂબ મહેનત કરતી અને નોકરીમાં પણ, છતાં હવે તેઓ પાછાં ફરીને પુન: અનિતાનાં મોંફાટ વખાણ કરે તે સાંભળવાં પડશે એ વાત જ તેને અસહ્ય લાગતી હતી.

આમ તો તે એવી છોકરી હતી કે જેને થોડી પ્રસંશાથી જ સંતોષ થઈ જતો. પણ અનિતા અને તેની વચ્ચે થતા ભેદભાવને કારણે તે આ સૌમ્યતા ગુમાવી રહી હતી, તેની ધીરજનો અંત આવતો હતો. તે અનિતાની વધારે ને વધારે ઈર્ષા પણ કરવા લાગી.

તેના આંતરિક મનથી તે જાણતી હતી કે પોતે અનિતા કરતાં દરેક રીતે અને લાખ દરજ્જે વધુ ગુણવાન છે, પણ અનિતા હવે માનીતી 'ડૉલર વહુ' બની હતી અને પોતે 'રૂપિયાવાળી ભિખારી વહુ' બની હતી.

ખૂબ કડવાશથી તેણે વિચાર્યું, "જો હું અમેરિકા રહેતી હોત તો હું અહીં ત્રણ વર્ષે એક વાર, ત્રણ દિવસ માટે આવત. બધાંને સાડીઓની ભેટ આપત અને મારાં ઘરડાં સાસુસસરાની સેવાની વાતે સહેજે ચિંતા કર્યા વિના તેમનો પ્રેમ અને આદર જીત્યો હોત, અને હું ખૂબ સુખે દિવસો કાઢતી હોત."

કેટલીક વાર તો તે પ્રાર્થના કરવા લાગી હતી, "હે પ્રભુ, એવું કંઈક કર કે જેથી ડૉલરની કિંમત ચાલીસ નહિ પણ ચાર રૂપિયા જ રહી જાય, જેથી એ લોકોનું અભિમાન ચૂરેચૂરા થઈ જાય. એવું કંઈક કર જેથી તેમની આર્થિક સ્થિતિ અમારાથીય બદતર બની જાય."

આ વિશે તે જેટલું વધારે વિચારતી, તેટલો તેનો મત હવે દૃઢ થતો જતો હતો કે આ બધી સ્થિતિમાંથી છૂટકારા માટે એક જ ઉપાય હતો — આ ઘર છોડી દેવું અને જુદા થઈ જવું. ડૉલરના પડછાયાથી, નીલાબા અને સુરભિથી દૂર એવી કોઈ જગ્યાએ જતા રહેવું જ્યાં તેને પોતાના ગુણો માટે જ પ્રેમ અને આદર સાંપડે.

પણ શું એમ કરવું શક્ય હતું? પોતાના પિતા જેવા સસરા મનહરલાલને તે કઈ રીતે છોડી દે? તેમણે તો તેને ખરેખરો અને કેટલો બધો પ્રેમ આપ્યો હતો? એમને વળી છોડી શકાય ખરા?

મનહરલાલ તેને મન સસરા નહોતા રહ્યા; તેઓ તેની લાગણીઓના ખૂબ મોટા આધારરૂપ બની ગયા હતા. એ જ ફક્ત તેનાં દુ:ખ અને લાગણીઓને સમજી શકતા હતા. કોઈક વાર કદાચ ગિરીશ પણ તેને એટલો નહોતો સમજી શકતો જેટલા મનહરલાલ સમજી શકતા. પોતે મૌન રહે તોપણ તેના મનની વાત તે જાણી જતા. આમ ત્યારે જ બની શકે જ્યારે તે વ્યક્તિ તમને સારી રીતે સમજી શકતી હોય.

જ્યારે નીલાબાએ અનિતાના સંગીતના જ્ઞાન વિશે વખાણ કરવાં શરૂ કર્યાં, ત્યારે મનહરલાલ હમેશ કહેતા કે મીનૂના કોયલ જેવા કંઠની બરોબરી કોઈથી ન થાય. અને તે તરત જ મીનાક્ષીને તેના સુંદર રાગે એક ભજન ગાવા પણ કહેતા.

આવી કેટલીય યુક્તિઓથી તેઓ અનિતાનાં વખાણને ખાળતા અને એમ કરવા બદલ નીલાબા અને સુરભિનો રોષ પણ કોઈ વાર વહોરી લેતા.

આવા અદ્‌ભુત પ્રેમાળ સસરાને તે કઈ રીતે છોડી દે? એક તરફ તે મુક્તિ માટે તરફડતી હતી, તો બીજી બાજુ મનહરલાલ માટેનો પ્રેમાદર તેને બાંધી રાખતો હતો.

પણ તેમ છતાં પરિસ્થિતિનો સામનો તે કઈ રીતે કરી શકશે? અમેરિકા રીટર્ન તેનાં સાસુ જ્યારે માનસીનાં વખાણ કર્યાં કરશે અને હર્ષ તરફ ઉપેક્ષા કરશે તો તે કેવી રીતે સહન કરશે? હર્ષના માનસિક વિકાસમાં પણ આ વસ્તુ નકારાત્મક બની રહેશે, અને તેમ

એ કઈ રીતે થવા દે?

આ બધાંની ખાસ કશી ચિંતા ગિરીશ કરતો નહિ, કારણ કે મોટે ભાગે તો તે આખો દિવસ ઘરની બહાર જ વ્યસ્ત રહેતો.

તો હવે તે ક્યાં જાય? શું કરે? આ અમેરિકા વળી એવો કેવો દેશ હતો, જે તેણે જોયો પણ નહોતો અને જેના વિશે બીજાઓ પાસેથી કેવળ સાંભળ્યું જ હતું, કે તેનાં ચિત્રો જોયાં હતાં, અને જેને વિશે થોડું વાંચ્યું હતું!

કરજે પૈસા લઈને પણ તે આ દેશ જોવા જાત, જો તે કેવળ બે કે ત્રણ હજાર રૂપિયાની વાત હોત. પણ એક ગરીબ શિક્ષિકાને કઈ રીતે સાઇઠ હજાર જેટલા રૂપિયા કેવળ વિમાનની ટિકિટ ત્યાં જવા માટે ખર્ચવાનું પરવડે?

તેની સખી શશીને તેના વિવાહ થયા હતા તે છોકરા શંકરે તેને ત્યજી દીધી હતી, તે એને યાદ આવ્યું. વિવાહ ફોક કરીને, પોતાની વર્ષોની પ્રેમિકાનું દિલ તોડીને પણ શંકરે એવી છોકરી સાથે લગ્ન કરી લીધાં જેણે તેને અમેરિકા માટે વન-વે ટિકિટ અપાવી. એ દેશમાં એવી તે કઈ છૂપી તાકાત હતી કે માણસો ત્યાં પહોંચવાના નિર્ધારમાં બીજું બધું ભૂલી જતા હતા?

એને એ પણ યાદ આવ્યું કે ખુદ સુરભિએ પોતાની માતાની સલાહથી પોતાના પ્રેમી ગોપીના સાચા પ્રેમને ઠુકરાવ્યો હતો અને કારણ એટલું જ હતું કે તે કદી અમેરિકા જઈ વસે તેમ જણાતું નહોતું. હજારો યુવાન ભારતીયોને આંજી દે તેવો આ દેશ કેવો હતો?

એમ કહેવાય છે કે ભગવાન કૃષ્ણની બંસી પાછળ ઘેલી થઈને ગોપીઓ હાથમાં લીધેલાં કામ પણ અધૂરાં મૂકીને તેમની પાસે જવા દોટ મૂકતી હતી. વિશ્વના અન્ય દેશો પર અમેરિકાનું આકર્ષણ કંઈક એવું જ લાગ્યું — એવું આકર્ષણ જે સાત સમુદ્ર પાર પણ જણાય, જેથી લોકો પોતાનાં પ્રેમનાં, વહાલનાં અને લોહીસંબંધનાં બંધનો છાંડીને પણ ગમે તે રીતે ત્યાં પહોંચવા મથતાં. આ કેવી જાદુઈ શક્તિ હતી?

શાણા માણસો કહે છે કે માતાના પ્રેમમાં કદી ભેદભાવ ન હોય. પણ મીનાક્ષી આ અનિશ્ચિત ડહાપણનાં વાક્યમાં શ્રદ્ધા રાખવા તૈયાર નહોતી. એણે સ્પષ્ટ જોયું હતું કે નીલાબા પોતાના એક દીકરા અને વહુની તરફેણ એ રીતે કરતાં કે બીજા દીકરા અને વહુએ તેની ભારે કિંમત ચૂકવવી પડતી હતી. શ્યામ અને અનિતા તો તેમની નજરમાં દેવ-દેવી જ હતાં, પણ ગિરીશ અને મીનાક્ષીનું શું? આ પ્રશ્ને તો તેમણે કદી વિચાર જ ન કર્યો, કારણ કે તેનો કદરૂપો જવાબ તેઓ જાણતાં હતાં.

મીનાક્ષીનું માથું દુ:ખથી આજે તો ભમી ગયું અને તે હવે બહુ સારું શીખવાડી પણ શકતી નહોતી. એથી એણે અડધા દિવસની રજા લઈ લીધી અને ઘેર વહેલી આવી પહોંચી. તેના મનમાં સાસુજી આવતે મહિને પાછાં આવી જવાનાં છે એવા સમાચારે આવો ખળભળાટ કરી મૂક્યો હતો.

આ સમય મનહરલાલ માટે બપોરના આરામનો સમય હતો. તેમને ખલેલ ન પહોંચે તેથી તેણે દરવાજાને ખૂબ જ ધીરેથી ખોલ્યો, પણ મનહરલાલ જાગી ગયા અને દરવાજો તેમણે જ ઉઘાડ્યો.

મીનાક્ષીએ તેમને માટે ચા બનાવી અને ચિંતાથી તેઓની સામે મીટ માંડી. તેઓ પણ વિચારમાં હોય તેમ લાગ્યું. ચા પીતાં પીતાં મનહરલાલ બોલ્યા, "મીનાક્ષી, મને એક વિચાર આવે છે. કંઈ પણ મનમાં રાખ્યા વિના તે તને કેવો લાગે છે, તે મને કહેજે, હોં!"

"કયો વિચાર, બાપુજી?"

"આવતે મહિને તારી સાસુ પાછી ફરે છે. તેણે જે પત્રો લખ્યા છે, અને અમેરિકાનું

જે વર્ણન તે કરે છે — કોઈ એના પર આખું પુસ્તક લખી શકે. મારો અભિપ્રાય એમ છે કે અમેરિકાનું આકર્ષણ તેમને હજી છૂટ્યું નથી."

દુ:ખભરી નજરે તેમણે સૂતેલા હર્ષને જોયો અને બોલ્યા, "બેટા મીનાક્ષી! જે દિવસથી તેં આ ઘરમાં પગ મૂક્યો છે, મને મારી દીકરીથીય વધારે નજીક જણાઈ છો. મને ખબર છે કે આ ઘરના સંજોગોએ તને ખૂબ માનસિક દુ:ખો આપ્યાં છે. આ સંયોગો હું બદલી શકું તેમ નથી અને તે માટે હું બહુ દિલગીર છું. પણ હું એટલી વ્યવસ્થા જરૂર કરી શકું કે તારે આ સંયોગોમાં વધુ વખત રહેવું ન પડે, અને એ માટે જ આ પ્રસ્તાવ હું મૂકી રહ્યો છું.મને લાગે છે કે તારે એક જુદું ઘર લઈ રહેવું અને શાંતિથી જીવવું. અત્યાર સુધી તેં જે સહન કર્યું તે હજી પણ કરતા રહેવાની કશી જરૂર નથી, કેમ કે મને તે નથી ગમતું."

મીનાક્ષી સ્તબ્ધ બની ગઈ. તેને પણ આ જ વાત કરવી હતી, છતાં તે માટે જોઈતી હિંમત તે ભેગી નહોતી કરી શકી. અને, આ ઉદારદિલ, સમજુ અને પ્રેમાળ સસરાએ તેના મનની વાત જ કરી દીધી; વળી, આ હકીકત હતી, સ્વપ્ન નહિ!!

મનહરલાલ કહી રહ્યા હતા, "મીનૂ, તારા લાભ માટે, તારા બધાના લાભ માટે આ નિર્ણય લેવો જરૂરી બની ગયો છે. હર્ષથી જુદા રહેવાનું કેટલું અકારું હશે તે તો તું સમજી શકે છે." આંખોમાંથી આંસુ છલકાઈ ન જાય તેથી તેમણે અધવચ્ચે જ લૂછી નાખ્યાં અને પ્યારભરી નજરથી પૌત્રને જોઈ રહ્યા.

મીનાક્ષીનું દુ:ખ ઓગળી ગયું. તેમના પ્રામાણિક પ્રેમસાગરમાં વહી નીકળ્યું.

તેણે પૂછ્યું, "બાપુજી, મેં કંઈ ભૂલ કરી છે? બા અને સુરભિનો પ્રેમ મેળવવા મારે હજી વધુ મહેનત કરવાની જરૂર હતી! મારો જ કંઈક વાંક હશે!"

"ના બેટા મીનૂ, સહેજે નહિ. આ સલાહ હું તને તારો નરમ અને સંવેદનશીલ સ્વભાવ જાણી ગયા પછી જ આપી રહ્યો છું. તું બીજા ઘેર રહે તે જ વધુ સારું છે. બહુ વધારે સારા માનવી થવું પણ સારું નથી, બેટા! માટી જેવા ઢીલા સદૈવ ન થવું, અને કોઈ વાર પથ્થર જેવા સખત પણ બનવું પડે. તારી પાસે એ જરૂરી સખ્તાઈ નથી. એ જ તારો વાંક, એ જ તારો દોષ. શું અનિતા કે સુરભિએ તારી સાથે મૈત્રી કરવા કશા પ્રયત્નો કર્યા? તું બીજા માટે ગુલામી કરવાનું અને અન્યાયો સહી લેવાનું ક્યારે છોડીશ? તે આવું જ આટલો લાંબો સમય કર્યા કર્યું છે એથી તો તારામાં લઘુતાગ્રંથિ આવી ગઈ છે. તું પોતાને બીજાથી નીચી સમજે છે! બીજાઓના ઓછાયા હેઠળ તેં બહુ સમય કાઢ્યો. હવે તારે પોતાની જ સ્વતંત્રતામાં જીવવાનો સમય આવી ગયો છે. તારે જે બનવું હોય તે બનવાનો સમય પાકી ગયો છે."

"બાપુજી, હું વળી ક્યાં જઉં?"

"તારે ઘેર વળી જા, વલસાડ જતી રહે. તારી પાસે ત્યાં તારું જ ઘર છે. ત્યાં ગિરીશને પણ બદલી કરાવવામાં કશો વાંધો. નહિ આવે. હું ડી.ઈ.ઓ.ને વાત કરીશ, જેથી તને પણ ત્યાં બદલી મળે. ભવિષ્યમાં તારે અમને કોઈ પૈસા મોકલવાના નથી, સમજી! શ્યામે પણ કશું મોકલવાની જરૂર નથી. મને એટલું પેન્શન મળી જશે જેથી અમારી જરૂરિયાતો પૂરી થઈ જાય. તમે લોકો જશો એટલે ઉપરનો માળ હું ભાડે આપીશ. આમ પણ અમારો ખર્ચ બહુ નથી અને હવે કશી પણ જવાબદારી નથી. સરળતાથી અમારું જીવન વીતી જશે."

વૃદ્ધવયમાં પગ મૂકતા આ સસરાની ઉદારતા મીનાક્ષીને ખૂબ જ સ્પર્શી ગઈ.

"બાપુજી, શું તમે અમારે ઘરે નહિ આવો?"

"અલબત્ત આવીશ, મીનૂ. તારું ઘર એ મારું ઘર છે જ ને! અને તું કોઈ વિદેશ

થોડી જાય છે? રાત્રે ટ્રેન પકડીએ કે સવાર સુધીમાં તો તારે ઘેર આવી પહોંચીશું. અમારી વૃદ્ધાવસ્થામાં અમારી સંભાળ લેનાર બીજું છે પણ કોણ? તું જ તો અમારો મુખ્ય આધાર છે દીકરી, અને ખૂબ મોટો ટેકો. તને હું મારાથી દૂર એટલા ખાતર મોકલું છું કે મારો એ આધાર, એ ટેકો કદી એવો ખોખલો ન થઈ જાય, કે તે ગમે ત્યારે ભાંગી જાય."

ખૂબ જ ચકિત થઈને મીનાક્ષી તેના સસરા સામે જોઈ રહી અને તેમણે આગળ કહ્યું, "મીનૂ, જૂના વખતની વાર્તા છે. એક રાજાને બે રાણીઓ હતી, કદ્રુ અને મીનાક્ષી. કદાચ એ વાર્તા તું જાણે છે? આ ઘરમાં કદ્રુ અને મીનાક્ષીએ દેરાણી-જેઠાણીનાં સ્વરૂપો લીધાં છે. તું અને અનિતા વાર્તામાં કદ્રુને મીનાક્ષીની ઈર્ષા થાય છે કારણ કે તે જાણે છે કે દરેક રીતે મીનાક્ષી તેના કરતાં ચઢિયાતી છે. પછી તો એક પ્રપંચને પરિણામે મીનાક્ષી કદ્રુની દાસી બની જાય છે — જેમ તું, ડૉલરની શક્તિના પ્રતાપે અનિતાની દાસી બની ગઈ છો તેમ."

"પછી વાર્તામાં મીનાક્ષીનું શું થાય છે?"

"પોતાને બંધનમાંથી છોડાવવા માટે તે એક પુત્રને જન્મ આપે છે, જે અમૃત લાવી આપે છે અને માતાને મુક્તિ અપાવે છે. આ પુત્ર તે ગરુડ. મીનૂ, જ્યારે હર્ષા અમેરિકા જશે અને અનિતાથી પણ વધારે ડૉલર કમાશે, ત્યારે જ તને તારાં બંધનમાંથી મુક્તિ મળશે. પણ મુક્તિ માટે તારે એટલી લાંબી રાહ જોવાની નથી."

"એટલે?"

"કોઈ પણ ઘરની પ્રગતિ અથવા અવનતિનો આધાર તેની ગૃહલક્ષ્મી ઉપર હોય છે. જો તું તારી બધી ધીરજ ગુમાવી દે અને ઊંડા ક્રોધની જ્વાળાઓ તને ભસ્મ કરી દે, તો એ જ્વાળાઓમાં અમે પણ સર્વે ભસ્મ થઈ જઈએ. તારું માનસિક સંતુલન જો ખરાબ થાય, તો અમારું આખું કુટુંબ તારાજ થઈ જાય. પછી અમારી સાથે તું અજાણ્યાની જેમ વ્યવહાર કરવા લાગે, અથવા તો તેથી પણ ખરાબ, જાણે કોઈ દુશ્મનો હોઈએ એ રીતે વ્યવહાર કરવા લાગે. તારું હૃદય પત્થરનું બની જાય, ખૂબ જ સખત. ક્રોધ અને ઘૃણાની ભેખડોની નીચે તારી સૌમ્યતા અને સુંદરતા તો ક્યાંય ઊંડે ઘરબાઈ જાય.

આ બધું થાય તેની રાહ જોવાને બદલે, હું તને આજે જ સ્વતંત્રતાની ભેટ આપું છું, અને સંયોગો ખરાબ થાય તેની અગાઉ જ."

"આપણે ગિરીશને પણ તે શું વિચારે છે તે વિશે પૂછવું જોઈએ."

મનહરલાલે ડોકું ધુણાવ્યું, "હા, આજે સવારે જ મેં ગિરીશને બધું સમજાવ્યું છે. હેડ ઑફિસમાં પોતાની બદલી માટે તેણે અરજી આપી પણ દીધી હશે. મીનૂ, ગિરીશે કદાચ તને સ્પષ્ટ નહિ કહ્યું હોય, પણ તે તારી સમસ્યા અને મૂંઝવણને સમજે છે ખરો, હોં! એણે પણ સંમતિ આપી."

પછી ધીમા અવાજે તેમણે કહ્યું, "તમારાં માતાપિતાના ઓછાયા તળે પણ તમે જો સદૈવ રહો, તો તમે પણ જેમ વડ તળે કોઈ ઝાડ ઊછરી નથી શકતું તેમ અવિકસિત રહી જાવ. આમાં શ્યામ ગિરીશ કરતાં આગળ નીકળી ગયો છે. તે પ્રમાણમાં વહેલો જ સ્વતંત્ર થઈ ગયો, પોતાની ગુણવત્તાને કારણે દૂરના દેશમાં ગયો, પોતાનું જીવન પોતે ઘડ્યું અને આત્મવિશ્વાસ કેળવ્યો. અમેરિકામાંના ઘણાં કડક અનુભવોથી બોધપાઠો લીધા અને પોતાનામાં રહેલું હીર શોધી કાઢ્યું."

ઘણા વખતથી સતાવતો એક પ્રશ્ન અત્યારે મીનાક્ષીએ કર્યો, "બાપુજી, આ અમેરિકા કેવો દેશ છે?"

"મીનૂ, હું શું કહું? મેં તો તે જોયો નથી. પણ મારા અનુભવ અને મારી સામાન્ય

બુદ્ધિ પ્રમાણે હું કહી શકું કે અમેરિકન ડૉલરની ખરીદશક્તિને લીધે આપણે ઘણી આરામદાયક સ્થિતિમાં આવી શક્યાં છીએ. શ્યામ અમેરિકા પહોંચ્યો, ડૉલરોમાં કમાયો, આપણને કેટલાક ડૉલરો મોકલ્યા. તો વળી આપણે મકાનનો ઉપલો માળ લઈ શક્યાં, કે સુરભિનાં લગ્ન ધામધૂમથી કરી શક્યાં. એ વાત સાચી કે ડૉલર ન હોત તોપણ આ બધું શક્ય હતું જ. જોકે આટલી સરળતા રહેત નહિ. તને તો ખબર છે, તારાં સાસુએ ચોથું ધોરણ પણ પસાર નથી કર્યું. જે સ્ત્રી નડિયાદ પણ કદી એકલી જવાની હિંમત નહોતી કરતી, તે આજે છેક અમેરિકા એકલી ગઈ છે! તે દેશની સમૃદ્ધિ આપણ દેશનાં સામાન્ય કુટુંબો પર એટલી તો પ્રચંડ છે કે માન્યામાં ન આવે, અને છતાં...'

"છતાં શું, બાપુજી?"

"કશું મફતમાં મળતું નથી, મીનાક્ષી. ખાસ કરીને પૈસા તો નહિ જ. આ ડૉલરે કેટલાંક કુટુંબોની જીવનશૈલી ભલે બદલી હોય, તેમને ગરીબીમાંથી ખેંચી સંપત્તિવાન પણ કેમ ન બનાવ્યાં હોય. તે ડૉલરે ઘણાં ઘરો ભાંગ્યાં પણ છે જ. એક જ કુટુંબમાં આર્થિક અને સામાજિક સ્થાનમાં એટલાં મોટાં પરિવર્તનો કર્યાં છે કે સભ્યોની મનની શાંતિ હણાઈ ગઈ છે. આ બધી વાત દરેક જણ સમજી નથી શકતું. જો કદાચ નીલા વધુ શિક્ષિત હોત અને પૂરતી માનસિક શક્તિ ધરાવતી હોત, તો ડૉલરની ધૂન આગળ પાળેલાં વાંદરાની જેમ નાચત નહિ. જે રીતે તેણે ઘરના સુમેળ અને શાંતિને નષ્ટ કર્યાં તે રીતે ન કરી નાખત. મીનૂ, બાળપણમાં જોયેલી દરિદ્રતા, શિક્ષણનો અભાવ અને અચાનક ઊમટેલાં સમૃદ્ધિનાં સપનાંઓએ તેને કઠપૂતળી બનાવી દીધી. નીલા માનવ તરીકે ઘણી સારી છે જ, પણ આજે તે જાણે સાચો માર્ગ ભૂલી ગઈ છે. એક દિવસ તેને એ ભાન થશે કે તે એક ઝાંઝવાની સૃષ્ટિ પાછળ દોટ મૂકી રહી હતી. જોકે કદાચ તે વખતે ખૂબ મોડું થઈ ગયું હશે."

ગિરીશ ઑફિસેથી આવી ગયો. મનહરલાલની બાજુમાં બેસીને તેણે કહ્યું, "બાપુજી, આવતે મહિને મને બદલીનો ઑર્ડર મળી જશે. હું ડી.ઈ.ઓ.ની ઑફિસે પણ જઈ આવ્યો. આ જ મહિનાના અંતે મીનાક્ષીને પણ તેની બદલીના ઑર્ડર મળી જશે. ડી.ઈ.ઓ. તમારો જૂનો વિદ્યાર્થી છે, બાપુજી, અને તેમણે તમને નમસ્કાર કહેવડાવ્યા છે."

બધું એટલી ઝડપથી બની રહ્યું હતું અને એટલી સરળતાથી બની રહ્યું હતું કે મીનાક્ષીના મનમાં હજી ગડ બેસતી નહોતી કે આ બધું સાચે જ થઈ રહ્યું છે. તેને તો એક સ્વપ્નું જ જાણે પોતાની સમક્ષ દેખાતું હતું જે ધીમે ધીમે વાસ્તવિક બની રહ્યું હતું.

મનહરલાલે જ બધી વ્યવસ્થા કરી હતી અને છતાં તેઓ થોડા ઉદાસ લાગતા હતા, જોકે તેને તેઓ બને તો છુપાવવાની પણ કોશિશ કરતા હતા. તેમણે હમણાં જ જાગી ઊઠેલા હર્ષને ઊંચકી લીધો અને તેને તેડીને બહાર ચાલી ગયા.

તેમને ખબર હતી જ કે જે થઈ રહ્યું છે તે વહેલુંમોડું અવશ્ય થવાનું જ હતું. તેમના મને તો આ વાત સ્વીકારી લીધી જ હતી. હવે તેમનું હૃદય તે સ્વીકારે એવો માર્ગ શોધવાનો હતો.

ગિરીશ અને મીનાક્ષી એકમેકની સામે જોઈ રહ્યાં, અને પછી મનહરલાલની પાછળ પાછળ આવ્યાં, "બાપુજી, અમે બા અમેરિકાથી આવી જાય પછી જ જઈશું."

"ના. બદલીના ઑર્ડરો આવે કે તરત તમે રવાના થઈ જજો. હું નીલાને બધું સમજાવી દઈશ. કોઈને પત્રમાં આ વિશે લખશો નહિ. બિનજરૂરી પ્રશ્નો ઊભા થશે."

મનહરલાલે ઘરનો દરવાજો ચાવીથી ઉઘાડ્યો એ જોઈ નીલાબા આશ્ચર્ય પામ્યાં.

"શું મીનૂ શાળાએ ગઈ છે?" તેમણે પૂછ્યું.

"તું અંદર આવ અને જરા આરામ કર. તને હું બધું પછીથી કહું છું."

"કેમ? શું થયું છે?"

"કંઈ નહિ. મેં તેને ઘરે પાછી મોકલી દીધી."

"એટલે? પાછી વલસાડ?"

"હા. અને તે હવે પાછી અહીં નહીં આવે!"

નીલાબા ખૂબ જ ગુસ્સે ભરાયાં. "શું તમે એમ કહો છો કે તેણે ગિરીશને છોડી દીધો છે?"

"ના, અલબત્ત નહીં! એવું તે ભલા શા માટે કરે? તે તો ગિરીશ અને હર્ષને સાથે લઈને ગઈ છે! તેમણે બદલીના ઑર્ડર લીધા અને તેઓ ચાલી ગયાં!"

નીલાબાને પોતાના કાન પર વિશ્વાસ ન બેઠો. "ગિરીશે અમદાવાદ છોડ્યું અને બદલી કરાવી વલસાડ ગયો?"

શાંતિથી મનહરલાલે ઉત્તર આપ્યો, "હા, મેં જ બદલી કરાવી આપી."

"પણ શા માટે? તમે આવું કેમ કર્યું?" નીલાબા ચીસ પાડી ઊઠ્યાં.

"મારે એમ કરવું જ પડ્યું, કારણ કે તારા મનમાંથી ડૉલર અને ડૉલર વહુનું ભૂત નીકળતું નહોતું. તે સતત અને તદ્દન મૂર્ખતાથી અનિતાનાં વખાણ કરે રાખ્યાં. જે ખરેખર યોગ્ય વહુ હતી, તેને એક નોકરડી હોય તેવી ગણી. તેં એનું અપમાન કર્યું, ટીકા કરી, ખરાબ શબ્દો કહ્યા. તું મારું માન, તારી આ વર્તણૂક એટલી સ્પષ્ટ હતી કે કોઈ આંધળો અને બહેરો માણસ પણ તે સમજી શક્યો હોત. વળી, હવે તો તું અમેરિકા રીટર્ન છો. બીજાં શાં ગતકડાં કરીશ, કેમ ખબર પડે? કયા નવા નુસખા તું હૃદયહીન થઈને વાપરીશ, કોણ જાણે? તું કદાચ માનસીની જ પ્રસંશા કરતી રહે, અને એ રીતે હર્ષને હલકો દેખાડે — તેના માનસિક વિકાસમાં આ નડે, હોં. કે પછી મીનૂનું અપમાન કરવા તને નવા શબ્દો અને કામો પણ શીખવા મળ્યાં હોય! મારાથી તેવું હવે ચલાવી લેવાશે નહિ. તારા વિશે મને ખબર નથી, પણ હું તેને મારી દીકરી જેવી ગણું છું. જો આવી જ પરિસ્થિતિ ચાલુ રહેત તો મીનૂ ઉપર ખરાબ અસર પડતી રહેત. તારી ઠંડી વર્તણૂકથી તો કદાચ એ ડીપ્રેશનમાં ચાલી જાત. તું મારી વાત સાચી માનીશ? હમણાં જ તે જાણે માનસિક રીતે બીમાર પડી જશે એવાં લક્ષણો પણ મેં જોયાં. મારી પહેલાંની એક વિદ્યાર્થિની છે, ડૉ. પરિમલા, જેને મેં ઘરના આવા વાતાવરણ અંગે વાત કરી. તેણે મને સલાહ આપી કે આપણી મીનૂને કોઈ મોટો માનસિક રોગ લાગુ પડે તે પહેલાં જ કંઈક ઉપાય કરવો પડશે.'

ઊંડા સ્વરે નીલાબા બોલ્યાં, "પણ આમ તો તે તદ્દન નૉર્મલ જણાતી હતી!"

"એ તો એટલે જ કે હજી તેને રોગ ગંભીર રીતે લાગુ પડ્યો નથી. એ હજી શરૂઆતની જ સ્થિતિ હતી. મને ખાતરી હતી કે જો પરિસ્થિતિ આ જ રીતે ચાલુ રહેશે તો તે ખરેખર બીમાર પડશે, માટે જ મેં સાવચેતીનાં પગલાં લીધાં."

ઘરની નવી સ્થિતિ સમજતાં નીલાબાને થોડી વાર થઈ. તેમનો ઉત્સાહ કાણા પાડેલા ફુગ્ગાની જેમ ફૂટી ગયો. અકલ્પનીય બન્યું હતું; જેનો કદી વિચાર નહોતો કર્યો તે બન્યું હતું; અને તે માટે તેઓ કશું કરી શકે તેમ પણ નહોતાં. પોતાને દોષ દેવા સિવાય તે બીજા કોને દોષ દે?

મનહરલાલ પણ ગુસ્સામાં હતા. "તું જે પત્રો અમેરિકાથી લખતી હતી, તેમાં ત્યાંની સમૃદ્ધિ અને વિલાસી જીવનશૈલીની જ વાતો હતી. શું તને એમ લાગે છે કે મીનાક્ષી જેવી લાગણીશીલ અને હોશિયાર છોકરી એ વાત નોંધી નહિ શકે કે તું કે અનિતા કદી તેને એકાદ વાક્ય પણ લખતાં નહોતાં? એક સ્વમાની વ્યક્તિ શું આવાં અપમાનો ગળી જાય?

ધ્રૂજતા અવાજે નીલાબાએ કહ્યું, “મારી અમેરિકામાં શું સ્થિતિ હતી, મારી સાથે શું થયું તે તમે જાણતા નથી. અને સાચું કહું, મેં જે કંઈ પત્રોમાં લખ્યું તેનાથી તે બધું તદ્દન જુદું જ હતું. હવે જ મને બધાના સાચા સ્વભાવની જાણ થઈ છે, મહોરાં નીચેના સાચા માનવની જાણ થઈ છે. મને હવે જ જાણ થઈ છે કે અનિતા શું છે અને મીનાક્ષી શું છે. મારી ‘ડૉલર વહુ’ કેવળ વર્ણે કાળી નથી; તેનું હૃદય પણ કાળું જ છે. તેનું હૃદય ખૂબ સાંકડું છે અને અહમ્ મોટો પહાડ છે. બીજાંઓ માટે તેને કેટલી તો નફરત છે! વળી અમેરિકાનો પણ મેં સાચો ચહેરો જોઈ લીધો. જુઓ, મને હતું કે એ દેશ પૃથ્વી પરનું સ્વર્ગ છે. પણ તેમ નથી, હોં! અહીંની જેમ ત્યાં લોકોને આનંદ છે તો દુ:ખો પણ છે. તેમનાં દુ:ખો જુદી જાતનાં હોય એટલું જ. ત્યાં ગઈ પછી જ તો આ બધી પરિસ્થિતિને હું જોઈ-જાણી શકી.”

ઊંડો નિશ્વાસ નાખી તેમણે આગળ કહ્યું, “ભારત પાછાં ફરતી વખતે હું વિચારતી હતી કે હું કેટલી ભાગ્યશાળી છું કે મારી સાથે મીનૂ જેવી વહુ છે, પણ અહીં તો બધું બદલાઈ ગયું — અને તે પણ કેટલે મોટે પાયે!”

તેમના ગાલ પર આંસુ દદડવા લાગ્યાં, પણ તેમણે રોક્યાં નહિ. “તમે ગિરીશને કહો કે અમદાવાદની બદલી લઈ પાછો આવી જાય.” તેમણે રડતાં રડતાં કહ્યું.

“કેમ ભઈ? મારે શા માટે તેમ કહેવું? શું મારે એને એમ કહેવું કે બેટા તારી માને એની ભૂલ સમજાઈ છે અને તે પસ્તાઈ રહી છે? અને એટલે હવે તું તરત પાછો આવી જા? કે પછી મારે તેને એમ કહેવું કે હવે અમે ઘરડાં થયાં છીએ અને તમારે અમારા અંતિમ સંસ્કાર કરવાના છે અને એટલે તું પાછો આવી જા?”

માથું ધુણાવીને તે બોલ્યા, “નીલા, તારા ઘરમાં તેં તારાં બાળકોને તારાં વિચારો અને મૂલ્યોથી ઉછેર્યાં. હવે મીનાક્ષીને પણ તેના બાળકને તેનાં વિચારો અને મૂલ્યોથી ઉછેરવા દે. તે લોકોને પણ પોતાનું વ્યક્તિત્વ વિકસાવવાની તક મળવી જોઈએ, ખરું? આપણા પડછાયા તળે તો તેઓ કદી વિકાસ કરી શકે નહિ. ગિરીશનો પણ વિકાસ થવા દઈએ, આપણાથી દૂર રહીને. જેમ શ્યામે કર્યો. આ જ તો જીવન છે, નીલા; જીવનનો આ જ તો બોધપાઠ છે. આપણાં શરીર જ્યાં સુધી સ્વસ્થ છે, આપણે આ ઘરમાં રહીશું. પછી તો તેમની સાથે જ રહેવું પડશે. આપણો હક છે, ખરું? હવે આપણે પણ શાંતિ અને સુમેળથી રહીશું. છેવટે એ લોકો કંઈ આપણી સાથે લડીઝઘડીને તો ગયાં નથી, બરાબર? તેમના હૃદયમાં આનંદ લઈને જ ગયાં છે. તારે પણ ખુશ થવું જોઈએ.”

“પણ હમણાં તો આપણે તરત જ એક અઠવાડિયા માટે તેમની સાથે જઈને રહીશું.” નાક લૂછતાં નીલાબાએ કહ્યું. “મારે હર્ષને જોવો છે, રમાડવો છે, પૂરા એક વર્ષ સુધી મેં તેને જોયો પણ નથી! મને તે યાદ કરે છે કે નહિ, ભગવાન જાણે!”

“ઓહ, તેવી ચિંતા તું ન કરતી. આપણે કાલે જ ઊપડી જઈ શકીએ. પણ એક જ શરતે — તું અમેરિકા વિશે એક હરફ નહિ ઉચ્ચારે; એક શબ્દ પણ નહિ! તને કબૂલ છે?”

“ભલે.” તેમણે કહ્યું, “હું નહિ બોલું. વચન આપું છું, બસ!”

ખૂબ ઊંડો નિશ્વાસ નાખીને તેમણે પોતાના પર્સમાંથી સૂટકેસની ચાવી કાઢવા ઝીપ ખોલી ત્યાં જ એકસો ડૉલરની નોટ નીચે પડી.

એ નોટ શ્યામે તેમને પાછા ફરતાં હાથમાં આપી હતી.

પણ હવે એ ડૉલરની નોટનું કશું આકર્ષણ નહોતું, કોઈ શક્તિ નહોતી, કોઈ જાદુ નહોતું.

મહાશક્તિશાળી ડૉલર પરાજય પામ્યો હતો.